# આવશ્યક સૂત્ર—વિભાગ ૧ લો.

(હરિભદ્રસૂરિ કૃત ટીકા નિર્યુક્તિ
મૂળ સાથે ભાષાંતર).

લેખક,
મુનિ માણેક.

પ્રસિદ્ધ કરનાર,
શ્રીમન્ મોહનલાલજી જૈન શ્વે૦ જ્ઞાનભંડાર
સુરત-ગોપીપુરા તરફથી—
ચુનિલાલભાઈ ગુલાબચંદ દાળીયા,
મેનેજીંગ ટ્રસ્ટી.

પ્રથમાવૃત્તિ.] [પ્રત ૧૦૦૦

વીર સં. ૨૪૪૯ સને ૧૯૨૩ વિ સં. ૧૯૭૯

મૂલ્ય બે રૂપિયા.

ભાવનગર ધી આનંદ પ્રીન્ટીંગ પ્રેસમાં શા. ગુલાબચંદ લલ્લુભાઇએ છાપ્યું.

# પ્રસ્તાવના.

દશવૈકાલિક તથા આચારાંગ સૂત્રો પુરાં થવાથી સૂયગડાંગનો પ્રથમ ભાગ જે છપાવા આપેલ છપાતો હતો, તે સમયે શ્રાવકોને પણ ખાસ ઉપયોગી આવશ્યક સૂત્ર માટે પ્રાર્થના થવાથી તેનો પ્રથમ ભાગ તૈયાર કરી આપેલ તે જ્ઞાન ભંડાર તરફથી બહાર પડે છે.

આ ભાગમાં મુખ્યત્વે અડધા વિભાગ સુધી પીઠિકા છે, તેમાં ઘણું પ્રસ્તાવના રૂપે છે, તેથી અહીં વિશેષ લખવાની જરૂર નથી. અને બાકીના અડધા વિભાગમાં પ્રથમ બતાવેલ જ્ઞાન પછી શ્રુતજ્ઞાનમાં આવશ્યક સૂત્રનું વર્ણન છે, તેમાં પ્રથમ સામાયિક અધ્યયન છે તેનું સમર્થન છે.

હરિભદ્ર સૂરિજી મહારાજની બનાવેલી આ ટીકામાં દૃષ્ટાંતોનું બળ હોવાથી વાંચનારને આનંદ આવે છે પણ રહસ્ય ગંભીર હોવાથી કોઈ અંશે કઠણ પણ પડે છે તેથી વારંવાર વાંચવું જોઇએ.

નિર્યુક્તિકાર ભદ્રબાહુ સ્વામીની આ પ્રથમ કૃતિ હોવાથી તેમાં તેમણે ઘણો ખુલાસો કર્યો છે, તે અનુક્રમણિકામાં જોવાથી માલુમ પડશે.

# અનુક્રમણિકા.


| | |
|---|---|
| ૧–૩ | ભાષાંતરકારનું મંગળાચરણ, તથા ટીકાકારના મંગળાચરણનું વિવેચન. |
| ૪–૮ | ગ્રંથનું પ્રયોજન, રચનારને લાભ, કહેવાનો વિષય સંબંધ તથા શંકા સમાધાન |
| ૯–૧૪ | મંગળ તથા તેના ત્રણ સ્થાનો તથા આચાર્યનું શંકા સમાધાન. |
| ૧૫–૨૦ | નામ સ્થાપના દ્રવ્ય તથા ભાવમંગળનું વર્ણન |
| ૨૧–૨૩ | નો આગમથી ભાવમંગળમાં શ્રુતજ્ઞાન સિવાયનાં ચાર જ્ઞાનોનું વર્ણન |
| ૨૪–૩૧ | નંદી તે ભાવમંગળ છે, તેમાં પ્રથમ મતિ(આભિનિબોધિક) જ્ઞાન, શ્રુતજ્ઞાન અવધિજ્ઞાન મનઃપર્યવ જ્ઞાન તથા કેવળજ્ઞાનનું ટુંક વર્ણન શંકા સમાધાન સાથે |
| ૩૨–૪૨ | મતિજ્ઞાનનું વિશેષ વર્ણન, અવગ્રહ એટલે શું ? |
| ૪૩–૫૭ | ભાષા એટલે શું, કેવી રીતે ઉત્પન્ન થાય છે. તે ક્યાં સુધી કેવી રીતે જાય છે ? |
| ૫૮ | ઇહા વિગેરેનું વર્ણન |
| ૫૯–૬૦ | મતિજ્ઞાનનું નવ અનુયોગદ્વાર સાથે નિરૂપણ નિ. ૧૩ થી ૧૫ સુધી. |
| ૬૧–૬૨ | ગતિ ઇંદ્રિય કાય યોગ વેદ કષાય લેશ્યા. |

| | |
|---|---|
| ૬૩–૭૧ | લેશ્યા સમ્યકત્વ, વ્યવહાર નિશ્ચય, જ્ઞાનદ્વાર, દર્શનદ્વાર, ઉપયોગદ્વાર, આહારક, ભાષક, પરીત્ત પર્યાપ્તક સૂક્ષ્મ સંજ્ઞી ભવ, ચરમ સ્પર્શના કાળ અંતર ભાવ અને અલ્પ બહુત્વ દ્વારમાં અવતાર |
| ૭૨ | મતિજ્ઞાનનું બીજી રીતે વર્ણન |
| ૭૩–૭૭ | શ્રુત જ્ઞાનનું વર્ણન, અક્ષરનું સ્વરૂપ તેમજ અનક્ષર વિગેરેનું સ્વરૂપ |
| ૭૮–૮૨ | સંજ્ઞીશ્રુત, સમ્યક શ્રુત સાદિ અનાદિ ગમિક તથા બુદ્ધિના આઠ ગુણોનું વર્ણન શ્રવણનો વિધિ. |
| ૮૩–૮૬ | અવધિજ્ઞાનનું વર્ણન આનુગામુક અવસ્થિતનું વર્ણન. |
| ૮૭ | તીવ્રમંદ પ્રતિપાદ ઉત્પાદ દ્વાર |
| ૮૮ | વિભંગજ્ઞાન દેશ ક્ષેત્ર ગતિ |
| ૮૯–૯૦ | નામ સ્થાપના દ્રવ્ય ક્ષેત્ર કાળ ભવ ભાવ એમ સાત પ્રકારે અવધિજ્ઞાનનો નિક્ષેપો છે. |
| ૯૧–૯૫ | ક્ષેત્ર અવધિનું વર્ણન તેની પાંચ ગાથાનું વિવરણ |
| ૯૬–૧૦૧ | ક્ષેત્ર કાળની અવધિજ્ઞાનમાં સરખામણી |
| ૧૦૨–૧૧૧ | ઔદારિક વિગેરે પુદ્ગળોની વર્ગણાઓનું વર્ણન દષ્ટાંત સાથે. |
| ૧૧૨–૧૯ | અવધિ જ્ઞાનનું જઘન્ય ઉત્કૃષ્ટ પરમાવધિ સુધીનું વર્ણન. |
| ૧૨૦ | મધ્યમ અવધિનાં સંસ્થાનોનું વર્ણન |
| ૧૨૨–૨૩ | અવસ્થિત તથા ચલદ્વારનું વર્ણન |
| ૧૨૪–૨૫ | તીવ્રમંદ દ્વાર તથા ફડ્ડુકાના અવધિનું વર્ણન |

| | |
|---|---|
| ૧૨૬–૨૭ | પ્રતિપાત ઉત્પાદદ્વાર બાહ્ય અભ્યંતર અવધિનું વર્ણન |
| ૧૨૮–૩૦ | દર્શન જ્ઞાનનું સ્વરૂપ દેશ ( ખંડ ) અવધિનું વર્ણન નિયત અવધિનું વર્ણન |
| ૧૩૧–૩૨ | તીર્થંકરોનું અવધિજ્ઞાન ક્ષેત્રદ્વાર સંબદ્ધ અસંબદ્ધ અવધિ |
| ૧૩૩–૩૬ | ગતિદ્વાર તથા શેષ ઋદ્ધિઓનું વર્ણન |
| ૧૩૭–૩૮ | વાસુદેવ ચક્રવર્તી તીર્થંકર બળદેવ વિગેરેના બળનું દષ્ટાંત |
| ૧૩૯–૪૦ | મનઃપર્યવજ્ઞાનનું વર્ણન |
| ૧૪૧–૪૪ | કેવળ જ્ઞાનનું વર્ણન પીઠિકા સમાપ્ત |
| ૧૪૫–૪૬ | શ્રુત જ્ઞાનનો અનુયોગ શંકા સમાધાન |
| ૧૪૭–૫૦ | આવશ્યકનો શબ્દાર્થ તે ઉપર કથા, ભાવ આવશ્યકનું વર્ણન, તેનાં દશનામ |
| ૧૫૧–૫૨ | ૭ આવશ્યકનું વર્ણન |
| ૧૫૩–૫૪ | અનુયોગદ્વારનો શબ્દાર્થ, દષ્ટાંત, ઉપક્રમનું વર્ણન |
| ૧૫૫–૬૧ | ઉપક્રમમાં શંકા સમાધાન, ભાવ ઉપક્રમ, દષ્ટાંત સાથે |
| ૧૬૩–૬૩ | શાસ્ત્રીય ઉપક્રમનું વર્ણન, અનુપૂર્વીનું વર્ણન |
| ૧૬૪–૬૬ | સૂત્રાર્થનું વર્ણન તથા અવતાર, વક્તવ્યતા નિક્ષેપ |
| ૧૬૭–૬૯ | અનુગમનું વર્ણન, ફરી મંગળનું શંકા સમાધાન |
| ૧૭૦–૭૭ | ભગવાન શબ્દનું વર્ણન |
| ૧૭૮ | ભદ્રબાહુ સ્વામીએ કઇ નિર્યુક્તિઓ બનાવી છે |
| ૧૭૯ | નિર્યુક્તિમાં હેતુ કારણ પદના સમૂહોનું વર્ણન |
| ૧૮૦ | નિર્યુક્તિ સંબંધી ૮૭ મી ગાથા, તે આચાર્ય પરંપરાએ આવેલી છે તેનું વર્ણન |

| | |
|---|---|
| ૧૮૧–૯૦ | દ્રવ્ય પરંપરામાં ચિતારાની કથા તથા મૃગાવતીનું દૃષ્ટાંત શીલરક્ષણ માટે તેનું અપૂર્વ બુદ્ધિબળ |
| ૧૯૧ | નિર્યુક્તિ શબ્દનું સ્વરૂપ |
| ૧૯૩–૯૪ | તીર્થંકર ગણધરોનું ઉત્તમ વૃક્ષ સાથે દૃષ્ટાંત શંકા સમાધાન, વૈદ્ય તથા સૂર્ય સાથે સરખામણી |
| ૧૯૫–૯૬ | સૂત્ર રચનાનું પ્રયોજન તીર્થંકર ગણધરની રચનાનો ભેદ |
| ૧૯૭–૨૦૦ | સૂત્રનો સાર શું છે, મોક્ષનાં અંગ, તે ત્રણે સંપૂર્ણ જોઈએ જ્ઞાન ક્રિયાનું સમર્થન. |
| ૨૦૧–૧૦ | કાચબાનું દૃષ્ટાંત, તથા જ્ઞાન ક્રિયા બંનેની મુખ્યતા |
| ૨૧૧–૧૬ | સમ્યગ્ દર્શનની પ્રાપ્તિ કેવી રીતે થાય છે ? કર્મોનું વર્ણન |
| ૨૧૭–૨૭ | બંધકોને કેટલો છે, તેનું શંકા સમાધાન, સમ્યગ્દર્શનની પ્રાપ્તિ ઉપર દૃષ્ટાંતો પછી ચારિત્ર ક્યારે પ્રાપ્ત થાય. |
| ૨૨૮–૩૪ | ચારિત્રના ભેદો, સાધુના દશ કલ્પોનું વર્ણન |
| ૨૩૫–૩૬ | પરિહાર વિશુદ્ધિ ચારિત્રના તપનું વર્ણન |
| ૨૩૭–૪૨ | ઉપશમ શ્રેણિનો ક્રમ તથા તેની સ્થાપના |
| ૨૪૩–૪૪ | તીર્થંકરના ઉપદેશની બે ગાથા, |
| ૨૪૫–૫૨ | ક્ષાયિક ચારિત્રનું વર્ણન, કોદરાનું દૃષ્ટાંત, ક્ષપક શ્રેણિનું વર્ણન તેની સ્થાપના, પ્રવચનનું વિશેષ વર્ણન |
| ૨૫૩–૫૬ | નય અને અનુયોગ વિષે શંકા સમાધાન. પ્રવચન શબ્દના પાંચ એકાર્થિક શબ્દોનું વર્ણન, સૂત્ર શબ્દનું વર્ણન |
| ૨૫૭–૩૦૦ | અનુયોગનું સંપૂર્ણ વર્ણન. |
| ૩૦૧–૩૦૪ | પરચુરણ. |

# શુદ્ધિપત્ર.

| પૃષ્ઠ | લીટી | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૨૪ | ૪ | નું | નો |
| ૨૯ | ૧ | તેમનના પયાર્યો | તે |
| ૩૩ | ૮ | ષિં | બિં |
| ૩૯ | ૩ | શ્વિ | શ્વ |
| ૪૮ | ૨ | વાક | વાક્ |
| ૫૭ | ૫ | સમ | સમય |
| ૭૯ | ૪ | ખુલ્લું | ખલુ |
| ૭૯ | ૨૨ | અશ્રુત | આ શ્રુત |
| ૮૮ | ૧૯ | તે | ત્તે |
| ૮૯ | ૫ | નામ | એવું નામ |
| ૯૦ | ૨ | ભવા | ભાવા |
| ૧૨૧ | ૫ | થાન | સ્થાન |
| ૧૩૫ | ૬ | મત | મતિ |
| ૧૪૫ | ૧ | જ્ઞ જ્ઞાન | જ્ઞાન |
| ૧૪૮ | ૧૦ | થ | ર્થ |
| ૧૫૦ | ૨ | તે | ને |
| ૧૬૧ | ૧૩ | અધીન | આધીન |
| ૧૭૧ | ૨ | સંધે | સંધ |

શેઠ [illegible]ભાઈ [illegible] પુસ્તકોદ્ધાર ફંડ ગ્રંથાંક-૩.

0007-07

नमो वीतरागाय.

ભાષ્ય નિર્યુક્તિ સહિત સટીક

# આવશ્યક સૂત્રનું ભાષાંતર.

पूज्यः श्रेष्ट गुणै रहो जिनवरः शांतिः सदा शांतिदो,
भव्यानां हितकारकः सुनगरे प्राल्हादने संस्थितः
सद् बुद्धि प्रभवः गुणाढ्य वृषभश्चंद्रश्च सुश्रावकः
सौहार्दा मन इंदिरा वरमती श्राद्धी सुपत्नी तयोः ॥ १॥

जातश्च पुत्रो मुनिमोहनस्य, शिष्योऽभवद्दहर्षगुरो प्रसादात्
माणिक्य नामा स्वपरैकहिंता मावश्यके वैविवृणोतिभाषां ॥२॥
॥ युग्म ॥

## ટીકાકારનું મંગળાચરણ.

प्रणिपत्य जिनवरेंद्रं वीरं श्रुतदेवतां गुरुन् साधून्
आवश्यकस्य विवृतिं, गुरुपदेशादहं वक्ष्ये ॥ १॥

જીનેંદ્ર દેવ વીરપ્રભુ સરસ્વતી સુગુરૂ અને બધા સાધુઓને નમસ્કાર કરીને ગુરૂમહારાજના ઉપદેશથી આવશ્યક સૂત્રની ટીકા હું બનાવું છું.

## ટીપ્પણનું ભાષાંતર.

વીરપ્રભુનું શાસન ચાલતું હોવાથી અભીષ્ટ દેવતાનું સ્તવન કહ્યું છે. ( અભિયુક્ત તે આજ્ઞામાં વર્ત્તનારા છે, અને તેમનાથી પૂજાય તે અભીષ્ટ છે. )

જિન એટલે અવધિજ્ઞાની તથા મનપર્યવજ્ઞાની તેમાં વર 'તે' શ્રેષ્ટ કેવળજ્ઞાનીઓ છે, તેમના ઇંદ્ર તે તીર્થંકરો છે, તે તીર્થંકર વીરપ્રભુને પ્રથમ નમસ્કાર છે. વિઘ્ન દૂર કરવાવડે માન્ય થાય તે અભિમત દેવતા છે, તે શાસન દેવદેવી છે, તથા શ્રુતની અધિષ્ટાયિકા શ્રુતદેવતા છે, શ્રુતરૂપ દેવતા તે શ્રુતદેવતા એમ સમાસનો વિગ્રહ કરીએ તો અભિમત દેવતાપણું ન થાય, પણ અધિકૃત દેવતાપણું થાય, માટે શ્રુત અને દેવતા બંનેને જુદા પાડયા, આ સરસ્વતીને નમસ્કાર કરવો તે જ્ઞાન આવરણીય કર્મક્ષય ઉપશમમાં સાધકપણે હોવાથી અનુચિત નથી. **સુયદેવયા** ની થોય બોલાય છે, એનામાં અવિરતપણું હોવા છતાં સ્તવવાપણું બતાવ્યું છે, મિથ્યાત્વની પ્રાપ્તિ નથી. કારણ કે સિદ્ધાંતનું આચરણ બંને પક્ષવાળાને માન્ય છે.

ગુરૂ શબ્દથી અધિકૃત દેવતાનું સ્તવ છે. ( શાસ્ત્રના

'પ્રણેતાપણે' અધિકારી છે ) સાધુ શબ્દથી ઉપાધ્યાય તથા વાચનાચાર્ય ગણાવચ્છેદક વિગેરેને નમસ્કાર કર્યો છે.

**यद्यपि मया तथाऽन्यैः कृताऽस्य विवृति स्तथापि संक्षेपात्**
**तद्रुचि सत्वानुग्रह हेतोः क्रियते प्रयासोऽयम् ॥ २ ॥**

આ આવશ્યક સૂત્રની ટીકા મેં તથા બીજા મહાન્ પુરૂષોએ કરી છે, તોપણ સંક્ષેપથી તેવી રૂચિવાળા ઉપર અનુગ્રહ કરવા આ પ્રયાસ કરાય છે.

આ હરિભદ્રસૂરિ મહારાજે આવશ્યકની ટીકા વિસ્તારથી ૮૪ હજાર શ્લોક પ્રમાણ બનાવી છે, તેમ તેમના પહેલાંના મહાન્ પુરૂષોએ પણ ટીકાઓ બનાવેલી સંભવે છે. આ સંક્ષિપ્ત ટીકા સંક્ષેપ રૂચિવાળા જીવોના ઉપકાર માટે અથવા તેમના નિમિત્તે કરી છે.

## બીજી ગાથા ઉપર શંકા સમાધાન.

આ આવશ્યકની ટીકાનો પ્રયાસ પ્રયોજન વિગેરેના અભાવથી કાંટાની શાખા મરડવા માફક નકામો છે. વિગેરે શંકાઓ થાય, તે માટે પ્રયોજન વિગેરે પ્રથમ કહે છે. બીજાઓએ પણ કહ્યું છે કે:-

**प्रेक्षावतां प्रवृत्त्यर्थं फलादि त्रितयं स्फुटं**
**मंगलं चैव शास्त्रादौ वाच्यमिष्टार्थ सिद्धये ॥ १ ॥**

વિદ્વાનોની પ્રવૃત્તિ માટે ખુલ્લી રીતે ફલ વિગેરે ( અભિધેય પ્રયોજન ) તથા મંગળ શાસ્ત્રની શરૂઆતમાં ઇષ્ટ

અર્થની સિદ્ધિ માટે બતાવવાં જોઈએ, વિગેરે છે ( કારણ કે સિદ્ધ અર્થ તથા સિદ્ધ સંબંધને સાંભળવાને વિદ્વાન્ પ્રવર્ત્તે છે ) તેથી પ્રયોજન અભિધેય સંબંધ અને મંગળ યથા અવસરે કહીશું.

## પ્રયોજન.

પર ( પ્રકૃષ્ટ ) તથા અપર (તેના સાધનભૂત) ફલ મળે, એમ બે પ્રકારે પ્રયોજન છે. વળી તે દરેક ફળ કહેનાર અને સાંભળનારની અપેક્ષાએ બે પ્રકારે છે.

## ગ્રંથ કરનારનું પ્રયોજન.

દ્રવ્યાસ્તિક નયના મતે વિચારતાં આ જૈન સિદ્ધાંતો નિત્ય હોવાથી કર્તાનો અભાવજ છે. નંદીસૂત્ર વિગેરેમાં કહ્યું છે કે—

આ દ્વાદશાંગી ( આચારાંગથી દૃષ્ટિવાદ સુધી ) પૂર્વે કોઈ વખત પણ નહોતી એમ નથી, તેમ કદાચિત્ નહીં હોય તેમ પણ નથી. તેમ વર્ત્તમાનમાં ન હોય તેમ પણ નથી, અર્થાત્ સર્વ કાળમાં છે. )

પર્યાયાસ્તિક નયના મતે વિચારતાં અનિત્ય હોવાથી તેના કર્ત્તાનો સદ્‌ભાવ છે.

( કોઈ પણ મુદ્દાનો વિષય કહેવો તે દ્રવ્યાસ્તિક નય અને સાંભળનાર જીવોની અપેક્ષાએ સમજાવવા થોડામાં કે

ખુલાસાથી કહેતાં મુદ્દો તેજ રહેવા છતાં અક્ષરો ઓછા વધતા થાય તે પર્યાયાસ્તિક નય છે.

તત્વની અપેક્ષાએ આગમનાં સૂત્રો તથા અર્થો બંનેની આલોચના કરતાં અર્થની અપેક્ષાએ આગમ નિત્ય હોવાથી તેનું કરવાપણું નથી, સૂત્રની રચનાની અપેક્ષાએ ગણધરે રચેલાં હોવાથી કોઈ અંશે કરવાપણું ઘટે છે.

## સૂત્ર રચનારને લાભ.

મોટો લાભ એ છે કે પર તે મોક્ષની પ્રાપ્તિ થાય છે. અને અપરતે તે સૂત્રોને પઠન પાઠન કરનાર જીવોને સુમાર્ગે ચાલવાનું મળે છે.

પ્ર—અર્થ બતાવનાર જિનેશ્વરને શું લાભ ?

ઉ—કંઈ પણ નહિ. કારણ કે તેઓ કૃતકૃત્ય છે અને કેવળજ્ઞાન પ્રાપ્ત થઈ જવાથી મોક્ષ તો મળવાનોજ છે.

પ્ર૦-જો તેમને પ્રયોજન નથી તો અર્થ બતાવવાનો પ્રયાસ કરવો અયુક્ત થયો !

ઉ—એમ નથી. કારણ કે તેમને તીર્થંકર નામ ગોત્ર પૂર્વે બાંધેલું હોવાથી ઉદયમાં આવેલું તે ભોગવ્યા વિના છુટે નહિ. (તેજ નિ. ગા. ૧૮૫ માં ) આગળ કહેશે કે-

**तंच कहं वेइज्जई अगिलाए धम्मदेसणा दीहि.**

પ્ર—તીર્થંકર નામ ગોત્ર કેવી રીતે વેદાય ?

ઉ—દીનતા બતાવ્યા વિના ધર્મોપદેશ આપવા વિગેરેથી.

પ્ર—તેથી સાંભળનારા ભવ્યાત્માઓને શું લાભ ?

ઉ—અપર ( સામાન્ય ) લાભ સૂત્રમાં શું રહસ્ય છે, તે અર્થદ્વારા જણાય, અને તે રહસ્ય સહેલથી ગોખાય, માટે સૂત્ર સાંભળવાનો લાભ છે, અને પર (વિશેષ મોટો) લાભ એ છે, કે તેથી મુક્તિજ મળે.

પ્ર૦–કેવી રીતે ?

ઉ—જ્ઞાન અને ક્રિયા એ બે વડે મોક્ષ છે, અને આ આવશ્યક સૂત્ર બોધ આપનાર જ્ઞાન સ્વરૂપ તથા તે પ્રમાણે વર્ત્તવાની ક્રિયાવાળું છે, તેથી મોક્ષ મળે છે. કારણ કે આવશ્યક સૂત્ર અર્થના સાંભળ્યા વિના પરમપદને અનુકુળ જ્ઞાનક્રિયાની પ્રાપ્તિ થતી નથી.

પ્ર૦–શા માટે ?

ઉ—તે આવશ્યકજ મોક્ષનું કારણ છે, અને તે આવશ્યક સાંભળ્યા વિના વિશિષ્ટ બોધ તથા ક્રિયા કેવી રીતે થાય ? પણ તે આવશ્યક સૂત્ર ભણીને સમજે, અને તે પ્રમાણે વર્ત્તે, તેથી પરંપરાએ મોક્ષ મળે.

માટે સિદ્ધ થયું, કે પ્રયોજનવાળો ( લાભદાયી ) આવશ્યક સૂત્રાર્થના પ્રારંભનો પ્રયાસ છે.

## અભિધેય ( કહેવાનો વિષય )

પ્ર૦—આવશ્યક સૂત્રમાં શું કહેશે ?

ઉ—સામાયિક વિગેરે છ ' આવશ્યક તથા તે પ્રમાણે ક્રિયા કરવી.

## સંબંધ.

ઉપાય અને ઉપેય ( ઉપાયથી મેળવવા યોગ્ય) ભાવના લક્ષણવાળો તર્કના અનુસારેજ છે.

પ્ર૦—કેવી રીતે ?

ઉ—ઉપેય તે સામાયિક વિગેરેનું યથાર્થજ્ઞાન, અને છેવટે મોક્ષ છે, અને ઉપાય તો આવશ્યક સૂત્રજ વચનરૂપે રચાયું છે. ( કારણ કે ઉત્તરાધ્યયન સૂત્ર વિગેરેનું સાંભળવું સારૂં છે. પણ તેનાથી આ આવશ્યકનુંજ મુખ્યપણું ઇષ્ટ અર્થ સાધવા માટે ઉપયોગી છે )

આ આવશ્યક સૂત્ર સાંભળવાથી સામાયિક ચઉવીસત્થો 'વિગેરેના' વિષયનો નિશ્ચય થાય છે, અને તે પ્રાપ્ત થવાથી સમ્યગ દર્શન વિગેરેની નિર્મળતા થાય છે, અને ક્રિયા કરવાનો પ્રયત્ન થાય છે, અને તેથી મોક્ષપદની પ્રાપ્તિ છે, અથવા નિર્યુક્તિકાર મહારાજ ભદ્રબાહુસ્વામી ઉપોદ્ઘાત નિર્યુક્તિમાં ઉદ્દેશા પ્રમાણે નિર્દેશો ( ઇચ્છા પ્રમાણે અભિપ્રાય પ્રકટ ) કહેવો જોઇએ, વિગેરે અધિકારમાં પોતે કહેશે.

## શંકા સમાધાન.

કોઇ જિજ્ઞાસુ જૈન અથવા તર્ક કરનાર બૌદ્ધ વિગેરે અન્યવાદી પૂછે કે–જેમણે શાસ્ત્ર તથા અર્થને ભણ્યાં છે, તેઓ પોતાની મેળેજ તેનું પ્રયોજન જાણી લેશે; તો આ શાસ્ત્રના પ્રારંભમાં પ્રયોજન વિગેરે બતાવવા પ્રયાસ કરવો તે વ્યર્થ છે.

ઉ—તેમ નથી. કારણ કે શાસ્ત્રાર્થ નહિ ભણનારાઓને તે શાસ્ત્રોમાં પ્રવૃત્તિ કરવાનો હેતુ તે પ્રયોજન વિગેરે છે, માટે પ્રયોજન વિગેરેનો પ્રયાસ કરવાની જરૂર છે. કારણ કે વિદ્વાનોની પ્રવૃત્તિ પ્રથમથી નિશ્ચય કરીને થાય છે.

પ્ર૦—કદાચ પ્રયોજન વિગેરે અગાઉથી કહેશો, તોપણ શાસ્ત્ર જાણ્યા વિના તેના નિશ્ચયની ખાત્રી નહિ થાય. કારણકે તેમાં સંશય રહેવાથી પ્રવૃત્તિનો અભાવ થવાથી તમારો ઉપન્યાસ કરવો અનર્થક થશે.

ઉ૦—તેમ નથી. જેમાં સંશય પડે ત્યાં પણ સત્ય જાણવા અથવા લાભની ખાતર પ્રવૃત્તિ થતી દેખાય છે. વરસાદની શંકા રહેવા છતાં પણ ખેડુતો જમીન ખેડી તૈયાર રાખે છે. માટે આ પ્રસંગે વધારે કહેતા નથી.

## મંગળનું વર્ણન.

ઉત્તમ કાર્યમાં વધારે વિઘ્નો હોય છે તે બતાવે છે.

**श्रेयांसि बहुविघ्नानि, भवंति महतामपि**
**अश्रेयसि प्रवृत्तानां, क्वापियान्ति विनायकाः ॥ १ ॥**

મોટા પુરૂષોને પણ સારાં કાર્યો કરતાં વિઘ્નો આવે છે, કારણ કે અકાર્યમાં પ્રવૃત્તેલાને ક્યાંય પણ વિઘ્ન કરતાં અટકાવ નથી (અધમોને બીજાનું બગાડતાં પણ આનંદ આવે છે)

આ આવશ્યક સૂત્રનો નિર્યુક્તિરૂપ અનુયોગ કરતાં તે સૂત્ર મોક્ષની પ્રાપ્તિના બીજરૂપ હોવાથી આ કાર્ય શ્રેયરૂપજ છે, તેથી તેના આરંભમાં વિઘ્ન કરનારાઓની શાંતિને માટે મંગળ બતાવે છે. તે મંગળ શાસ્ત્રની આદિમાં, મધ્યમાં અને અંતમાં કરવાની ઇચ્છા રહે છે.

## શંકા સમાધાન.

પ્ર૦—આશાસ્ત્રજ સંપૂર્ણ મંગળરૂપ છે, કારણકે તપની માફક જ્ઞાન રૂપ હોવાથી નિર્જરા કરનાર છે, તેથી તે મંગળ કાયમ રહો, માટે ઉપર કહેલાં ત્રણ મંગળો જે નિર્વિઘ્ન સમાપ્તિ માટે પ્રથમનું, ભણેલું સ્થૈર્ય થાય માટે મધ્યમ, અને શિષ્યની વંશ પરંપરામાં કાયમ રહે માટે છેવટનું છે, તેવી નવી કલ્પના કરવી તે અયુક્ત છે. કારણ કે તેવા મંગળની જરૂર નથી.

ઉ૦—તેમ નથી, કારણ કે તેવા મંગળનું પ્રયોજન નથી, એ કહેવું સિદ્ધ થતું નથી. તે બતાવે છે,

તે મંગળ બતાવ્યા વિના નવા શિષ્યો વિવેચન કરતાં શાસ્ત્રઅર્થના અવિઘ્નપણે કેવી રીતે પાર પહોંચશે ? માટેજ પ્રથમ મંગળનો પ્રયાસ જરૂરી છે, તથા ભણેલું તેને કેવી રીતે સ્થિર રહે, માટે મધ્ય મંગળ છે, તથા શિષ્યોની પરંપરામાં

પણ જ્ઞાન વિનાશ ન પામતાં ઉપકારક બની રહે માટે છેવટના મંગળની આવશ્યકતા હોવાથી તમારો પ્રશ્ન નકામો છે.

## ત્રણ મંગળોનાં સ્થાન બતાવે છે.

**आभिणिबोहिय णाणं सुयणाणं** વિગેરે ૧ લી ગાથામાં જ આદિમંગળ કહ્યું, તથા **वंदणचिति क्रिति कम्मं** ગાથામાં છે, તે મધ્યમ મંગળ છે, અને વંદન તે વિનયરૂપ છે, તે વિનય અભ્યંતર તપમાં છે, તપનું મંગળપણું

| | |
|---|---|
| **धम्मो मंगल मुक्किट्ठं** | દશ વૈકાલિકની ૧ લી ગાથામાં |
| **अहिंसासंजमो तवो** | બતાવ્યું છે. |

તથા **पच्चक्खाणं** વિગેરે ગાથાથી છેવટનું મંગળ છે, કારણ કે બાહ્ય તપમાં છે, એમ ત્રણે મંગળો બતાવ્યાં.

## શંકા સમાધાન.

પ્ર૦—ભલે તેમ હો, પણ આ ત્રણ મંગળો આ શાસ્ત્રથી ભિન્ન ( જુદાં ) છે, કે એકપણે છે ? જો તમે એમ કહો કે ભિન્ન છે, તો શાસ્ત્ર અમંગળ થયું, એમ અમંગળ માન્યા વિના ભેદ ન પડે, અને જે અમંગળ છે, તેને બીજાં સો મંગળ લગાડો તોપણ તે મંગળ થાય નહિ, માટે મંગળ બતાવવું વ્યર્થ થયું, અને તે મંગળ લેવાથી પણ ઇચ્છિત સિદ્ધિ નહિ થાય, જેમ પૂર્વે અમંગળ હતું, તેને માટે મંગળ કહ્યું, તેમ મંગળને માટે બીજું મંગળ પણ કહેવું જોઈએ, કારણ

કે આદ્ય મંગળ કહેવા છતાં પણ શાસ્ત્ર તો અમંગળજ રહ્યું છે, માટે એક પછી એક એમ અનેક કહેવા છતાં પણ ભિન્ન હોવાથી તે અમંગળ મંગળ થાય નહિ.

કદી અભિન્ન ( ભેગું ) માનો, તો શાસ્ત્ર પોતેજ મંગળ થયું, તો અન્ય મંગળ બતાવવું નકામું થયું, કે મંગળભૂત શાસ્ત્ર છતાં પણ અન્ય મંગળ બતાવો છો ! અને તેમ મંગળ બતાવો તો તે મંગળ માટે બીજું મંગળ બતાવ્યા કરો તો તો અનવસ્થા દોષ આવશે, અને જો અનવસ્થા દોષ ન ઇચ્છો, તો મંગળના અભાવનોજ પ્રસંગ આવશે,

પ્ર૦—કેવી રીતે ?

ઉ૦—મંગળભૂત શાસ્ત્રને અન્ય મંગળની અપેક્ષા રાખવી પડતી હોવાથી મંગળના અભાવે અમંગળપણું આવશે, તે પ્રમાણે પહેલા મંગળ માટે બીજું મંગળ જોઈશે, માટે મંગળનો અભાવ ( અપ્રયોજનપણું ) સિદ્ધ થયો,

## જૈનાચાર્યનું મંગળના પ્રશ્ન ઉપર સમાધાન.

ભિન્ન પક્ષ સ્વીકારવાથી જે દોષ બતાવ્યા, તે ભિન્નપક્ષ અમે માનતા નથી માટે તે દોષોનો અભાવ થયો, કદાચ ભિન્ન પક્ષ માનીએ તોપણ લવણ ( મીઠું ) તથા દીવા વિગેરેના દૃષ્ટાંતથી સ્વપરને અનુગ્રહના કરવાથી તમારા કહેલા દોષોનો અભાવ થયો. ( કારણ કે લવણ જુદું છતાં મોળી વસ્તુમાં નાંખવાથી ગુણકારી થાય છે, અને દીવો અપ્રકાશિત

વસ્તુને પોતે પ્રકાશક હોવાથી પોતાને તથા અન્યને પ્રકાશમાં લાવી ખાડા વિગેરેથી મનુષ્યને બચાવે છે, તેમ કેટલાક મંગળસૂચક શબ્દો કાનમાં પડતાં ઉત્સાહ વધતાં ધર્મ ક્રિયામાં કે ભણવામાં વધારે પ્રવૃત્તિ થાય છે ) અને અભિન્ન પક્ષ લઈએ, તોપણ મંગળનું ઉપાદાન નકામું નથી, કારણકે તેથી શિષ્યની મતિ મંગળને ગ્રહણ કરવા તરફ થશે, શાસ્ત્રનું જ મંગળપણું બતાવ્યાથી તે લાભ છે, આનો ભાવાર્થ આ છે, કે આ શાસ્ત્ર જ મંગળ છે, એવું શિષ્ય કેવી રીતે જાણે ? તે બતાવવા માટે ઇષ્ટદેવને નમસ્કાર કરવો, વિગેરે શાસ્ત્રમાં કહ્યું છે.

પ્ર૦—કદાચ મંગળ બતાવ્યા વિના શિષ્ય શાસ્ત્રને મંગળ ન જાણે, તોપણ શાસ્ત્ર સ્વરૂપથી મંગળ હોવાથી પોતાનું કાર્ય સિદ્ધ થઈ જશે, તો મંગળ બતાવવું અનર્થરૂપે કેમ નહિ ?

ઉ૦—નહિ, અમારો અભિપ્રાય તમે જાણતા નથી, કારણ કે અમારૂં કહેવું આ છે, કે મંગળને પણ મંગળ બુદ્ધિએ માનતાં મંગળકારી થાય છે, સાધુને સાધુ બુદ્ધિએ જાણીને નમે, અર્થાત્ સાધુ મંગળરૂપ છે, છતાં તેને મંગળ બુદ્ધિએજ ગૃહણ કરેલો હોય તેવા પ્રશસ્ત ચિત્ત વૃત્તિવાળા ભવ્યાત્માને તે સાધુ ઉપકારક થાય, અને તેવી બુદ્ધિએ ગૃહણ ન કરે, તો કાળા હૃદયવાળા કપટીને તેવો લાભ સાધુ ન

કરી શકે, એ પ્રમાણે શાસ્ત્રને પણ મંગળ બુદ્ધિએ ગ્રહણ કરી આરાધેલું લાભદાયી થાય.

પ્ર૦—જો તેમ હોય તો અમંગળ પણ મંગળ બુદ્ધિએ માનીએ તો લાભદાયી થાય એ તો અનિષ્ટ છે.

ઉ૦—એમ નથી, અમંગળ સ્વરૂપે જ અમંગળ હોવાથી પોતાની બુદ્ધિની અપેક્ષાએ મંગળ માનવા છતાં લાભ ન કરે, પણ મંગળને મંગળ સમજીને કરે તો લાભ થાય. જેમ કે કોઈ માણસ સોનાને સોનાની બુદ્ધિએ ગ્રહણ કરી વહેવારમાં લે તો ઇષ્ટ સિદ્ધિ થાય, પણ પીતળને કાંચન ( સોના )ની બુદ્ધિએ લે તો કામ ન થાય, તેમ સોનાને સોનું ન જાણે તોપણ સિદ્ધિ ન થાય.

પ્ર૦—મંગળને મંગળ માનવાથી કાર્ય સિદ્ધિ થાય, એમ હોય તો ત્રણ મંગળ સિવાયનો વચલો ભાગ અમંગળ થઇ જશે.

ઉ૦—એમ નથી, કારણ કે તત્ત્વથી તો આખું શાસ્ત્રજ મંગળરૂપ છે, કેમકે આખા શાસ્ત્રને ત્રણ ભાગમાં વહેંચ્યું છે, જેમ લાડુના ત્રણ ભાગ પાડયા હોય, તેથી કોઇ પણ ભાગમાં લાડુ ન હોય તેમ નહિ, તે પ્રમાણે ત્રણ વિભાગ પાડવા છતાં આ શાસ્ત્ર અમંગળ નથી, કારણકે આખા શાસ્ત્રનું મંગળપણું કર્મની નિર્જરા કરે છે તેથી સિદ્ધ છે, તેનું અનુમાન નીચે બતાવ્યું છે.

| પ્રતિજ્ઞા | હેતુ | દૃષ્ટાંત |
|---|---|---|
| આ વિવક્ષિત (આવશ્યક) શાસ્ત્ર મંગળ છે, | નિર્જરા છે, | તપનું છે, |

પ્ર૦—એની નિર્જરા કેવી રીતે છે ?

ઉ૦—જ્ઞાન રૂપે હોવાથી, અને જ્ઞાન છે, તે કર્મની નિર્જરાનો હેતુ છે, કહ્યું છે કે—

**जंनेरइओ कम्मं खवेइ बहुयाहि वासकोडीहिं**
**तंनाणी तिहिगुत्तो खवेइ उसासमित्तेणं ॥ १ ॥**

નારકીનો જીવ કરોડો વરસે જે કર્મ ખપાવે, તે મન વચન કાયાથી ગુપ્ત રહીને જ્ઞાની સાધુ ક્ષણ ( ઉચ્છવાસ ) માત્રમાં ખપાવે.

પ્ર૦—એમ હો, તોપણ મંગળ ત્રણની કલ્પના વ્યર્થ છે?

ઉ૦—એમ નહિ, અમે ત્રણે મંગળનું પ્રયોજન બતાવી દીધું છે. માટે આ નક્કી થયું કે શાસ્ત્રની આદિ મધ્ય અને અંતમાં મંગળ બતાવવું જોઈએ.

## મંગળ એટલે શું ?

પ્ર૦—મંગળ શબ્દનો અર્થ શું છે ?

ઉ૦—અગ, રગ લગ વગ મગ એ ધાતુઓનો સમુદાય છે, તેમને વચમાં ' ન્ ' લાગે છે, ( પાણિની વ્યાકરણ ૭–૧-૫૮ ) માં બતાવ્યા પ્રમાણે ઔણાદિક પ્રત્યયમાં ' લ ' લાગે છે, તેથી પ્રથમાના એકવચનમાં મંગળ શબ્દ થાય છે, અર્થાત્ જેનાવડે હિત મંગાય, સમજાય સધાય તે મંગળ છે.

અથવા મંગ એટલે ધર્મ અને લા ધાતુનો અર્થ લેવાનો છે, એમાં ( પાણિની ૩–૨–૩ ) પ્રમાણે આનો 'અ' થઈને મંગળરૂપ બને છે, અથવા ( પા. ૬–૪–૬૪ ) પ્રમાણે મંગ તે ધર્મના ઉપાદાનનો હેતુ તે મંગળ છે,

અથવા **માં મને ગાલયતિ** ગાળે છે, ભવથી અર્થાત્ જે સંસારના ભવ ભ્રમણથી બચાવે તે મંગળ છે.

( તત્ત્વભેદ પર્યાયોવડે વ્યાખ્યા થાય, એવો નિયમ હોવાથી મંગળથી હિત પ્રાપ્તિ થાય એવું બતાવીને ) હવે તે મંગળના નિક્ષેપા આશ્રયી ભેદ બતાવે છે, નામ, સ્થાપના દ્રવ્ય અને ભાવ એમ ચાર ભેદે મંગળ છે.

## નામ મંગળ.

**यद्वस्तुनोऽभिधानं, स्थित मन्यार्थेतदर्थनिरपेक्षं**
**पर्यायानभिधेयं ( च ), नाम याद्दच्छिकंचतथा**

જીવ અજીવાદિ જે વસ્તુનું નામ હોય, જેમ કે ગોવાળીયાના છોકરાનું નામ ઈંદ્ર હોય તે પરમાર્થથી દેવોના સ્વામી ( ખરા ઇંદ્ર ) સાથે મળતું છે, છતાં ગોવાળીયાનો છોકરો દેવોનો સ્વામી ન કહેવાય, પણ દેવોનો ઇંદ્ર તો ગુણથી નામ છે, ' ઇંદ્ ધાતુનો અર્થ પરમૈશ્વર્ય છે, તે તેમાં ઘટે છે, પણ ગોવાળીયાના પુત્રમાં તે ન ઘટે. માટે દેવોના સ્વામી ઇંદ્રના પર્યાયો શક્ર પુરંદર વિગેરે નામો સાથે પણ ' ઇંદ્ર ' છોકરાનું નામ ન સરખાવાય, અહીં ફક્ત નામ

અને નામવાળો એ બેમાં અભેદનો ઉપચાર કરવાથી ગોવાળીઓ વસ્તુ ( છોકરો ) જ લેવાય, તથા બીજે સ્થળે ન વર્ત્તતું કંઈ પણ ‘ ડિત્થ ’ વિગેરે માફક ઈચ્છા પ્રમાણે નામ હોય, ‘च’ શબ્દથી તે નામ દ્રવ્ય હોય ત્યાં સુધી રહે, ( પછી બદલાઇ પણ જાય )

સૂત્રમાં ‘ **णामं आवकहियं** ’ કહેલું છે કે નામ છેવટ સુધી રહે તે અમુક દેશમાં જે સંજ્ઞા ચાલતી હોય તે નામ નામ આશ્રયી કહેલું જાણવું.

આ નામ સાથે મંગળ જોડતાં નામ મંગળ શબ્દ થયો, તેમાં કોઈ જીવનું કે અજીવનું અથવા બંનેનું નામ મંગળ રાખ્યું હોય તે છે, જેમ જીવને આશ્રયી સિંધુ દેશમાં અગ્નિને મંગળ કહે છે, અને અજીવ આશ્રયી શ્રીલાટ દેશમાં દવરક વલનક ( દોરીને વાળેલ ) હોય તે મંગળ ગણાય છે, અને જીવ અજીવ બંનેને આશ્રયી વંદનમાળા–( આંબાનાં કે અશોકનાં પાંદડાંનું તોરણ શુભ પ્રસંગે બંધાય તે ),

## સ્થાપના મંગળ.

**यत्तुतदर्थवियुक्तं तदभिप्रायेणयच्चतत्करणि ।**
**लेप्यादि कर्मतत् स्थापनेति क्रियतेऽल्पकालंच ॥ २ ॥**

જે વસ્તુ ભાવઈંદ્ર વિગેરે અર્થ રહિત હોય, છતાં તેમાં તેનો અભિપ્રાય ( બુદ્ધિ ) હોય, તેમાં તે ઈંદ્ર વિગેરેની આકૃતિ લેપ વિગેરેથી કરી હોય, અથવા આકૃતિ વિના પણ જેમ સાધુઓ પાસે અક્ષ વિગેરેની સ્થાપના હોય, તે સ્થા-

પના ઈત્વર કે અલ્પ કાળની છે, (પૂર્વે જે આકૃતિ હોય, તેને બદલે બીજી કરવાથી પૂર્વની આકૃતિ બદલાઇ જાય છે, આના સંબંધે શ્રાવક પ્રતિક્રમણાદિ ક્રિયા કરતાં નવકાર પંચેંદ્રિયથી સ્થાપનાજી કરે છે, અને ક્રિયા કરી રહ્યા પછી નવકાર ગણી સમાપ્ત કરે છે, તેમ સાધુને પણ સ્થાપના પાસે ન હોય, અને પાણી રસ્તામાં પીવું હોય તો દાંડાની સ્થાપના નવકાર ગણીને સ્થાપે છે, તે પણ તેટલીજ વારની હોય છે.)

**च** શબ્દથી જાણવું કે કેટલીક સ્થાપનાઓ પ્રતિમાઓ વિગેરે તે વસ્તુ રહે ત્યાં સુધીની પણ હોય છે, (જેમકે નંદીશ્વરદ્વીપમાં શાસ્વતી પ્રતિમાઓ જેવી ને તેવી હમેશાં રહે છે) અર્થાત્ સ્થપાય તે સ્થાપના છે.

આ સ્થાપના સાથે મંગળ જોડવાથી સ્થાપના મંગળ છે. અહીં વહેવારમાં અષ્ટ મંગળ જાણીતાં છે જેમાં સ્વસ્તિક નંદાવર્ત્ત વિગેરે છે.

## દ્રવ્ય મંગળ.

**भूतस्य भाविनोवा भावस्य हि कारणं तु यल्लोके।**
**तद्रव्यं तत्त्वज्ञैः सचेतना चेतनं कथितम्॥ ३॥**

(આગમથી નોઆગમથી વિચારતાં) જે ભૂત (વીતી ગયું) હોય, અથવા ભાવી (થવાનું) હોય, તેના પર્યાયોનું જે નિમિત્ત હોય, તેને દ્રવ્ય કહે છે તે અને તે દ્રવ્ય તે સંબંધીના પર્યાયોને પામે છે, માટે તે દ્રવ્ય છે, એવું તત્ત્વજ્ઞ (તીર્થંકરો) કહે છે, તેમાં સચેતન દ્રવ્ય તે જે પુરૂષને તે પદા-

ર્થનું લક્ષ્ય ન હોય, મોઢેથી બોલતો હોય, તો તે દ્રવ્યજ છે, ( અને તેને આશ્રયી તેનું અનુષ્ઠાન પ્રતિક્રમણ વિગેરે પણ દ્રવ્ય ગણાય છે, ) અને અચેતન દ્રવ્ય તે જ્ઞ શરીર ભવ્ય શરીર અને તેવું બીજું કંઈ દ્રવ્ય હોય તે અચેતન છે, આવું બતાવ્યું છે, તે દ્રવ્ય સાથે મંગળ જોડતાં દ્રવ્ય મંગળ કહેવાય છે.

## દ્રવ્ય મંગલના બે ભેદ.

(૧) આગમથી (૨) નોઆગમથી એમ બે ભેદ છે, તેમાં આગમની અપેક્ષાએ મંગળ શબ્દનો જાણુ હોય, પણ તેમાં ઉપયોગ ન હોય, કારણ કે ઉપયોગ રહિત તે દ્રવ્ય છે.

નોઆગમથી ૧ જ્ઞ શરીર ૨ ભવ્ય શરીર ૩ તે બંનેથી વ્યતિરિક્ત ( જુદું ) એમ ત્રણ ભેદે છે.

જ્ઞ શરીર તે જાણનારનું શરીર ( સડે તે શરીર ) આમાં જીવ ગયા પછી શરીર પડી રહે તે, દ્રવ્ય મંગળ છે, અથવા જ્ઞ શરીર તેજ દ્રવ્ય મંગળ એમ સમાસ થાય ( પદ જોડાય ) તેનો પરમાર્થ આ છે, કે કોઇ મંગળ પદાર્થને જાણનારો અણુસણુ કરીને મોક્ષમાં ગયેલ હોય, તે ભાવને આશ્રયી તેનું પછવાડે પડી રહેલું શરીર ( ઘી ભરીને કાઢી લીધેલું હોય તોપણ તે ) ઘડાની માફક નોઆગમથી જ્ઞ શરીર દ્રવ્ય મંગળ છે, ( અહીં નો શબ્દ મંગળ જ્ઞાનથી શૂન્ય હોવાથી સર્વથા નિષેધ વાચી સમજવો )

તથા ભવ્ય તે ભવિષ્યમાં મંગળ પદાર્થને જાણશે, પણ

હાલ નથી જાણતો, તેનું શરીર ભવ્ય શરીરજ દ્રવ્ય મંગળ છે. અથવા ભવ્ય શરીર અને દ્રવ્ય મંગળનો સમાસ કરીએ તોપણ ભવ્ય શરીર દ્રવ્ય મંગળ છે.

અહીં ભવિષ્યની વૃત્તિને અનુસરી મંગળના ઉપયોગના આધારભૂતપણાથી ભવિષ્યમાં આ ઘડામાં મધ ભરાશે એમ ખાત્રી થવાથી તે મધનો ઘડો કહેવાય; તેમ બાળ, જુવાન વિગેરેનું શરીર ભવ્ય શરીર દ્રવ્ય મંગળ જાણવું. અહીં પણ નો સર્વથા નિષેધ વાચી છે,

જ્ઞ શરીર ભવ્ય શરીર તે બંનેથી જુદું દ્રવ્ય મંગળ સંયમ તપ નિયમ ક્રિયા અનુષ્ઠાનનો કરનારો અનુપયુક્ત હોય તે, જેમ આગમથી ઉપયોગ રહિત હોય તેની માફક જાણવો, અથવા જે શરીર અથવા આત્મ દ્રવ્ય પૂર્વે કરેલા સંયમ તપ નિયમની ક્રિયાના પરિણામવાળો, તે વ્યતિરિક્ત દ્રવ્ય મંગળ જ્ઞ શરીર દ્રવ્ય મંગળની માફક છે, તથા ભાવિ સંયમાદિ ક્રિયા પરિણામ યોગ્ય શરીર અથવા આત્મ દ્રવ્ય છે, તે બંનેથી જુદું છે, તે ભવ્ય શરીર દ્રવ્ય મંગળ માફક જાણવું, તથા જે સ્વભાવથી શુભ વર્ણ ગંધાદિ ગુણવાળું સોનું, ફુલની માળા વિગેરે છે, તે પણ ભાવ મંગળના પરિણામનું કારણ હોવાથી દ્રવ્ય મંગળ છે. અહીં પણ નો શબ્દ સર્વ નિષેધ વાચી છે. દ્રવ્ય મંગળ કહ્યું.

## ભાવ મંગળ.

भावो विवक्षित क्रियानुभूतियुक्तो हि वै समाख्यातः।
सर्वज्ञैरिन्द्रादिव दिहेन्दनादि क्रियानुभवात् ॥४॥

તેનો આ અર્થ છે, થવું તે ભાવ છે, તે બોલવા માટે ઇંન્ટ ક્રિયાના અનુભવના લક્ષણવાળો સર્વજ્ઞોએ કહેલ છે, ઇન્દ્રનાદિ ક્રિયાનો અનુભવ કરનાર ખરા ઇંદ્ર માફક જાણવો. ભાવથી મંગળ તે ભાવમંગળ, અથવા ભાવ તેજ મંગળ તે ભાવ મંગળ એમ સમાસ કરવો, તે આગમ અને નોઆગમ એમ બે ભેદે છે, અહીં આગમથી મંગળ જ્ઞાનથી જાણીતો અને ઉપયોગ રાખનારો તે ભાવ મંગળ છે.

પ્ર૦—ભાવ મંગળના ઉપયોગ માત્રથી કેવી રીતે તન્મયપણું ગણાય ? કારણકે અગ્નિનું જેને જ્ઞાન છે, અને તેનો ઉપયોગ છે, તેવો માણવક માણસ અગ્નિ થઈ જાય અને તેમ માનીએ તોપણ તે અગ્નિ માફક બાળવાનું, રાંધવાનું, પ્રકાશ કરવાનુ વિગેરે ક્રિયા કરવાનો તેમાં અભાવજ છે !

ઉ૦—તેમ નથી, અમારો અભિપ્રાય તમે જાણ્યો નથી, કારણકે સંવિત્, જ્ઞાન, અવગમ, ભાવ, આ બધા શબ્દો એક અર્થમાં છે, અને એક અર્થવાળા પ્રત્યયો સરખા નામવાળા છે, તે સર્વે વાદીઓને એક સરખું માન્ય છે, અને અગ્નિ એવું જે જ્ઞાન છે, તેનાથી અવ્યતિરિકત ( અભિન્ન ) જ્ઞાતા, તેના લક્ષણવાળો ગ્રહણ કરાય છે, જો તે જ્ઞાન અને જ્ઞાતા જુદા માનીએ, તો તે લક્ષ્યના અભાવે ( અતન્મય હોવાથી ) પદાર્થને ન જાણે, જેમ આંધળાના હાથમાં દીવો હોય, તો આંધળાને કામ ન લાગે, અથવા એકનું જાણેલું બીજો ન

જાણે, તેમજ જો જ્ઞાન અને પદાર્થ એક રૂપે ન હોય તો પદાર્થ પણ ન સમજાય, અને જ્ઞાન છે તે અનાકાર (વિષયના વિશિષ્ટ ભાવથી શુન્ય) નથી, કારણકે જો તેમ ન માનીએ તો અનુભવેલો પદાર્થ પણ ન અનુભવેલા પદાર્થ માફક ન જણાવાનો પ્રસંગ આવશે અને બંધ વિગેરેનો અભાવ થશે, તથા જ્ઞાન, અજ્ઞાન, સુખ દુઃખના પરિણામનું અન્યપણું થશે. વળી જેમ આકાશને સુખદુઃખ આકાશ જુદું હોવાથી લાગતાં નથી, તેમ આત્માને પણ સુખદુઃખનો અનુભવ નહિ થાય.

વળી અગ્નિ હંમેશાં બાળવાની ક્રિયાવાળો છે, તેમ પણ નથી. રાખથી ઢાંકેલો હોય, અથવા ચંદ્રકાંત મણી જોડે હોય તો અગ્નિ બાળી શકતો નથી માટે જ્ઞાન રૂપે ઉપયોગ સહિત આગમથી જ્ઞાતા ભાવ મંગળ છે. એટલામાં બસ છે. હવે ચાલુ વિષય કહે છે.

## ' નો આગમથી ભાવ મંગળ '

નો આગમથી ભાવ મંગળ શ્રુતજ્ઞાન છોડીને બાકીનાં મતિ, અવધિ, મનઃપર્યવ અને કેવળજ્ઞાન ચાર છે. અહીં પણ નો શબ્દ સર્વથા નિષેધવાચી છે, અથવા સમ્યગ્ દર્શન જ્ઞાન ચારિત્ર ઉપયોગનો પરિણામ જે છે તે એકલો આગમ નથી, તેમ અનાગમ પણ નથી, માટે મિશ્ર વચનપણાથી નો શબ્દ જોડતાં નો આગમથી જાણવું, અથવા જિનેશ્વરને નમસ્કારરૂપ ઉપયોગ આગમના એક દેશપણાથી નો આગ-

મર્થી ભાવમંગળ છે. ( નો શબ્દનો અર્થ અહીં દેશ થોડા નિષેધના અર્થમાં છે. )

પ્ર૦—નામ, સ્થાપના અને દ્રવ્ય એમ ત્રણમંગળમાં ઇચ્છિત ભાવના શુન્યપણાથી દ્રવ્યપણું સમાન વર્તે છે, તો તેમાં શું વિશેષ છે ?

ઉ૦—જેમ સ્થાપના ઇંદ્રમાં ઇંદ્રનો આકાર દેખાય છે, અને કર્તાના હૃદયમાં સાચા ઇંદ્રનો અભિપ્રાય ( બુદ્ધિ ) થાય છે. તથા તેવો ઈંદ્રનો આકાર જોઈ દેખનારને આ ઈંદ્ર છે, એવી ખાત્રી થાય છે, તેમજ તેના ભકતો ફળના અર્થી બનીને નમસ્કાર કરવાની બુદ્ધિવાળા તેને સ્તવે છે, અને કેટલાક સ્તુતિ કરનારાઓ દેવતાના અનુગ્રહથી ધન, પુત્ર વિગેરેને પણ પામે છે. આવી રીતે એકલા નામથી કે દ્રવ્ય ઈંદ્રથી તેવો લાભ થતો નથી. માટે સ્થાપનામાં આ ભેદ વિશેષપણે છે.

વળી દ્રવ્ય ઇંદ્રભાવ ઇંદ્રના કારણપણાને જેમ પામે છે, તેમજ ઉપયોગની અપેક્ષામાં પણ લબ્ધિ અને જ્ઞાનવાળા મનુષ્યોને ભવિષ્યમાં ઉપયોગતા પ્રાપ્ત ભવ્ય શરીરવાળાને થશે, અને 'જ્ઞ' શરીરની અપેક્ષાએ પૂર્વે તે જ્ઞાનવાળો હતો, તેમ નામ સ્થાપનામાં નથી. માટે આ વિશેષ છે.

પ્ર૦—ત્યારે તો ભાવ મંગળ એજ એક યુકત છે, કારણ કે પોતાનું કાર્ય ખરી રીતે સાધી શકે છે. તેમ નામ વિગેરે

સાધી શકતાં નથી. જેમ પાપ કંઇપણુ સારૂં ફળ ન આપે તેમ નામ વિગેરે પણુ નકામાં છે.

ઉ૦—એમ નથી. નામ વિગેરેનું પણુ ભાવમાં વિશેષપણું છે; કારણુ કે અવિશિષ્ટ ઈંદ્ર વિગેરે વસ્તુ ઉચ્ચરવા માત્રથી પણુ નામ વિગેરે ચાર ભેદવાળી જણુાય છે, અને ભેદો તેજ પર્યાયો છે, અથવા ચાર નિક્ષેપાના ભિન્ન ભિન્ન અધિકરણુને આશ્રયી નામ, સ્થાપના અને દ્રવ્ય એ ત્રણે ભાવ મંગળનાજ અવયવો છે, કારણુ કે તે દરેક ભાવ તરફ પરિણુામ લાવે છે, અને મંગળ વિગેરેનું અભિધાન તે સિદ્ધ વિગેરેનું અભિધાન (નામ) સાંભળીને ભવ્યાત્માને હ્રદય વિકસ્વર થાય છે, અને જિનેશ્વરની પ્રતિમાની સ્થાપના દેખીને શય્યંભવ સૂરિ વિગેરે માફક સમ્યગ્ દર્શન વિગેરેની પ્રાપ્તિ પણુ થાય છે. તથા સદ્-ગતિ પામેલા સાધુનું શરીર (શબ) દેખીને અથવા નવા સાધુ થનારને દેખીને પ્રાયે બીજા ભવ્યાત્માને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની અનુમોદના રૂપ ભાવ મંગળનો પરિણુામ રૂપ થાય છે, (આ બધું અનુભવ સિદ્ધ હોવાથી) આટલેથીજ બસ છે. માટે ચાલુ વાત કહીએ છીએ.

નો આગમથી જિનેશ્વરને નમસ્કાર વિગેરે ભાવ મંગળ એ ( **कय पंच नमुक्कारस्स दिन्ति सामाइयाइयं विहिणा** ) સૂત્રની અપેક્ષાએ કહ્યું. અથવા નો આગમથી ભાવ મંગળ નંદી છે, એટલે જે આનંદ છે તેજ નંદી, અથવા ભવ્ય જી-વોને જેનાવડે આનંદ મળે, તે નંદી છે, આ નંદી પણુ મંગળની

માફક નામાદિચાર ભેદે છે, એમ જાણવું, તેમાં નામ સ્થાપના પૂર્વ માફક છે. દ્રવ્યનંદી આગમથી, નો આગમથી, તેમાં આગમથી જ્ઞાતા અને અનુપયુકત, નો આગમથી જ્ઞ શરીર ભવ્ય શરીર બંનેથી જુદી દ્રવ્યનંદી તે બાર પ્રકારનું વાજીંત્ર સમુદાય તે આ પ્રમાણે છે.

**भंभा मुकुंद मद्दल कडंब झल्लरि हुडुक्क कंसाला;**
**काहलि तलिमा वंसो, संखो पणवोय बार समो ॥ १ ॥**

ભંભા મુકુંદ માર્દલ કડંબ ઝાલર હુડુક્ક કાંસીઓ કાહલ તલિમા વાંસળી શંખ અને પ્રણવ એમ બાર પ્રકારનાં વાજીંત્રો છે (હાલમાં નોબત સરણાઈ ઢોલક નરઘાં ભેર ભુંગળ તંબુરો સતાર મોરલી વિગેરે વાજીંત્રો છે. તે સાંભળવાથી આનંદ થાય છે) ભાવ નંદી પણ બે પ્રકારે, આગમથી અને નોઆગમથી. આગમથી જ્ઞાતા અને તેમાં ઉપયોગવાળો, અને નો આગમથી પાંચ પ્રકારનાં જ્ઞાન છે, તે આ પ્રમાણે છે,

**आभिणि बोहिय नाणं, सुयनाणं चेव ओहि नाणंच;**
**तह मणपज्जव नाणं केवल नाणंच पंचमयं ॥ १ ॥**

## આભિનિબોધિક જ્ઞાનનું સ્વરૂપ.

પદાર્થના સંમુખ નિશ્ચય કરેલો બોધ (સમજ) થાય તે આભિનિબોધિ અથવા અભિનિબોધિક (પા-૫-૪ ૩૪ પ્રમાણે) છે, જેમ કે વિનય તેજ વૈનયિક છે, તે પ્રમાણે તે થાય, અથવા અભિનિબોધમાં થાય, અથવા તેનાવડે થાય, અથવા તેવે રૂપે થાય, અથવા તેનું પ્રયોજન હોય, અથવા અભિનિબોધ

થાય (સમજાય) તે સર્વ આભિનિબોધિક છે. આ અવગ્રહ વિગેરે રૂપવાળું મતિજ્ઞાનજ છે, કારણ કે અવગ્રહ ઈહા અપાય અને ધારણાથી પ્રથમ પ્રકાશ થાય, અને પછી બોધ થાય છે, તે મતિજ્ઞાન પોતે પોતાને અને પરને જાણે છે. એમાં જોનાર આત્મા અને જોવાના પદાર્થનું જ્ઞાન એ બંનેમાં ઉપચારથી ભેદ માન્યો છે ( પણ વાસ્તવિક નથી. કંઈક અંશે ભેદ ભલે હોય, ) અથવા જેના વડે અભિનિબોધ થાય તે આભિનિબોધિક છે, અર્થાત્ તે કર્મનાં આવરણ ક્ષય ઉપશમ થવાથી બોધ થાય તે છે, અથવા જેમાંથી અભિનિબોધ થાય, તે આભિનિબોધિક છે, તેમાં તે કર્મના આવરણનો ક્ષય ઉપશમજ છે, અથવા જેમાં અભિનિબોધ થાય એટલે જેમાં બોધ થાય અથવા ક્ષય ઉપશમ હોય તે આભિનિબોધિક છે, અથવા આત્માજ અભિનિબોધના ઉપયોગના પરિણામથી એકમેકપણે હોવાથી બોધ થાય, તે આભિનિબોધિક છે, આભિનિબોધિક સાથે જ્ઞાનનો કર્મધારય સમાસ કરવાથી 'આભિનિબોધિક જ્ઞાન' રૂપ થાય છે, ( આ બધાનો પરમાર્થ એ છે કે જેનું હૃદય નિર્મળ અને શાંત હોય તેને ઇંદ્રિઓ અને મનદ્વારા કોઇપણ પદાર્થ ઉપર લક્ષ્ય જાય તો તે પદાર્થનું યથાર્થ સ્વરૂપ સમજાય, તે મતિજ્ઞાન અથવા આભિનિબોધિક જ્ઞાન છે. )

## શ્રુત જ્ઞાનનું વર્ણન.

જે સંભળાય, તે શ્રુત એટલે 'શબ્દ' તેજ શ્રુતજ્ઞાન

છે, કારણકે તે શબ્દ ભાવશ્રુતનું કારણુ થાય છે. અથવા જેના વડે સંભળાય તે શ્રુત છે, તેના આવરણુ રૂપ કર્મનો ક્ષય ઉપશમ તે શ્રુતજ્ઞાન છે, અથવા જેનાથી સંભળાય, તે પણુ આવરણુનો ક્ષય ઉપશમ છે અથવા જેનામાં સંભળાય તે ક્ષય ઉપશમજ શ્રુતજ્ઞાન છે. અથવા જે સાંભળે છે, તે સાંભળનાર આત્માજ ઉપયોગના એકમેકપણુાથી શ્રુતજ્ઞાન છે, અને શ્રુત સાથે જ્ઞાનનો કર્મધારય સમાસ કરવાથી શ્રુતજ્ઞાન છે. પાંચ જ્ઞાનની ગાથામાં 'च' શબ્દ મતિ અને શ્રુતજ્ઞાનની સમાનતા બતાવનાર છે, કારણ કે બંનેમાં એકજ સમયે એકજ સ્વામી વિગેરેનું મળતાપણું છે.

પ્ર૦—કેવી રીતે ? ઉ૦—જે મતિજ્ઞાનનો સ્વામી તેજ શ્રુતજ્ઞાનનો સ્વામી છે, કહ્યું છે કે–**जत्थ मइनाणं तत्थ सुयणाणं** જ્યાં મતિજ્ઞાન ત્યાં શ્રુતજ્ઞાન અવશ્ય છે, વળી મતિ જ્ઞાન જેટલો કાળ છે, તેટલોજ કાળ શ્રુતજ્ઞાન તે જીવને હોય છે, અને પ્રવાહની અપેક્ષાએ પણુ અતીત ( ભૂત ) ભવિષ્ય અને વર્ત્તમાન કાળ ત્રણેમાં એ બંને સાથેજ હોય છે, તથા એક જીવ આશ્રયી કાયમ રહે તો વધારેમાં વધારે ૬૬ સાગરોપમથી કાંઉક અધિક કાળ સુધી હોય છે, તેજ શ્રી જિન ભદ્રગણિ ક્ષમાશ્રમણે કહ્યું છે.

**दोवारे विजयाइसु गयस्स तिण्णच्चुए अहवताई ।**
**अइरेगं णरभवियं, णाणा जीवाण सव्वद्धं ॥ ३ ॥**

કોઈ ભવ્યાત્માના એકજીવને આશ્રયી સારૂં ચારિત્ર

પાળી બેવાર વિજય વિગેરે અનુત્તર વિમાનમાં જાય, અથવા સાધુ કે શ્રાવક પુણ્યાત્મા અચ્યુત વિમાનમાં મનુષ્ય ભવ વચમાં કરી ત્રણવાર જાય તો ૬૬ સાગરોપમ ( ૩૩×૨ અથવા ૨૨×૩ ) નો કાળ હોય તથા વચમાં મનુષ્ય જન્મ પામે તે ગણતાં મતિ શ્રુતજ્ઞાનનો ઉત્કૃષ્ટો કાળ થાય. અને જુદા જુદા જીવની અપેક્ષાએ તો મતિશ્રુત અનાદિ અનંત રહે છે, વળી મતિશ્રુતનું મળતાપણું આ છે, કે તે બન્ને ક્ષય ઉપ-શમ રૂપ છે. અથવા મતિજ્ઞાન ( ઓઘ અથવા સૂત્ર ) આ દેશથી સર્વ દ્રવ્ય ક્ષેત્ર કાળ ભાવ વિષય સંબંધી છે, તેમ શ્રુતજ્ઞાન પણ છે, મતિજ્ઞાન પરોક્ષ છે, તેમ શ્રુતજ્ઞાન પણ છે, ( સૂત્રમાં એવ શબ્દનો અર્થ નિશ્ચય બતાવનાર છે ) તેથી જાણવું કે બંને પરોક્ષજ જ્ઞાન છે. ( અહિં શ્રુત અને મતિ પરોક્ષ બતાવવાનું કારણ આ છે, કે તેમાં આત્મા ઇંદ્રિયો અથવા મન દ્વારા કાર્ય કરે છે, તેથી વખતે ભૂલ થવાનો સંભવ અથવા અપૂર્ણ રહે, બાકીનાં ત્રણ જ્ઞાનમાં આત્મા-સ્વયં કાર્ય કરે છે, કેવળજ્ઞાન સંપૂર્ણ પ્રત્યક્ષ છે )

## અવધિજ્ઞાન.

અવ ( નીચે નીચે ) વધારે વિસ્તારથી જણાય, માટે અવધિ છે, અથવા અવધિ મર્યાદાથી જણાય, આપણ ક્ષય ઉપશમ રૂપજ છે, અર્થાત્ અવધિ જ્ઞાનના: આવરણના ક્ષય ઉપશમનો હેતુ છે, અથવા જેનાવડે મર્યાદા બંધાય, તેટલુંજ જણાય અથવા અવધાન તે અવધિ—એટલે વિષય વિશેષ

પરિચ્છેદ થાય–તે અવધિ અને જ્ઞાનનો સમાસ કરતાં અવધિજ્ઞાન છે, તેમાં च શબ્દ ગાથામાં છે, તેનું કારણ આ છે, કે પૂર્વના બે જ્ઞાન સાથે એનો સ્થિતિ (કાળ) વિગેરેથી સરખાપણાનો સંબંધ છે.

પ્ર૦—કેવી રીતે ?

ઉ૦—જ્યાં સુધી જીવને મતિશ્રુત હોય. તે પ્રવાહની અપેક્ષાએ તથા અપ્રતિ પતિતપણું એક જીવના આધારની અપેક્ષાએ ૬૬ સાગરોપમથી કાંઈક અધિક પૂર્વે બતાવ્યા પ્રમાણે છે, માટે સ્થિતિમાં ત્રણેનું સાધર્મ્ય ( સરખા ) પણું છે, વળી જેમ મતિશ્રુતમાં વિપર્યયપણું છે, તેમ અહિં પણ મિથ્યાદૃષ્ટિનું વિભંગ જ્ઞાન છે, તથા મતિશ્રુતનો સ્વામી તેજ અવધિજ્ઞાનનો છે, એ સ્વામીનું સાધર્મ્યપણું છે, તેમજ વિભંગ જ્ઞાની દેવ વિગેરેને સમ્યગ્ દર્શન પ્રાપ્તિ થતાંજ મતિ શ્રુતઅને અવધિ એ ત્રણે જ્ઞાનનો સાથે લાભ થાય, તે સરખાપણું છે.

## મનઃપર્યવજ્ઞાન.

અવધિજ્ઞાન પ્રમાણે મનઃપર્યવજ્ઞાન છે, તેનો ભાવાર્થ આ છે, કે પરિ=સર્વથા ભાવમાં અને અવ=તે ગમન, વેદન વિગેરે પર્યાયો છે, તે બે મળતાં પર્યવ છે, અથવા પર્યવન તે પણ પર્યવ છે, મનમાં અથવા મનનો પર્યવ તે મનઃપર્યવ છે, સર્વથી ( પદાર્થને દેખ્યા વિના અજ્ઞાનવડે વિશેષ ) પરિચ્છેદ ( બોધ ) થાય, તે છે, અને તેજ મનપર્યવ સંબંધી

જ્ઞાનને મનઃપર્યવ કહે છે, અથવા મનના પર્યાયો તે મનના પર્યાયો ભેદો, ધર્મો જે બાહ્ય વસ્તુના આલોચનના પ્રકારો છે, ( આ બધા એક અર્થમાં છે ) તે સંબંધીનું જ્ઞાન તે મનઃ-પર્યાય જ્ઞાન છે, આ જ્ઞાન ૨॥ દ્વીપ અને બે સમુદ્રની અંદર રહેલા સંજ્ઞીપંચેંદ્રી જીવોના મનમાં રહેલા દ્રવ્યોના આલં-બનથીજ આ જ્ઞાન થાય છે. તથા શબ્દ અવધિજ્ઞાનની સાથે આ મનઃપર્યવજ્ઞાન સરખાપણું બતાવે છે.

પ્ર૦—કેવી રીતે ?

ઉ૦—બંનેના સ્વામી છદ્મસ્થ છે, તથા પુદ્ગલ મા-ત્રનું આલંબન બંનેમાં છે, તથા બંને ક્ષાયોપશમિક ભાવમાં છે. તથા પ્રત્યક્ષ જ્ઞાનપણે બંનેનું સરખાપણું છે.

## કેવળજ્ઞાન.

મતિજ્ઞાન વિગેરે ચારે જ્ઞાનથી નિરપેક્ષ ( સહાય લીધા વિના ) આ જ્ઞાન પ્રકાશે છે, તેથી કેવળ નામ છે, અથવા કેવળજ્ઞાન શુદ્ધ છે, અર્થાત્ તેના આવરણરૂપ કર્મમળના કલંકથી રહિત છે, અથવા સકલ ( સંપૂર્ણ ) તે કેવળ છે, કારણ કે સંપૂર્ણ આવરણના અભાવથી સંપૂર્ણ જ્ઞાન પ્રકટ થાય છે, અથવા અસાધારણ તે કેવળ છે, એટલે એના જેવું બીજું કોઇ પણ જ્ઞાન નથી, આ બધાનો પરમાર્થ આ છે, કે યથા અવસ્થિત સંપૂર્ણ ભૂત વર્ત્તમાન અને ભવિષ્ય સંબંધી જે ભાવો છે, તેના સ્વભાવનું પ્રકાશક આ કેવળજ્ઞાન છે, કેવળ સાથે જ્ઞાન જોડતાં કેવળજ્ઞાન શબ્દ થાય છે. ગાથામાં **च**

શબ્દ જોડે છે, તે સૂચવે છે કે આ કેવળજ્ઞાન પાંચમું છે, અથવા અનંતર ( આંતરા રહિત ) જ્ઞાનનું સરખાપણું બતાવનારજ છે. અને આ અપ્રમત્ત યતિને મનઃપર્યવ જ્ઞાન થાય તેમ કેવળજ્ઞાન પણ તેવા અપ્રમત્તને થાય, તથા તેમાં પૂર્વનાં ત્રણ જ્ઞાનમાં વિપર્યયભાવ હતો, પણ આ બે જ્ઞાનમાં નથી.

પ્ર૦—મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનમાં શું વિશેષ છે ?

ઉ૦—ઉત્પન્ન થયેલ પણ નાશ ન પામ્યો હોય, તેવા પદાર્થનું ગ્રાહક વર્તમાન કાળ સંબંધી મતિજ્ઞાન છે. અને શ્રુતજ્ઞાન તો ત્રણ કાળ સંબંધી તે ઉત્પન્ન વિનષ્ટ અથવા ન ઉત્પન્ન થયેલ ( ભવિષ્યનો ) એવા પદાર્થનું ગ્રાહક છે, આ બન્નેનો જે ભેદ છે, તેજ વિશેષ છે. અને અવગ્રહ વિગેરે મતિજ્ઞાનના અઠ્ઠાવીશ ભેદ છે, અને શ્રુતજ્ઞાનના અંગ અને અંગ સિવાયના વિશ અને ચૌદ ભેદ છે, ( પહેલા કર્મ ગ્રંથમાં તેના ભેદો જુઓ ) અથવા મતિજ્ઞાન છે, તે પોતાનુંજ પ્રકાશક છે, પણ શ્રુતજ્ઞાન તો પોતાને તથા બીજાં જ્ઞાનોને પણ પ્રકાશે છે, આટલું ટુંકામાં સમજવા માટે બતાવ્યું છે.

પ્ર૦—આ જ્ઞાનોનો આવો અનુક્રમ કેમ લીધો છે ?

ઉ૦—પરોક્ષપણા વિગેરેના સરખાપણાથી તથા મતિ, શ્રુતજ્ઞાનના સદ્ભાવમાં બીજા જ્ઞાનોનો સંભવ હોવાથી મતિ અને શ્રુતજ પહેલાં લીધાં છે.

પ્ર૦—મતિજ્ઞાન શ્રુતજ્ઞાનના પહેલાં કેમ લીધું ?

ઉ૦—ભાવશ્રુત મતિપૂર્વક હોય છે. તત્ત્વાર્થ સૂત્રના અ.

૧ સૂ૦ ૨૦ માં લખ્યું છે, કે " **श्रुतं मतिपूर्वम्** " શ્રુત મતિપૂર્વક છે. તેમાં પ્રાયે મતિ શ્રુત પૂર્વ હોય છે, અને પ્રત્યક્ષનું સરખાપણું હોવાથી પાછલાં ત્રણ જ્ઞાનનો ઉપન્યાસ છે. તેમાં પણ કાળ વિપર્યય વિગેરે પૂર્વે બતાવેલ સરખાપણાથી મતિશ્રુતના જોડાજોડ અવધિ લીધું છે, અને છદ્મસ્થપણા વિગેરેના સરખાપણાથી મનઃપર્યવજ્ઞાન ચોથું લીધું છે. અને ત્યારપછી ભાવમુનિના સ્વામિપણા વિગેરેના સરખાપણાથી કેવળ જ્ઞાન લીધું છે.

ઉદ્દેશ પ્રમાણે નિર્દેશ એ ન્યાયથી પાંચ જ્ઞાનમાં પ્રથમ આભિનિબોધિક જ્ઞાનને કહેવાનું હોવાથી તેનું સ્વરૂપ કહે છે. તે મતિજ્ઞાન બે ભેદે છે. (૧) શ્રુતની નિશ્રાએ રહેલું અને (૨)શ્રુતની નિશ્રારહિત છે, ( ઔત્પત્તિકી વિગેરે ચાર બુદ્ધિ કુદરતી જ હોય છે તેમાં શ્રુતનો સંબંધ નથી ) હવે શ્રુતની નિશ્રાએ રહેલ મતિજ્ઞાનનું વર્ણન કરે છે, તે અવગ્રહાદિ લક્ષણવાળું શ્રુતની અપેક્ષાએ વર્ત્તે છે તે, તથા તેની અપેક્ષા વિના વર્ત્તે છે, તે બતાવે છે.

જે સંસ્કારી મતિ વિના ( ભણાવ્યા વિના ) જ જે પૂર્વભવનો ક્ષયોપશમજ કુશળતાવાળો હોય, તે ઉત્પાતિકી વિગેરે બુદ્ધિ શ્રુતથી અનિશ્રિત છે.

પ્ર૦–" **तिवग्गसुत्तत्थगहियपेयाला** " આ વચનથી તે બુદ્ધિમાં પણ શ્રુતનો ઉપકાર છે, છતાં શા માટે અશ્રુતનિશ્રિત કહો છો ?

ઉ૦–અવગ્રહ વિગેરેમાં શ્રુતનિશ્રિત કહેવાથી અને ઉત્પાતિકી બુદ્ધિમાં અવગ્રહ વિગેરે હોવાથી અશ્રુતનિશ્રિત કોઇ અંશે છે, પણ સર્વથા નથી. તેનો ભાવાર્થ આ છે, કે શ્રુતથી કરેલા ઉપકારથી નિરપેક્ષ જે જ્ઞાન છે, તે ઔત્પત્તિકી વિગેરે અશ્રુત નિશ્રિત પ્રતિભા છે. ( પ્રજ્ઞા, નવા નવા ઉલ્લેખથી શોભિત એ બુદ્ધિના વિકાશો છે. )

પણ આમાં અશ્રુતનિશ્રિત વૈનયિકી બુદ્ધિ નથી, છતાં ચારે બુદ્ધિઓ સાથે રહેવાથી નિર્યુક્તિકારે સાથે લીધી છે, માટે વિરોધ નથી. હવે શ્રુતનિશ્રિત મતિજ્ઞાનનું સ્વરૂપ બતાવે છે.

**उग्गह ईहाऽवाओ य धारणा एव हुंती चत्तारि ।**
**आभिणिबोहिय नाणस्स भेयवत्थू समासेणं ॥ नि० २ ॥**

સંપૂર્ણ અથવા વિશેષને છોડીને સામાન્યથી અર્થને એટલે રૂપ વિગેરેને અવગ્રહે (સમજે) તે 'અવગ્રહ' છે, અને તે પદાર્થની વિશેષ આલોચના કરે તે 'ઇહા' છે, અને તે પદાર્થનો વિશેષ નિશ્ચય કરે, તે 'અવાય' છે, ગાથામાં 'ચ' શબ્દ એ ત્રણે ' અવગ્રહ ' વિગેરે સ્વતંત્ર છે, તે સૂચવે છે. અર્થાત્ અવગ્રહ વિગેરેના પર્યાયો ઇહા વિગેરે નથી એમ જાણવું.

સમજેલા અર્થને વિશેષ પ્રકારે હૃદયમાં ધારવું તે ' ધારણા ' છે. ગાથામાં ' એવ ' શબ્દ ક્રમ બતાવે છે, કે આ પ્રમાણેજ ચાર ભેદો થાય છે, અથવા મતિજ્ઞાનના આ પ્રમાણે ચાર વિકલ્પો અથવા અંશો છે, તેજ વસ્તુઓ ભેદ વસ્તુ છે.

પ્ર૦–શામાટે ભેદ કહો છો ?

ઉ૦–અવગ્રહણ કર્યા વિના ઈહિત ન થાય, અને નિશ્ચયથી સમજ્યા વિના ધારણ ન કરાય, અથવા કાકુ ન્યાયથી આ પ્રમાણે જ મતિજ્ઞાનના સંક્ષેપથી અવિશિષ્ટ અવગ્રહ વિગેરે ભાવ સ્વરૂપની અપેક્ષાએ બતાવ્યા, પણ જે વિસ્તારથી અઠ્ઠાવીસ ભેદ થાય છે, તે બતાવે છે.

**अत्थाणं ओगहणंमि उग्गहो तह वियारणे इहा ।**
**ववसायंमि अवाओ धरणंमि य धारणं बिंति ॥ नि० ३ ॥**

જે શોધાય છે, પમાય છે, સમજાય છે, તે રૂપ વિગેરે અર્થો છે. તે અર્થોનું દર્શન થયા પછી તુર્ત ગ્રહણ થાય તે અવગ્રહ કહેવાય છે.

પ્ર૦–વસ્તુના સામાન્ય વિશેષ રૂપે અહીં અવિશેષપણું હોવાથી પ્રથમ દર્શન છે, પણ જ્ઞાન નથી. એમ તમે દર્શન કેમ બતાવ્યું ?

ઉ૦–તેને ઘણું આવરણ હોવાથી અને દર્શનને ઓછું આવરણ હોવાથી પ્રથમ દર્શન થાય છે. તે અવગ્રહ વ્યંજન અવગ્રહ અને અર્થાવગ્રહ એમ બે ભેદે છે.

પ્ર૦–વ્યંજન અવગ્રહ એટલે શું ?

ઉ૦–જેમ દીવાવડે અંધારામાં ઘડો દેખીએ, તેમ જેના વડે પદાર્થ જણાય તે વ્યંજન છે. અને તે ઉપકરણ ઈંદ્રિય સંબંધી બોધ છે, અથવા શબ્દ વિગેરે પરિણત દ્રવ્ય સંઘાત

છે, તેથી ઉપકરણ ઇંદ્રિયવડે જે સમજાય તે શબ્દાદિ પરિણુત દ્રવ્ય તે વ્યંજનો છે. તેઓનો અવગ્રહ તે વ્યંજન અવગ્રહ છે. આ વ્યંજન અવગ્રહ આંખ અને મન સંબંધી નથી, બાકીની ચાર ઇંદ્રિયોનો .છે. કારણ કે આંખ અને મન તે બન્નેને પદાર્થનો દૂરથીજ બોધ થાય છે, તે સંબંધી અપ્રાપ્યકારીપણું પાંચમી ગાથામાં કહેશે કે શબ્દ છે, તે કાનમાં પડેલો સમજાય, પણ રૂપ તો દૂરથી દેખે છે.

વ્યંજન અવગ્રહના છેલ્લા સમયથી જે શબ્દાદિ અર્થનો બોધ ગ્રહણ થયો તે અર્થાવગ્રહ છે. તેનો ભાવાર્થ આ છે, કે સામાન્ય માત્ર નિર્દેશ વિના ગ્રહણ થાય, તે એક સમય સંબંધી બોધ છે. તથા તે અર્થાવગ્રહ પછી વિચાર થાય કે આ શું છે ? તેને ઇહા કહે છે. અર્થાત્ અવગ્રહ પછી અને અવાયના પહેલાં ખરા અર્થને વિશેષપણે સમજે અને અસદ્દભૂત અર્થ વિશેષને છોડે, તે છે. દૃષ્ટાંત તરિકે આ મધુર વિગેરે ગુણોવાળા શબ્દો શંખના હોવા ઘટે છે, પણ ખર, કર્કશ, નિષ્ઠુરતા વિગેરે રણશીંગડાના શબ્દો નથી એવી મતિ થાય તે ઇહા છે. તેની પછી વિશેષ અવસાય ( નિર્ણય ) થાય, કે આ શંખના કે રણશીંગડાનો અવાજ છે, એવું કંઇ પણ નક્કી થાય, તે અવાય છે. ગાથામાં એવ શબ્દ નિશ્ચયના અર્થમાં છે.

પછી તેને ન વિસરી જવાય અને યાદ આવે માટે તેને ધારી રાખવું તે ધારણા છે. ગાથામાં પુનઃ શબ્દ એવકારના

અર્થમાં છે, આ પ્રમાણે તિર્થંકર, ગણધરો કહે છે. એથી એમ સૂચવ્યું છે કે કેવળી સિવાયના બધા સાધુઓમાટે શાસ્ત્રનું પરતંત્રપણું છે, જેમ કેવળી કહે, તે પ્રમાણે સમજવું.

આ પ્રમાણે શબ્દને અધિકારે શ્રોત્ર ઇંદ્રિયના નિબંધન રૂપ અવગ્રહ વિગેરે બતાવ્યા. શેષ ઇંદ્રિય સંબંધી રૂપ વિગેરેથી જણાતા પદાર્થો ઝાડનું ઠુંઠું, પુરૂષ, કોષ્ટપુટ ( સુગંધી વસ્તુ ) તથા સંભૃત કરિલ્લ માંસ સાપ કમળની નાલ વિગેરેમાં તે પ્રમાણે જાણવું. ( આંખથી દૂર જોતાં શંકા થાય, કે શું દેખાય છે, પછી નિશ્ચય થાય. તે પ્રમાણે નાકથી સુગંધી, જીભથી રસ અને શરીરથી સ્પર્શ થાય, તેનો બોધ અનુક્રમે થાય આ પ્રમાણે મનના પણ સ્વપ્નમાં શબ્દ વિગેરે સંબંધી વિગેરે જાણવા. બીજી જગ્યાએ સ્વપ્નમાં ઇંદ્રિયોના વ્યાપારના અભાવમાં મન ગમે તેમ દોડે છે, તે જાણવા.

વ્યંજન અવગ્રહ ચાર પ્રકારનો છે. કારણ કે તેમાં આંખ અને મન છોડીને છે, અર્થાવગ્રહ પાંચ ઇંદ્રિયો અને મન એમ છ ભેદે છે, તે પ્રમાણે ઇહા અને અપાય ધારણામાં પણ છ છ ભેદ જાણવા. કુલે અઠ્ઠાવીશ ભેદ જાણવા.

બીજા આચાર્ય એમ કહે છે કે, અર્થોના અવગ્રહણમાં અવગ્રહ થાય છે, તે મતિજ્ઞાનનોજ ભેદ છે. એ પ્રમાણે ઇહામાં પણ જાણવું. ભાવાર્થમાં ભેદ નથી અથવા પ્રાકૃત શૈલીવડે અર્થના વશથી વિભક્તિનો પરિણામ થાય છે. જેમ આચારાંગમાં લખ્યું છે, કે "अगणिं च खलु पुट्ठा पगे संघाय मावज्जंति",

અગ્નિવડે સ્પૃષ્ટ થયેલા સ્પૃષ્ટ શબ્દનો અર્થ પડેલા લેવા, તેનો અર્થ એ છે કે અગ્નિમાં પડેલા શલભ વિગેરે એક બીજા સાથે શરીરથી સંકોચ પામી લોચો વળી જાય છે, માટે અગ્નિનો સમારંભ અનેક જીવોને પીડા રૂપ જાણીને કરવો નહિ, ઈત્યાદિ વિચારમાં બીજી વિભક્તિ માગધી સૂત્રમાં છતાં અર્થ ત્રીજીનો કે સાતમીનો લેવો, એમ અહીં પણ સાતમી વિભક્તિ હોવા છતાં પ્રથમાના અર્થમાં લેવી ( ત્રીજી ગાથામાં ઓગહણંમિ સાતમી છે, તેને બદલ ઓગહણ અવગ્રહણ લેવું )

હવે અવગ્રહ વિગેરેનો કાળ કહે છે

**उग्गह इक्कं समयं ईहावाया मुहुत्तमद्धं तु**
**कालमसंखं संखं च धारणा होइ णायव्वा ॥नि०४॥**

પૂર્વે બતાવેલા લક્ષણવાળો અર્થાવગ્રહ નિશ્ચયથી એક સમયનો છે, આ સમય તે સૌથી સૂક્ષ્મ કાળ છે, અને તે જૈન સિદ્ધાંતમાં કમળના કોમળ સેંકડો પાંદડાં કોઇ બળવાન માણસ તીક્ષ્ણ આણી કે ધારથી છેદે, અથવા જુનું કપડું ફાડતાં એક પાંદડાં કે દોરાને તોડતાં જેટલી વાર લાગે તેટલામાંતો અસંખ્યાત સમય થઈ જાય, તેમાંનો એક સમય લેવો, આ નિશ્ચયથી કેવળજ્ઞાનીની અપેક્ષાએ છે, આપણા જેવા છદ્મસ્થની અપેક્ષાએ તો વ્યંજન અવગ્રહ તથા અર્થાવગ્રહ બંનેમાં અંતર્મુહૂર્ત્ત છે. તથા ઈહા અને અપાય અંતર્મુહૂર્ત્તના છે તથા ગાથામાં પ્રાકૃત શૈલીએ ક્રિયાપદ બહુવચનમાં છે. તેનો અર્થ દ્વિવચન લેવાં ( ગુજરાતી તથા માગધીમાં એકવચન તથા બહુવચન છે, સંસ્કૃતમાં બેને માટે ખાસ દ્વિવચન છે ) કહ્યું છે કે

**दुव्वयणे बहुवयणं, छट्ठी विहत्ती प भण्णई चउत्थी**
**जह हत्था तह पाया, णमोऽत्थु देवाहि देवाणं ॥ १ ॥**

માગધીમાં દ્વિવચન ન હોવાથી તેને બદલે બહુવચન વપરાય છે, જેમ કે જેવા હાથો છે, તેવા પગો છે, અને ચોથીને બદલે છઠ્ઠી વિભક્તિ વપરાય છે, જેમકે દેવાધિદેવોને નમસ્કાર થાઓ (આ ભેદો માગધી અને સંસ્કૃત વ્યાકરણ ભણેલાને જાણીતા છે) તેથી એમ અર્થ લેવો કે ઇહા અને અપાય અર્ધા મુહૂર્ત્તના પ્રત્યેક છે. મુહૂર્ત્ત એટલે બે ઘડી ૪૮ મિનીટ તેનું અર્ધ તે એક ઘડી છે, ગાથામાં તુ શબ્દ એ વિશેષ સૂચવે છે, કે આ વ્યવહારની અપેક્ષાએ મુહૂર્ત્તાર્ધ છે. તત્ત્વથી તો અંતર્મુહૂર્ત્ત છે, અન્ય આચાર્યો કહે છે કે મુહૂર્ત્તાર્ધને બદલે મુહૂર્ત્તાન્ત શબ્દ છે, તેનો અર્થ આ થાય છે કે અંતર તે મધ્ય છે, એટલે ઇહા અપાય ભિન્ન મુહૂર્ત્તના છે, અને તે અંતર્મુહૂર્ત્તનો કાળજ છે.

કલન તે કાળ છે, અને જેની હદ પક્ષ માસ ઋતુ અયન સંવત્સર વિગેરેના આટલા માપવાળી નથી, તે અસંખ્ય કાળ છે, એટલે તે પલ્યોપમ વિગેરે છે, જે ગણાય તે સંખ્યા અને આટલી સંખ્યા પક્ષ માસ વિગેરે ગણાય, તે સંખ્યા પ્રમાણ છે, તે સંખ્યા સાથે ગાથાના **च** શબ્દથી '**अंतर्मुहूर्त्त**' ની ધારણા થાય છે, એમ જાણવું, તેનો ભાવાર્થ આ છે, કે 'અવાય' થયા પછીનો ઉત્તરકાળ અવિચ્યુતિરૂપ અંતર્મુહૂર્ત્ત છે, એ પ્રમાણે સ્મૃતિનો પણ કાળ છે, પણ વાસનારૂપ તો

તેના આવરણના ક્ષય ઉપશમ નામે સ્મૃતિ ધારણાના બીજરૂપે સંખ્યેય વર્ષના આયુવાળા જીવોની અપેક્ષાએ સંખ્યેય કાળ અને અસંખ્યેય વર્ષ તે પલ્યોપમ વિગેરેના આયુવાળા જીવોની અપેક્ષાએ અસંખ્યેય કાળ ધારણા વાસના રૂપે છે, ॥૪॥

આ પ્રમાણે અવગ્રહ વિગેરેનું સ્વરૂપ કહીને હવે શ્રોત્રઇંદ્રિય વિગેરેના પ્રાપ્ત અને અપ્રાપ્ત વિષયપણાને બતાવે છે.

**पुट्ठं सुणेइ सद्दं, रूवं पुण पासई अपुट्ठं तु।**
**गंधं रसं च फासं च बद्धपुट्ठं वियागरे ॥ नि ५ ॥**

પ્ર૦—વ્યંજન અવગ્રહ નિરૂપણાના દ્વારમાં શ્રોત્ર ઇંદ્રિય વિગેરેની પ્રાપ્ત અપ્રાપ્ત વિષયપણું બતાવ્યું જ છે, તો અહીં ફરી શા માટે કહો છો ?

ઉ૦—ત્યાં તે ગાથાના વ્યાખ્યાન દ્વારવડે કહ્યું, અને અહીં સૂત્ર ગાથાથી કહ્યું, માટે દોષ નથી, સ્પૃષ્ટ એટલે શરીરમાં ધુળ ચોંટે, તેમ સાંભળે, પર્યાયો ગ્રહણ કરે.

પ્ર૦—શું ?

ઉ૦—જેનાવડે અવાજ થાય તે શબ્દ છે, તે શબ્દને પ્રાયોગ્ય દ્રવ્યસમૂહ છે તે, આનો ભાવાર્થ આ છે, કે તે કાન ઇંદ્રિયમાં સૂક્ષ્મપણું હોવાથી તથા ભાવુક હોવાથી અને પ્રચુર દ્રવ્યરૂપપણે હોવાથી શ્રોત્રઇંદ્રિયનું બીજી ઇંદ્રિયો કરતાં પ્રાયે વધારે પટુપણું હોવાથી સ્પૃષ્ટ માત્રજ શબ્દ દ્રવ્યના સમૂહને ગ્રહણ કરે છે.

દેખાય તે રૂપ છે, તે રૂપ આંખે પુદ્ગળો અડયા વિનાજ

અસ્પૃષ્ટ અનાલિંગિતજ દેખાય છે, પણ જેમ ગંધના પુદ્ગળો નાકમાં જાય અને સ્પર્શ થાય, ત્યારે એનો બોધ થાય, તેમ આંખમાં નથી, ' તુ ' નો અર્થ નિશ્ચિય છે, તે એમ નિશ્ચયથી કહે છે, કે ચક્ષુ પદાર્થનો સ્પર્શ કર્યા વિનાજ તેના રૂપને દેખે છે, કારણ કે તે અપ્રાપ્યકારી છે, ગાથામાં પુનઃ શબ્દ આ વિશેષપણું બતાવે છે, કે યોગ્ય સ્થાનમાં રહેલુંજ—પણ અતિ દૂર રહેલું દેવલોક વિગેરે ન દેખે.

## ગંધ.

સુંઘાય તે ગંધ છે, સ્વાદ લેવાય તે રસ છે, ફરસાય તે સ્પર્શ છે, ચ શબ્દ બે વાર છે, તે પૂરણના અર્થમાં છે, તેથી એમ બતાવ્યું કે એ ત્રણેમાં બદ્ધસ્પૃષ્ટ તે નવા શરાવલામાં પાણી નાંખતાં તે તેમાં એક રૂપે થઇ જાય છે, તેમ આત્મા સાથે તે પુદ્ગલો એકમેક થતાં ગંધ વિગેરેજ જણાય છે, પ્રાકૃત શૈલીથી **बद्धपुट्टं** બદ્ધસ્પૃષ્ટ છે, પણ અર્થ તો આવો લેવો કે પ્રથમ સ્પૃષ્ટ થાય અને પછી બંધાય તે સ્પૃષ્ટબદ્ધ છે—

પ્ર૦—જે ગંધ વિગેરે બંધાયલા છે તેનો સ્પર્શ થાય છેજ, અને અસ્પૃષ્ટનો બંધ થવો અયોગ્ય છે, તેથી સ્પૃષ્ટ શબ્દ ઉચ્ચારવો, તે ગતાર્થ ( સમજાઈ જતો ) હોવાથી અનર્થક ( નકામો ) છે ?

ઉ૦—આ અમારૂં કહેવું બધા સામાન્ય સાંભળનાર નવા અભ્યાસીને આશ્રયી કહેલું હોવાથી અદોષ છે. ત્રણ પ્રકારના

સાંભળનારા છે, કેટલાક ઉદ્ઘાટિતજ્ઞા તે તીક્ષ્ણ બુદ્ધિવાળા કેટલાક મધ્યમ બુદ્ધિવાળા અને કેટલાક ખુલાસાથી બતાવેલ સમજનારા છે, તેવા ત્રીજા વર્ગના સાંભળનારાના અનુગ્રહ માટે કહ્યું છે, તેથી દોષ નથી અથવા વિશેષણ સમાસ કરવાથી અદોષ છે. એટલે સ્પૃષ્ટ અને બદ્ધનો કર્મધારય સમાસ કરતાં સ્પૃષ્ટબદ્ધ થાય, તેમાં સ્પૃષ્ટ ગંધ વિગેરે વિશેષ્ય છે, અને બદ્ધ વિશેષણ છે.

પ્ર૦—એમ વિચારતાં પણ સ્પૃષ્ટ ગ્રહણ કાંઈક વધારે પડતું છે, કારણકે જે બદ્ધ તે સ્પૃષ્ટપણાની સાથે વ્યભિચારપણે નથી, અને ઉભયપદના વ્યભિચારમાંજ વિશેષણ અને વિશેષ્યનો ભાવ દેખેલો છે, જેમકે નીલ ઉત્પલ (નીલું કમળ) પણ તેવો બદ્ધ સ્પૃષ્ટમાં વ્યભિચાર નથી. ?

ઉ૦—એવો દોષ નથી, કારણકે એક પદના વ્યભિચારમાં પણ વિશેષણ વિશેષ્ય ભાવ દેખેલો છે, જેમકે અપ્ (પાણી) દ્રવ્ય છે, તેમાં અપ્નો દ્રવ્ય સાથે વ્યભિચાર નથી, પણ દ્રવ્યનો અપ્ કે અપ્ નહિ, એવો વ્યભિચાર (જુદાપણું) થાય, તેથી વિશેષણ વિશેષ્ય ભાવ થાય, આપણા ચાલુ વિષયમાં આ ભાવાર્થ છે કે, આલિંગિત આંતરાવિના આત્મપ્રદેશોએ ગ્રહણ કરેલ ગંધ વિગેરે બાદરપણાથી અભાવુક (            ) પણાથી અલ્પ દ્રવ્યરૂપ હોવાથી અને ઘ્રાણ (નાક) વિગેરેના અપટુપણાથી ગ્રહણ કરે, પછી ઘ્રાણ ઈંદ્રિય નિશ્ચય કરે (પછી વિષયને સમજે) આ પ્રમાણે ગાથાની વ્યાખ્યા કરવી.

પ્ર૦—રૂપના સંબંધમાં આપે કહ્યું હતું કે યોગ્ય દેશમાં રહેલુંજ રૂપ આંખ જુએ, પણ અયોગ્ય સ્થાનમાં રહેલું ન જાણે, તેથી કેટલે દૂરથી આંખ જુએ ? અથવા કેટલા દૂરથી આવેલો શબ્દ વિગેરે વિષયને કાન વિગેરે કેટલે દૂરથી ગ્રહણ કરે, ?

ઉ૦–કાન જઘન્યથી અંગુલના અસંખ્યેય ભાગ માત્રથી, અને ઉત્કૃષ્ટથી તો બાર યોજનથી–રૂપને જઘન્યથી અંગુલ અસંખ્યેય ભાગ અને ઉત્કૃષ્ટથી એક લાખ યોજન દૂર સુધીનું આંખ જુએ, અને ઘ્રાણ, રસ, સ્પર્શ વિગેરે ઈંદ્રિયો જઘન્યથી અંગુલનો અસંખ્યેય ભાગ અને ઉત્કૃષ્ટથી નવયોજનથી આવેલ ગ્રહણ કરે છે, (આ યોજનનું માપ આત્મા અંગુલ નિષ્પન્ન લેવું.)

પ્ર૦—આથી વધારે દૂર પ્રમાણનું આંખ વિગેરે ઈંદ્રિયો રૂપ વિગેરેને કેમ ગ્રહણ નથી કરતાં ?

ઉ૦—સામર્થ્યનો અભાવ છે, તથા બારયોજન તથા નવ યોજનથી વધારે દૂરથી આવેલ શબ્દાદિદ્ર૦યોમાં તેવા યોગ્ય પરિણામનો અભાવ છે, અને મન સંબંધી તો ક્ષેત્ર સંબંધી વિષયનું પરિમાણુજ નથી, કારણકે તેને પુદ્ગલ માત્રના વિષયના નિબંધનો અભાવ છે, મનને પુદ્ગલનો નિબંધ ન થતો નથી ( ગમે તેમાં વિચારવા લાગુ પડે ) તથા તેને વિષયનો પરિણામ નથી, જેમ કેવળજ્ઞાનને ગમે ત્યાં પદાર્થ હોય તો તે જાણે દેખે, તેમ મનને પણ પરિમાણ નથી ( કે આટલે દૂરનોજ વિચાર કરે ) પણ જેને વિષયનું પરિમાણ છે, તેને

પુદ્ગલનું નિબંધન છે, કે આટલે દૂરનું દેખે જાણે અનુભવે, અવધિજ્ઞાન અથવા મનઃ પર્યવ જ્ઞાનનું નિયતપણું છે. તેમ અહીં જાણવું.

પ્ર૦—હવે આપે પૂર્વે જે કહ્યું હતું, કે '**नयन मनसोऽप्राप्तकारित्वं**' આંખ અને મનનું અપ્રાપ્તકારીપણું છે તથા '**पुट्ठं सुणेइसद्दं**' સ્પૃષ્ટ થએલ શબ્દ સાંભળે એ આગળ કહીશું. તે કહો.

ઉ૦—આંખ યોગ્યદેશમાં રહેલ અપ્રાપ્ત પદાર્થને મનની પેઠે દૂરથી જાણે તે એવી રીતે કે જો પ્રાપ્ત થતો હોય તો તેનો કરેલો અનુગ્રહ ઉપઘાત કરે, તે આંખમાં થતો નથી, માટે આંખ દૂરથી પદાર્થને દેખે છે. સ્પર્શન ઇંદ્રિયનો આ વિપક્ષ છે.

પ્ર૦—સૂર્ય વિગેરે જોતાં ઉપઘાત ( આંખને હરકત ) થાય છે, તેથી તમારો હેતુ અસિદ્ધ છે, કારણ કે મનને પણ વિષય જાણવાનો હોવાથી તમારો દૃષ્ટાંત સાધ્યથી વિકલ ( નકામો ) છે, તેજ લોકમાં કહેવાય છે, કે ' મારૂં મન અમુક સ્થાનમાં ' ગયું છે.

ઉ૦—અમારો પ્રાપ્તિ નિબંધન નામનો હેતુના વિશેષણ અર્થને નિરાકૃત કરેલો છે, તેથી તમારો આક્ષેપ અમારા હેતુને દોષવાળો બનાવતો નથી, કારણ કે જો પ્રાપ્તિ નિબંધન સંબંધી અનુગ્રહ ઉપઘાત થતા હોય તો અગ્નિ શૂલ જલ વિગેરે દેખવાથી બળવું, ભેદાવું, ભીંજાવું થવું જોઇએ, તથા પ્રાપ્ત વિષયનું જાણવું થતું હોય તો આંખમાં આંજેલું અંજન, મેલ, શળી વિગેરે પણ દેખાવું જોઇએ.

પ્ર૦—આંખના કીરણો આંખથી બહાર નીકળીને તે પદાર્થને 'ગ્રહણ કરે છે, તેઓના તેજપણાથી તથા સૂક્ષ્મપણાથી અગ્નિ વિગેરેના સંપર્ક ( સ્પર્શ ) થયે છતે પણ દાહ વિગેરેનો અભાવ છે.

ઉ૦—તમે અમારા હેતુને પૂર્વે અનુગ્રહ ઉપઘાતના અભાવ સંબંધી કહ્યું, તે અયુક્ત છે, તેના અસ્તિત્વને ઉપપત્તિવડે ગ્રહણ કરવાને અશકય છે, ( કારણ કે આંખનાં કીરણ પડદાની બહાર જતાં નથી )

પ્ર૦—પડદામાં રહેલા પદાર્થની ઉપલબ્ધિ ન હોવાથી તેનું અસ્તિત્વ નથી.

ઉ૦—ત્યાં પડદામાં રહેલી ચીજને જોવાતો ક્ષય ઉપશમ આત્માને નથી, તેથી દેખાતી નથી.

પ્ર૦—આ તમારૂં કહેવું તમારા આગમ મત પ્રમાણે છે?

ઉ૦—એમ નહિ. યુક્તિ ;પણ છે, કારણ કે આવરણનો અભાવ હોય તો પરમાણુ વિગેરે ( ક્ષય ઉપશમના અભાવે ) દેખાતાં નથી.

વળી વાદીએ કહ્યું કે ' સાધ્ય વિકલ દૃષ્ટાંત છે, ' તે પણ અયુક્ત છે, કારણ કે મન સંબંધી તમે આપેલું દૃષ્ટાંત નકામું છે, કારણ કે જાણવાનો પદાર્થ અને મન એ બંનેનું સંપર્ક થતું નથી, અને જો મનમાં પણ સંપર્ક થતું હોય, તો પાણી કપૂર વિગેરે ચિંતવવાથી અનુગ્રહ થાય, અને અગ્નિ

શસ્ત્ર વિગેરે ચિંતવવાથી પીડા થવી જોઇએ, પણ તેમ અનુગ્રહ ( સુખ ) કે ઉપઘાત ( દુઃખ ) થતા નથી

પ્ર૦—મનને પણ અનિષ્ટ વિષય ચિંતવવાથી અતિ શોક થતાં દુર્બળપણું અને અતિ આર્ત્તધ્યાન કરવાથી છાતીમાં ઉપઘાત થતો દેખાય છે, અને ઈષ્ટ વિષય ચિંતવતાં પ્રમોદ થાય છે, માટે પ્રાપ્તકારીપણું સિદ્ધ થયું,

જૈનાચાર્ય—એ તમારૂં કહેવું અયુક્ત છે, કારણ કે દ્રવ્યમન જે અનિષ્ટ ઈષ્ટ પુદગલના ઉપચય રૂપ છે, તેનાવડે સકર્મક ( કર્મધારી ) જીવને અનિષ્ટ ઇષ્ટ આહાર માફક ઉપઘાત અનુગ્રહ કરવાથી તેનામાં પ્રાપ્ત વિષયપણું કેવી રીતે ઘટે ? ( નહિ ઘટે ), વળી દ્રવ્યમન જો બહાર નીકળે તો મનના પરિણામથી પરિણત થએલ જીવ રૂપ કે ભાવમન ? જો એમ માનો કે ભાવમન, તો તે ભાવમન નથી, કારણકે તે શરીરના પ્રમાણમાં સર્વત્ર છે, અને મનને સર્વગત માનશો તો નિત્યપણે થતાં બંધ મોક્ષનો અભાવ થશે. હવે જો વાદી એમ કહે, કે દ્રવ્યમન જાય છે, તો તે પણ અયુક્ત છે, કારણ કે તે નીકળવા છતાં પણ અજ્ઞપણે હોવાથી અકિંચિત્ કર ( નકામું ) જડ પત્થર માફક છે.

પ્ર૦—દ્રવ્યમન કરણપણે હોવાથી દીવા માફક તે મન વડે પ્રકાશિત અર્થને આત્મા ગ્રહણ કરે છે.

જૈનાચાર્ય—તેમ નથી, કારણ કે શરીરમાં રહીને જ મન જાણે છે, પણ બહાર જઇને નહિ, કારણ કે મન તે અંતઃ-

કરણુ છે, એટલે જે આત્માને અંતઃકરણુ ( મન ) છે, તે આત્માને પોતાનું અંતઃકરણુ શરીર સાથે રહેલું તેના વડેજ પદાર્થને જાણે છે, જેમ સ્પર્શ શરીર સાથે શરીરવડે આત્મા જાણે, અને દીવો છે, તે આત્માનું અંતઃકરણુ નથી. માટે દીવાનું દૃષ્ટાંત મન સાથે મળતું નથી એટલેથી સમજો.

હવે ચાલુ કહીએ છીએ, ॥ ૫ ॥

પ્ર૦—ચાલુ વિષય શું છે ?

ઉ૦—શબ્દ સ્પૃષ્ટ થયેલો જાણે છે વિગરે.

પ્ર૦—શબ્દના પ્રયોગથી ;ઉત્સૃષ્ટ થએલ જ ફક્ત શબ્દ દ્રવ્યોને ગ્રહણુ કરે છે, કે તેનાથી ભાવિત થએલાં બીજાંને, કે બંને મિશ્ર થએલાં દ્રવ્યોને ગ્રહણુ કરે છે ?

ઉ૦—તે એકલાં ઉત્સૃષ્ટ દ્રવ્યોને નહિ, પણુ તેઓના વાસકપણાથી તથા તેને યોગ્ય લોકના દ્રવ્યોના આકુળપણાથી મિશ્ર દ્રવ્યો અથવા વાસિત દ્રવ્યોને ગ્રહણુ કરે છે, આ અર્થને બતાવે છે.

**भासा सम सेढीओ, सद्दं जं सुणइ मीसयं सुणई ॥**
**वीसेढी पुण सद्दं, सुणेइनियमा पराघाए ॥ ६ ॥**

બોલાય તે ભાષા, મોઢેથી શબ્દપણે છોડેલ દ્રવ્ય પુદ-ગલનો સમૂહ, તેની સમશ્રેણિઓ તે ભાષા સમશ્રેણિઓ છે, વિશ્રેણિઓ ભેગી ન લેવા માટે સમશ્રેણિઓ લીધી છે.

અહિં શ્રેણિ તે ક્ષેત્ર પ્રદેશની પંક્તિઓ કહેવાય છે, તે

ક્ષેત્ર પ્રદેશની પંક્તિઓ બધા બોલનારની છએ દિશામાં હોય છે, જેમાં ઉત્સૃષ્ટ થઈ હોય તે ભાષા પ્રથમ સમયેજ લોકના અંત સુધી દોડે છે, તેનો બીજો અર્થ આ છે, કે તે શ્રેણિઓ સાથે એકમેકપણે ભાષા સમશ્રેણિઓ રહેલી છે, તે ભાષાના પુદ્ગળો દોડે છે, હવે જેના વડે અવાજ થાય, તે શબ્દ તે ભાષાના પુદ્ગળ સમુહરૂપે પરિણત થાય તે પુરૂષ અશ્વ વિગેરે સંબંધી જે શબ્દ સાંભળે, ગ્રહણ કરે ઉપલબ્ધ કરે એ બધા પર્યાયો છે, ( યત્ જે તત્ તેનો સર્વદા સંબંધ છે, તેથી ) મિશ્ર શબ્દને સાંભળે, તેનો પરમાર્થ આ છે કે જે મોઢામાંથી નીકળ્યા, તે તથા તેનાથી ભાવિત વચમાં રહેલા શબ્દદ્રવ્યો છે, તેનાથી મિશ્ર થએલ હોય તે મિશ્રને સાંભળે. આ સમશ્રેણિ સિવાય વિશ્રેણિમાં છે, તે 'ઈતઃ' વર્ત્તે છે, તેનો આ પરમાર્થ છે, કે વિશ્રેણિમાં રહેલા શ્રોતા તો મોઢામાંથી નીકળેલા શબ્દો સમશ્રેણિએ જતાં જોડેના દ્રવ્યોને તેવા શબ્દ પરિણામ સ્થાપવા માટે નિયમથી પરાઘાત કરે, તેથી સાંભળે અર્થાત્ વાસિત થયેલા શબ્દોનેજ જાણે. પણ મોઢામાંથી નીકળેલા શબ્દો ન સાંભળે.

પ્ર૦—તેમ શા માટે થાય છે ?

ઉ૦—મોઢામાંથી નીકળેલ શબ્દો સમશ્રેણિએ જાય, અને કાનમાં પ્રતિઘાત ન કરે, અથવા વિશ્રેણિમાં રહેલો જ વિશ્રેણિ કહેવાય, જેમ ભીમસેન શબ્દને બદલે સેન વપરાય, સત્યભામાને બદલે ભામા વપરાય છે, અહીં પણ તેમ જાણવું ॥ ૬ ॥

હવે કયા યોગે આ વાક્દ્રવ્યોનું ગ્રહણ તથા મુકવું થાય છે અથવા કેવી રીતે થાય છે, તેની શંકાથી ગુરૂ સમાધાન કરે છે.

**गिण्हइय काइएणं, निस्सरइ तहवाइएण जोएणं**
**एगंतरं च गिण्हइ णिसिरइ एगंतरं चेव ॥ ७ ॥**

કાયાથી જેનો નિર્વાહ થાય તે કાયિક યોગ વ્યાપાર છે. તેના વડે ક્રિયા ( કર્મ ) થાય છે. ભાવાર્થ આ છે, કે વક્તા કાયાવડે શબ્દ દ્રવ્યોને ગ્રહણ કરે છે, ચ શબ્દ અવધારણના અર્થમાં છે. તેનો વ્યવહિત સંબંધ છે, એટલે કાયવડેજ લે છે. તથા ઉત્પન્ન કરે છે. દોડે છે, મૂકે છે, એ બધા એક અર્થના પર્યાયો છે. તે બોલનારો તે પુદ્ગલોને વચન યોગ વડે મૂકે છે.

પ્ર૦--કેવી રીતે લે છે, અને મૂકે છે ? દરેક સમયે કે આંતરે આંતરે ?

આચાર્યનો ઉ૦—એકાંતરેજ લે છે, અને મૂકે છે. તેનો ભાવાર્થ આ છે, કે દરેક સમયે લેવાની અને મૂકવાની ક્રિયા સાથે જ થાય છે, જેમ એક ગામથી બીજું ગામ તે ગ્રામાંતર કહેવાય, પુરૂષથી બીજો પુરૂષ તે પુરૂષાંતર કહેવાય, એમ એકાંતર શબ્દ છતાં એમ ન માનવું, કે એક સમયે લે, અને બીજા સમયે મૂકે, પણ પ્રત્યેક સમયે કાયાથી લે, અને વાચાથી મૂકે.

પ્ર૦--કાયાથીજ લે છે, એ કહેવું યુક્ત છે, કારણ કે

તેમાં આત્માનો વ્યાપાર છે, પણ વાચાવડે કેવી રીતે મૂકે છે? અથવા આ વાગ્યોગ કયો છે? શું વાકજ વ્યાપારથી ઉત્પન્ન થયેલ છે, કે તેના વિસર્ગનો હેતુ કાય સંરંભ છે? જો પહેલાંનો વિકલ્પ હોય, તો તે અયુક્ત છે, તેનું યોગપણું સ્વીકારતા નથી. અને એકલી વાક્ જીવનો વ્યાપાર નથી; કારણ કે તે પુદ્ગલ માત્રના પરિણામ રૂપે રસ વિગેરે માફક છે, અને યોગ તો શરીરવાળા આત્માનો વ્યાપાર છે, અને તે ભાષાવડે શબ્દના દ્રવ્ય સમૂહરૂપે ભાષા ઉત્પન્ન ન થાય, અને તમે તો પૂર્વે કહ્યું, કે તે ભાષા જ મૂકે છે, વળી જો તમે બીજો પક્ષ લો, તો કાયાનો વ્યાપાર છે, તો કાયિકવડેજ મૂકે છે, એમ સિદ્ધ થયું. એતો અનિષ્ટ છે?

જૈનાચાર્યનો ઉ૦—એમ નથી, કારણકે અમારો અભિપ્રાય જાણ્યો નથી. કારણકે જે શરીરનો યોગ છે, તેજ વાચા સાથે વાગ્યોગ અને મન સાથે મનોયોગ થાય છે. જો કાય વ્યાપાર ન હોય, તો સિદ્ધ માફક તેની વાચાનોજ અભાવ થઈ જાય, તેથી એમ સમજવું, કે આત્માનો શરીર વ્યાપાર થતાં જેનાવડે શબ્દ દ્રવ્યનું ઉપાદાન કર્યું, તે કાયિક યોગ છે, અને જે કાયાના સંરંભ વડે એજ પુદ્ગલને મૂકે, તે વાચિક યોગ છે, તેમજ તે કાયા જે મનના દ્રવ્યોને ગ્રહણ કરે (માને) તે માનસ (મન સંબંધી) યોગ છે, એટલે કાય વ્યાપારજ આ વ્યવહારને માટે ત્રણ ભાગમાં બતાવ્યો છે. માટે અમારૂં આ વચન નિર્દોષ છે.

એક આંતરે લે, અને મૂકે, તેમાં કેટલાક આચાર્ય એવો અર્થ કરે છે, કે આંતરે આંતરે જેમ રત્નાવળીમાં એક મોતી બીજું રત્ન વળી મોતી એમ અહીં પણ માને છે, આ તેમનું માનવું શાસ્ત્રવિરૂદ્ધ છે, કારણ કે શાસ્ત્રમાં કહ્યું છે, કે " अणुसमयमविरहियं निरंतरम् गिण्हइ " પ્રત્યેક સમયે આંતરા વિના લે છે, તેમાં વાંધો આવે.

પ્ર૦--આંતરે નીસરે છે પણ નિરંતર નહિ, એક સમયે ગ્રહણ કરે, એક સમયે નીકળે, તેથી તમારા વચનમાં વિરોધ આવે છે.

ઉ૦--અહીંયાં પ્રથમ સમયે લે, અને બીજે સમયે તે મૂકે, એટલે તેનો ભાવાર્થ આ છે, કે પ્રથમ સમયથી લઇને દરેક સમયે ગ્રહણ કરે છે, તેમ મૂકવાનું નથી, કારણકે પ્રથમ સમયે લીધા વિના કયાંથી મૂકે ?

પ્ર૦—નિસર્ગની અપેક્ષાએ ગ્રહણ પણ સાંતર બતાવે છે ?

ઉ૦—તેમ નથી; કારણકે ગ્રહણ સ્વતંત્રપણે છે, જે વખતે નથી કાઢયું, તે પહેલાં પણ લેવાય અને મૂકવાનું તો લીધા પછી હોવાથી પરતંત્ર છે, કારણકે જે લીધેલું નથી, તે મૂકાતું પણ નથી. એથીજ પૂર્વ પૂર્વ ગ્રહણ સમયની અપેક્ષાએ આંતરાનો વ્યપદેશ છે, તેમજ એક સમયે ગ્રહણ કરે, અને એક સમયે મૂકી દે, આનો સાર આ છે, કે પહેલા સમયે જે

દ્રવ્યો ગ્રહણ કર્યા તે બધાંજ બીજા સમયે છોડી દે છે. અથવા એક સમયવડેજ ગ્રહણ કરે છે, પણ તે પહેલા સમયે મૂકતો નથી. તથા છેલ્લા સમયે છોડે છે, પણ ગ્રહણ કરતો નથી. બાકીના વચલા સમયોમાં તો ગ્રહણ અને મૂકવું અર્થ પ્રમાણે છે, બાકી લેવું મૂકવું પ્રત્યેક સમયે સાથે ચાલે છે.

પ્ર૦—આત્માના ગ્રહણ અને નિસર્ગ એ બે પ્રયત્નો પરસ્પર વિરોધીઓ એક સમયે કેવી રીતે થાય ?

ઉ૦—આ દોષ નથી, કારણકે એક સમયે કર્મનું આદાન નિસર્ગ તે ચૌદમા ગુણસ્થાનક સુધી બંધ અને મોક્ષ થોડો થોડો સાથેજ થાય છે, તથા ઉત્પાદ વ્યયની ક્રિયા માફક તથા આંગળીના આકાશના દેશના સંયોગ વિભાગની ક્રિયા માફક બે ક્રિયાના સ્વભાવની ઉપપત્તિ સાથે થાય છે. । ૭ ।

કાયાવડે ગ્રહણ કરે છે, તે કાયિક યોગ પાંચ પ્રકારનો છે. ઔદારિક, વૈક્રિય, આહારક, તેજસ અને કાર્મણ એ પાંચ ભેદે ભીન્ન છે. તે પાંચ પ્રકારે પણ કાયા ગ્રહણ કરે છે, કે બીજી રીતે છે ? તેનો ખુલાસો કરે છે.

**तिविहंमि सरीरंमि, जीवपएसा हवन्ति जीवस्स ।**
**जेहि उ गिण्हइ गहणं, तो भासइ भासओ भासं ॥ ८ ॥**

જે સડે તે શરીર છે, ઉપર કહેલ પાંચ પ્રકારમાંથી પ્રથમનાં ત્રણ શરીર ભાષા માટે પુદ્ગલો ગ્રહણ કરે છે, એટલે જીવે છે, તે જીવ તેના પ્રદેશો શરીરવડે ગ્રહણ કરે છે, જીવના પ્રદેશ એમ બોલતાં જેમ ભિક્ષુનું પાતરૂં ભિક્ષુથી જુદું છે.

તેમાં એક ચેતન છે, બીજું જડ છે, તેવી જુદાપણાની શંકા ન થાય, માટે તે પ્રદેશો જીવ સાથે એકમેકપણે છે, ( જેમ કાપડના તાંતણા કાપડમાં એકમેકપણે છે, પણ કાપડથી જુદા નથી ), તેથી આ વડે જીવોમાં પ્રદેશપણું નથી તેવા વાદીનું નિરાકરણ કર્યું. જો પ્રદેશપણું ન હોય, તો એકજ જીવના શરીરમાં હાથ, પગ, ઉરૂ, ગર્દન વિગેરે અવયવના સંસર્ગનો અભાવ થાય, તેનું એકપણું થઈ જાય. ( કારણ કે હાથ પગ જુદા છે, એ હરેકને સંમત છે અને આત્મા હરેકમાં પોતે સંયોજાય છે, અને સંયોગ ક્યારે થાય કે આત્મા અવયવ-વાળો હોય, )

પ્ર૦—કેવી રીતે ?

ઉ૦—હાથ વિગેરેથી સંયુક્ત જીવના પ્રદેશોનો ઉત્તમ અંગ ( નાભિ ઉપરનું ) તથા અધમ અંગ ( નાભિ નિચેનું ) એવો ભેદ છે, તે ઉત્પન્ન ન થાય. ( ગુરૂને માથું નમાવાય, તો વિનય કહેવાય, અને પગ લગાડીએ તો અવિનય કહેવાય. ) માટે જીવ પ્રદેશવાળો છે. નહિં તો ભેદ અભેદના વિકલ્પની ઉપપત્તિ ન થાય, ( આત્મા પ્રદેશોથી અભેદપણે છે, અને પ્રદેશો પરસ્પર ભેદપણે સાંકળના અંકોડા માફક જોડા-યલા છે. )

પ્ર૦—જીવ પ્રદેશોવડે શું કરે છે, તે કહે છે, ગ્રહણ કરે છે, તુ શબ્દ એમ વિશેષ સૂચવે છે, કે સર્વદાજ ગ્રહણ કરતો નથી. પણ જ્યારે ભાષા બોલવી હોય, ત્યારે શબ્દ દ્રવ્યના

સમુહને ગ્રહણ કરે છે. ( ગ્રહણ શબ્દ પા૦ ૩-૩-૧૧૩ પ્રમાણે થયો છે, તે કર્મકારક છે, ) અને ગ્રહણ કરીને બોલે છે, એટલે આત્માજ ગ્રાહક અને ભાષક છે, આ કહેવાથી જે લોકો આત્માને ક્રિયારહિત માને છે, તેનું ખંડન કર્યું, જો તે નિષ્ક્રિય હોય, તો અપ્રચ્યુત, અનુત્પન્ન, સ્થિર એકરૂપપણે રહેવાથી બોલવાના અભાવનો પ્રસંગ આવે.

પ્ર૦-આત્મા શું બોલે છે ?

ઉ૦-ભાષા બોલે છે,

પ્ર૦-ભાષક બોલે છે, એટલાથીજ સમજાઈ જાય છે, તો ભાષા બોલે છે, એ પદ વધારે થઈ જાય છે, ( નકામું છે)

ઉ૦-એમ નથી અમારો અભિપ્રાય તમે જાણ્યો નથી. કારણ કે ભાષ્યમાણાજ ( બોલાય તે ) ભાષા છે, પણ પૂર્વે કે પછવાડે નથી. આ અર્થ બતાવવા ભાષા શબ્દ લીધો છે, માટે અદોષ છે, હવે ત્રણ પ્રકારનાં શરીર તે કયાં કયાં ત્રણ છે ? તે ખુલાસાથી સમજાવે છે.

**ओरालिय वेउव्विय आहारो गिण्हई मुयइ भासं ।**
**सच्चंमोसं सच्चामोसं च असच्चमोसं च ॥ ९ ॥**

ઔદારિક શરીરવાળો આત્મા સાથે અભેદપણે લેવાથી અથવા મત્ પ્રત્યય લોપ થવાથી ઔદારિક શરીરવાળો એમ જાણવું. તેજ પ્રમાણે વૈક્રિય શરીરવાળો, આહારક શરીરવાળો, ત્રણમાંથી કોઈપણ ગ્રહણ કરે છે, અને મૂકે છે, તે શબ્દના

પ્રાયોગ્યપણે તેના ભાવે પરિણુત થએલ દ્રવ્ય સમુહરૂપ જે ભાષા છે, તે બોલાતી હોવાથી ભાષા છે.

પ્ર૦–તે ભાષા કેટલા પ્રકારની છે ?

ઉ૦–સંત પુરૂષનું હિત કરે, માટે સત્યભાષા છે, અહીં સંત એટલે મુનિ તેને ઉપકાર કરનારી સત્યભાષા છે, અથવા મૂળ અને ઉત્તર ગુણ તે સંત છે, તેને ઉપઘાત ન કરે માટે સત્યા છે. અથવા સંત તે જીવાદિ પદાર્થો છે, તેનું હિત કરનાર અથવા ખાત્રી કરાવનાર લોકમાં જે બોલાતું હોય તે જનપદ સત્ય વિગેરે ભેદોવાળી સત્યા ભાષા છે, અને તેનાથી વિપરીત ક્રોધ વિગેરેથી મિશ્રિત ભેદવાળી મૃષા છે, અને બનેથી મળેલી કંઈ અંશે સાચી, કંઈ અંશે વિપરીત તે ઉત્પન્ન મિશ્ર વિગેરે ભેદોવાળી સત્યામૃષા છે, અને તે ત્રણેથી જુદી શબ્દ માત્ર સ્વભાવવાળી આમંત્રણી વિગેરે ભેદોવાળી અસત્યામૃષા છે. તેમનું વર્ણન સૂત્રથી જુઓ. ( સંશોધકે આ સૂત્ર જોવા માટે પન્નવણાનો પાઠ ટીપ્પણામાં ભાષા સંબંધી ૧૧ મું પદ છે, ત્યાંથી આપેલ છે. પણ તે મૂળ હોવાથી બરોબર ન સમજાય, તેથી વાંચકોને ખુલાસાથી સમજવા માટે આજ હરિભદ્ર સૂરિ મહારાજે દ. વૈ. સૂત્રની ટીકા કરી છે તેનું ભાષાંતર ભા. ૩ જો આજ જ્ઞાનભંડાર તરફથી બહાર પડેલ છે તેમાંની ગાથા નિ. ૨૭૩ થી ૨૭૭ સુધી જુઓ.)

પ્ર૦—ઔદારિક શરીરવાળો ભાષા ગ્રહણ કરે છે, અને મુકે છે તે મુકેલી ભાષા ઉત્કૃષ્ટથી કેટલે દૂર જાય છે. ?

ઉ૦—સમસ્ત લોક સુધી.

પ્ર૦—તમે પાંચમી ગાથાની ટીકા ( અર્થ ) માં કહ્યું કે બાર જોજનથી વધારે દૂરનો આવેલો શબ્દ ન સાંભળે. કારણકે દ્રવ્યોનું પરિણામ મંદ પડી જાય છે, તેથી શું દ્રવ્યો બાર જોજનથી વધારે દૂરથી પણ આવે છે? અને આ સંબંધે નિરન્તર ( આંતરા વિના ) તેની વાસનાનું સામર્થ્ય છે, તો તેથી બહાર પણ થાય છે કે ?

ઉ૦—તે વાત સાચી છે, કે બહાર પણ ભાષા જાય છે, અને કેટલાકને આશ્રયી સમસ્ત લોક તે લોકના છેડા સુધી જાય છે.

પ્ર૦—જો એમ છે તો તેનો ખુલાસો કરો,

**कइहिं समएहिं लोगो, भासाइ निरंतरं तुहोइ फुडो**
**लोगस्सय कइभागे, कइभागो होइ भासाए ॥ १० ॥**

કેટલા સમયે ભાષાવડે ૧૪ રજ્જુ પ્રમાણ ક્ષેત્રલોકમાં વ્યાપ્ત થાય છે, અથવા ભાષા આંતરા રહિત સ્પૃષ્ટ, વ્યાપ્ત, પૂર્ણ, થાય છે, અને લોકના કેટલા ભાગમાં ભાષાનો કેટલો ભાગ હોય છે ?

ઉ૦—જૈનાચાર્ય કહે છે કે—

**चउहिं समएहिं लोगो, भासाइ निरंतरं तुहोइ फुडो**
**लोगस्सय चरमंते चरमंतो होइ भासाए ॥ ११ ॥**

ચાર સમયમાં પૂર્ણ લોકમાં નિરંતર સ્પૃષ્ટ થાય છે,

પ્ર૦—સર્વથા ( બધી ) જ ભાષા વડે, કે કોઇ વિશિષ્ટ ભાષાવડે ?

ઉ૦—વિશિષ્ટ ભાષાવડે; કારણકે કોઇ મંદ પ્રયત્નવાળો વક્તા હોય, તે અભિન્નશબ્દ દ્રવ્યોનેજ છોડે છે, તે મુકેલાં ભાષાદ્રવ્યો અસંખ્યેય સ્કંધોના રૂપે હોવાથી અને તીવ્ર પ્રયત્નથી બોલનાર વકતાના પ્રમાણથી સ્થુલરૂપે હોવાથી તે ભેદાઈ જાય છે, તેથી તે ભેદાયલાં સંખ્યાતા યોજન જઈને શબ્દનું પરિણામ ત્યાગી દે છે, અને કોઇ મહા પ્રયત્નવાળો આદાન ( લેવું ) નિસર્ગ ( મુકવું ) તે બંને પ્રયત્નોવડે ભિન્ન ભિન્ન ભેદીને છોડે છે, તે સૂક્ષ્મ અને બહુપણે હોવાથી અનંત ગુણવૃદ્ધિએ વધતાં છએ દિશામાં લોકાંત સુધી પહોંચે છે, અને બીજાં દ્રવ્યો તેના પરાઘાતથી વાસિત થઈને વાસનાના વિશેષથી સમસ્ત લોકને પૂરે છે.

અહીં ચાર સમય કહ્યા તે મધ્યમ પણે કહેવાથી ૩–૫ જઘન્ય ઉત્કૃષ્ટપણાથી પણ તુલા વિગેરેના મધ્ય ગ્રહણ માફક જાણવા.

પ્ર૦—ત્રણ સમયમાં કેવી રીતે આંતરા રહિત ભાષા વડે લોક સ્પૃષ્ટ થાય ?

ઉ૦—લોકના મધ્ય ભાગમાં રહેલો બોલનારો પુરૂષ બોલે, તેનાં મુકેલાં ભાષાદ્રવ્યો પ્રથમ સમયમાં છએ દિશામાં લોકાંતે દોડે છે, કારણકે ( તત્વાર્થ અ. ૨. સૂ. ૨૭ ) માં કહ્યું છે, કે જીવ, તથા સૂક્ષ્મ પુદ્દગળની અનુ ( સમ ) શ્રેણિમાં ગતિ છે, અને તે બીજા સમયે છએ દંડરૂપે ચારે

દિશામાં વધતાં મંથન મથણી ( રવૈયો ) ના દાંડારૂપે થાય છે, અને ત્રીજે સમયે જુદા જુદા આંતરા પૂરવાથી પૂર્ણ લોકમાં વ્યાપ્ત થાય છે, એ ત્રણ સમય આશ્રયી કહ્યું, પણ જો બોલનારો લોકાંતે રહ્યો હોય, તે ચાર દિશિમાં અથવા કોઈપણ દિશિમાં ત્રસ નાડીની બહાર હોય, તે ચાર સમયે પૂરે તે બતાવે છે. એવો સ્વભાવ છે, કે ત્રસનાડી બહાર રહેલો સમશ્રેણિ ન કરે, તેથી પ્રથમ લોકનાડીમાં આવે, બાકીના ત્રણ સમયો પૂર્વ માફક સમશ્રેણિ દંડ અને આંતરા પૂરવામાં છે, પણ જો વિદિશામાં રહેલ હોય, તો તે બોલે, ત્યારે પુદ્‌ગલોનું અનુશ્રેણિએ ગમન હોવાથી બે સમયે અંતરનાડીમાં પ્રવેશ કરે છે, બાકીના ત્રણ ઉપર પ્રમાણે થતાં પાંચ સમયે લોકમાં સ્પૃષ્ટ થાય, બીજા આચાર્યો કેવળી સમુદ્‌ઘાતની ગતિએ લોક પૂરવાનું ઇચ્છે છે, તેમના મતે પ્રથમ સમયે ભાષાનું ઉદ્ધર્ગમન તથા અધોગમન થવાથી મિશ્ર શબ્દના શ્રવણનો સંભવ નથી, અવિશેષથી કહ્યું. ભાષા સમશ્રણિએ શબ્દ જે સાંભળે તે મિશ્ર સાંભળે છે, આવું છઠ્ઠી ગાથામાં કહ્યું છે, જેવું વ્યાખ્યાન તેવી અર્થની પ્રતિપત્તિ હોવાથી દંડમાં જ મિશ્ર શ્રવણ હોય છે, પણ બીજી દિશામાં નહિ, તેથી અદોષ છે (કારણકે ઉધ્ધ્વ અને અધોદિશામાં દંડના ભાગમાં રહેલ સાંભળનારના સાંભળવામાં મિશ્ર શબ્દનો મોઢાના અનુસારે ચાર આંગળના માનવાળો દંડો થાય છે, ) આ મત કહ્યો. તેના ઉપર હરિભદ્રસૂરિ ખુલાસો કરે છે.

આ પ્રમાણે માનવાથી ત્રણ સમયે લોકનું પૂરણ (સ્પૃષ્ટ થવું ) સંભવે છે, પણ ચાર સમયનો સંભવ ન થાય, પ્રથમ સમય પછી તુર્તજ બધી દિશામાં પરાઘાત દ્રવ્યનો સંભવ છે, બીજા સમયમાંજ મંથાન (દંડ) ની સિદ્ધિ થાય છે અને ત્રીજા સમમાં તો આંતરા પૂરી દે.

પ્ર૦—કેવળી સમુદ્ઘાત માફક ચાર સમયે જ પૂરે તો શું હોય ?

ઉ૦—એમ નથી, કારણકે તમને સિદ્ધાંતનું જ્ઞાન નથી, અહીં જૈન (કેવળી) સમુદ્ઘાતમાં પરાઘાત થનાર વાસ્ય દ્રવ્યનો સંભવ નથી, પણ તેમાં સકર્મક જીવનો પ્રયાસ છે, તેથી બીજે સમયે દંડ અને બીજે સમયે કપાટ થાય છે, પણ શબ્દ દ્રવ્યોનું અનુશ્રેણિએ ગમન થવાથી પરાઘાત દ્રવ્ય વચમાં વાસકપણે હોવાથી બીજે સમયેજ મંથાન થઇ જાય છે. અચિત્ત મહાસ્કંધ પણ વૈશ્રસિક હોવાથી અને પરાઘાતના અભાવથી ચાર સમયેજ પૂરે છે, પણ એમ શબ્દનું નથી, કારણ કે તે સર્વત્ર એટલે ઉર્ધ્વ અધો દંડ બનવાની સાથે જ ચારે દિશામાં અનુશ્રેણિનું ગમન હોવાથી ત્રણ સમયમાં પહોંચે છે. એટલેથી બસ છે, સમજવા માટે થોડું બતાવ્યું છે, હવે ચાલુ વાત કહે છે, તમે પ્રથમ પૂછયું કે " લોકના કેટલામા ભાગે ભાષાનો કેટલો ભાગ ફરસે ? તે કહે છે. ક્ષેત્રગણિતની અપેક્ષાએ લોકના અસંખ્યાતા પ્રદેશના અસંખ્યેય ભાગે સમગ્ર લોકવ્યાપી ભાષાનો અસંખ્યેય ભાગ થાય છે. ॥ ૧૧ ॥

તત્ત્વભેદ પર્યાયોવડે વ્યાખ્યા થાય છે, એ ન્યાયે તત્ત્વ અને ભેદથી મતિજ્ઞાનનું પૂર્વે ગાથા ૨-૩માં બતાવ્યા પ્રમાણે સ્વરૂપ કહીને હવે જુદા જુદા દેશના શિષ્યોના સમૂહને સુખથી શીખવવા તેના પર્યાય શબ્દો બતાવે છે.

**इहा अपोह वीमंसा, मग्गणाय गवेसणा**
**सण्णा सइ मइ पण्णा, सव्वं आभिणि बोहियं ॥ १२ ॥**

ઈહધાતુ ચેષ્ટાના અર્થમાં છે, તે પ્રમાણે ઈહન તે ઈહા વિદ્યમાન પદાર્થોના અન્વય તથા વ્યતિરેકની પર્યાલોચના છે, આ ઈહાના પર્યાયો કહ્યા, હવે અપોહન તે અપોહ અથવા નિશ્ચય છે. વિમર્શન તે વિમર્શ છે, તે ઈહા પછી થાય છે, પ્રાયે માથું ખણવા વિગેરેના મનુષ્યના ધર્મો ( ચેષ્ટાઓ કૃતિ-કરવાનું ) છે એમ ઘટે છે, એવો સંપ્રત્યય તે વિમર્શ છે, તે પ્રમાણે અન્વયધર્મની અન્વેષણા માર્ગણા છે, વ્યતિરેક ધર્મની આલોચના તે ગવેષણા છે, તથા સંજ્ઞાન તે સંજ્ઞા. વ્યંજન અવગ્રહથી ઉત્તર કાળ ભાવી મતિ વિશેષ છે, સ્મરણ તે સ્મૃતિ, પૂર્વે અનુભૂત અર્થનું આલંબન પ્રત્યય છે, મનન તે મતિ છે, તથા કોઈ અંશે અર્થની પરિછિત્તિ ( બોધ ) થવા છતાં પણ પાછળથી સૂક્ષ્મધર્મની આલોચનરૂપ બુદ્ધિ છે, પ્રજ્ઞાન તે પ્રજ્ઞા વિશિષ્ટ ક્ષય ઉપશમથી ઉત્પન્ન થએલ પ્રભૂત વસ્તુગત યથાવસ્થિત ધર્મના આલોચનરૂપે મતિ છે, આ ઉપર કહેલું બધું મતિજ્ઞાન છે, આ પ્રમાણે કિંચિત્ ભેદથી ભેદ બતાવ્યો તત્ત્વથી તો તે બધાએ મતિના વાચક પર્યાયો ( શબ્દો ) છે.

ઉપર પ્રમાણે તત્ત્વભેદ પર્યાયોવડે મતિજ્ઞાનનું સ્વરૂપ

કહી હવે નવ અનુયોગદ્વારોવડે ફરીથી તેનું નિરૂપણ કરવા આ કહે છે,

**संतपय परुवणया, दव्व पमाणं च खित्त फुसणाय**
**कालोअ अंतरं भाग, भावे अप्पा बहुं चेव ॥ १३ ॥**
**गइ इंदिए यकाए, जोए वेए कसाय लेसासु**
**सम्मत्त नाण दंसण संजय उवओग आहारे ॥ १४ ॥**
**भासग परित्त पज्जत्त सुहुमे सण्णी य होइ भव चरिमे**
**आभिणि बोहिअ नाणं, मग्गिज्जइ एसुठाणेसु ॥ १५ ॥**

સાચું પદ તે સત્પદ છે, તેની પ્રરૂપણા તે સત્પદ પ્રરૂપણા છે, તેનો ભાવ સત્પદ પ્રરૂપણતા છે, તે ગતિ વિગેરે દ્વારોવડે આભિનિબોધિકજ્ઞાન સંબંધી કહેવું, અથવા સાચા (સદ્) વિષય સંબંધી પદ તે સત્પદ છે, બાકી બધું પહેલાં પ્રમાણે છે.

પ્ર૦—શું સત્ પદની પ્રરૂપણા પણ થાય છે? (શા માટે સત્પદ જુદું પાડો છો?) કે જેથી તમારે એમ કહેવું પડે છે, કે સત્પદની પરૂપણા કરીએ છીએ,

ઉ૦—ખર વિષાણ (ગધેડાનું શીંગડું) વિગેરે અસત્ (અવિદ્યમાન) પદ જેવું તે ખોટું ન ગણાય માટે સદ્‌નું ગ્રહણ કર્યું. અથવા (વાચ્યવિચારણાના પ્રક્રમથી) આવાં પણ પદો છે કે ગતિ વિગેરે સત્પદોમાં જેઓવડે મતિજ્ઞાનની પરૂપણા કરાય છે.

દ્રવ્ય પ્રમાણ–તે (મતિજ્ઞાન જીવોનો ગુણ હોવાથી

જીવ દ્રવ્યનું પ્રમાણ બતાવવું, તેનો સાર આ છે, કે એક સમયમાં કેટલા જીવો મતિજ્ઞાન પ્રાપ્ત કરે છે. અથવા બધા પ્રાપ્ત કરે છે, ( ‘ ચ ’ સમુચ્ચયના અર્થમાં છે )

ક્ષેત્ર--તે કેટલા ક્ષેત્રમાં મતિજ્ઞાન સંભવે છે, તે ક્ષેત્ર બતાવવું.

સ્પર્શના--તે કેટલું ક્ષેત્ર મતિજ્ઞાનીઓ ફરસે છે, તે કહેવું.

પ્ર૦--ક્ષેત્ર અને ફરસનામાં શું વિશેષ છે ?

ઉ૦—જે અવગાહ છે તે ક્ષેત્ર, અને ફરસના તો બાહ્યથી પણ હોય છે ( એટલે અંદરનું તથા બહાર ફરસેલું બે ભેગાં લેવાં ) આટલું વિશેષ છે.

કાળ--સ્થિતિ તે કાળ બતાવવો, અંતર પ્રતિપત્તિ ( સ્વીકાર ) વિગેરે આશ્રયી બતાવવું. ભાગ કહેવો એટલે બીજા જ્ઞાનીઓની અપેક્ષાએ મતિજ્ઞાની કેટલામે ભાગે છે, તે બતાવવું. ભાવ–તે કયા ભાવમાં મતિજ્ઞાનીઓ છે, તથા અલ્પ બહુત્વ કહેવું જોઇએ.

પ્ર૦—ભાગદ્વારથી આ અર્થ આવી જાય છે માટે ફરી બતાવવાની જરૂર નથી.

ઉ૦–એમ નહિ, અમારો અભિપ્રાય તમે જાણતા નથી. અહિં મતિજ્ઞાનીઓમાંજ પૂર્વે પામેલા અને નવા પામતાની અપેક્ષાએ અલ્પ બહુત્વ કહેવું છે, આ પ્રમાણે સમુદાયે (સંક્ષેપથી ) અર્થ કહ્યો, હવે ઉપર બતાવેલ ૧૪–૧૫ ગાથામાં

અભિનિબોધિક જ્ઞાનની સત્પદ પ્રરૂપણાના દ્વારોનો અવયવનો ( વિસ્તારથી ) અર્થ કહે છે.

## (૧) ગતિદ્વારનું વર્ણન.

પ્ર૦—શા માટે ?

ઉ૦—આભિનિબોધિક જ્ઞાન છે કે નહિ, તેની શંકા દૂર કરવા માટે કે જો તે છે, તો ક્યાં છે, તે ગતિને આશ્રયી પ્રથમ વિચારીએ છીએ.

ગતિ ચાર પ્રકારની છે. તે નરક, તિર્યંચ, મનુષ્ય અને દેવગતિમાં આભિનિબોધિક જ્ઞાનને પૂર્વે પામેલા જીવો નિયમથી છે, અને નવા પામતા તો જે કાળે આ વર્ણન છદ્મસ્તથી થાય, તે આશ્રયી ભજના જાણવી એટલે વખતે હોય, અને ન પણ હોય. આ નવા પામતા તે એ છે કે જેઓ પ્રથમજ આભિનિબોધિક જ્ઞાન પામતા હોય તે સમયજ લેવો, બાકીના સમયોમાં તો તેઓ પૂર્વે પામેલા ગણાય.

## (૨) ઇંદ્રિયદ્વાર.

ઇંદ્રિયોને આશ્રયી મતિ ( આભિનિબોધિક ) જ્ઞાની જીવો વિચારાય છે. તેમાં પંચેંદ્રિયો પૂર્વે પામેલા તો અવશ્ય હોય છે, અને નવા પામતા પૂર્વ દ્વારમાં બતાવ્યા પ્રમાણે વિચારવા, નવા પામે અને વખતે ન પણ પામે. અને બે ઇંદ્રિય, ત્રણ ચાર ઇંદ્રિયોવાળા પૂર્વ પ્રતિપન્ન લબ્ધિ પર્યાપ્ત અવસ્થાવાળા ( પૂર્વે સમ્યકત્વ પામી વમી જતાં સાસ્વાદન સમ્યક-

ત્વની અપેક્ષાએ ) સંભવે છે. પ્રતિ પદ્યમાના એટલે નવા પામતા ન સંભવે અને એકેંદ્રિય તો બંનેથી રહિત છે.

## (૩) કાય.

ત્રસ કાયમાં પૂર્વે પામેલા નિયમથી હોય છે, અને નવા થતા હોય કે ન પણ હોય–અને પૃથ્વી કાયથી વનસ્પતિ કાય સુધીમાં બંને પ્રકારે સંભવ નથી.

## (૪) યોગ.

ત્રણે યોગો સાથે લેતાં પંચેંદ્રિય માફક કહેવું, એટલે સંજ્ઞીમાં પૂર્વે મતિજ્ઞાન પામેલા હોય, નવું પામનારા હોય કે ન પણ હોય, તથા અસંજ્ઞી વચન કાયા યોગ સાથે લેતાં વિકલેંદ્રિય (બે ત્રણ ચાર ઇંદ્રિય) માફક જાણવું તથા એકલો કાય યોગ લેતાં એકેંદ્રિય માફક બંનેનો અભાવ જાણવો.

## (૫) વેદ.

ત્રણે વેદોમાં વિવક્ષિત કાળમાં પૂર્વ પામેલા અવશ્યે હોય, બીજામાં હોય કે ન પણ હોય.

## (૬) કષાય.

ક્રોધ માન માયા લોભ છે, તે દરેક અનંતાનુબંધી અપ્રત્યાખ્યાની પ્રત્યાખ્યાની સંજવલ એ ચાર ભેદવાળા છે, તેમાં પ્રથમ તે અનંતાનુબંધીમાં બંને પ્રકારે અભાવ છે (અહીં સાસ્વાદનનો અલ્પકાળ હોવાથી ગણતરીમાં નથી એમ મલધારી આચાર્ય કહે છે) બાકીના પંચેંદ્રિય માફક જાણવું.

## (૭) લેશ્યા.

આત્માને આઠ પ્રકારના કર્મથી લેપે એક મેક કરે તે લેશ્યા, કાયા વિગેરે કોઈ પણ યોગવાળા જીવોને કૃષ્ણ વિગેરે દ્રવ્યસંબંધથી આત્માના પરિણામો તે લેશ્યા છે, તેમાં તેજયુ-પદ્મ શુકલ લેશ્યામાં પંચેદ્રિય માફક કહેવું, અને કૃષ્ણનીલ કાપોત એ ત્રણમાં પૂર્વપ્રતિપન્ન સંભવે છે, બીજામાં નહિ.

## (૮) સમ્યક્ત્વદ્વાર.

સમ્યક્ દૃષ્ટિજીવ પૂર્વ પ્રતિપન્ન અથવા પ્રતિપદ્યમાનક છે ? અહીં વ્યવહાર નિશ્ચય એ બે ભાગે વિચાર થાય છે.

## પ્રથમ વ્યવહાર નય કહે છે.

સમ્યગ્ દૃષ્ટિ પૂર્વ પ્રતિપન્ન હોય, પણ પ્રતિપદ્યમાનક ન હોય આભિનિબોધિક જ્ઞાનના લાભવાળાને ૧ સમ્યગદર્શન ૨ મતિ ૩ શ્રુત એ ત્રણેનો સાથે લાભ થાય છે, અને તેમ ન હોય તો આભિનિ બોધિક પ્રતિપત્તિની અનવસ્થાનો પ્રસંગ આવે.

## નિશ્ચય નય કહે છે.

સમ્યગ્ દૃષ્ટિપૂર્વ પ્રતિપન્ન અને પ્રતિપદ્યમાન બંને છે. કારણ કે આભિનિબોધિક જ્ઞાનનો લાભવાળાને સમ્યગ્ દર્શનનું સહાયક પણું છે, કારણ કે ક્રિયા કાળ અને નિષ્ઠાકાળ બંનેનો અભેદ છે, જો ભેદ માનીએ તો ક્રિયાના અભાવના અવિશેષ પણાથી પહેલાં જેવી હતી તેવીજ વસ્તુ રહેવાથી નવી વસ્તુ ઉત્પન્નજ ન થાય અને એમ માનતાં પ્રતિપત્તિની અનવસ્થા પણ નથી.

## જ્ઞાનદ્વાર.

જ્ઞાન પાંચ પ્રકારનું છે, તે મતિ શ્રુત અવધિ મનઃપર્યાય કેવળ છે, એમાં પણ વ્યવહાર નિશ્ચય વડે વિચાર છે, પ્રથમ વ્યવહાર નય બતાવે છે, મતિશ્રુત અવધિ મનઃપર્યાય જ્ઞાનીઓ પૂર્વ પ્રતિપન્ન હોય પણ પ્રતિપદ્યમાનક ન હોય, કારણકે મતિ વગેરે જ્ઞાનનો લાભ થનારને સમ્યગ્દર્શન સાથે ચરનારૂં ( થનારૂં ) છે, પણ કેવળીતો પૂર્વ પ્રતિપન્ન હોય નહિ, તેમ પ્રતિપદ્યમાનક પણ ન હોય, કારણકે કેવળજ્ઞાન ક્ષાયોપશમિક ( મતિ વગેરે ચાર ) જ્ઞાનથી અતીત છે, તથા મતિ અજ્ઞાન શ્રુત અજ્ઞાન વિભંગજ્ઞાન વાળાનો વિવક્ષિત કાળમાં પ્રતિપદ્યમાન હોય છે, પણ પૂર્વ પ્રતિપન્ન નથી.

## નિશ્ચય નય.

નિશ્ચયનયના મતે તો મતિશ્રુત અવધિ જ્ઞાનીઓ પૂર્વ પ્રતિપન્ન નિશ્ચયથી હોય વા, પ્રતિપદ્યમાન પણ સમ્યગદર્શન સાથે ચાલનાર હોવાથી મતિ વિગેરેને લાભ સંભવે છે, અહીં પણ ક્રિયાકાળ નિષ્ઠા કાળનો અભેદ છે, પણ મનઃપર્યાય જ્ઞાની તો પૂર્વ પ્રતિપન્નજ હોય, પણ પ્રતિપદ્યમાનક ન હોય, કારણકે તે ભાવયતિનેજ ઉત્પન્ન થાય છે, કેવળિને તો બંનેનો અભાવ છે, મતિ અજ્ઞાની વિગેરે તો પૂર્વ પ્રતિપન્ન હોય, તેમ પ્રતિપદ્યમાનક પણ ન હોય, કારણકે પ્રતિપતિ ક્રિયાકાળમાં અહીં અભેદપણું છે, અજ્ઞાનના ભાવમાં પ્રતિપતિ ક્રિયાનો અભાવ છે.

## (૧૦) દર્શનદ્વાર.

આ દર્શન ચાર પ્રકારનું છે, તે ચક્ષુ, અચક્ષુ, અવધિ અને કેવળ છે.

પ્ર૦—તે ચક્ષુ અચક્ષુ દર્શનીઓથી શું સૂચવે છે?

ઉ૦—દર્શન લબ્ધિ સંપન્ન પણ દર્શનનો ઉપયોગ કરનારા, એમ નહિ—કારણ કે સિદ્ધાંતનું આવું વચન છે, કે—

**सव्वाओ लद्धीओ सागारोवओगो व उत्तस्स उपज्जइ ॥**

બધીલબ્ધિઓ સાકાર ઉપયોગે ઉપયુક્તને હોય છે, તે પૂર્વપ્રતિપન્ન નિયમથી હોય છે, પ્રતિપદ્યમાનક તો વિવક્ષિત કાળે હોય અથવા ન પણ હોય, પણ અવધિદર્શનવાળા તો પૂર્વ પ્રતિપન્ન હોય, પણ પ્રતિપદ્યમાન ન હોય, કેવળદર્શનવાળા તો બંનેથી વિકલ છે.

## (૧૧) સંયતદ્વાર.

સંયત પૂર્વ પતિપન્ન હોય પણ પ્રતિપદ્યમાન ન હોય.

## (૧૨) ઉપયોગદ્વાર.

તે બે પ્રકારે ઉપયોગ છે, સાકાર અનાકાર, તેમાં સાકાર તો પૂર્વ પ્રતિપન્ન નિયમથી હોય છે, અને પ્રતિપદ્યમાન તો વિવક્ષિત કાળમાં હોય કે ન હોય.

અનાકાર ઉપયોગવાળા તો પૂર્વપ્રતિપન્ન હોય, પણ પ્રતિપદ્યમાન ન હોય.

## (૧૩) આહારકદ્વાર.

પૂર્વપ્રતિપન્ન આહારકો નિયમથી હોય છે, અને વિવક્ષિત કાળમાં પ્રતિપદ્યમાન હોય કે ન પણ હોય, અનાહારકો તો પૂર્વપ્રતિપન્ન વિગ્રહગતિમાં સંભવે છે, પણ પ્રતિપદ્યમાન ન હોય,

## (૧૪) ભાષકદ્વાર.

ભાષાલબ્ધિથી સંપન્ન તે ભાષકો છે, તે બોલતા હોય અથવા તે સમયે ન બોલતા હોય, તેઓ પૂર્વપ્રતિપન્ન નિયમથી હોય છે, પણ પ્રતિપદ્યમાન તો વિવક્ષિત કાળમાં હોય કે ન પણ હોય, પણ તેવી લબ્ધિથી શૂન્ય હોય તે બંને પ્રકારે ન હોય.

## (૧૫) પરીત્ત (પ્રત્યેક) દ્વાર.

પ્રત્યેક શરીરવાળા પૂર્વપ્રતિપન્ન નિયમથી હોય છે, અને પ્રતિપદ્યમાન તો વિવક્ષિત કાળમાં હોય કે ન પણ હોય. અને પ્રત્યેક નહિ, એવા સાધારણ (અનંતકાય) જીવો બંનેથી રહિત છે.

## (૧૬) પર્યાપ્તકદ્વાર.

આહારાદિ છ એ પર્યાપ્તિથી જેઓ પર્યાપ્તા છે તેજ પર્યાપ્તક છે, તે પૂર્વ પ્રતિપન્ન નિયમથી છે, પણ વિવક્ષિત કાળમાં પ્રતિપદ્યમાન હોય, કે ન પણ હોય, અને અપર્યાપ્તક તો છપર્યાપ્તિની અપેક્ષાએ પૂર્વપ્રતિપન્ન સંભવે, પણ બીજા પ્રતિપદ્યમાન સંભવતા નથી.

## (૧૭) સૂક્ષ્મદ્વાર.

સૂક્ષ્મ બંને પ્રકારે સંભવતા નથી, પણ બાદર તો પૂર્વ પ્રતિપન્ન નિયમથી હોય છે, પણ બીજા પ્રતિપદ્યમાન તો વિવક્ષિત કાળમાં ભજના (હોય કે ન હોય તે) જાણવી.

## (૧૮) સંજ્ઞીદ્વાર.

તેમાં અહીં દીર્ઘકાલિકી ઉપદેશવડે સંજ્ઞિઓ લેવા, તેઓ બાદર માફક જાણવા. અસંજ્ઞિઓ પૂર્વ પ્રતિપન્ન સંભવે. પણ બીજા નહિ.

## (૧૯) ભવદ્વાર.

ભવ ( ભવ્ય ) આશ્રી સંજ્ઞીમાફક જાણવા, અભવ્ય તો બંને પ્રકારે ન હોય.

## (૨૦) ચરમદ્વાર.

જેને છેલ્લો ભવ થશે તે જીવ આશ્રી અભેદ ઉપચારે વિચારતાં તે ચરમ છે, આવા જીવો પૂર્વ પ્રતિપન્ન નિયમથી હોય છે, પણ બીજાની ભજના જાણવી. અચરમ તો બંનેથી વિકલ છે ( કારણ કે તે અભવ્ય છે.)

ઉપર ૧૫ મી ગાથામાં કહેલું કે આભિનિબોધિક જ્ઞાન આ સ્થાન ( દ્વારો ) માં વિચારવું તે વિચાર્યું, તેમ સત્પદ રૂપ પ્રરૂપણા પણ કરી છે, ( કે આ પ્રમાણે આટલા જીવ સંભવે અને અમુક સ્થાનમાં ન સંભવે )

હવે આભિનિબોધિક જીવ દ્રવ્યોનું પ્રમાણ ચિંતવે છે,

તેમાં પ્રતિપત્તિ ( સ્વીકાર ) ને આશ્રયી વિવક્ષિત કાળમાં કદાચિત્ હોય અને કોઈ વખત ન પણ હોય, જો હોય તો જઘન્યથી એક બે કે ત્રણ હોય, ઉત્કૃષ્ટથી તો ક્ષેત્રપલ્યોપમની જે ગણતરી છે, તેના અસંખ્યેય ભાગના ક્ષેત્ર પ્રદેશની રાશિ સમાન ( તે પણ અસંખ્યેય ) જાણવા, પૂર્વ પ્રતિપન્ન તો જઘન્યથી ક્ષેત્ર પલ્યોપમના અસંખ્યેય ભાગના પ્રદેશની રાશિ પ્રમાણે હોયજ, અને ઉત્કૃષ્ટથી તો પૂર્વ પ્રતિપન્નની સંખ્યાથી કાંઈક વિશેષ અધિક જાણવા.

જીવદ્રવ્યનું પ્રમાણ કહીને હવે ક્ષેત્ર પ્રમાણ કહે છે. તેમાં જુદા જુદા જીવોને આશ્રયી તથા એક જીવને આશ્રયી ક્ષેત્ર કહે છે, તેમાં બધા મતિજ્ઞાનીઓ લોકના અસંખ્યેય ભાગમાં વર્ત્તે છે, અને એક જીવ તો 'ઇલિકા ગતિ' એ ઉંચે જતાં અનુત્તર વિમાનમાં દેવ થઇને જતાં તે વિમાન સુધી સાત રજ્જુ પ્રમાણ છે, તે સાતના ૧૪ મે ભાગે ($\frac{૭}{૧૪}$) વર્ત્તે છે, અથવા ત્યાંથી કોઈ મનુષ્યપણે આવતાં પણ તેજ પ્રમાણે હોય. ( ટીપણમાં લખ્યું છે કે અનુત્તર વિમાનના છેડાથી ૧૨ જોજન દૂર લોકાંત છે, તે ગણતરીમાં અલ્પ હોવાથી નથી લીધું એમ જાણવું ) તથા નીચે છઠ્ઠી નારકીમાં જતાં આવતાં ૫ નો સાતમો ભાગ લેવો, ( આ અધોલોકના સાત ભાગ આશ્રયી લેવું, અને પૂર્વે તો લોકના ૧૪ રજ્જુ પ્રમાણના ભાગ લીધા અને આ અધોલોકના ભાગ આશ્રયી લીધું ) કારણ કે ત્યાંથી નીચે મતિજ્ઞાની આશ્રી અધોલોક નથી,

કારણ કે ત્યાંથી નીચે સમ્યગ્દૃષ્ટિ સાતમી નારકીમાં જીવ જતો નથી,

પ્ર૦—નીચે સાતમી નારકીમાં પણ સમ્યગ્દર્શનનો લાભ પ્રતિપાદન કર્યો (બતાવ્યો) છે, માટે આવતા જીવને આશ્રયી પાંચ સાતીયા ૫/૭ થી અધિક ક્ષેત્રનો સંભવ થાય છે.

ઉ૦—એ તમારૂં કહેવું અયુક્ત છે, કારણ કે સાતમી નારકીમાંથી સમ્યગ્ દર્શનીના આગમનનો અભાવ છે.

પ્ર૦-શા માટે ?

ઉ૦—ત્યાંથી નીકળેલા તીર્યંચ ગતિમાંજ આવે છે. એવું બતાવ્યું છે અને દેવ તથા નારકીના સમ્યગ્ દૃષ્ટિઓ મનુષ્યોમાંજ આવે છે, માટે એટલેથી બસ છે.

હવે ચાલુ વાત કહીએ છીએ.

## સ્પર્શના દ્વાર.

પૂર્વે બતાવ્યું છે, કે અવગાહ તે ક્ષેત્ર છે, અને સ્પર્શના તો તેથી અધિક જાણવી, જેમકે—એક પરમાણુની, એક ક્ષેત્ર પ્રદેશની અવગાહના છે, અને સ્પર્શના ( ચાર દિશા—પૂર્વ પશ્ચિમ ઉત્તર દક્ષિણ તથા ઉર્ધ્વ અધો મળી છ તથા જ્યાં રહ્યો તે એક એમ ) સાત ૭ પ્રદેશની છે.

## કાળદ્વાર.

તેમાં ઉપયોગને અંગીકારે એક જીવનો તથા અનેક મતિ જ્ઞાની જીવોના ઉપયોગનો કાળ અંતર્મુહૂર્ત્તજ છે,

તથા તેની લબ્ધિને આશ્રયી જઘન્યથી અંતર્મુહૂર્ત્ત અને ઉત્કૃષ્ટથી ૬૬ સાગરોપમથી થોડું વધારે બે વાર વિજયાદિવિમાન અથવા ત્રણવાર અચ્યુતમાં જાય તે આશ્રયી કાળ માન છે, વધારાનો કાળ તે નરભવનો છે. ત્યારપછી જો આ પ્રમાણે ભવ પ્રાપ્ત કરે અને વચમાં બીજી ગતિમાં ન જાય તો તે જીવને અવશ્ય મોક્ષ થાય, પણ જુદા જુદા જીવો આશ્રયી તો સર્વ કાળ મતિજ્ઞાની જીવો છે, પણ આભિનિબોધિક (મતિ) જ્ઞાનની લબ્ધિવાળા જીવોથી શૂન્ય લોક કોઇ પણ કાળે નથી.

## અંતરદ્વાર.

તેમાં એક જીવને આશ્રયી આભિનિબોધિકનો આંતરો જઘન્યથી અંતર્મુહૂર્ત્ત છે. તે આવી રીતે કે સમ્યક્ત્વ પામે, અને વમી જાય, પાછું જ્ઞાન આવરણ કર્મ અંતર્મુહૂર્ત્તમાં ખસી જતાં પાછું તુર્તજ મતિજ્ઞાન પામે છે, અને ઉત્કૃષ્ટથી તો ઘણી આશાતના કરીને અપાર્ધ પુદ્ગળ પરાવર્ત્તન કાળ રખડીને પામે છે, કહ્યું છે, કે—

**तित्थगर पवयण सुयं आयरिय गणहरं महिड्ढियं**
**आसादिंतो बहुसो, अणंत संसारिओ होइ॥ १॥**

તીર્થંકર પ્રવચન શ્રુત આચાર્ય ગણધર આમર્શ વિગેરે લબ્ધિવાળા સાધુઓની ઘણી આશાતના કરે તો જીવ અનંત સંસારી થાય, જુદા જુદા જીવોને આશ્રયી આંતરાનો અભાવજ છે. ભાગદ્વાર તે મતિજ્ઞાનીઓ બીજા જ્ઞાનીઓના અનંતમે ભાગે વર્ત્તે છે.

## ભાવદ્વાર.

મતિજ્ઞાનીઓ ક્ષાયોપશમિક ભાવમાં વર્ત્તે છે, કારણ કે મતિ વિગેરે ચાર જ્ઞાન ક્ષાયોપશમિક ભાવમાં છે.

## અલ્પબહુત્વ.

તેમાં આભિનિબોધિક જ્ઞાનીઓમાં પ્રતિપદ્યમાનક તથા પૂર્વપ્રતિપન્નની અપેક્ષાએ આ અલ્પ બહુત્વનો વિભાગ છે. ( આ બતાવવાનું કારણ ભાગદ્વારથી જુદું છે એમ સૂચવ્યું ) તેમાં સદ્ભાવ હોય ત્યારે સર્વથી થોડા પ્રતિપદ્યમાનકો છે, પૂર્વ પ્રતિપન્નતો જઘન્યપદવાળા પણ તેમનાથી અસંખ્યાત ગુણા છે, ઉત્કૃષ્ટ પદવાળા તો તેમનાથી વિશેષ અધિક છે, ( ગાથાના અવયવોનો વિસ્તારથી અર્થ કહ્યો ) હવે ઉપર બતાવેલ મતિજ્ઞાનના ભેદની સંખ્યા બતાવે છે.

**आभिणिबोहिय नाणे, अट्ठावीसइ हवंति पयडीओ ॥**

આ અડધી ગાથાનો ટુંકાણમાં અર્થ કહે છે, મતિજ્ઞાનની ૨૮ પ્રકૃતિઓ છે, પૂર્વે બતાવ્યા પ્રમાણે મન આંખ સંબંધી છોડીને વ્યંજન અવગ્રહ ચાર પ્રકારનો છે, અને અર્થાવગ્રહ તો બધી ઇંદ્રિયોનો તથા મનનો સંભવ થવાથી છ પ્રકારનો છે, એ પ્રમાણે ઈહા અપાય ધારણાના દરેકના છ છ ભેદો જાણવા, એમ કુલ ૨૮ થયા.

પ્ર૦—આ અવગ્રહાદિનું ત્રીજી ગાથામાં વિવેચન કર્યું હતું, તે અહીં ફરી કેમ કહો છો ?

ઉ૦—ત્યાં સૂત્રમાં નહોતી કહી, તે અહીં સંખ્યા બતાવી, માટે અવિરોધ છે.

## મતિજ્ઞાનનું બીજી રીતે વર્ણન.

આ મતિજ્ઞાન ચાર પ્રકારનું છે. દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી અને ભાવથી, તેમાં દ્રવ્યથી સામાન્ય આ દેશથી મતિજ્ઞાની સર્વ દ્રવ્યો ધર્માસ્તિકાય વિગેરેને જાણે છે, પણ વિશેષ આદેશથી ન જાણે ( કારણકે કેવળજ્ઞાનીજ સંપૂર્ણ જાણે છે. )

દ્રવ્યથી કહીને ક્ષેત્રથી વર્ણન હવે કહે છે--

ક્ષેત્રથી લોકાલોકનું થોડું સ્વરૂપ જાણે છે, ( ધર્માસ્તિકાય વિગેરે દ્રવ્યોનો આધાર લોક છે, અને અલોક બીજી રીતે છે. )

કાળથી--ત્રણે કાળનું સ્વરૂપ જાણે છે, ભાવથી ઔદયિક વિગેરે પાંચે ભાવોને જાણે છે; ( આમાં પણ સંપૂર્ણ ન જાણે, એમ સમજવું, ) તે બધા ભાવોનો અનંતમો ભાગ મતિજ્ઞાની જાણે.

મતિજ્ઞાન કહીને અવસરે આવેલું શ્રુતજ્ઞાન કહે છે.

## શ્રુતજ્ઞાન,

**सुयणाणे पयडीओ वित्थर ओ आवि वोच्छामि ॥ १६ ॥**

પ્રથમ શ્રુતજ્ઞાનનું થોડું વર્ણન કર્યું, અને હવે તેની પ્રકૃતિઓ (ભેદો) ને વિસ્તારથી કહીશું, તથા અવધિજ્ઞાનને સંક્ષેપથી કહીશું, પ્રથમ તે શ્રુતજ્ઞાનના ભેદો બતાવે છે.

**पत्तेय मक्खराइं अक्खर संयोग जत्तिआ लोए**
**पयइआ पयडीओ सुयनाणे हुंति णायव्वा ॥ १७ ॥**

એકેક પ્રતિ તે પ્રત્યેક, અકાર વિગેરે અક્ષરો છે તે, જેમકે અકાર અનુનાસિકવાળો અને તે સિવાયનો નિરનુનાસિક છે, એ સિવાય હ્રસ્વ, દીર્ઘ, પ્લુત એવા ભેદ છે, તથા ઉદાત્ત, અનુદાત્ત, સ્વરિત આ પ્રમાણે અકારના ૧૮ ભેદ છે, તે પ્રમાણે ઈકાર વિગેરેમાં ભેદો છે તે બતાવવા. ( લૃ નો દીર્ઘ નથી, સંધિ અક્ષર એ ઐ ઓ ઔ માં હ્રસ્વ નથી ) તે પ્રમાણે અક્ષરોના સંયોગો તે બે ત્રણ મળીને સંયોગ થાય તે ઘટ પટ વિગેરે છે, તથા જોડાક્ષરો વ્યાઘ્ર ( વાઘ ) હસ્તી ( હાથી ) છે, ( આમાં સંયોગ શબ્દ ઘટ પટમાં વચ્ચે સ્વર છે, અને વ્યાઘ્ર હસ્તીમાં વચ્ચે સ્વર ન હોવાથી વ્યંજનો જોડાઈ ગયા છે ) આ સંયોગો અનંતા છે, અને તે દરેક સંયોગ (૪૭૮ નિ. ગાથામાં બતાવ્યા પ્રમાણે કેવળ જ્ઞાનીની અપેક્ષાએ ) સ્વપર પર્યાયની અપેક્ષાએ અનંત પર્યાયવાળો છે,

પ્ર૦—અકારાદિ તથા ક આદિ વ્યંજન મળી સંખ્યાતા અક્ષરોના અનંતા સંયોગો કેવી રીતે થાય.

ઉ૦—અભિધેય ( કહેવા યોગ્ય ) પુદ્ગલાસ્તિકાય વિગેરે પદાર્થો અનંતા છે, તેથી તથા તે દરેક પદાર્થના કાંઈક ભિન્નપણાથી ભેદો છે, અને તે પદાર્થોનાં નામ ( અભિધાન ) અનંતા હોવાનાં સિદ્ધ થવાથી અનંત સંયોગસિદ્ધિ છે.

હવે અભિધેયનું અનંતપણું બતાવે છે, જેમકે એક

પરમાણુ, બે પ્રદેશવાળો, તથા અનંતા પ્રદેશવાળો સ્કંધ વિગેરે ભેદો છે, અથવા એકત્ર પણ અનેક અભિધાનની પ્રવૃત્તિના અભિધેય ધર્મ ભેદો છે, જેમકે પરમાણુ નિરંશ ( અંશ ભાગ વિનાનો ) છે, નિષ્પ્રદેશ ( પ્રદેશ વિનાનો ) છે, નિર્ભેદ ( ભેદ વિનાનો ) છે, નિરવયવ ( અવયવ વિનાનો ) વિગેરે છે, અને આ બધા સર્વથા એક અભિધેયના વાચક ધ્વનિઓ નથી, કારણ કે બધા શબ્દોની કાંઈ અંશે ભિન્ન પ્રવૃત્તિનું નિમિત્તપણું છે; આ પ્રમાણે બધા દ્રવ્ય પર્યાયોમાં યોજવું, તથા સૂત્રમાં પણ કહ્યું છે, "અનંતા ગમો અનંતા-પર્યાયો" છે, આજ અર્થને એ અક્ષરોમાં આરોપણ કરીને કહે છે, કે આટલા પરિમાણવાળા પ્રવૃત્તિના નિમિત્તપણાથી સર્વે ભેદો શ્રુતજ્ઞાનમાં થાય છે, ।। ૧૭ ।। હવે સામાન્યથી બતાવેલા અનંત શ્રુતજ્ઞાનની પ્રકૃતિ ( ભેદો ) ને યથાવત્ ( જેટલા હોય તે બધા ) બતાવવાને આત્માનું સામર્થ્ય ન હોવાથી થોડામાં બતાવે છે.

**कत्तो मे वण्णेउं, सत्ती सुयणाण सव्व पयडीओ ।**
**चउदस विह निक्खेवं, सुयनाणे आवि वोच्छामि ॥१८॥**

શ્રુતજ્ઞાનની બધી પ્રકૃતિઓ ( ભેદો ) બતાવવાને મારી શક્તિ ક્યાંથી હોય ?

પ્ર૦–શામ માટે ?

ઉ૦—અહીં જે શ્રુત ગ્રંથને અનુસારે જે મતિના વિશેષ ભેદો છે, તે પણ શ્રુતજ્ઞાન તરીકે વર્ણવ્યા છે, કહ્યું છે કે

( વિશેષ આવશ્યક ૧૪૩ ગાથામાં ) તે પણ મતિના વિશેષ ભેદો શ્રુતજ્ઞાનને અનુસારે છે, તે શ્રુતજ્ઞાનના ભેદોમાં જાણી લે. ( એવું ગુરૂ શિષ્યને કહે છે ) તે બધા ભેદોને ઉત્કૃષ્ટથી શ્રુતધર ( શ્રુતકેવળી ) પણ સર્વ અભિલાપ્ય ભેદોને પણ તેઓ અનંત હોવાથી ન કહી શકે, કારણ કે આયુષ્ય પરિમિત પ્રમાણનું હોય છે, અને બોલવું ક્રમે કરીને ( એક પછી એક શબ્દ ) બોલાય છે, માટે નિર્યુક્તિકાર કહે છે કે મારી બોલવામાં અશક્તિ છે, તેથી તેઓ ૧૪ પ્રકારનો નિક્ષેપો શ્રુતજ્ઞાન સંબંધી બતાવે છે, અને ચ શબ્દથી શ્રુત અજ્ઞાનનો વિષય પણ બતાવશે; તથા અપિ શબ્દથી તે બંનેના સંબંધી ભેદો પણ બતાવશે, શ્રુતજ્ઞાન તે સમ્યગ્દર્શન વાળાનું અને શ્રુતઅજ્ઞાન તે અસંજ્ઞિનું તથા મિથ્યાદૃષ્ટિનું તથા ઉભય ( મિશ્ર ) શ્રુત તે દર્શન ( મંતવ્યો ) ના વિશેષ અભિગ્રહથી છે તે, તથા અક્ષર અનક્ષર શ્રુત વિગેરે ભેદોને કહીશ ॥૧૮॥

હવે ઉપર કહેલ ૧૪ પ્રકારનો શ્રુતજ્ઞાનના નિક્ષેપાનું સ્વરૂપ ( ભેદો ) બતાવે છે.

**अक्खर सण्णी सम्मं, साईय खलु सपज्जवसिअं च;**
**गमियं अंग पविट्ठं, सत्तवि ए ए सपडिवक्खा ॥ नि १९ ॥**

આ અક્ષર શ્રુતદ્વાર એવી સૂચના કરેલ હોવાથી સર્વ દ્વારોમાં પણ શ્રુત શબ્દ જોડવો, તેમાં પ્રથમ અક્ષર બતાવે છે, ક્ષર તે ખરે, અને ન ખરે તે અક્ષર છે, અને જ્ઞાન એટલે ચેતના છે, તેનો પરમાર્થ આ છે, કે જે સમયે ઉપયોગ ન હોય તે

સમયે પણ આ પ્રચ્યવતો નથી, તેમ આ ભાવ અક્ષરનું કારણ પણ છે, તેથી અકારાદિ પણ અક્ષર કહેવાય છે, અથવા પોતે અર્થોને ખેરવે છે, પણ પોતે ક્ષય થતો નથી, માટે અક્ષર છે, તે સમાસ (સંક્ષેપ)થી ત્રણ પ્રકારે (૧) સંજ્ઞા અક્ષર, (૨) વ્યંજન અક્ષર લબ્ધિ અક્ષર છે, અક્ષરોનો આકાર વિગેરે તે સંજ્ઞા અક્ષર છે, જેમ ઘટિકાના આકારવાળો ઘ કાર છે, 'કુરૂંટિકા' ના આકાર ચ કાર છે અને તે બ્રાહ્મી વિગેરે લિપિઓના વિધાન આશ્રયી અનેક પ્રકારે છે, ( જેનાવડે પોતાના વિચારો લખાય તે લિપિ અને તે લખવામાં વપરાતા અક્ષરો તે સંજ્ઞા અક્ષર છે ) અને દીવાવડે અંધારામાં ઘડો દેખાય તેમ જેનાવડે મનનો અભિપ્રાય કે પદાર્થ બીજાને બતાવાય તે વ્યંજન અક્ષર છે. તે બધા બોલાતા અકારથી હકાર સુધી છે, કારણ કે તે બોલાતા શબ્દના અર્થના પ્રકટ કરનારા છે.

તથા જે અક્ષરનો ઉપલંભ ( બોધ ) થાય, તે લબ્ધિ અક્ષર છે, અને તે શ્રુતજ્ઞાન, ઈંદ્રિય અને મન સંબંધી શ્રુત ગ્રંથને અનુસારે થાય તે, અથવા તેનું આવરણ ક્ષય ઉપશમ થાય તે છે, અહિં સંજ્ઞા અક્ષર, વ્યંજન અક્ષર દ્રવ્ય અક્ષરો છે, તે શ્રુતજ્ઞાન નામના ભાવ અક્ષરનું કારણ હોવાથી બતાવ્યા છે, પણ ભાવ અક્ષર તો લબ્ધિ અક્ષર છે, કારણ કે તે વિજ્ઞાન સ્વરૂપ છે, અહિં અક્ષર આત્મકશ્રુત તે અક્ષરશ્રુત છે.

તે દ્રવ્ય અક્ષર આશ્રયી છે, અથવા અક્ષર તેજ શ્રુત તે

અક્ષર શ્રુત છે, તે ભાવ અક્ષરને આશ્રયી છે, અક્ષર શ્રુત કહ્યું, હવે અનક્ષરશ્રુત કહે છે—

**ऊससिअं नीससिअं, निच्छूढं खासिअं च छीअं च**
**णीसिंघिय मणुसारं, अणक्खरं छेलियाईअं ॥नि २०॥**

ઉંચે શ્વાસ લેવો, નિચે શ્વાસ લેવો, થુંકવું, ખાંસી ખાવી, છીંકવું, નાક નસકવું, ( ચ શબ્દ બધાને જોડે છે, અને તે એમ સૂચવે છે કે ) એ બધાં અનક્ષર શ્રુત છે, એમ અમે કહીશું, અનુસ્વાર માફક અનુસ્વાર છે, એટલે તે અક્ષર નથી; છતાં તેનો ઉચ્ચાર થાય છે. જેમ હુંકારો કરીએ તેમ તે પણ બોલાય છે, તેમ શ્વાસ લેવો તે નાક નસકવાસુધી તે અનક્ષર શ્રુત છે, પણ તે દ્રવ્યશ્રુત માત્ર છે, ફક્ત તેનો અવાજ થાય છે તેથી છે, અથવા શ્રુતનું જેને વિજ્ઞાન છે, તેવો શ્રુતજ્ઞાનવાળો કોઇ પણ જીવનો બધોજ વ્યાપાર છે, તે તેના ભાવવડે પરિણત થવાથી શ્રુતજ્ઞાન છે,

પ્ર૦—જો તેમ છે, તો તેવા ઉપયોગ રાખનારની ચેષ્ટા પણ શામાટે શ્રુત કહેતા નથી, કે શ્વાસ લેવો વિગેરેજ કહો છો ?

ઉ૦—શ્રવણની રૂઢીથી, અથવા કાને સાંભળીએ તે શ્રુત આવી મળતા અર્થવાળી સંજ્ઞાને આશ્રયી શ્વાસ લેવો વિગેરે અનક્ષર શ્રુત કહ્યું, પણ ચેષ્ટામાં તેમ અવાજ ન સાંભળવાથી અનક્ષર શ્રુતમાં ન લીધી, અનુસ્વાર વિગેરેમાં અર્થ સમજાતો હોવાથીજ તે લીધા છે, ( ટીપણમાં લખ્યું છે કે હાથપગની

ક્રિયા પણ તેવું સૂચવે છે માટે ક્રિયા આશ્રયી તે પણ શ્રૂત જ્ઞાનમાં લેવા )

( અહીં સાર એ છે, કે શ્રુતજ્ઞાનવાળો જે ક્રિયા કરે, તેનો અવાજ તેને અથવા બીજાને સંભળાય, તે પ્રકટ અક્ષર રૂપ ન હોવાથી પણ બોધનું કારણ હોવાથી તેને અનક્ષર શ્રુત કહ્યું.

## હવે સંજ્ઞીશ્રુત કહે છે.

સંજ્ઞાન તે સંજ્ઞા છે, તે જેને હોય તે સંજ્ઞી કહે છે, તે ત્રણ પ્રકારની સંજ્ઞાઓ છે, દીર્ઘકાલિક હેતુવાદ દૃષ્ટિવાદના ઉપદેશથી તે નંદીસૂત્રમાં બતાવી છે, તે પ્રમાણે જાણવી. તે સંજ્ઞાવાળા સંજ્ઞીજીવનું શ્રુત તે સંજ્ઞીશ્રુત છે, અને તે અસંજ્ઞીનું શ્રુત તે અસંજ્ઞીશ્રુત છે.

## સમ્યક્ શ્રુત.

બારઅંગ તથા અંગવિનાનું આચારાંગ તથા આવશ્યક વિગેરે છે અને તે સિવાયનું લૌકિકમાં પુરાણ રામાયણ ભારત વિગેરે મિથ્યા શ્રુત છે, અથવા બધું શ્રુતજ્ઞાન સમ્યગ્ દર્શન વાળાનું સમ્યગ્ શ્રુત છે, અને અસમ્યક્ દર્શનવાળે યથા વસ્થિત ન સમજવાથી મિથ્યાશ્રુત છે.

## સાદિ સાંત અને અનાદિ અનંત.

તે નયના અનુસારે જાણવું, તેમાં દ્રવ્યાસ્તિક નયને મતે અનાદિ અપર્યવસિત (અનાદિ અનંત)છે, કારણ કે તે અસ્તિ-

કાય માફક નિત્ય છે. પર્યાયાસ્તિક નયને આશ્રયી સાદીસાંત છે, કારણ કે તે નારક વિગેરેના પર્યાયો માફક અનિત્ય છે, અથવા દ્રવ્યાદિ ચતુષ્ટયથી સાદિ અનાદિ વિગેરે જેમ નંદી સૂત્રમાં બતાવ્યું છે, તેમ જાણવું ખુલ્લું શબ્દ નિશ્ચય બતાવે છે, કે આ સાતજ પ્રતિપક્ષવાળા છે, પણ પક્ષાંતર નથી; કારણકે તે સાતથી વિરૂદ્ધ સાત મળી કુલ ચૌદ ભેદ થાય છે.

## ગમિક શ્રુત.

ગમ ( સહેજ ફેરફારથી તેવો પાઠ વારંવાર આવે તે) પ્રાયે જેને હોય ને ગમિક શ્રુત છે, તે દૃષ્ટિવાદ (બારમાઅંગ) માં છે. અને તેવા ગમ વિનાનું ગાથા વિગેરે અ સમાન રચનાવાળો ગ્રંથ અગમિક શ્રુત છે, અને તે પ્રાયે કાલિક શ્રુત છે, તથા અંગ પ્રવિષ્ટ તેમાં ગણધર કૃત આચારાંગ વિગેરે છે, અને અનંગ પ્રવિષ્ટતો સ્થવિરોએ કરેલ આવશ્યક વિગેરે છે. એમ સાત ભેદ બતાવ્યા અને સાત તેના પતિપક્ષી સાથે લેતાં કુલ ૧૪ ભેદ થયા.

અને સત્પદ પ્રરૂપણા વિગેરે બાકીનું બધું મતિજ્ઞાન માફક યોજવું, શ્રુતજ્ઞાન અર્થથી બતાવ્યું, હવે તે વિષય દ્વાર વડે બતાવે છે. તે દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી, ભાવથી એમ ચાર પ્રકારે છે.

તેમાં શ્રુતજ્ઞાની દ્રવ્યથી બધા દ્રવ્યોને જાણે છે, પણ દેખતો નથી, એ પ્રમાણે ક્ષેત્ર વિગેરેમાં પણ જાણી લેવું, પણ અશ્રુતજ્ઞાન સર્વ અતિશય રૂપ રત્નોના સમુદ્ર સમાન છે,

તથા તે પ્રાયે ગુરૂ પાસે મળવાનું હોવાથી પરાધીન છે, તેથી તેનાથી વિનેય (શિષ્ય) ને અનુગ્રહ થાય, માટે જેનો જે લાભ છે, તે બતાવે છે,

**आगम सत्थ ग्गहणं, जंबुद्धिगुणेहि अट्ठहिं दिट्ठं ।**
**बिंति सुयनाणलंभं, तं पुव्व विसारया धीरा ॥ २१ ॥**

'આ' ઉપસર્ગ મર્યાદાના અર્થમાં છે, તેથી જે આગમન, તે આગમ છે, અર્થાત્ અભિવિધિ અથવા મર્યાદાવડે જે ગમ પરિચ્છેદ (બોધ) થાય, તે આગમ છે; અને કેવળ મતિ, અવધિ, મનઃપર્યાય લક્ષણ વાળો પણ હોય, તે ખુલ્લું બતાવવા કહે છે, કે જેના વડે શીખ દેવાય તે શાસ્ત્ર છે અને તેજ શ્રુત છે, આગમ લેવાનું કારણ એ છે, કે ષષ્ટિતંત્ર વિગેરે અન્ય કુશાસ્ત્રથી જુદાં પાડવા માટે છે, તેને આગમ કહેતા નથી, કારણકે તે યોગ્ય રીતે પરિચ્છેદ કરતાં નથી (જીવાદિ તત્વનું સ્વરૂપ બરોબર સમજાવતાં નથી ) પણ તેઓ શાસ્ત્ર તરીકે લોકમાં પ્રસિદ્ધ છે, ( માટે આગમ તે જૈન શાસ્ત્રોની સંજ્ઞા છે ) અને તે આગમ તેજ શાસ્ત્ર માટે આગમ શાસ્ત્ર છે, તેનું ગ્રહણ ( લેવું ) છે; તથા બુદ્ધિના હવે પછી બતાવાતા આઠ ગુણો વડે શ્રુતજ્ઞાનનો લાભ દેખ્યો છે, તે ગ્રહણ કરવાનું બતાવે છે.

પ્ર૦ કોણ બતાવે છે ?

ઉ૦ પૂર્વોમાં વિશારદ ( પંડિતો ) તે પૂર્વ 'વિશારદ અને વ્રત પાળવામાં સ્થિર એવા ધીર પુરૂષો બતાવે છે;

# બુદ્ધિના આઠ ગુણોનું વર્ણન.

**सुस्सूसइ पडि पुच्छइ, सुणेइ गिण्हइ य ईहए वावि;**
**तत्तो अपोहए या, धारेइ करेइ वा सम्मं ॥ नि २२॥**

શિષ્ય વિનયવાળો થઇને ગુરૂ મુખથી સાંભળવાની ઇચ્છા કરે, ઉપાસના કરે, તથા શરમ મુકીને જ્યાં ન સમજાય ત્યાં પૂછે, અને શંકા પડે તો ફરી ફરીને પણ પૂછે, અને શંકા રહિત કરે, પાછું બીજું કહેલું સાંભળે, અને તે ગ્રહણ કરે, પછી ઇહે એટલે પર્યાલોચન કરે, કે આ એમજ છે કે બીજી રીતે ?

ચ શબ્દ સમુચ્ચય માટે છે. અપિ શબ્દથી એમ જાણવું કે તે વિચારીને પોતાની બુદ્ધિથી પણ કંઇક ઉત્પ્રેક્ષા કરે, ત્યારપછી અપોહન કરે, કે આ પ્રમાણે આચાર્ય મહારાજે કહેલું છે, પછી તે પ્રમાણે અર્થને ધારી રાખે, અને તે પ્રમાણે તેમાં બતાવેલ અનુષ્ઠાન સમ્યક્ રીતે કરે, કારણકે તેમાં બતાવેલ અનુષ્ઠાનો પણ શ્રુત મળવાનો હેતુજ થાય છે, કારણકે તે અનુષ્ઠાનો જ્ઞાન આવરણ કર્મનો ક્ષય ઉપશમ કરે છે, અથવા ગુરૂ મહારાજ જે જે આજ્ઞા કરે, તે તે પોતાના ઉપર મહાન્ અનુગ્રહ કરે છે, એમ માનીને સાંભળવાની ઇચ્છા કરે, પછી ગુરૂએ કરેલ આજ્ઞા પ્રમાણે બધાં કાર્યો કરીને ફરીથી પૂછે કે બીજું કામ બતાવો, ત્યારપછી તે બતાવે તે પ્રમાણે બરોબર સાંભળે, અને તે પ્રમાણે વર્તે, તે

ઉપર બતાવેલ છે, ( બુદ્ધિના આઠ ગુણ ટુંકાણમાં આ છે, ૧ ગુરૂનો વિનય, ૨ પૂછવું, ૩ સાંભળવું, ૪ ગ્રહણ કરવુ, ૫ તર્ક કરવો, ૬ નિશ્ચય કરવો, ૭ ધારણ કરવું, ૮ તે પ્રમાણે વર્ત્તવું )

## હવે શ્રવણવિધિ બતાવે છે.

**मूअं हुकारंवा, बाढकार पडिपुच्छ बीमंसा।**
**तत्तो पसंग पारायणं च, परिणिट्ठ सत्तमए, नि० २३ ॥**

૧ સાંભળનારે પ્રથમ મુંગા થઇને સાંભળવું, સાંભળ્યા પછી ૨ હુંકારો દે, ( વંદન કરે ), ૩ બાઢકાર તે આપે ઠીક કહ્યું પણ તે બીજી રીતે નથી, એમ કહે, સાંભળીને ગ્રહણ કરી, ૪ પ્રશ્ન કરે કે આ કેવી રીતે છે? પછી ૫ મીમાંસા કરે તેના પ્રમાણની જિજ્ઞાસા કરે ૬ સાંભળેલું મનમાં બધી રીતે વિચારી લે, ૭ પછી નક્કી થયેલું ધારી રાખે, એટલે મુંગાપણાથી તે શ્રવણ પરિણિષ્ટા સુધી ગુરૂ પછવાડે શુદ્ધ ઉચ્ચારણ વિગેરે કરી સાતમે શ્રવણ સમાપ્તિ થાય, ( કહેનાર ગુરૂનું વચન નિષ્ફળ ન કરે ) આ સાંભળવાની વિધિ કહીને હવે ગુરૂની વ્યાખ્યાન વિધિ કહે છે.

**सुत्तत्थो खलु पढमो, बीओ निज्जुत्ति मीसओ भणिओ;**
**तइओ य निरवसेसो, एस विही भणिअ अणुओगे ॥ नि.२४॥**

સૂત્રનો અર્થજ ફક્ત જે અનુયોગ ( વ્યાખ્યાન ) માં કહેવાય, તે સૂત્રાર્થ છે, અથવા સૂત્રાર્થ માત્ર બતાવનાર મુખ્ય અનુયોગ હોય તે સૂત્રાર્થ છે, ખલુ શબ્દ 'જ' ના અર્થમાં છે,

તેનો પરમાર્થ આ છે, કે ગુરૂએ પ્રથમ સૂત્રનો અર્થ માત્રના નામવાળો અનુયોગ કહેવો, કારણકે નવા શીખનારા શિષ્યોની મતિ તેમાં મુંઝાઇને કંટાળો ન ખાય, ત્યાર પછી સૂત્ર સ્પર્શિક નિર્યુક્તિ સહિત બીજો અનુયોગ ગુરૂએ કહેવો, આવું જિનેશ્વર તથા ચૌદપૂર્વીઓ કહે છે, અને ત્રીજી વખતે સંપૂર્ણ એટલે પ્રસક્ત અનુપ્રસક્ત પણ જયાં જેવું લાગુ પડે તેવું બધું કહી બતાવે, એવા ત્રણે પ્રકારનો અનુયોગ ગુરૂએ કહેવો તેવું જિનેશ્વર વિગેરે કહે છે.

પ્ર૦–કયાં ?

ઉ૦–સૂત્રના પોતાના અભિધેય ( નામ ) સાથે અનુકુળ યોગ તે અનુયોગ ( સૂત્રનું વ્યાખ્યાન ) છે, તે અનુયોગના વિષયમાં આ ત્રણ પ્રકાર ધ્યાનમાં રાખવાના છે.

ઉપર પ્રમાણે શ્રુતજ્ઞાનનું સ્વરૂપ કહ્યું, હવે કહેલ પ્રસ્તાવમાંનું અવધિજ્ઞાનનું વર્ણન કરે છે.

**संखाईआओ खलु, ओहीनाणस्स सव्व पयडीओ**
**काओ भव पच्चइया, खओव समिआओ काओऽवि ॥ नि. २५॥**

ગણાય તે સંખ્યા, તે સંખ્યાથી અતીત તે અસંખ્યેય છે, તે સંખ્યાતીતમાં અનંતપણ થાય છે, તેથી તે અનંતપણ છે, ખલુ શબ્દ વિશેષણ છે, તે એમ બતાવે છે, કે ક્ષેત્રકાળ નામના પ્રમેયની અપેક્ષાએજ સંખ્યાતીત છે, દ્રવ્યભાવ જ્ઞેયને આશ્રયી અનંતા પણ છે, તે અસંખ્યેય અને અનંત ભેદો પૂર્વે બતાવેલ શબ્દાર્થવાળાં અવધિજ્ઞાનના છે, ( ભેદ

અંશપર્યાય એક અર્થમાં વપરાય છે, અહીં પ્રકૃતિઓનો પણ તેજ અર્થ છે ) તેનો પરમાર્થ આ છે, કે—

અવધિજ્ઞાની લોકક્ષેત્રના અસંખ્યેય ભાગથી આરંભીને પ્રદેશની વૃદ્ધિએ અસંખ્યેય લોક પરિમાણનું ક્ષેત્ર આલંબન પણે ઉત્કૃષ્ટથી દેખે. ( આટલું ક્ષેત્ર લોકમાં ન હોવાથી ફકત માપ બતાવ્યું છે, તથા ક્ષેત્ર પ્રદેશમાં રહેલ પુદ્ગળના સ્કંધો તથા સચિત્ત પદાર્થો તે જીવોને જાણે દેખે એમ સમજવું ) અને કાળથી તો આવલિકાના અસંખ્યેય ભાગથી માંડીને સમય વૃદ્ધિએ અસંખ્યેય ઉત્સર્પિણી અવસર્પિણી પ્રમાણ કહ્યો છે, જ્ઞેયભેદથી જ્ઞાનભેદ છે, માટે સંખ્યાતીત અસંખ્યાત પ્રકૃતિઓ ( ભેદો ) કહી છે, તથા તૈજસ વાક્દ્રવ્યમાં અપાંતરાળ વર્ત્તી વર્ગણાઓ અનંતપ્રદેશવાળા દ્રવ્યથી લઈને વિચિત્રવૃદ્ધિએ સર્વ મૂર્ત્ત દ્રવ્યો ઉત્કૃષ્ટથી જુએ, તે આશ્રયી અનંત ભેદવાળું વિષયનું પરિમાણ કહ્યું, તથા ઉત્કૃષ્ટથી પ્રતિવસ્તુગત અસંખ્યેય પર્યાયોનું વિષયમાન ( પરિમાણ ) છે, એથી પુદ્ગલાસ્તિકાયને તથા તેના પર્યાયોને અંગીકાર કરવાથી જ્ઞેયના ભેદવડે જ્ઞાનના ભેદ થવાથી અનંત ભેદો છે; આ પ્રકૃતિઓવાળું અવધિજ્ઞાન છે, તેમાં કેટલીક પ્રકૃતિઓ જે ભવમાં પ્રાણી વર્ત્તે તે ભવ આશ્રયી ભવ પ્રત્યયી હોય છે, તે નારક દેવ વિગેરે લક્ષણવાળો ભવ છે, તેજ કારણ (પ્રત્યય) જેમાં છે, તે જેમ પક્ષીઓ આકાશમાં ઉડે તે તેને ભવ આશ્રયી ઉડવાનું છે, તેમ દેવ નારકીને ભવઆશ્રયી અવધિ-

જ્ઞાન હોય છે, તથા ગુણ પ્રત્યયી ક્ષયોપશમથી નિર્વૃત્ત થએલ તે ક્ષાયોપશમિક કેટલીક છે, તે તિર્યંચ તથા મનુષ્યોને છે.

પ્ર૦—ક્ષાયોપશમિક ભાવમાં અવધિજ્ઞાન લીધું છે, અને નારકાદિ ભવ તો ઔદયિક છે, તો તે પ્રકૃતિઓમાં તે ભાવ કેવી રીતે ઘટે ?

ઉ૦—તે પણ ક્ષયોપશમ નિબંધનવાળીજ છે, કિંતુ આ તેજ ક્ષયોપશમ છે, કે તે નારક દેવ ભવેજ ઉદયમાં આવે, માટે તે ( કારણમાં કાર્યનો ઉપચાર કરીને ) ભવ પ્રત્યય વાળી કહેવાય છે, ॥ ૨૫ ॥

હવે સામાન્ય રૂપે પૂર્વે બતાવેલ અવધિજ્ઞાનની પ્રકૃતિઓ ભાષાક્રમથી બોલાય, આયુ અલ્પ છે, માટે બધા ભેદો બતાવતાં પોતાનું સામર્થ્ય નથી તે સૂત્ર ( નિર્યુક્તિ ) કાર બતાવે છે.

**कत्तोमे वण्णेउं, सत्ती ओहिस्स सव्व पयडीओ**
**चउदस विह निक्खेवं, इड्ढीपत्ते य वोच्छामि ॥ २६ ॥**

અવધિજ્ઞાનના બધા ભેદો બંતાવવાની શક્તિ આયુ ટુંકું અને ક્રમે બોલવાનું હોવાથી કયાંથી હોય ? માટે શિષ્યોના અનુગ્રહ માટે અવધિજ્ઞાનને ૧૪ પ્રકારે બતાવીશ, આ અવધિજ્ઞાન આમર્ષ ઔષધિ લક્ષણવાળું એટલે તે ભેદોમાં આ ઋદ્ધિઓ સમાયેલી છે; તેને હું કહીશ; ( અહીં ગાથા ભંગના ભયથી વ્યત્યય કરેલો છે, નહીં તો ઋદ્ધિ પ્રાપ્તને બદલે ગાથામાં પ્રાપ્ત ઋદ્ધિ લખવું જોઈએ, કારણ કે એવો નિયમ છે કે ભૂતકૃદંત બહુવ્રીહિ સમાસમાં પ્રથમ આવે)

હવે ઉપર બતાવેલા ૧૪ ભેદોને કહેવા બે ગાથાઓ કહે છે.

**ओही खित्त परिमाणे, संठाणे आणुगामिए।**
**अवट्ठिए चले तिव्व,मन्द पडिवा उप्पयाइअ ॥ नि. २७॥**
**नाण दंसण विब्भंगे देसे खित्ते गई इअ।**
**इड्ढीपत्ताणु ओगेय, एमेआ पडिवत्तिओ ॥ नि. २८॥**

અવધિથી લઈને ગતિ પર્યંત ૧૪ દ્વારો છે, અને ઋદ્ધિ શબ્દ સાથે લેતાં ૧૫ થાય છે, બીજા આચાર્યો અવધિ એ પદને છોડીને આનુગામુક, ન આનુગામુક સહિત અર્થથી લઇને ૧૪ દ્વારો બતાવે છે, કારણ કે અવધિ પ્રકૃતિ નથી, પણ આ અવધિજ્ઞાનની પ્રકૃતિ ( ભેદો ) છે, તે બતાવે છે, જેથી પ્રકૃતિઓનોજ ૧૪ પ્રકારે નિક્ષેપ કહ્યો છે, આ પ્રમાણે બંને પક્ષમાં અવિરોધ છે, તેમાં પ્રથમ અવધિદ્વાર વર્ણવતાં અવધિ નામ વિગેરે ભેદોથી ભિન્ન છે, તેનું સ્વરૂપ કહેવું. અવધિ શબ્દની બેવાર આવૃત્તિ થશે. એમ કહ્યું, ક્ષેત્ર પરિ-માણમાં ક્ષેત્ર પરિમાણ આશ્રયી અવધિનો વિષય બતાવવો.

તેજ પ્રમાણે સંસ્થાન વિષય બતાવવો, અથવા અર્થમાં વિભક્તિનું પરિમાણ થાય, એ આશ્રયી દ્વિતીયાનો અર્થ લેતાં તે અવધિનું જઘન્ય મધ્યમ ઉત્કૃષ્ટ ભેદવાળું ક્ષેત્ર પ્રમાણ કહેવું, તેજ પ્રમાણે અવધિનું સંસ્થાન કહેવું.

## આનુગામુકદ્વાર.

અનુગમનના સ્વભાવવાળું તે આનુગામુક છે, તથા

તેનો વિપક્ષ તે સહિત એટલે અનાનુગામુક અવધિ પણ કહેવો, ( એકાર શબ્દને અંતે પ્રથમ વિભક્તિ બતાવે છે ) જેમકે कयरे आगच्छइ उतराध्ययन अ १२ गा ६ માં છે. )

## અવસ્થિતદ્વાર

અવસ્થિત અવધિ તે દ્રવ્ય વિગેરેમાં કેટલો કાળ પડયા વિના ઉપયોગમાં રહીને તથા લબ્ધિથી અવધિજ્ઞાન રહે છે, તેજ પ્રમાણે ચલ અવધિ તે અવસ્થિત ન રહે તે અવધિજ્ઞાન વધતું હોય અથવા ઘટતું પણ હોય.

## તીવ્ર મંદદ્વાર

તીવ્ર, મંદ તથા મધ્યમ અવધિજ્ઞાન બતાવવું, તેમાં તીવ્ર વિશુદ્ધ છે, મંદ અવિશુદ્ધ છે, તીવ્રમંદ ( મધ્યમ ) તે બંને ભેગાં છે,

## પ્રતિપાદ ઉત્પાદ દ્વાર

એક કાળે દ્રવ્ય વિગેરેની અપેક્ષાએ અવધિના પ્રતિપાત તથા ઉત્પાદ બતાવવા. ॥ ૨૭ ॥ હવે બીજી ગાથા કહે છે,

જ્ઞાન દર્શન તથા વિભંગ બતાવવું,

શું ( ૧ ) આ જ્ઞાન છે ? ( ૨ ) અથવા દર્શન છે; ( ૩ ) અથવા કયો વિભંગ છે ? અને આ જ્ઞાન ધરાવનાર જીવોની અપેક્ષાએ અલ્પબહુત્વ ચિંતવવું.

## દેશદ્વાર

કોઈ પદાર્થના આશ્રયી દેશ અથવા સર્વ સંબંધી અવધિજ્ઞાન થાય છે તે કહેવું,

## ક્ષેત્રદ્વાર

ક્ષેત્ર સંબંધી અવધિજ્ઞાન કહેવું તે સંબદ્ધ અસંબદ્ધ સંખ્યેય અસંખ્યેયના અપાંતરાળ ( વચમાં ) રહેલ લક્ષણના ક્ષેત્ર અવધિને કહેવો.

## ગતિ

અહીં ગાથામાં ઈતિ શબ્દ આદિના અર્થમાં છે, તેથી ગતિ વિગેરેમાં દ્વારજાળ અવધિજ્ઞાન સંબંધી કહેવો, ( દ્વારોનો સમૂહ કહેવો. )

તથા પ્રાપ્ત ઋદ્ધિ અને અનુયોગ કહેવો ( અનુયોગ તે મળતું વ્યાખ્યાન વિષય કહેવો ) આ રીતે હમણાં બતાવેલ પ્રત્તિપત્તિઓ ( પ્રતિપાદનો પરિચ્છિત્તિઓ ) અવધિના ભેદોજ પ્રતિપત્તિના હેતુ હોવાથી પ્રતિપત્તિઓ નામે ઓળખાવ્યા છે.

ઉપર બે ગાથામાં સમુદાય અર્થ કહીને દરેક દ્વારને જુદું કહે છે,

**नामंठवणा दविप, खित्ते काले भवेय भावेय;**
**एसो खलु निक्खेवो, ओहिस्सा होइ सत्तविहो ॥ नि ॥ २९ ॥**

અવધિનામ પ્રથમ બતાવ્યું, તે અવધિ સાથે નામ જોડતાં નામ નિક્ષેપામાં—

(૧) નામ અવધિ છે, તે કોઈનું નામ હોય, જેમકે મર્યાદાનું નામ અવધિ છે; તથા અવધિની સ્થાપના અક્ષ વિગેરેમાં સ્થાપીએ તે,

(૨) સ્થાપના અવધિ છે, અથવા અવધિનુંજ અવધિ નામ ( વચન પર્યાય ) પાડીયે તે પણ નામ અવધિ છે, અને સ્થાપનાવધિ તે તે દ્રવ્ય ક્ષેત્રના સ્વામીનો આકાર વિશેષ તે છે.

( ૩ ) દ્રવ્ય અવધિ તે દ્રવ્યમાં અવધિ તે દ્રવ્ય અવધિ છે, એટલે દ્રવ્યનુંજ આલંબન છે, અથવા પ્રથમા વિભક્તિના અર્થમાં લઈએ, તો દ્રવ્ય તેજ અવધિ એટલે ભાવ અવધિનું કારણ છે એમ ગણતાં તે દ્રવ્યાવધિ છે, અથવા જેને ઉત્પન્ન થવાનું હોય તેને ઉપકારક શરીર વિગેરે અવધિનું કારણ હોવાથી તે કારણ દ્રવ્ય અવધિ છે.

(૪) ક્ષેત્રાવધિ. ક્ષેત્રમાં અવધિ તે ક્ષેત્રાવધિ, અથવા જે ક્ષેત્રમાં અવધિ ઉત્પન્ન થાય છે, તે અવધિનું કારણ હોવાથી ક્ષેત્રાવધિ છે, અથવા જે ક્ષેત્રમાં અવધિનું વર્ણન થાય તે ક્ષેત્રાવધિ છે.

(૫) કાળ અવધિ તે કાળમાં અવધિ તે કાળાવધિ અથવા જે કાળમાં અવધિ ઉત્પન્ન થાય, તે કાળાવધિ, અથવા જે કાળમાં વર્ણન કરીએ તે કાળઅવધિ છે.

(૬) ભવ અવધિ—થવું તે ભવ છે, અને તે નારક વિગેરે લક્ષણવાળો છે, તે ભવ આશ્રયીજ થાય તે ભવ અવધિ છે.

( ૭ ) ભાવ ક્ષાયોપશમિકાદિ અથવા દ્રવ્ય પર્યાય છે, તેમાં અવધિ ઉત્પન્ન થાય તે ભવાવધિ છે, ( ગાથામાં જે ચકાર છે, તે સમુચ્ચયના અર્થમાં છે, આ બતાવેલો જ સાત પ્રકારને અવધિજ્ઞાનનો નિક્ષેપો છે, ॥ ૨૯ ॥

## હવે ક્ષેત્રપરિમાણ નામનું બીજું દ્વાર ખુલાસાથી કહે છે.

**जावइया ति समयाहारगस्स, सुहुमस्स पणगजीवस्स;**
**ओगाहणा जहण्णा; ओहीखित्तं जहण्णंतु ॥ नि० ३० ॥**

ક્ષેત્ર પરિમાણ તે જઘન્ય, મધ્યમ, ઉત્કૃષ્ટ ભેદથી ત્રણ પ્રકારનું છે, તે પ્રાયે આદિમાં જઘન્ય થાય છે, માટે તેજ પ્રથમ બતાવે છે, ત્રણ સમયમાં સૂક્ષ્મ નામ કર્મના ઉદયથી સૂક્ષ્મ પન્નક અનંતકાય વનસ્પતિનો જીવ ત્યાં ઉત્પન્ન થયા પછી આહાર કરીને જેટલી અવગાહનાની કાયા કરે, તેટલી અવગાહનાનું ક્ષેત્ર અવધિ જ્ઞાની જઘન્યથી દેખે, તેનો પ્રયોગ આ છે કે અવધિજ્ઞાની આટલુંજ ક્ષેત્ર જઘન્યથી જાણે.

આના સંબંધમાં સંપ્રદાયથી આવેલો અર્થ આ પ્રમાણે છે.

**योजन सहस्रमानो, मत्स्योमृत्वास्वकाय स्वदेशेयः ;**
**उत्पद्यते हि सूक्ष्मः, पन्नकत्वेनेह सग्राह्यः ॥ १ ॥**
**संहृत्यचाद्य समये, सह्यायामं करोति च प्रतरं;**
**संख्यातीताख्याङ्गुल, विभाग बाहुल्यमानं तु ॥ २ ॥**
**स्वकतनु पृथुत्व मात्रं, दीर्घत्वेनापि जीव सामर्थ्यात् ;**

**तमपि द्वितीय समये, संहृत्य करोत्यसौ सूचिम् ॥ ३ ॥**
**संख्यातीता ख्याङ्गुल, विभाग विष्कंभमान निर्दिष्टाम्;**
**निजतनु पृथुत्व दैर्घ्यां, तृतीय समये तु संहृत्य ॥ ४ ॥**
**उत्पद्यतेच पनकः स्वदेहदेशे ससूक्ष्म परिणामः ;**
**समयत्रयेण तस्यावगाहना, यावती भवति ॥ ५ ॥**

આ પાંચે ગાથાનો સંપૂર્ણ અર્થ ગુરૂગમથી જાણવો, થોડામાં અહીં કહીએ છીએ.

તેવાં કર્મના વશે ૧૦૦૦ હજાર યોજનનો મત્સ્ય મરીને જે પોતાની કાયાના એક ભાગમાં સૂક્ષ્મ પનક (અનંતકાય વનસ્પતિના સૂક્ષ્મ ) જીવપણે જે ઉત્પન્ન થાય, તે અહીં લેવો, તે પ્રથમ સમયમાં પ્રતર ( બારીક પતરૂં ) તે અંગુલના અસંખ્યાતમે ભાગે બાહુલ્યતામાં હોય; તે બીજે સમયે સંકોચીને દીર્ઘપણું હોય તેને તે જીવ પોતાના સામર્થ્યથી એક સૂઈના આકારે બનાવી દે, તે સૂઈને પણ સંકોચીને અંગુલના અસંખ્યાતમા ભાગે રહે તેવી ( ઝીણા ટપકા જેવી બારીક ) બનાવે, આ પ્રમાણે હજાર જોજનનો મત્સ્ય આવા સૂક્ષ્મપનક પણે પોતાની કાયામાં ઉત્પન્ન થાય, અને આ બતાવેલા ત્રીજા સમયમાં તેની જેટલી અવગાહના હોય તેટલું ક્ષેત્ર અવધિ જ્ઞાની જઘન્યથી જુએ.

પ્ર૦—આટલો મોટો મત્સ્ય શું કામ લેવો ? અથવા તેના દેહમાં ત્રીજા સમયમાં શા માટે ઉત્પાદ લીધો ? અથવા શા માટે ત્રણ સમયનું આહારકપણું લો છો ?

ઉ૦—તેજ મહામત્સ્ય આ છે, કે જે ત્રણ સમયોમાં પોતાના વિશેષ પ્રયત્નથી આત્માને સંકોચી સૂક્ષ્મ અવગાહના-વાળો કરે છે, પણ બીજો થતો નથી; અને પહેલો તથા બીજો સમય અતિ સૂક્ષ્મ છે, અને ચોથા પાંચમા વિગેરેમાં ઘણો સ્થુલ થાય, માટે ત્રણ સમયનો આહારક જ તેને યોગ્ય છે, તેથી તે લીધો છે.

બીજા આચાર્ય આ પ્રમાણે કહે છે—

આયામ વિષ્કંભના સંહારવાળા બે સમય છે, અને ત્રીજો સૂચી સંહરણ કરીને સૂક્ષ્મપણે ઉત્પન્ન થવાનો સમય છે, એથી ત્રણ સમય લીધા છે, વિગ્રહના અભાવથી આહા-રક આ ત્રણે સમયમાં છે, એટલા માટે ઉત્પાદ સમય જ ત્રણ સમયનો આહારક સૂક્ષ્મ પનક જીવ અને જઘન્ય અવગાહના વાળો એમ કહ્યું છે, એથી તેટલા પ્રમાણમાં અવધિજ્ઞાનનું ક્ષેત્રથી જઘન્યપણું છે,

ટીકાકાર કહે છે. તે અયુક્ત છે કે—

ત્રણ સમયનું આહારકપણું તે પનક જીવનું વિશેષણ છે, અને મત્સ્યના આયામ વિષ્કંભના સંહરણના બે સમય મત્સ્યને આશ્રયી હોવાથી પનક સમય ન કહેવાય માટે તે ખોટું છે અને તે છતાં તે અર્થ લઈએ તો ત્રણ સમયનું આ-હારકપણું એ નામનું વિશેષણ ઉત્પન્ન ન થાય, તેથી ટુંકા-માં સમજવું કે પાછલો અર્થ બરોબર નથી; ॥ ૩૦ ॥ જઘ-ન્યથી અવધિજ્ઞાનનું ક્ષેત્ર કહીને હવે ઉત્કૃષ્ટથી કહે છે.

**सव्व बहु अगणि जीवा निरंतरं जत्तियं भरिज्जासु।**
**खित्तं सव्वदिसागं, परमोही खित्त निद्दिट्ठो ॥ नि ३१ ॥**

વિવક્ષિત કાળમાં અવસ્થાયિ રહેલ અગ્નિના જીવો સૌથી વધારે વિદ્યમાન હોય તે, પણ ભૂત ભવિષ્યના નહિ, તેમ બીજા જીવો પણ નહિ, કારણ કે અસંભવ છે, તેથી પ્રથમ બતાવેલ સૌથી વધારે અગ્નિના જીવો છે, તે જેટલા પ્રમાણના ક્ષેત્રમાં વ્યાપે, તે આંતરા રહિત વિશિષ્ટ સૂચી ( સુઈ ) ની રચનાએ ભરાય, આ ગાથામાં ભૂતકાળ એટલા માટે લીધો છે, કે પ્રાયે અજીતનાથ પ્રભુના વખતમાં આ અવસર્પિણીમાં અગ્નિના જીવો વધારે હતા, આ વિશેષણ વખતે એક દિશાના ક્ષેત્ર આશ્રયી પણ લેવાય, તેથી કહ્યું કે સર્વ દિશામાં આથી સૂઈનું પરિભ્રમણના પ્રમિતવાળું છે, તે પરમ અવધિનું ક્ષેત્ર છે, માટે પરમાવધિ ક્ષેત્ર ઉપર બતાવેલ ઘણા અગ્નિના જીવો આશ્રયી ગણધર વિગેરેએ દેખાડયું છે, તેથી પર્યાયવડે પરમાવધિનું આટલું ક્ષેત્ર છે, એમ કહ્યું, અથવા સર્વ બહુ અગ્નિ જીવો આંતરારહિત જેટલું ક્ષેત્ર રોકે, તે સર્વ દિશાવાળા ક્ષેત્રમાં જેટલાં દ્રવ્યો રહે, તેના પરિચ્છેદના સામર્થ્ય યુક્ત પરમાવધિ ઉત્કૃષ્ટથી બતાવ્યો છે, ભાવાર્થ એકજ છે, પણ અક્ષરાર્થમાં થોડો ભેદ છે; હવે વૃદ્ધવાદ કહે છે, કે સર્વ બહુ અગ્નિકાયના બાદર જીવો પ્રાયે અજીતનાથ તીર્થંકરના વખતમાં હતા, કારણ કે તે સમયે તેના આરંભક જીવો ઘણા હતા, અને ઉત્કૃષ્ટ પદવાળા સૂક્ષ્મ જીવો બાદર જીવમાં ઉમેરીયે, તો સર્વ બહુ થાય છે, એટલે

અજીતનાથ ભગવાનના વખતમાં બાદર અગ્નિકાય ઘણા હતા, તેમાં સૂક્ષ્મ અગ્નિકાય ઉમેર્યા, તો સર્વ બહુ થાય, તે અગ્નિકાયના જીવોનું આપણી બુદ્ધિએ છ પ્રકારે સ્થાન કલ્પીએ, એકેક ક્ષેત્ર પ્રદેશમાં એકેક જીવની અવગાહના કરતાં સર્વ દિશામાં ચોખુણો ઘન પ્રથમ સ્થાન સ્થાપીએ, તેજ જીવ પોતાના શરીરની અવગાહના જેટલા ક્ષેત્ર પ્રદેશ રોકે તે પ્રમાણે ઘનનું બીજું સ્થાન કલ્પીએ, તે પ્રમાણે બે પ્રકારે પ્રતર કલ્પીએ, તથા શ્રેણિ બે ભેદે છે, તેમાંના પાંચ પ્રકારો જે પ્રથમ કહ્યા છે, તેની જરૂર નથી, કારણ કે ક્ષેત્ર અલ્પ છે, અને કાંઈ અંશે તે જૈનશાસ્ત્ર વિરૂદ્ધ પણ થાય છે, તેથી છઠ્ઠો પ્રકાર સૂત્રનો આદેશ જરૂરી છે, અવધિજ્ઞાનીનો બધી દિશામાં આ શ્રેણી અવધિજ્ઞાનીના શરીર સુધી ભમે છે, અને તે આલોકમાં લોક જેવડા અસંખ્યાત ક્ષેત્ર વિભાગ પ્રમાણ હોય છે, આ અવધિજ્ઞાનનું ઉત્કૃષ્ટ ક્ષેત્ર કહ્યું, જો આટલે સુધી કંઇપણ દેખવા યોગ્ય વસ્તુ હોય તો અવધિજ્ઞાની દેખી શકે, પણ અલોકમાં તેવી વસ્તુ નથી; ( આ સંબંધમાં વિશેષ આવશ્યક ગાથા ૬૦૬ માં વર્ણન છે ) ।। ૩૧ ।।

આ પ્રમાણે જઘન્ય ઉત્કૃષ્ટ અવધિક્ષેત્ર કહ્યું, હવે વિમધ્યમ જઘન્ય ઉત્કૃષ્ટ મધ્યમની અપેક્ષા બતાવવા કહે છે, એટલે કોઇ અવધિજ્ઞાની આટલું ક્ષેત્ર જુએ, તો તેને આટલો કાળ ઉપલંભ થાય, અથવા આટલા કાળનો ઉપલંભ થાય તો આટલા ક્ષેત્રમાં જાણી શકે; એ બતાવવા માટે નિર્યુક્તિકાર ચાર ગાથાઓ કહે છે,

अंगुल मावलियाणं, भाग मसंखिज्ज दोसु संखिज्जा।
अंगुल मावलिअंतो, आवलिआ अंगुल पुहुत्तं ॥ ३२ ॥
हत्थंमि मुहुत्तन्तो, दिवसंतो गाउयंमि बोधव्वो।
जोयण दिवस पुहुत्तं, पक्खन्तो पणवीसाओ ॥ ३३ ॥
भरहंमि अद्ध मासो, जंबूदीवंमि साहिओ मासो।
वासंच मणुअ लोए वास पुहुत्तं च रुयगंमि ॥ ३४ ॥
संखिज्जंमि उ काले, दीव समुद्दावि हुंति संखिज्जा।
कालंमि असंखिज्जे, दीवसमुद्दाउ भणियव्वा ॥३५॥

ક્ષેત્ર અંગુલના અધિકારથી અહીં પ્રમાણ અંગુલ લેવો, કેટલાક એમ કહે છે, કે અવધિનો અધિકાર હોવાથી ઉચ્છ્રય અંગુલ લેવો, આવલિકા તે અસંખ્યેય સમયની જાણવી, કહ્યું છે કે અસંખ્યેય સમયોનો સમૂહ મળીને એક આવલિકા થાય છે, તેનો પરમાર્થ આ છે, કે—

કોઈ અવધિજ્ઞાની ક્ષેત્રથી અંગુલનો અસંખ્યાતમો ભાગ જાણે, તે કાળથી આવલિકાનો અસંખ્યાતમો ભાગ જાણે; અહીં ક્ષેત્ર કાળ દેખવાનું બતાવ્યું તે ઉપચારથી જાણવું. કારણ કે ખરી રીતે તો ક્ષેત્રમાં રહેલ પુદ્ગળ દ્રવ્યો જે દેખવા યોગ્ય હોય તેને દેખે છે, તથા તેટલા કાળના ભૂત ભવિષ્યના તે દ્રવ્ય સંબંધી પર્યાયો હોય તેને જાણે છે, પણ ક્ષેત્રકાળ અરૂપી હોવાથી અને અવધિજ્ઞાની રૂપી પદાર્થને દેખતો જાણતો હોવાથી ક્ષેત્રકાળને ન જાણે ન દેખે;

આ પ્રમાણે સર્વત્ર જાણવું, એટલે ચારે ગાથામાં સમજવું; તેજ પ્રમાણે જ્યારે તે અવધિજ્ઞાની અંગુલનો અસંખ્યેય

ભાગ જુએ, ત્યારે આવલિકાના પણ સંખ્યેય ભાગને જુએ, તથા અંગુલક્ષેત્રને જુએ ત્યારે થોડા સમય ઓછી એવી આવલિકાને જુએ, પણ જ્યારે આવલિકાનો કાળ પૂરો જુએ, ત્યારે ક્ષેત્રના અંગુળ પ્રથકત્વ ૨ થી નવ સુધી જુએ ॥ ૩૨॥

હવે અવધિજ્ઞાની એક હાથ ક્ષેત્ર જુએ, ત્યારે કાળથી અંતર્મુહૂર્ત્ત જુએ.

કાળથી દિવસથી થોડું ઓછું જુએ, અવધિજ્ઞાની ત્યારે ક્ષેત્રથી ગાઉ જુએ, તથા જ્યારે એક યોજન ક્ષેત્ર જુએ, ત્યારે કાળથી ૨ થી ૯ દિવસ સુધીનું જુએ, તથા પક્ષથી થોડું ઓછું જુએ, ત્યારે ક્ષેત્રથી ૨૫ યોજન જુએ, ॥ ૩૩ ॥

ભરતક્ષેત્ર જુએ ત્યારે કાળથી પંદર દિવસ જુએ, અને જંબુદ્વીપ ક્ષેત્ર જુએ ત્યારે માસથી કંઈક અધિક જાણે, ૨॥ દ્વીપ બે સમુદ્રનું મનુષ્ય ક્ષેત્ર જુએ, ત્યારે કાળથી ૧ વર્ષ જુએ, તથા ૨ થી ૯ વર્ષનું જુએ ત્યારે રૂચક નામના બાહ્ય દ્વીપના વિષયને જુએ ॥ ૩૪ ॥

હવે આ સંબંધની ચોથી ગાથા ( ૩૫મી ) વર્ણવે છે,

સંખ્યા જેની થાય તે સંખ્યેય છે, તે સંવત્સર ( એક-વર્ષ ) પ્રમાણનો પણ થાય, તુ શબ્દ વિશેષ બતાવે છે કે સંખ્યેય હજાર ઉપરનો પણ થાય છે, તે સંખ્યાતા કાળમાં એટલે હજારો ઉપરના વર્ષનું જેમાં દેખાય તેવું અવધિ થાય, તેને ક્ષેત્રથી સંખ્યાતા દ્વીપ સમુદ્રો દેખાય છે, અપિ શબ્દથી જાણવું કે મહાન એક સંખ્યાતા યોજનનો દ્વીપ સમુદ્ર પણ

હોય, અથવા તેનો ભાગ પણ હોય. તથા અસંખ્યાતો કાળ તે પલ્યોપમ વિગેરે લક્ષણવાળાનું અવધિજ્ઞાન થાય, તેને ક્ષેત્રથી પણ અસંખ્યાતા દ્વીપ સમુદ્રોના જ્ઞાનની ભજના જાણવી, કોઇ વખત અસંખ્યાતા દ્વીપ સમુદ્રનું અવધિજ્ઞાન કોઈ મનુષ્યને થાય, કોઇને મોટા સંખ્યાતા દ્વીપ સમુદ્રોનું જ્ઞાન થાય, કોઇને એક પણ ( અસંખ્યાતા જોજનના ) દ્વીપ સમુદ્રનું જ્ઞાન થાય, તથા કોઇને સ્વયંભુ રમણ જેવા મહાન્ સમુદ્રના એક દેશ ( ભાગ ) નું પણ અવધિજ્ઞાન થાય, આ અવધિજ્ઞાન તીરછું છે એમ જાણવું, અથવા સ્વયંભુરમણ વિષયનું તે મનુષ્યક્ષેત્રની બહારનું અવધિજ્ઞાન છે, તે આશ્રયી જાણવું, એટલે અહીં અસંખ્યેયનું પ્રમાણ લીધું તે યોજનની અપેક્ષાએ સર્વ પક્ષમાં જાણવું, ( પણ દ્વીપ સમુદ્રની અપેક્ષા ઉપરજ આધાર ન રાખવો ) એટલે એમ જાણવું કે જે અસંખ્યાતા કાળનું અવધિજ્ઞાન જાણે, તે પુરૂષ એક દ્વીપ સમુદ્રના એક દેશમાં મોટા સમુદ્રની અપેક્ષાએ અસંખ્યેય જોજનનું પણ જ્ઞાન ધરાવે ॥ ૩૫ ॥

આ પ્રમાણે સ્થુલ ન્યાયને સ્વીકારી ક્ષેત્ર વૃદ્ધિ સાથે કાળ વૃદ્ધિ અનિયત છે એમ બતાવ્યું, અને કાળ વૃદ્ધિએ ક્ષેત્ર વૃદ્ધિ નિશ્ચયથી બતાવી.

હવે દ્રવ્ય ક્ષેત્ર કાળ ભાવની અપેક્ષાએ જેની વૃદ્ધિમાં બીજાની વૃદ્ધિ થાય, અથવા નથી થતી, તે બતાવે છે.

**काले चउण्ह वुड्ढी, कालो भइ यव्वो खित्तवुड्ढीए;**
**वुड्ढीइ दव्व पज्जव, भइयव्वा खित्तकालाउ ॥ नि. ३६ ॥**

અવધિજ્ઞાનની કાળમાં વૃદ્ધિ થતાં દ્રવ્ય વિગેરે બધાંની વૃદ્ધિ થાય છે, આ સામાન્ય કહેલ છે તેથી પણ કાલની ભજના ક્ષેત્રની વૃદ્ધિમાં જાણવી, એટલે ક્ષેત્રની વૃદ્ધિ છતાં પણ કાળની વૃદ્ધિ થાય પણ ખરી, ન પણ થાય, શા માટે ? ઉ–ક્ષેત્રનું સૂક્ષ્મપણું છે, અને કાળનું સ્થુલપણું છે, દ્રવ્ય પર્યાયો તો વધે છે, અહીં સાતમી વિભક્તિ અંતે છે,

**" ए होंति अयारंते, पयंमि विइयाए बहुसु पुंलिगे**
**तइयाइसु छट्ठी सतमीण एगंमि महिलत्थे " ॥ १ ॥**

એકાર અકારાંત પદમાં દ્વિતીયા વિભક્તિમાં તથા પુલિંગના બહુવચનમાં આવે છે, તથા મહિલાના અર્થમાં ત્રીજી વિગેરે વિભક્તિમાં તથા છઠ્ઠી સાતમીના એકવચનમાં છે. અર્થાત્ પુલિંગમાં દ્વિતીયાના બહુવચનમાં અકારનો એકાર થાય છે, તથા સ્ત્રીલિંગમાં અને ત્રીજી વિભક્તિ વિગેરેમાં તથા છઠ્ઠી સાતમીના એકવચનમાં એકાર સર્વત્ર થાય છે, આવો માગધીનો નિયમ છે, માટે આવા લક્ષણથી સિદ્ધ થાય છે, એ પ્રમાણે જ્યાં પ્રાકૃત ગાથા હોય, ત્યાં ઈષ્ટ વિભક્તિ પદોના અંતમાં લેવી ( માગધીમાં સંસ્કૃત માફક અમુકજ રૂપ વિભક્તિમાં થાય તેવું નથી માટે યોગ્ય અર્થ જે રીતે ઘટે તે પ્રમાણે ફેરફાર કરવો ) તે પ્રમાણે લેતાં ચાલુ વાતમાં દ્રવ્ય અને પર્યાયની વૃદ્ધિ થવા છતાં પણ ક્ષેત્ર કાળની ભજના

જાણવી; કારણ કે દ્રવ્ય પર્યાયો પરિસ્થુલ હોવાથી અને ક્ષેત્ર કાળ સૂક્ષ્મ હોવાથી ક્ષેત્રકાળ વધવાનું નક્કી નથી, પણ દ્રવ્યની વૃદ્ધિ થાય તો પર્યાયોની વૃદ્ધિ અવશ્ય થાય છે, ( ગાથામાં 'તુ' 'જ' ના અર્થમાં છે ) પણ પર્યાયોની વૃદ્ધિમાં દ્રવ્યની વૃદ્ધિમાં ભજના જાણવી; કારણ કે દ્રવ્યથી પર્યાયોનું સૂક્ષ્મપણું વિશેષ છે, અક્રમવર્ત્તિ ( સ્પર્શ રસ વિગેરે ) ઓની પણ વૃદ્ધિનો સંભવ છે, એટલે પર્યાયની વૃદ્ધિ થાય, તો પણ કાળવૃદ્ધિનો અભાવ છે, ॥ ૩૬ ॥

પ્ર૦—જઘન્ય મધ્યમ ઉત્કૃષ્ટ ભેદથી ભિન્ન એવા અવધિ જ્ઞાન સંબંધી ક્ષેત્ર કાળના અંગુળ આવલિકાના અસંખ્યેય ભાગથી ઉપલક્ષિતમાં પરસ્પર પ્રદેશ અને સમય સંખ્યા પરિસ્થુલ અને સૂક્ષ્મપણું છે ખરૂં, પણ તે કેટલામા ભાગે હીન અધિકપણું છે ?

ઉ૦—જેનું વર્ણન કરવું છે, તે આવલિકાના અસંખ્યેય ભાગ આદિ કાળથી અસંખ્યેયગણું ક્ષેત્ર છે, કેવી રીતે ? તે કહે છે,

**सुहुमोय होइ कालो, तत्तो सुहुमयरं हवइ खित्तं;**
**अंगुल सेढीमित्ते, ओसप्पिणीओ असंखेज्जा ॥ नि. ३७ ॥**

સૂક્ષ્મ ( ઝીણો ) કાળ છે, કારણ કે તે સો કોમળ કમળનાં પત્ર સાથે ભેદવા જોરથી પ્રયાસ કરીએ, તોપણ એક પત્ર ભેદાતાં અસંખ્યાતા સમય વીતી જાય, તેથી પણ ક્ષેત્ર વધારે સૂક્ષ્મ બતાવેલ છે, કારણ કે અંગુલ શ્રેણીમાત્ર ક્ષેત્રમાં એક

પ્રદેશે એક સમયની ગણતરી કરતાં અસંખ્યાતી અવસર્પિણી ગણાઈ જાય, એમ તીર્થંકર કેવળજ્ઞાનીઓ બતાવે છે, તેનો ભાવાર્થ આ છે કે અંગુલ શ્રેણિમાત્રમાં પ્રદેશનું સ્થાન વિચારતાં અસંખ્યેય અવસર્પિણીના સમયની રાશિનું પરિમાણ થાય. ॥ ૩૭ ॥

આ પ્રમાણે જઘન્ય વિગેરે ભેદોવાળું અવધિજ્ઞાનનું ક્ષેત્ર પરિમાણ બતાવ્યું, અહીં પણ પૂર્વે બતાવ્યા પ્રમાણે સમજવું કે ક્ષેત્ર તે ક્ષેત્રમાં રહેલી દ્રવ્ય વસ્તુઓ દેખવા યોગ્ય હોય તેને અવધિજ્ઞાની જુએ જાણે, તેથી ક્ષેત્રમાં દ્રવ્ય અવધિપણું હોવાથી તેની પછી તુર્તજ અવધિજ્ઞાનને જાણવા યોગ્ય દ્રવ્યને કહે છે,

**तेआ भाषा दव्वाण, अंतरा इत्थ लहइ पट्ठवओ।**
**गुरु लहुअ अगुरु लहुअं, तंपि अतेणेव निट्ठाइ ॥ नि. ३८।**

અવધિ જઘન્ય મધ્યમ ઉત્કૃષ્ટ એમ ત્રણ ભેદવાળું છે, તેથી પ્રથમ જઘન્ય અવધિને જાણવા યોગ્ય દ્રવ્યને બતાવે છે, તેજસ અને ભાષા તેમનાં દ્રવ્યના વચલા આંતરાને જાણે, (ગાથામાં અંતરાત્ પંચમી છે ત્યાં સાતમી લેવી એટલે અંતરે થાય અથવા પાઠાંતરમાં તેવો પાઠ છે તે લેતાં સાતમીનો અર્થ લેવો) તેનો સાર આ છે, કે તેજસ તથા વાક્ (વચન) દ્રવ્યોને અંતરાલે તે બેને અયોગ્ય અન્ય દ્રવ્ય છે, તે અવધિજ્ઞાની જાણે,

પ્ર૦–કયો?

ઉ૦—અવધિજ્ઞાનનો પ્રારંભક ( પ્રસ્થાપક ) જાણે.

પ્ર૦–કેવું વિશિષ્ટ ?

ઉ૦—ગુરૂ, તથા લઘુ, તથા અગુરૂલઘુ જાણે છે, તેનો સાર આ છે, કે ગુરૂ લઘુના પર્યાયવાળું તથા અગુરૂ લઘુના પર્યાયવાળું દ્રવ્ય જાણે છે. તેમાં તૈજસ દ્રવ્યની સમીપમાં હોય તે ગુરૂલઘુ છે, અને જે ભાષા દ્રવ્યની સમીપમાં હોય તે અગુરૂ લઘુ છે, અને અવધિજ્ઞાની પ્રચ્યવતો ( પડતો ) છતો તે ઉપર બતાવેલજ દ્રવ્યના ઉપલબ્ધ ( દેખાવા ) વડેજ નિષ્ઠા ( સમાપ્તિ ) ને પામે છે, (અવધિજ્ઞાન રહિત થાય છે) ગાથામાં અપિ શબ્દ છે, તેથી એમ જાણવું, કે પ્રતિપાતિ ( હીયમાન ઘટનારૂં ) અવધિજ્ઞાન હોય તોજ તે ઘટે છે, પણ બધુંજ અવધિજ્ઞાન પ્રતિપાતિ ( ઘટનારૂં ) છે એમ ન જાણવું, ચકાર 'જ' ના અર્થમાં છે, તેથી એમ જાણવું કે અવધિજ્ઞાનજ ઘટે છે, પણ બીજાં બધાં મતિજ્ઞાન વિગેરે તેમ ઘટે છે, એમ ન જાણવું, ॥ ૩૮ ॥

પ્ર૦—કેટલા પ્રદેશવાળું તે દ્રવ્ય છે, કે જે તૈજસ ભાષા દ્રવ્યોના વચમાં રહેલ છે, અને જઘન્ય અવધિજ્ઞાનીને પ્રમેય ( જાણવા યોગ્ય છે, ) માટે, તે પરમાણુના ક્રમથી લઈને તે પરમાણુઓના ઉપચયથી ઔદારિક વિગેરે વર્ગણાનો અનુક્રમ કહેવો જોઇએ ? તે બતાવવા નિ. બે ગાથાઓ કહે છે,

**ओराल विउव्वाहार ते अभाषाण पाण मणकम्मे ।**
**अहदव्व वगाणाणं, कमो विवज्जासओखित्ते ॥ नि. ३९ ॥**

**कम्मोवरिं धुवेयर सुण्णेयर वग्गणा अणंताओ**
**चउ धुव णंतर तणु वग्गणाय मीसो तहाऽचित्तो॥ नि. ४०॥**

પ્ર૦—ઔદારિક વિગેરે શરીરને યોગ્ય દ્રવ્યની વર્ગણા શામાટે કહો છો ? વિનેય ( શિષ્યો ) ને મુંઝવણ ન થાય, માટે તે સંબંધી દૃષ્ટાંત આપે છે,

આ ભરત ક્ષેત્રમાં મગધ દેશમાં કુંચીકર્ણ નામે ધનપતિ શેઠ હતો, તેની પાસે ગાયો હજારોની સંખ્યામાં ઘણી હોવાથી તે બધીને જુદીજુદીપાળવા માટે ઘણા ગોવાળીયા રાખ્યા, તે પણ પરસ્પર ગાયો મળી જવાથી ઓળખવાને અભાવે ગોવાળીયા પરસ્પર કંકાસ કરવા લાગ્યા, તેમને વારંવાર વઢતા જોઇ તે ન લડે માટે તેમની ઓળખાણ માટે રાતી ધોળી કાળી કાબરી વિગેરે રંગવાળી જુદીજુદી પાડીને અમુક અમુક સંખ્યાની વર્ગણા કરી તે ગોવાળીયાઓને સોંપી, આ દૃષ્ટાંતે હવે બોધ આપે છે. કે અહીં ગાયના માલીક જેવા તીર્થંકર છે, ગોવાળીયા જેવા શિષ્યો, ગાયો રૂપ પુદ્ગલાસ્તિ કાય, તેમની પરમાણુ વિગેરેની વર્ગણાના વિભાગવડે તીર્થં-કરે શિષ્યોને સમજાવ્યા છે, હવે તેનું સ્વરૂપ બતાવે છે.

તેમાં પ્રથમ ઔદારિક ગ્રહણ કરવાથી ઔદારિક શરી-રને ગ્રહણ કરવા યોગ્ય વર્ગણાઓ લીધી છે, તેઓ આ પ્ર-માણે જાણવી—અહીં વર્ગણાના ચાર ભેદો પડે છે, દ્રવ્યથી ક્ષેત્રથી કાળથી અને ભાવથી, તેમાં દ્રવ્યથી એક પ્રદેશ (પરમાણુ) થી અનંત પ્રદેશ પ્રમાણની, ક્ષેત્રથી એક પ્રદેશમાં

અવગાઢથી અસંખ્યાત પ્રદેશ સુધી અવગાઢેલી, કાળથી એક સમયની સ્થિતિવાળી તે અસંખ્યેય સમયની સ્થિતિ સુધીની, ભાવથી પરિસ્થુલ ન્યાયને અનુસરીને કાળા રંગથી લઈને શુકલ રંગ સુધીની ૫,સુરભિ દુરભિગંધવાળી બે, તિખા રસથી લઈને મધુર રસ સુધી ૫, મૃદુસ્પર્શથી લુખા સ્પર્શસુધી અને ગુરૂ લઘુ તથા અલઘુ ગુરૂ સુધી ૮, આ પ્રમાણે આ વર્ગણાઓ પ્રથમની ચાર પ્રકારની છે, હવે તે ચાલુવાત કહે છે, તેમાં પ્રથમ પરમાણુઓની એક વર્ગણા છે. એ પ્રમાણે બે પરમાણુ ( પ્રદેશ ) ની એક વર્ગણા છે, એ પ્રમાણે એકેક પરમાણુ વધતાં સંખ્યેય પ્રદેશ (પરમાણુ) ની સંખ્યેય વર્ગણાઓ છે, અને અસંખ્યેય પ્રદેશની અસંખ્યેય વર્ગણાઓ છે. પછી અનંત પ્રદેશની અનંતી વર્ગણાઓ છે, પણ તેઓ ઔદારિક શરીરને અયોગ્ય છે, ત્યારપછી તેને ઉલંઘી વિશિષ્ટ પરિણામ વાળી ઔદારિક શરીર ગ્રહણ કરવા કામ લાગે, તે પણ અનંતી વર્ગણાઓ છે, તેમને પણ ઓળંગીને પ્રદેશની વૃદ્ધિએ ઔદારિક શરીરને પણ કામ ન લાગે તેવી અનંતી વર્ગણાઓ છે; કારણકે ઘણા દ્રવ્યોથી અને સૂક્ષ્મ પરિણામે પરિણત થવાથી ઔદારિક શરીરને તે નકામી છે, તેમ આ વર્ગણાઓ અલ્પ પરમાણુઓથી બનેલ અને બાદર પરિણામ વાળી હોવાથી વૈક્રિયશરીરને પણ અયોગ્ય છે, પાછી પરમાણુની વૃદ્ધિએ બીજી અનંતી વર્ગણાઓ ઉલંઘવાથી તેવા પરિણામવાળી વૈક્રિય શરીરને યોગ્ય અનંતિ વર્ગણાઓ છે, પછી તે વર્ગણાઓમાં પ્રદેશની વૃદ્ધિથી ઘણા પરમાણુથી

નિર્વૃત્ત અને સૂક્ષ્મ પરિણામપણે હોવાથી વૈક્રિયશરીરને ગ્રહણ કરવા યોગ્ય નથી, એમ પ્રદેશ વૃદ્ધિએ વધતી વર્ગણાઓ પછીના શરીરને પણ ન ગ્રહણ કરવા યોગ્ય અનંતી વર્ગણાઓ છે, કારણકે તે આહારકશરીરને અલ્પ પરમાણુઓથી નિવૃત્ત છે, અને બાદર પરિણામ વાળી હોવાથી યોગ્ય થતી નથી. એમ આહારક અને તેજસની ભાષાથી આનાપાન(શ્વાસોચ્છ્વાસની મન અને કર્મની અયોગ્ય યોગ્ય વર્ગણાઓ પ્રદેશ વૃદ્ધિએ અનંતની ત્રણ ત્રણ યોજવી.

પ્ર૦—આ ઔદારિક વિગેરેની વર્ગણાઓ ત્રણ ત્રણ કેવી રીતે સમજવી ?

ઉ૦—તૈજસ ભાષા દ્રવ્યાંતરવર્ત્તી ઉભય અયોગ્ય દ્રવ્ય અવધિજ્ઞાનવાળો દેખી શકે છે તે માટે,

આ દ્રવ્ય વર્ગણાઓનો ક્રમ છે, તેમાં વર્ગણા તે વર્ગ અથવા રાશિ છે, ( તે ત્રણે એક અર્થના પર્યાયો છે ) તથા વિપર્યાસવડે ક્ષેત્ર તે ક્ષેત્ર સંબંધી વર્ગણાનો ક્રમ જાણવો, તેનો ભાવાર્થ આ છે, કે એક પ્રદેશમાં અવગાહિ રહેલ પરમાણુઓના સ્કંધોની એક વર્ગણા તેજ પ્રમાણે બે પ્રદેશમાં અવગાહી રહેલ સ્કંધોની બીજી વર્ગણા એમ એકેક પ્રદેશની વૃદ્ધિએ સંખ્યેય પ્રદેશમાં અવગાહેલ સંખ્યેય અસંખ્યેય પ્રદેશમાં અવગાહેલ અસંખ્યેય છે, અને પ્રદેશ પ્રદેશ ઉત્તરા ( વધતી ) અસંખ્યેયને ઉલંઘી કર્મને યોગ્ય અસંખ્યેય વર્ગણા થાય છે, પાછી પ્રદેશ વધતીએ તેને અયોગ્ય એવી

અસંખ્યેય વર્ગણાઓ થાય છે, અને અયોગ્યતાનું કારણ અલ્પ પરમાણુ નિર્વૃત્ત અને ઘણા પ્રદેશમાં અવગાઢ હોવાથી, મન દ્રવ્યોને પણ એ પ્રમાણે અયોગ્ય યોગ્ય અને અયોગ્ય લક્ષણવાળી ત્રણ ત્રણ વર્ગણાઓ યોજવી. આ પ્રમાણે સર્વત્ર ભાવના કરવી, પરંપરં સૂક્ષ્મ પ્રદેશથી અસંખ્યેય ગુણવાળી પૂર્વે તૈજસથી ( તત્ત્વાર્થ અ–૨–સૂ–૩૮–૩૯ માં ) બતાવેલ છે, આ પ્રમાણે કાળથી અને ભાવથી વર્ગણા ટુંકાણમાં બતાવી છે ॥૩૯॥ હવે તે સંબંધી બીજી ગાથા કહે છે,

પૂર્વની ગાથામાં કર્મ દ્રવ્યની વર્ગણા બતાવી, હવે એકેક પ્રદેશ વધતાં તેને ન ગ્રહણ કરવા યોગ્ય બતાવે છે, કરાય તે કર્મ, તે કર્મના ઉપર ધ્રુવ વર્ગણા અનંતી છે, અહીં ધ્રુવ નિત્ય તે કાળ રહેનારી જાણવી, અને તેના ઉપર પ્રદેશ વધતે વધતે અશાશ્વતી કદી ન પણ હોય તેવી અનંતી વર્ગણાઓ હોય છે, ત્યાર પછી શૂન્ય વર્ગણા, એટલે શૂન્ય અંતરવાળી વર્ગણા એટલે એકેક ઉત્તર વૃદ્ધિએ વ્યવહિત અંતરવાળી અનંતી વર્ગણાઓ છે, તથા તેથી ઉલટી અશૂન્ય અંતરા તે અવ્યવહિત અંતરવાળી પણ એકેક પ્રદેશે વધતી અનંતી વર્ગણાઓ છે, ત્યાર પછી ચાર ધ્રુવાંતરા પ્રદેશ ઉત્તરવાળીજ વર્ગણા થાય છે, ત્યાર પછી તનુ વર્ગણાઓ છે, તેનો ભાવાર્થ આ છે, કે ભેદ અભેદના પરિણામો વડે ઔદારિક વિગેરેને યોગ્યતાના અભિમુખ હોય છે, અથવા મિશ્ર અચિત્ત સ્કંધ દ્રયને યોગ્ય તે ચાર જ વર્ગણાઓ જ

થાય છે; ત્યાર પછી મિશ્રસ્કંધ થાય છે, તે સૂક્ષ્મજ થોડા બાદર પરિણામની અભિમુખ હોય તે મિશ્ર છે, ત્યારપછી અચિત્ત મહાસ્કંધ છે, તે વિશ્રસા પરિણામના કારણે કેવળિ સમુદ્ઘાતની ગતિએ લોકને પૂરતો અને પાછો સંકોચાતો હોય છે.

પ્ર૦—અચિત્તપણાના અવ્યભિચારથી તેનું અચિત્ત વિશેષણ વ્યર્થ છે ?

ઉ૦—એમ નથી, કેવળી સમુદ્ઘાત સચિત્ત કર્મ પુદ્ગળ લોકવ્યાપિ મહાસ્કંધ છે, તેનાથી આ અચિત્ત જુદો છે. માટે અચિત્ત શબ્દ જરૂરનો છે, કેટલાક આચાર્યો કહે છે, કે આ અચિત્ત સ્કંધજ સર્વોત્કૃષ્ટજ પ્રદેશ છે, પણ તે સ્વીકારવા યોગ્ય નથી, કારણ કે અવગાહના અને સ્થિતિવડે ઉત્કૃષ્ટ પ્રદેશ અસંખ્યેય ભાગ હીનાદિ ભેદથી ચતુઃસ્થાનમાં પડે છે, એમ કહ્યું તે બતાવે છે,

**उक्कोस पएसि आणं भंते केवइआपज्जवा पण्णत्ता ? गोयमा ! अणन्ता, से केण ट्ठेणं भंते एवं वुच्चइ ? गोयमा ! उक्कोस पएसिए उक्कोस पएसिअस्स दव्वट्ठाए तुल्ले, पएसट्ठाए-वितुल्ले ओगाहणट्टयाए चउट्ठाणा वडिए ठितीएवि ४, वण्ण रस गंध अट्ठहि अफासेहि छट्ठाण वडिए "**

હે ભગવન્ ! ઉત્કૃષ્ટ પ્રદેશિકાના કેટલા પર્યાયો કહ્યાછે?

હે ગોતમ ! અનંતા,

પ્ર૦—શા માટે એમ કહો છો ?

ઉ૦—ઉત્કૃષ્ટ પ્રદેશિક ઉત્કૃષ્ટ પ્રદેશિકના દ્રવ્યપણાથી

તુલ્ય છે, પ્રદેશપણાથી પણ તુલ્ય છે, અને અવગાહનાથી ચાર સ્થાનમાં પડે છે, તેમ સ્થિતિવડે પણ ચાર છે, વર્ણ ગંધ રસ અને આઠ સ્પર્શોવડે છ સ્થાનમાં પડે છે,

પણ ઉપર બતાવેલ વર્ગણાવાળો તો તેવા બીજા અચિત્ત મહાસ્કંધો સાથે અવગાહના સ્થિતિવડે તુલ્ય છે, વળી ઉત્કૃષ્ટ પ્રદેશવાળો તો આઠ ફરસી છે, તથા અચિત્ત મહાસ્કંધ તો ચાર ફરસવાળો છે, તેથી એમ સમજવું કે અચિત્ત મહાસ્કંધથી બીજા પણ મોટા સ્કંધો વિદ્યમાન છે, આટલું ટુંકામાં કહ્યું, ॥ ૪૦ ॥

ઉપર તૈજસ ભાષા દ્રવ્યોનું અંતરાળ તથા ગુરૂ લઘુ અને અગુરૂ લઘુ દ્રવ્ય જઘન્ય અવધિજ્ઞાની જુએ, જાણે, એવું બતાવ્યું, પણ ઔદારિક વિગેરે દ્રવ્યોનું બતાવ્યું નહોતું, તે ઔદારિક વિગેરે દ્રવ્યોનું જે ગુરૂ લઘુપણું, કે અગુરૂ લઘુપણું છે, તે બતાવે છે,

**ओरालिअ वेउव्विअ आहारग तेअगुरु लहु दव्वा,**
**कम्म गमण भासाइ, एआइ अगुरु लहु आइं ॥ नि-४१ ॥**

ઔદારિક વૈક્રિય આહારક તૈજસ દ્રવ્યો ગુરૂ લઘુ છે, અને કાર્મણ મન અને ભાષાદિ દ્રવ્યો અગુરૂ લઘુ નિશ્ચય નયની અપેક્ષાએ છે ( નિશ્ચય નયનામતે એકાંત ગુરૂલઘુ દ્રવ્યોનો અભાવ છે અને વ્યવહાર નયની અપેક્ષાએ માટીનું ઢેકું ભારે, હલકો દીવો, ગુરૂ લઘુ વાયુ અને આકાશ અગુરૂ લઘુ, વિગેરે છે ) ॥ ૪૧ ॥

હવે પછીની બે ગાથાઓ સાથે સંબંધ છે, પ્રથમ ક્ષેત્ર કાળનું અવધિજ્ઞાન સંબંધી ફક્ત અંગુલ આવલિકાના અસંખ્યેય વિગેરે ભાગની કલ્પનાવડે પરસ્પર ઉપલંભની વૃદ્ધિ બતાવવાવડે કહ્યું, હવે તે બેનું ઉક્ત લક્ષણવાળા દ્રવ્ય સાથે પરસ્પર ઉપનિબંધ બતાવે છે.

**संखिज्जमणो दव्वे, भागो लोग पलियस्स बोद्धव्वो ।**
**संखिज्ज कम्म दव्वे, लोए थोवूणगं पलियं ॥ नि-४२ ॥**
**तेया कम्म सरीरे, ते आ दव्वे अ भास दव्वे अ;**
**बोधव्वम संखिज्जा, दीव समुद्दा य कालोअ ॥ नि-४३ ॥**

સંખ્યા ગણાય તે સંખ્યેય છે, મન સંબંધીનું યોગ્ય દ્રવ્ય તે મનો દ્રવ્ય છે, તે મનો દ્રવ્યને જાણનારૂં અવધિક્ષેત્રથી સંખ્યેય લોક ભાગ જાણે, અને કાળથી પણ સંખ્યેય ભાગ પલ્યોપમનો જાણે, તેનો સાર આ છે, કે જે અવધિજ્ઞાની મનોદ્રવ્યને જાણે તે ક્ષેત્રથી લોકના સંખ્યેય ભાગને અને કાળથી પલ્યોપમના સંખ્યેય ભાગને જાણે. તથા કર્મ દ્રવ્યને જાણનારા અવધિજ્ઞાની હોય, તે લોકના તથા પલ્યોપમના જુદા જુદા સંખ્યેય ભાગો જાણે. લોકના તથા સંપૂર્ણ ચોદ રાજ પ્રમાણ લોક ક્ષેત્રને જે અવધિજ્ઞાની જાણે, તે કાળથી થોડું ઉણું પલ્યોપમ જાણે,

પ્ર૦—દ્રવ્યના સંબંધી ક્ષેત્ર કાળના અવધિજ્ઞાનના અવધિજ્ઞાનનું વર્ણન કરવાનું છે, તે વખતે ફક્ત એકલા લોક ક્ષેત્રનું અને પલ્યોપમ કાળનું ગ્રહણ કરવું અયુક્ત છે.

ઉ૦––એમ નથી, અહીં પણ દ્રવ્યના ઉપનિબંધનના સામર્થ્યનું વ્યાપ્તપણું છે, કે ક્ષેત્રકાળની વૃદ્ધિમાં દ્રવ્યોની અવશ્યે વૃદ્ધિ છે, અને તેથી એમ જાણવું, કે મનોવર્ગણાની ઉપર પણ ધ્રુવ વર્ગણા વિગેરે દ્રવ્યને દેખનારા અવધિજ્ઞાનીને ક્ષેત્ર કાળની પણ વૃદ્ધિ જાણવી ॥ ૪૨ ॥

તેજોમય તે તૈજસ, સાથે શરીર શબ્દ બધામાં જોડવો, તે તેજસ શરીરને દેખનાર અવધિજ્ઞાનીને ક્ષેત્રથી અસંખ્યેય દ્વીપ સમુદ્રો જણાય, કાળપણ અસંખ્યાતો જાણવો, મિથ્યાદર્શન વિગેરેથી જે સંસાર ભ્રમણના બીજરૂપ ક્રિયા કરાય તે જ્ઞાનાવરણીય વિગેરે આઠ પ્રકારનું છે, તેનાથી નિર્વૃત્ત અથવા તન્મય છે, તે કાર્મણ શરીર જે, ( કાર્મણ સાથે શરીર શબ્દ જોડવો ) તૈજસ શરીર માફક કાર્મણમાં પણ ક્ષેત્રથી અસંખ્યેય દ્વીપો સમુદ્રો જાણે, ભાષા વિષયમાં પણ તે પ્રમાણે જાણવું. કાળ પણ અસંખ્યેય તે સંખ્યેય પલ્યોપમ જેટલું જાણે, આ બધામાં અસંખ્યેયપણું આવે છે, છતાં પણ યથા યોગ દ્વીપ સમુદ્રનું અલ્પ બહુત્વ સૂક્ષ્મ તથા બાદર દ્રવ્યના દ્વારવડે જાણવું, ( તૈજસ દ્રવ્યથી કાર્મણ દ્રવ્ય સૂક્ષ્મ છે, એટલે જ્યાં સુધી બંધાયાં ન હોય ત્યાં સુધી તેજસ કાર્મણથી બંધાયેલાં તેજસ કાર્મણ સ્થુળ છે તેથી પ્રથક્ વચન છે, )

પ્ર૦––આ પ્રમાણે હોય તો ગાથા ૩૮માં બતાવેલું

**तेया भासा दव्वाण अंतरा पत्थ लहइ पट्ठवओ,**

તેની સાથે તેજસ ભાષાનું અંતરાળ દ્રવ્ય બતાવનાર અંગુળ

આવલિકા અસંખ્યેય ભાગ વિગેરે ક્ષેત્ર કાળ પ્રમાણ બતાવ્યું, તે તૈજસ ભાષાદ્રવ્યોનું ક્ષેત્રકાળનું અસંખ્યેયપણું કહ્યું છે. તેથી વિરોધ આવશે.

ઉ૦—એમ નથી, પ્રારંભક અવધિજ્ઞાનીને બંનેને ગ્રહણ કરવા યોગ્ય નહિ, તેજ દેખે છે, એવું કહ્યું છે, અને દ્રવ્યોનું વિચિત્ર પરિણામ હોવાથી ઉપર બતાવેલું ક્ષેત્ર કાળનું પ્રમાણ અવિરૂદ્ધજ છે; અથવા તે અલ્પ દ્રવ્યો છે, એમ અંગીકાર કરીને કહ્યું, અને આ બીજી વખત કહ્યું, તે ઘણાં તૈજસ ભાષા દ્રવ્યો છે, તેને આશ્રયી કહ્યું માટે વધારે કહેતા નથી, ॥ ૪૩ ॥

પ્ર૦—જઘન્ય અવધિનું પ્રમેય બતાવતાં કહ્યું, કે ગુરૂ લઘુ અથવા અગુરૂ લઘુ દ્રવ્ય દેખે છે, પણ બધું રૂપી દ્રવ્ય દેખે નહિ, તથા વિમધ્યમ અવધિ પણ અંગુલ આવલિકાના અસંખ્યેય ભાગથી લઈને ઠેઠ સુધી અમુક દ્રવ્ય જાણે, પણ બધું રૂપી દ્રવ્ય ન જાણે, કારણ કે તે અસંખ્યાત દ્વીપ સમુદ્રમાં રહેલી વસ્તુઓને જાણે, તેથી અહીં પ્રશ્ન કરે છે, કે ઉત્કૃષ્ટ અવધિ પણ બધાં રૂપી દ્રવ્ય દેખે કે નહિ, અથવા કેવી રીતે છે? તેનો ખુલાસો કરે છે,

**एग पएसो गाढं परमोही लहइ कम्मग शरीरं ।**
**लहइ य अगुरुय लघुअं तेय शरीरे भवपुहुत्तं ॥ नि ४४ ॥**

પ્રકૃષ્ટ સૌથી ( બારીક ) દેશ ( ભાગ ) તે પ્રદેશ તેવા ક્ષેત્રના એક પ્રદેશમાં અવગાઢ ( સંપૂર્ણ વ્યાપ્ત ) થએલ હોય

તે પરમાણુ હોય, અથવા બે અણુ ( સ્કંધ ) વિગેરે દ્રવ્ય હોય, તેવા એક પ્રદેશના અવગાઢે રહેલા પરમાણુ કે સ્કંધને પણ પરમ અવધિજ્ઞાની દેખે છે ( આકાશ પ્રદેશોમાં એવો સ્વભાવ છે, કે અનંત પરમાણુનો એક કે તેવા બીજા સ્કંધો માઇ શકે છે,) અવધિજ્ઞાની તથા જ્ઞાન અભેદપણે લેવાથી સૂત્રની ગાથામાં એમ કહ્યું કે અવધિ દેખે છે. તથા કાર્મણ શરીરને પણ દેખે છે;

પ્ર૦—પરમાણુ તથા બે અણુ વિગેરેનું દ્રવ્ય નથી કહ્યું, તે ક્યાંથી જાણીએ, કે તેનું આલંબન પરમ અવધિજ્ઞાની લે છે, જાણે છે, માટે આ કાર્મણ શરીર લીધું તેથીજ સિદ્ધ થશે કે આ બે અણુ વિગેરેનું કાર્મણ શરીર હશે ?

ઉ૦—તેમ નથી, કારણ કે કાર્મણ શરીર જીવ સંબંધી હોવાથી અને જીવ અસંખ્યાત પ્રદેશની અવગાહના વાળોજ હોવાથી એક પ્રદેશ અવગાઢનું લાગુ પડે નહિ; માટે જુદું બતાવ્યું છે, અને અગુરૂ લઘુનું જ્ઞાન પામે છે, અને ચકાર હોવાથી જણાય છે કે ગુરૂ લઘુ પણ જાણે છે, તથા પુદ્ગળ લક્ષણ જાતિની અપેક્ષાએ એકવચન છે, બીજી રીતે એમ લખાય, કે સર્વ પ્રદેશમાં અવગાઢ દ્રવ્યોને જુએ છે, તથા તૈજસ શરીર દ્રવ્ય વિષયવાળા અવધિમાં કાળથી ભવ પૃથક્ત્વ પરિછેદ્ય પણે સમજવું, તેનો સાર આ છે, કે જે અવધિ તૈજસ શરીરને જુએ છે, તે કાળથી ભવ પૃથક્ત્વ જુએ છે, તથા પૂર્વે કહેલ કે તૈજસ શરીરને જુએ તે કાળથી પલ્યો-

પમનો અસંખ્યેય ભાગ જુએ તેજ અહીં ભવ પૃથકત્વવડે વિશેષપણે બતાવ્યો, તેને દેખે તો.

પ્ર૦—એક પ્રદેશ અવગાઢનું અતિ સૂક્ષ્મપણું હોવા છતાં કાર્મણ શરીર વિગેરેનું તેને દર્શન થાય, ત્યારે તે કાર્મણ શરીર વિગેરે કહેવું વ્યર્થ છે ? તથા એક પ્રદેશ અવગાઢ એવું પણ ન કહેવું; કારણ કે—(रूवगयं लब्भइ सव्वं) બધા રૂપી દ્રવ્યને જાણે, આવું કહેલું છે,

ઉ૦—સૂક્ષ્મ દેખે છે, માટે બાદર પણ દેખે, એવો નિયમ નથી, તથા બાદર દેખે, માટે સૂક્ષ્મ પણ દેખે તેવો પણ નિયમ નથી, કારણ કે—

અવધિજ્ઞાન ઉત્પન્ન થતાં અગુરૂ લઘુનો આરંભક તેને જોવા છતાં ગુરૂલઘુને જોતો નથી, અથવા અતિસ્થૂલ ઘટ વિગેરેને મન: પર્યવજ્ઞાની જાણવા છતાં ફકત મનો દ્રવ્યમાંજ જાણવા પણું રહે, પણ અતિસ્થૂલ એવા બીજા દ્રવ્યોમાં નહિ, આ પ્રમાણે વિજ્ઞાન વિષયના વિચિત્ર પણાનો સંભવ થયે છતે સંશય દૂર કરવા માટે એક પ્રદેશમાં અવગાહીનું ગ્રહણ કરવા છતાં શેષ ( બાકી, ના ) વિષયોનું વિશેષ બતાવવું તે અદોષ ( સારૂં ) છે, અથવા એક પ્રદેશ અવગાહી ગ્રહણ કરવાથી પરમાણુ આદિથી કાર્મણ સુધીનું ગ્રહણ છે, અને ત્યાર પછીનામાં અગુરૂ લઘુનું ગ્રહણ કર્યું છે, ચ શબ્દથી ગુરૂલઘુ ઔદારિક વગેરેનું ગ્રહણ છે, આ પ્રમાણે પરમ અવધિ વાળાને સર્વ પુદ્ગળોનું વિશેષ વિષયપણું બતાવેલું જાણવું.

તેવાનેજ પછી સિદ્ધ કરીને કહેશે કે બધા રૂપી પદાર્થને તે જાણે છે; માટે તેમાં દોષ નથી આવતો. ઉપર બતાવેલ એક પ્રદેશ અવગાઢ વિગેરે છે, તેજ બધું રૂપી છે, પણ બીજું નથી ( આવું સામાન્ય બુદ્ધિવાળાને ખુલ્લું સમજવા કહ્યું છે ) ॥ ૪૪ ॥

આ પ્રમાણે પરમાવધિનો દ્રવ્યને આશ્રયી વિષય કહ્યો, હવે ક્ષેત્ર કાળને આશ્રયી બતાવે છે,

**परमोहो असंखिज्जा, लोगमित्ता समा असंखिज्जा ।**
**रूवगयं लहइ सव्वं, खित्तोवमिअं अगणिजीवा ॥ नि ४५ ॥**

પરમ તેજ આ અવધિ–તે પરમાવધિ જ્ઞાની ક્ષેત્રથી અસંખ્યેયલોક માત્ર (ખંડોને) જાણે, કાળથી અસંખ્યેય ઉત્સર્પિણી અવસર્પિણીઓને જાણે, તથા દ્રવ્યથી મૂર્ત્ત દ્રવ્ય માત્રને જાણે, એટલે પરમાણુથી માંડીને બધા ભેદ સહિત પુદ્ગલાસ્તિકાયનેજ જાણે, ભાવથી હવે પછી કહેવાતા બધા પર્યાયોને જાણે, ( અસંખ્યેય લોક ખંડનો અર્થ એ છે કે ક્ષેત્રથી એટલા બધા દૂરના પદાર્થો પણ હોય તો જાણે. આ ઉત્કૃષ્ટ પરમાવધિનો વિષય બતાવવા કહ્યું ) અગ્નિ જીવોનું સ્વરૂપ પૂર્વે બતાવ્યું છે, તે પ્રમાણે જાણવું,

પ્ર૦––રૂપ ગત સર્વ જાણે, એ અર્થથી ગઈ ગાથામાંજ જણાવ્યું. અહીં ફરી ગાથામાં કેમ કહ્યું ?

આથી બીજું રૂપ ગત દ્રવ્ય નથી તે બતાવવા કહ્યું,

અથવા પૂર્વની ગાથામાં એક પ્રદેશ અવગાઢ વિગેરે પરમ અવધિનું દ્રવ્ય પરિમાણ કહ્યું, અહીં કહ્યું તે ' રૂપ ગત બધું જાણે ' તે ક્ષેત્ર કાળ બંનેનું વિશેષણ કહ્યું, તેનો સાર આ છે કે રૂપિ દ્રવ્યના નિબંધન પણાથી ક્ષેત્ર કાળને ન જાણે, પણ તેમાં રહેલા પુદ્ગળ દ્રવ્યોને જાણે, કારણ કે ક્ષેત્ર કાળ તો અરૂપી છે, ॥ ૪૫ ॥ આ પ્રમાણે પુરૂષને આશ્રયી ક્ષાયોપશમિક અવધિ અનેક પ્રકારે કહ્યું. હવે તીર્યંચને આશ્રયી કહે છે;

**आहार तेय लंभो, उक्कोसेणं तिरिक्ख जोणीसु;**
**गाउय जहण्ण मोही, नरएसु उ जोयणुक्कोसो ॥ नि ४६ ॥**

આહાર તૈજસ ગ્રહણ કરવાથી ઔદારિક, વૈક્રિય, આહારક, તૈજસ દ્રવ્યો લેવાં, એટલે આહારક તૈજસના લાભથી ઉત્કૃષ્ટ તીર્યક્ યોનિમાં છે, તેનો સાર આ છે, કે તીર્યક્ યોનિમાં જે અવધિજ્ઞાન થાય, તે ઉત્કૃષ્ટથી દ્રવ્યથી આહારક શરીર તથા તૈજસ શરીરના દ્રવ્યોને જાણે. તેજ પ્રમાણે પૂર્વે બતાવ્યા પ્રમાણે દ્રવ્યના અનુસારેજ ક્ષેત્ર કાળ ભાવોને પણ જાણવાનું જાણી લેવું. હવે ભવપ્રત્યય અવધિનું સ્વરૂપ કહે છે, તે દેવતા નારકીનેજ હોય છે, તેમાં નારકીને થોડું હોય છે, તે આશ્રયી પ્રથમ કહે છે, તે જઘન્યથી ગાઉ જાણે છે, જે નરોને બોલાવે ( કુમાર્ગે ગયેલાને પોતાના તરફ ખેંચે ) તે નારક છે, તેમને ઉત્કૃષ્ટથી અવધિજ્ઞાન એક યોજનનું છે, તેનો સાર આ છે કે નારકીમાં જે ઉત્કૃષ્ટ અવધિ થાય તે ક્ષેત્રથી એક યોજન છે, ( એમાં પણ ક્ષેત્રમાં રહેલ પુદ્ગલાસ્તિકાય દ્રવ્યને

જાણે, એમ સમજવું; ) અને ક્ષેત્રના આધારે પૂર્વે કહેલ છે, તે પ્રમાણે દ્રવ્ય પર્યાયો વિગેરે સંબંધી પણ જાણવું. આ પ્રમાણે નારક જાતિને આશ્રયી જઘન્ય ઉત્કૃષ્ટ ભેદ કહ્યો, હવે રત્નપ્રભાદિ પ્રથિવીની અપેક્ષાએ ઉત્કૃષ્ટ જઘન્ય ભેદ કહે છે.

**चत्तारि गाउ आइं, अध्धुट्ठाइं तिगाउया चेव।**
**अड्ढाइज्जा दुण्णिय, दिवड्ढ मेगं च निरएसु ॥ नि ४७ ॥**

અહીં નરક તે નારકીને રહેવાના સ્થાનો, તે સાત પૃથ્વીને આધારે રહેલ હોવાથી તેના સાત ભેદ પડે છે, તે રત્નપ્રભાદિ આધારવાળા નરક સ્થાનોમાં આ બતાવેલ અનુક્રમ વડેજ ઘન્ય ઉત્કૃષ્ટ ભેદવાળું અવધિનું ક્ષેત્ર પરિમાણ છે, નરક કહેવાથી નારકીના જીવ ત્યાં રહ્યા છે, તે લેવા, તેમાં પ્રથમ રત્નપ્રભામાં ઉત્કૃષ્ટ અવધિજ્ઞાન ક્ષેત્રથી એક યોજન છે, અને જઘન્યથી ૩ા ગાઉ છે, એ પ્રમાણે શર્કરાપ્રભામાં ઉત્કૃષ્ટ ૩ા ગાઉ જઘન્યથી ૩ ગાઉ છે, આ પ્રમાણે સર્વત્ર અવધિજ્ઞાન ઉત્કૃષ્ટ જઘન્યમાં અડધો ઘટાડતાં છેવટે મહાતમઃપ્રભા નારકીમાં ઉત્કૃષ્ટ અવધિ ૧ ગાઉ છે, અને જઘન્યથી અડધો ગાઉ છે, ( એક વચનનું કારણ રત્નપ્રભા વિગેરેમાં નારકીની જાતિની અપેક્ષાએ છે ) વચમાંની નારકીનું નથી કહ્યું; પણ ગણતરીથી જાણી લેવું; કારણકે ગાથામાં ટુંકામાં બતાવ્યું છે.

પ્ર૦—ઉત્કૃષ્ટથી યોજન જઘન્યથી ૩ા ગાઉ, એ શાથી કહ્યું ?

ઉ—સૂત્રથી તે પ્રમાણે છે,

હે પ્રભો ! રત્નપ્રભા પૃથ્વીના નારકીનું અવધિજ્ઞાન ક્ષેત્રથી કેટલું છે ?

ઉ૦—જઘન્યથી ૩॥ ગાઉ, ઉત્કૃષ્ટથી ૪ ગાઉ, એ પ્રમાણે મહાતમઃ પૃથ્વીમાં જઘન્યથી અડધો ગાઉ ઉત્કૃષ્ટથી એક ગાઉ છે,

પ્ર૦—જ્યાં એવું લખ્યું છે કે જઘન્ય અવધિજ્ઞાન નારકીમાં એક ગાઉનું છે, તેનો વાંધો આવશે ?

ઉ૦—ત્યાં ઉત્કૃષ્ટથી કહ્યું, અહીં અડધો ગાઉ જઘન્યથી છે, માટે દોષ નથી.

તેનો સાર એ છે, કે ઉત્કૃષ્ટથી સાતમી પૃથ્વીમાં છેવટે એક ગાઉ રહે. તે જઘન્યથી પણ સાતમી નારકીનું અડધો ગાઉ રહે તે ઉપરથી સમજી લેવું, ॥ ૪૭ ॥ નારકી સંબંધી ભવ પ્રત્યય અવધિનું સ્વરૂપ કહીને હવે દેવતાનું ભવપ્રત્યી અવધિ કહે છે.

**सक्कीसाणा पढमं, दुच्चं च सणंकुमार माहिंदा।**
**तच्चं च बंभलंतग, सुक्क सहस्सारय चउत्थीं ॥ नि ४८ ॥**
**आणय पाणय कप्पे, देवापासंति पंचमि-‐पुढवीं।**
**तंचेव आरणच्चुय, ओहीनाणेण पासंति ॥ नि-४९ ॥**
**छट्ठिं हिट्ठिम मज्झिम गेविज्जा सत्तमिंच उवरिल्ला,**
**संभिण्ण लोगनालिं, पासंति अणुत्तरा देवा ॥ नि ५० ॥**

શક્રઇશાન તે સૌધર્મ અને ઇશાન દેવ લોકમાં રહેનારા સામાનિક વિગેરે દેવતાઓ પોતાના અવધિજ્ઞાનવડે

રત્નપ્રભા પ્રથિવી સુધી દેખે છે, અને સનત્કુમાર માહેંદ્ર દેવતાઓ બીજી પૃથિવી સુધી તથા બંભ ( બ્રહ્મ ) લોક અને લાંતક દેવો ત્રીજી તથા શુક્ર સહસાર દેવલોકવાળા ચોથી પૃથિવી સુધી દેખે છે ॥ ૪૮ ॥ આણુત પ્રાણુતવાળા દેવો પાંચમી તથા આરણ અચ્યુતવાળા પણ તેજ દેખે, પણ તેઓ વિશેષ નિર્મળ પણે અને વધારે દેખે, ॥ ૪૯ ॥ લોક પુરૂષના ગ્રીવા ( ગળા ) ના આકારમાં રહેલા નીચલા મધ્યના ગ્રૈવેયક છે, તે તમ: નામની છઠ્ઠી નારકી સુધી દેખે છે, અંને ઉપરના ગ્રૈવેયક નિવાસી સાતમી નારકી સુધી દેખે છે, તથા અનુત્તર વિમાન વાસી દેવો ૧૪ રાજલોક તે કન્યાના ચોલક સંસ્થાન સમાન અવધિજ્ઞાનવડે લોક નાડીને દેખે છે, ( દેવ શબ્દ લેવાનું કારણ એ છે કે ત્યાં એકેંદ્રિય વિગેરે અન્ય જીવો રહે છે, તેનો ખુલાસો કરવા માટે છે. ) આ પ્રમાણે ક્ષેત્રના અનુમાને દ્રવ્ય પર્યાય વિગેરેમાં પણ પૂર્વે બતાવ્યા પ્રમાણે જાણી લેવું, ॥ ૫૦ ॥ આ પ્રમાણે દેવોનું નીચેની બાજુનું અવધિનું ક્ષેત્ર પ્રમાણ બતાવીને હવે તીરછું તથા ઉંચેનું બતાવે છે,

**एए सिमसंखिज्जा तिरियं दीवाय सागरा चेव ।**
**बहुअ अरं उवरिमग्गा उड्ढं सग कप्पथू भाई ॥ नि ५१ ॥**

ઉપર બતાવેલ સૌધર્મ વિગેરે દેવોનું તીરછું અવધિ જ્ઞાન અસંખ્યેય દ્વીપ (જંબુદ્વિપ આદિ) સાગર (લવણ વિગેરે) પ્રમાણક્ષેત્રથી હોય છે. અને ઉપર ઉપરના દેવો વધારે વધારે દ્વિપ સાગરો જુએ છે, પણ તે દરેક કલ્પવાસી દેવો ઉંચે તો

પોતાના સ્તૂપ તથા ધ્વજા વિગેરે જેટલું જુએ. આ પ્રમાણે વૈમાનિકનું કહીને સામાન્યથી દેવોનું અવધિ જ્ઞાન બતાવે છે.

**संखेज्ज जोयणाखलु, देवाणं अद्धसागरे ऊणे ।**
**तेण परम संखेज्जा, जहण्णयं पंच वीसंतु ॥ नि ५२ ॥**

સંખ્યેય સાથે યોજન જોડવાથી સંખ્યેય યોજન થાય, એવ શબ્દ 'જ' ના અર્થમાં છે, તેનો બંને સાથે સંબંધ થાય છે, તે બતાવીશું, કે જે દેવને અર્ધ સાગરોપમથી ઓછું આયુષ્ય હોય તેને સંખ્યાતા જોજનનું અવધિજ્ઞાન ક્ષેત્રથી હોય, અને તે ઉપરના આયુષ્યવાળાને અસંખ્યેય યોજનનું અવધિજ્ઞાન હોય, આ અધિકાર વૈમાનિક દેવોનું પૂર્વે વર્ણન કર્યું, તેમાં ન ગણવો, પણ તે સિવાયના બીજા દેવો આ-શ્રયી સામાન્યથી જાણવું, અને વિશેષથી તો ઉંચે નીચે અને તીરછું સંસ્થાન વિશેષથી જાણવું, અને જઘન્યથી દેવોને અવધિજ્ઞાન ૨૫ જોજનનું હોય છે, એવકારના અર્થમાં 'તુ' શબ્દ છે, તેથી એમ જાણવું કે દશ હજાર વર્ષના આયુષ્યવાળા ભુવનપતિ વ્યંતર દેવોને ૨૫ યોજનનું હોય છે, જ્યોતિષી દેવોને અસંખ્યેય વર્ષનું આયુષ્ય હોવાથી સંખ્યેય યોજનનું અવધિજ્ઞાન જઘન્ય ઉત્કૃષ્ટથી જાણવું, ( કારણ કે તેમનું આયુ અર્ધ સાગરોપમથી ઓછું છે ) વૈમાનિક દેવોને જઘન્યથી અવધિજ્ઞાન અંગુલના અસંખ્યેય ભાગમાત્ર જાણવું, અને તે ઉપપાત કાળે પરભવ સંબંધી હોય છે, તે આશ્રયી જાણવું,

ઉત્કૃષ્ટથી તો ઉપર બતાવેલ સંભિન્નલોક નાહિને અનુત્તર દેવો જુએ, તે ૫૧મી ગાથામાં કહ્યું છે, તેજ બસ છે ॥૫૨॥

હવે આ અવધિ જેઓને વિષે સર્વ ઉત્કૃષ્ટ ભેદથી ભિન્ન છે, તે બતાવે છે;

**उक्कोसो मणुएसुं, मणुस्स तिरिएसुय जहण्णोय**
**उक्कोस लोगमित्तो, पडिवाइ परं अपडिवाइ ॥ नि ५३ ॥**

દ્રવ્યથી ક્ષેત્રથી કાળથી અને ભાવથી ઉત્કૃષ્ટ અવધિ મનુષ્યોમાંજ છે, પણ અમર વિગેરેમાં નથી; તથા જઘન્ય પણ મનુષ્ય અને તિર્યંચમાંજ છે, પણ નારકી દેવતામાં તેટલું જઘન્ય નથી, તેમાં સૌથી ઉત્કૃષ્ટ લોક માત્ર અવધિ છે, કે જે પાછું પડી પણ જાય, ત્યાર પછી જે અવધિ વધે, તે અપ્રતિપાતિજ છે.

લોક માત્ર આદિ અવધિનું માન બતાવતાં પ્રસંગથી પ્રતિપાતિ અપ્રતિપાતિનું સ્વરૂપ બતાવ્યું તેમાં કંઈ દોષ નથી; ॥ ૫૩ ॥

ક્ષેત્ર પરિમાણદ્વાર કહ્યું, હવે સંસ્થાનદ્વાર કહે છે.

**थिबुया यार जहन्नो, वट्टो उक्कोस मायओ किंची**
**अजहण्ण मणुक्कोसोय खित्तओणेग संठाणो ॥ नि ५४ ॥**

સ્તિબુક તે પાણીનું બિંદુ તેનો આકાર તેવું જઘન્ય અવધિ છે, તેને ખુલાસાથી કહે છે, તે બધી બાજુથી વૃત્ત (ગોળ) હોય છે, કારણ કે પનકક્ષેત્રનું વર્તુળ પણું છે, ઉ-

ત્કૃષ્ટથી આયત ( દીર્ઘ ) છે, તથા અગ્નિના જીવોની શ્રેણિના જરા પરિક્ષેપની દેહની અનુવૃત્તિપણે છે, તથા મધ્યમ અવધિ ક્ષેત્રથી અનેક સંસ્થાનવાળો છે, ॥ ૫૪ ॥

હવે જઘન્ય ઉત્કૃષ્ટનું સંસ્થાન કહીને મધ્યમ અવધિ સંસ્થાનોને કહે છે.

**तप्पागारे पल्लग पडहग झल्लरि मुइंग पुप्फजवे; तिरियमणुप्सुओही; नाणाविह संठिओ भणिओ ॥ नि ५५ ॥**

તપ્ર તે ઉડુપક (ત્રાપો) તેના આકારનું છે, તથા લાટ દેશમાં ધાન્યનું આલય (કોઠાર ) તે પલ્લકના આકારે છે, તથા પટહ તે એકજાતનું વાજું છે, તેના આકારે છે, તથા ચામડાથી મઢેલી વિસ્તીર્ણ વલયાકારે ઝલ્લરી છે તે પણ એક જાતનું વાજું છે, તથા ઉંચે આયત નીચે વિસ્તીર્ણ અને ઉપર પાતળું મૃદંગ છે, તે પણ વાજું છે, તથા પુષ્પની સૂચનાથી પુષ્પ શિખાની આવલિથી રચેલી ચંગેરી તે પુષ્પ ચંગેરી છે, તથા યવ શબ્દથી યવનાલક તે કન્યાનો ચોલક છે, આ તપ્રથી લઇને યવનાલક સુધીના આકારે અવધિજ્ઞાન છે, તે અનુક્રમે નારક ભુવનપતિ વ્યંતર જ્યોતિષી તથા વૈમાનિકના કલ્પવાસી દેવ, તથા કલ્પાતીત તે નવગ્રૈવેયક અનુત્તર સુરોને અનુક્રમે સર્વ કાલ નિયતથી અવધિ જાણવું, તિર્યંચ અને મનુષ્યમાં જુદા જુદા આકારનાં અનિયત છે, અહીં દૃષ્ટાંત કહે છે કે જેમ સ્વયંભૂરમણ સમુદ્રમાં માછલાં અનેક પ્રકારનાં છે, તેમાં વલયના આકારનાં માછલાં નિષેધ્યાં છે, અને અવધિજ્ઞાન તેવા આકા-

રનું પણ છે, એવું તીર્થંકર ગણધરોએ કહેલું છે, આ અવધિજ્ઞાન ભુવનપતિવ્યંતરો ને ઉંચે બહુ હોય છે, વૈમાનિકને નીચે અને જયોતિષ નારકીને તીરછું છે.

અને વિચિત્ર પ્રકારે માણસ અને તિર્યંચને છે, સંસ્થાન ( આકાર ) દ્વારને કહીને હવે આનુગામુકદ્વાર કહે છે.

अणुगामिओ उ ओही, नेरइयाणं तहेव देवाणं ।
अणुगामी अणणुगामी; मीसोय मणुस्स तेरिच्छे ॥ नि ५६॥

લોચન ( આંખ ) માફક જયાં જાય ત્યાં સાથે જાય, તે આનુગામુક અવધિ છે, તે નારકી તથા દેવોને હોય છે, અને જડેલા સ્થંભ ઉપરના દીવા માફક અનનુગામુક છે, તથા કોઈ અંશે સાથે જાય, કોઈ અંશે સાથે ન જાય, જેમ એક લોચન નાશ પામ્યું હોય, તો તેનાથી ન દેખાય, તેમ તે અવધિજ્ઞાનીને બધું સાથે ન જાય, થોડું જાય તે મિશ્ર છે, આવું ત્રણે પ્રકારનું તે આનુગામુક સાથે જનારૂં, અનનુગામુક તથા મિશ્ર અવધિજ્ઞાન મનુષ્ય તિર્યંચને હોય છે. ॥ ૫૬ ॥

આનુગામુકદ્વાર કહીને હવે અવસ્થિતદ્વારના અવયવોને કહે છે.

खित्तस्स अवट्ठाणं तित्तीसं सागराउ कालेणं ।
दव्वे भिण्णमुहुत्तो, पज्जवलंभे य सत्तट्ठ ॥ नि ५७ ॥
अद्धाइ अवट्ठाणं, छावट्ठी सागरा उ कालेणं ।
उक्कोसगं तु एयं, इक्को समओ जहण्णेणं ॥ नि ५८ ॥

અવસ્થિત તે અવસ્થાન છે, તે અવધિજ્ઞાનનું આધાર

ઉપયોગ તથા લબ્ધિથી ચિંતવે છે, તેમાં પ્રથમ ક્ષેત્ર એનો આધાર છે માટે ક્ષેત્ર સંબંધી કહે છે.

તેમાં અવિચલિત હોય તે ૩૩ સાગરોપમ સુધી અનુત્તર વિમાનના દેવોનેજ હોય છે, તે કાળ આશ્રયી પણ બતાવી દીધું, તથા દ્રવ્ય સંબંધી અવધિનું ઉપયોગ અવસ્થાન ભિન્ન મુહૂર્ત્ત છે, તથા પર્યવો આશ્રયી સાત આઠ સમય છે, અન્ય આચાર્યો કહે છે કે પર્યાયોમાં સાત સમયનું અવધિ છે અને ગુણો આશ્રયી આઠ સમયનું છે, તેમાં સહવર્ત્તી તે ગુણો ધોળું વિગેરે છે, અને પર્યાયો નવું જુનું છે, આ દ્રવ્ય ગુણ અને પર્યાયોમાં અનુક્રમે સૂક્ષ્મપણાથી સ્તોક ઉપયોગ પણ છે, ( એટલે અવધિજ્ઞાની દેવ દેવી દ્રવ્યમાં કે ગુણ પર્યાયમાં લક્ષ્ય રાખે તો આટલો સમય રહી શકે ) ॥ ૫૭ ॥

અહીં લબ્ધિથી અવસ્થાન કહે છે, અદ્ધા તે કાળ છે, અને તે અવધિ જ્ઞાનની લબ્ધિને આશ્રયી ચિંતવે છે, તેમાં અન્યત્ર ક્ષેત્ર વિગેરેમાં ૬૬ સાગરોપમ છે, 'તું' વિશેષણના અર્થમાં છે, તેથી એમ જાણવું કે ૬૬ સાગરોપમથી થોડુંક અધિક ઉત્કૃષ્ટથી કાળ આશ્રયી જાણવું,

જઘન્યથી દ્રવ્યાદિમાં દ્રવ્ય વિગેરેમાં એક સમયનું અવસ્થાન છે, તે મનુષ્ય તિર્યંચને આશ્રયી સપ્રતિપાત ઉપયોગને આશ્રયી અવિરૂદ્ધ છે ( અવધિજ્ઞાન ઉત્પન્ન થવાના બીજા સમયે કાળ ધર્મ પામે તે આશ્રયી છે, દેવતા નારકીને

પણ છેલ્લા સમયે સમ્યકત્વ પ્રાપ્ત થાય અને પછી ચવી જતાં એક સમયનું વિભંગ જ્ઞાનથી અવધિજ્ઞાન થાય, તેમાં પણ કંઈ વિરોધ નથી, ॥ ૫૮ ॥

અવસ્થિત દ્વાર કહીને ચલ દ્વાર કહે છે,

**वुड्ढीवाहाणीवा, चउव्विहा होइ खित्तकालाणं ।**
**दव्वेसुहोइ दुविहा, छव्विह पुण पज्जवे होइ ॥ नि ५९ ॥**

ચલ અવધિ તે વધનારો કે ઘટનારો હોય છે, તે વૃદ્ધિ હાનિ ક્ષેત્ર કાળ આશ્રયી ચાર પ્રકારની જિનેશ્વરે બતાવી છે, તે આ પ્રમાણે અસંખ્યેય ભાગ વૃદ્ધિ સંખ્યેય ભાગ વૃદ્ધિ તથા સંખ્યેય ગુણ વૃદ્ધિ અસંખ્યેય ગુણ વૃદ્ધિ એ પ્રમાણે હાનિમાં પણ જાણવું, પણ અનંત ભાગ વૃદ્ધિ કે અનંત ગુણ વૃદ્ધિ ન થાય, તેમ હાનિ પણ ન થાય, કારણકે ક્ષેત્ર કાળમાં અનંતું અવધિજ્ઞાનથી દેખાતું નથી, પણ તે ચાર સિવાયની પણ અનંત ભાગવૃદ્ધિ અનંત ગુણ વૃદ્ધિ દ્રવ્યોમાં થાય છે, તેમ હાનિનું પણ અનંત ગુણ અનંત ભાગ થાય છે, કારણકે પુદ્ગળ દ્રવ્યો અનંતા છે, અને તે અવધિજ્ઞાની જુએ છે, તથા પર્યાયોમાં પણ છ ભેદ ઉપર બતાવેલા દ્રવ્યો જેવા છે, કારણકે પર્યાયો પણ અનંતા છે, તે છ આ પ્રમાણે.

અનંત ભાગ વૃદ્ધિ, અસંખ્યેય ભાગ વૃદ્ધિ, સંખ્યેય ભાગ વૃદ્ધિ, તેમજ સંખ્યેય ગુણ, અસંખ્યેય ગુણ, અનંત ગુણ વૃદ્ધિ થાય છે, તેમ હાનિનું પણ સમજવું.

પ્ર૦—ક્ષેત્રની અસંખ્યેય ભાગાદિની વૃદ્ધિમાં તેના

આધેયરૂપ દ્રવ્યો પણ તેના નિબંધન હોવાથી અસંખ્યેય ભાગાદિજ વૃદ્ધિ હો, તે પ્રમાણે દ્રવ્યની અનંત ભાગાદિ વૃદ્ધિમાં તેના પર્યાયોમાં પણ અનંતભાગાદિ વૃદ્ધિ છે, તેથી છ સ્થાનક થયાં ?

ઉ૦—સામાન્ય ન્યાયને અનુસરી આ કહ્યું છે, તેથી એમજ છે, પણ જ્યારે ક્ષેત્ર અનુવૃત્તિએ પુદ્‌ગળોને ગણીએ તો તમે કહ્યું તેમજ થાય, અને પુદ્‌ગળની અનુવૃત્તિએ પર્યાયો ગણીએ તો તેમ થાય, પણ અહીં એમ નથી, કારણકે પોતાના ક્ષેત્રથી અનંતગુણા પુદ્‌ગલો છે, અને તેનાથી પણ અનંતગુણા પર્યાયો છે, માટે જ્યાં જેમ કહ્યું ત્યાં તે ઠીક છે, કારણ કે દરેક પ્રતિનિયત વિષય છે, ( પુદ્‌ગળો ક્ષેત્રમાં જુએ, છતાં ત્યાં પ્રધાનના ક્ષેત્રને આશ્રયી હોવાથી ક્ષેત્ર ન જોવા છતાં જેટલા ક્ષેત્રમાં રહ્યું તે ક્ષેત્ર પ્રદેશોમાં અનંતપણું લાગુ ન પડે, તેમ કાળમાં દ્રવ્યો જુએ તે અનંતા પણ હોય, પણ ત્યાં કાળને આશ્રયી પ્રધાનપણું હોવાથી કાળ સાક્ષાત્‌ ન દેખે, પુદગળ દેખે, છતાં ગણતરી કાળની લેવાથી તે અવધિજ્ઞાનીને અનંતા કાળનું જ્ઞાન ન હોય માટે અનંત ગુણ વૃદ્ધિ કે અનંત ભાગ વૃદ્ધિ ન લીધી તેમ હાનિ પણ લીધી નહીં ) ॥ ૫૯ ॥ ચલદ્વાર કહીને હવે તીવ્રમંદદ્વાર કહે છે,

**फड्डाय असंखिज्जा, संखेज्जा यावि एगजीवस्स**
**एक फड्डुवओगे, नियमासव्वत्थ उवउत्तो ॥ नि ६० ॥**
**फड्डाय आणुगामी, अणाणुगामीय मीसगा चेव ।**
**पडिवाइ अपडिवाई, मीसोय मणुस्स तेरिच्छे ॥ नि ६१ ॥**

ફડુકા તે અવધિજ્ઞાનને નિકળવાના દ્વારો અથવા ગોખ કે જાળી વિગેરેમાંથી દીવાની પ્રભાનો જાળીયાના રૂપમાં બહાર આવે છે, તે એક જીવને સંખ્યેય અને અસંખ્યેય, હોય છે, તે ફડુકા ઉપયોગમાં હોય ત્યારે સર્વે ફડુકા સાથે ઉપયોગમાં આવે છે, કારણ કે ફડુકા ઘણા છતાં પણ જીવનો ઉપયોગ એકજ હોય છે, જેમ બે લોચનનો ઉપયોગ એકજ છે, અથવા પ્રકાશમય હોવાથી પ્રદીપના માફક જેમ દીવો બધે પ્રકાશે તેમ તે ફડુકા બધું સાથે દેખે છે.

પ્ર૦—તીવ્રમંદ દ્વારનો ચાલતો વિષય છોડીને ફડુકાના અવધિનું સ્વરૂપ બતાવતાં વિષયનો વિરોધ થાય છે.

ઉ૦—પ્રાયે અનુગામુક, અપ્રતિપાતિ લક્ષણવાળા ફડુકા તીવ્ર છે, તથા તેથી ઉલટા અનનુગામુક તથા પ્રતિપાતિ લક્ષણવાળા મંદ છે, અને બંને સ્વભાવવાળા મિશ્ર ફડુકા છે. ॥ ૬૦ ॥

ફડુકાનું સ્વરૂપ પહેલાંની ગાથામાં બતાવ્યું, તે અનુગમનના સ્વભાવવાળા આનુગામુક અને તેથી ઉલટા અનનુગામુક અને ઉભય સ્વરૂપવાળા મિશ્ર છે, અને તે આનુગામુક વિગેરે પડવાના સ્વભાવવાળો પ્રતિપાતિ છે, એ પ્રમાણે અપ્રતિપાતિ તથા મિશ્ર પણ જાણવા, આ બધા ફડુકા માણસ તિર્યંચમાં જે અવધિજ્ઞાન થાય છે, તેમાંજ હોય છે.

પ્ર૦—આનુગામુક અને અપ્રતિપાતિમાં શું ફેર છે? તથા અનનુગામુક તથા પ્રતિપાતિમાં શું ફેર છે?

ઉ૦—અપ્રતિપાતિ આનુગામુકજ હોય, પણ આનુગામુક તો પ્રતિપાતિ કે અપ્રતિપાતિ પણ હોય, તથા જે પડે તે પ્રતિપાતિ છે, અને પડેલ હોય તે દેશાંતરમાં ઉત્પન્ન પણ થાય ( માટે તે અનુગામુક કહેવાય ) પણ આવી રીતે અનનુગામુક ન હોય, આ પ્રમાણે તીવ્રમંદ દ્વાર કહ્યું. હવે પ્રતિપાત તથા ઉત્પાદ દ્વાર કહે છે.

**बाहिर लंभे भज्जो, दव्वे खित्तेय काल भावेय।**
**उप्पा पडिवाओऽवियं, तं उभयं एग समपणं ॥ नि ६२ ॥**

**अब्भिंतर लद्धीए, उ तदुभयं नत्थि एग समपणं ।**
**उप्पा पडिवाओवियं एगयरो एग समपणं ॥ नि ६३ ॥**

દેખનાર બહાર જે અવધિ તે એક દિશામાં અથવા ઘણી દિશામાં વિછિન્ન હોય તે બાહ્ય છે, તેનો લાભ તે બાહ્ય લાભ અવધિ કહેવાય, આ બાહ્ય લાભ થયો હોય ત્યારે ભજના જાણવી.

પ્ર૦—શાની ?

ઉ૦—ઉત્પાદ પ્રતિપાત તે બંનેનો ગુણુ એક સમયમાં થાય.

પ્ર—શા વિષયમાં ?

ઉ૦—દ્રવ્યના વિષયમાં, એ પ્રમાણે ક્ષેત્ર કાળ ભાવના વિષયમાં પણ જાણવું, ( ગાથામાં અપિ તથા ચ શબ્દ પૂરણ તથા સમુચ્ચયના અર્થમાં છે, ) આ બધાનો ભાવાર્થ કહે છે, એક સમયમાં દ્રવ્ય વિગેરેના વિષયમાં બાહ્ય અવધિજ્ઞાનનો

કદાચ ઉત્પાદ થાય તો કદાચ વ્યય પણ થાય, કોઈ વખતે બંને પણ થાય, તેમાં દાવાનળનું દૃષ્ટાંત છે, જેમ કોઈ દાવાનળ એક કાળેજ એક બાજુએ દીપે (બળે) અને બીજી બાજુએ બુઝે, તેમ એક ભાગમાં અવધિ થાય અને બીજે ઠેકાણે ચવીજાય ( નષ્ટ થાય, ) ॥ ૬૨ ॥

અહીં દેખનારને સર્વ બાજુએ સંબદ્ધ પ્રદીપ (દીવા) ની પ્રભાના સમૂહ માફક હોય તે અવધિને અભ્યંતર અવધિ કહે છે, તેની લબ્ધિ અભ્યંતર લબ્ધિ છે. તે હોય ત્યારે તુ શબ્દ વિશેષણ છે, તે એમ સૂચવે છે કે ઉત્પાત અને પ્રતિપાત બંને એક સમયમાં ન હોય, દ્રવ્યાદિના વિષયમાં—, ત્યારે કેમ છે ? ઉત્પાદ હોય અથવા પ્રતિપાત એક સમયમાં હોય, અપિ શબ્દ 'એવ'ના અર્થમાં છે, તેનો ભાવાર્થ આ છે, કે પ્રદીપનો ઉત્પાદ અથવા પ્રતિપાત (બુઝવું) એક સમયમાં એક હોય, પણ અભ્યંતર અવધિમાં બે સાથે ન હોય, કારણકે એક દ્રવ્યના ઉત્પાદ વ્યય બંને સાથે એક સમયે ન હોય, જેમ અંગુલીનું આકુંચ ( સંકોચ ) અને પ્રસારણ ( લાંબું કરવું ) સાથે ન હોય, ॥ ૬૩ ॥ પ્રતિપાત અને ઉત્પાદ દ્વાર કહ્યાં, હવે **संखेज्ज मणोदव्वे भागोलोक पलयस्सि** ૪૨ ગાથામાં કહ્યું, તેમાં દ્રવ્ય આદિ ત્રણનો પરસ્પર ઉપ નિબંધ કહ્યો, હવે દ્રવ્ય પર્યાયનો પ્રસંગથીજ ઉત્પાદ પ્રતિપાતના અધિકારમાં પરસ્પર ઉપ નિબંધ બતાવે છે.

**दव्वाओ असंखिज्जे संखेज्जे आविपज्जवे लहइ ।**
**दोपज्जवे दुगुणिए, लहइय एगाउ दव्वाउ ॥ नि ६४ ॥**

પરમાણુ આદિ એક દ્રવ્યને જોતો દ્રવ્યના સંબંધથી ઉત્કૃષ્ટથી અસંખ્યેય તથા મધ્યમથી સંખ્યેય પર્યાયોને જુએ, તથા જઘન્યથી એક દ્રવ્યમાં બે પર્યાયો જુએ, તેનો ભાવાર્થ આ છે, કે વર્ણ ગંધ રસ સ્પર્શોનેજ દરેક દ્રવ્યમાં દેખે, એક દ્રવ્યમાં અનંતા પર્યાયો ન જુએ, પણ સામાન્યથી તો દ્રવ્યો અનંતા હોવાથી અનંતા દ્રવ્યોના અનંતા પર્યાયો ઉત્કૃષ્ટથી જુએ, ॥ ૬૪ ॥ હવે જ્ઞાન દર્શન વિભંગ દ્વારોના અવયવોને સાથે કહે છે,

**सागारमणागारा, ओहिविभंगा जहण्णगातुल्ला ।**
**उवरिम गेवेज्जेसु उ, परेण ओही असंखिज्जो ॥ नि ६५ ॥**

તેમાં જે વિશેષ ગ્રહણ કરે તે સાકાર અને તેજ જ્ઞાન કહેવાય છે, અને જે સામાન્ય ગ્રાહક છે, તે અવધિ હોય અથવા વિભંગ હોય તે અનાકાર છે, અને તેનેજ દર્શન કહે છે, હવે તે સાકાર અનાકાર અવધિ વિભંગ જઘન્યથી તો બરોબરજ છે, અહીં સમ્યગ્દૃષ્ટિનું અવધિ અને મિથ્યાદર્શીનું વિભંગજ છે, લોકપુરૂષની ગ્રીવા સમાન નવ ગ્રૈવેયક વિમાનો છે, ( तु ) શબ્દ અપિના અર્થમાં છે, તેથી એમ જાણવું કે ભુવનપતિથી લઈને નવ ગ્રૈવેયક સુધી આજ ન્યાય છે, કે સાકાર અનાકાર અવધિ વિભંગજ્ઞાન જઘન્યથી લઈને ( ક્ષેત્ર કાળ રૂપે ) તુલ્ય છે, પણ ઉત્કૃષ્ટથી તુલ્ય નહીં, ત્યાર

પછી અનુત્તર વિમાનોમાં મિથ્યાદષ્ટિ ઉત્પન્ન ન થાય, તેથી અવધિજ્ઞાન દર્શનજ હોય છે, તે અવધિ ક્ષેત્રની અપેક્ષાએ અસંખ્યેય યોજન હોય છે, ॥૬૫॥ હવે દેશદ્વાર વર્ણવે છે,

**णेरइय देव तित्थंकराय ओहिस्सऽबाहिराहुंति ।**
**पासंतिसव्वओ खलु, सेसादेसेण पासंति ॥ नि ६६ ॥**

નારકી દેવ તીર્થંકર અવધિજ્ઞાનથી અબાહ્ય હોય છે, તેનો સાર આ છે, કે તેઓ અવધિએ દેખે ત્યારે ક્ષેત્રની અંદર વર્ત્તે છે, કારણ કે જેમ દીવો ચારે બાજુ પ્રકાશે તેમ આ ત્રણેનું અવધિ બધી બાજુએ દેખે છે, તેથી તેઓ પદાર્થમાં અબાહ્ય અવધિવાળા છે, પણ તેમને બાહ્ય અવધિ નથી (એક બાજુ દેખે બીજી બાજુ નહિ એમ નથી) પણ તેઓ તો બધીજ દિશામાં દેખે છે.

પ્ર૦—અવધિની અબાહ્ય, એથીજ સિદ્ધ થાય છે, કે બધી દિશામાં દેખે છે એ કહેવું વધારે ( નકામું ) છે.

ઉ૦—એમ નથી, અવધિનું અબાહ્યત્વ કહેવાથી અને અભ્યંતર અવધિપણું છતાં પણ બધા અવધિજ્ઞાની બધી દિશાએ જોઈ શકતા નથી, કારણ કે અવધિના વિચિત્રપણાથી દિગંતરાલ ( વચલા ભાગો જાળીયા માફક ) દેખાતા નથી, માટે તે લખવું ઉચિત છે, બાકીના મનુષ્યો તિર્યંચો એક દેશથી દેખે છે, અહીં એમ સમજવાનું કે બધાજ અવધિજ્ઞાની નર તીર્યંચો દેશથી દેખે છે, એમ નહિ, પણ અવ-

ધિજ્ઞાની નર તિર્યંચમાંના શેષ જીવો દેશથી દેખે છે, અથવા બીજી રીતે વ્યાખ્યા કરીએ, તો, નારકદેવ તીર્થંકર અવધિથી અબાહ્ય છે, તેનો અર્થ આ છે કે નિયત અવધિવાળાજ હોય છે, નિયમથી ( નક્કી ) અવધિ હોય છે, તેથી સંશય થાય છે, કે તેઓ સર્વથી જુએ કે દેશથી જુએ ? તેનો ખુલાસો કરે છે, કે સર્વ બાજુથી દેખે છે,

પ્ર૦—જો એમ છે, તો સર્વથીજ દેખે, એમ હો, પણ અવધિથી અબાહ્ય એવું નિયત અવધિપણું કહેવું અનર્થક છે?

ઉ૦—એમ નથી, નિયત અવધિપણાનુંજ એ વિશેષણ છે, કે અવધિ તો અબાહ્ય છે, તેથી એમ સમજાય કે સદા અવધિજ્ઞાનીઓ છે, માટે અદ્દષ્ટ છે.

પ્ર૦—નારક દેવોને ભવ પ્રત્યય અવધિ ગ્રહણ કરવાથી તીર્થંકરોને પણ વધારે પ્રસિદ્ધ છે કે પારભવિક (દેવ નારકી સંબંધી ) અવધિ આવતું હોવાથી નિયત અવધિપણું હોય છે, તો તીર્થંકરનું નામ લેવાની શું જરૂર હતી ?

ઉ૦—નિયત અવધિપણું સિદ્ધ થયા છતાં સર્વ કાળ અવસ્થાયીપણું સિદ્ધ ન થાય, તેથી બતાવ્યું કે અવધિથી અબાહ્ય છે, કે તે તીર્થંકરો હમેશાં અવધિજ્ઞાનવાળા હોયછે, એમ બતાવ્યું તેથી દોષ નથી.

પ્ર૦—જો એમ છે, તો તીર્થંકરોનું સર્વ કાળ અવસ્થાયીપણું છે, તેમાં વિરોધ આવશે.

ઉ૦—નહીં, કારણ કે તેઓને કેવળજ્ઞાન ઉત્પન્ન થયા

છતાં ખરી રીતે તો તેમને તે વ્યાદિનો પરિચ્છેદ સર્વોત્કૃષ્ટ-પણે છે, કેવળજ્ઞાનવડે સંપૂર્ણ અનંત ધર્મવાળી વસ્તુનો પરિચ્છેદ હોય છે, અથવા છદ્મસ્થ કાળ આશ્રયી આ કહ્યું છે, માટે દોષ નથી, બાકીનું બધું પૂર્વ માફક છે, ॥ ૬૬ ॥

દેશદ્વાર કહીને ક્ષેત્રદ્વાર કહે છે,

**संखिज्ज म संखिज्जो, पुरिसम बाहाइ खित्तओ-ओही**
**संबद्ध मसंबद्धो, लोगमलोगेय संबद्धो ॥ नि ६७ ॥**

તેમાં સંબદ્ધ અને અસંબદ્ધ અવધિ થાય છે, તેનો અર્થ આ છે, કે કોઈ દેખનારને પ્રદીપ સાથે પ્રભાની માફક બંધાયેલો છે, કોઈને અસંબદ્ધ હોય છે, જેમ અતિશે અંધારૂં વ્યાપ્યું હોય તેમાં દીવો દૂરથી દેખાય છે તેમ હોય છે, તેમાં જે અસંબદ્ધ છે, તે સંખ્યેય અથવા અસંખ્યેય ( યોજન ) હોય, પૂર્ણ સુખથી દુઃખથી તે પુરૂષ, અથવા પુરિમાં શયન કરવાથી પુરૂષ કહેવાય, તે પુરૂષથી અબાધ હોય તો પુરૂષની અબાધાના કારણે અવધિ ક્ષેત્રથી સંખ્યેય અથવા અસંખ્યેય યોજન હોય છે, તેમ સંબદ્ધ અવધિપણ જાણવું, આ પ્રમાણે સ્વતંત્ર અવધિ ચિંતવ્યો, હવે અબાધાવડે ચિંતવે છે, તેમાં ચોભંગી થાય છે,

( ૧ ) સંખ્યેય અંતર હોય અને સંખ્યેય અવધિ છે, સંખ્યેય આંતરો અસંખ્યેય યોજન અવધિ છે, અસંખ્યેય આંતરો સંખ્યેય અવધિ, તથા અસંખ્યેય આંતરો અસંખ્યેય અવધિ છે, આચાર વિકલ્પ અસંબદ્ધમાં હોય છે, પણ

સંબદ્ધમાં વિકલ્પનો અભાવ છે (કારણકે તેમાંતો પુરૂષને પોતાની આજુ બાજુથી માંડીને અવધિ દેખાય છે, તેમાં આંતરો હોતો નથી )

તથા લોક ૧૪ રજ્જુ પ્રમાણે પંચાસ્તિ કાયવાળો છે, તથા અલોક, તે કેવળ આકાશાસ્તિ કાયવાળો છે, તેમાં લોક કે અલોકમાં સંબદ્ધ હોય છે.

પ્ર૦—કેવી રીતે ?

ઉ૦—પુરૂષમાં અને લોકમાં પણ સંબદ્ધ છે, તે લોક પ્રમાણ અવધિ છે, પણ પુરૂષમાં સંબદ્ધ હોય અને લોકમાં સંબદ્ધ ન હોય તે તો દેશથી અભ્યંતર અવધિ છે, પુરૂષમાં સંબદ્ધ નથી પણ લોકમાં સંબદ્ધ છે, તે ભાંગોશૂન્ય છે, અને લોક કે પુરૂષ બન્નેમાં સંબદ્ધ નથી તે બાહ્યાવધિ છે, તેની ભાવના આ પ્રમાણે છે, લોકમાં અભ્યંતર તે પુરૂષમાં સંબદ્ધ અથવા અસંબદ્ધ હોય, પણ જે લોકમાં સંબદ્ધ છે, તે નિયમથી પુરૂષમાં સંબદ્ધ છે, આ પ્રમાણે ચાર ભાગમાં ત્રીજો ભાંગો શૂન્ય છે, કારણ કે અલોક સંબદ્ધ હોય તે આત્મ સંબદ્ધ જ હોવો જોઇએ, ॥ ૬૭ ॥

હવે ગતિદ્વારનો અવયવ અર્થ બતાવે છે,

**गइ नेरइयाईया, हिट्ठा जहवण्णिया तहेव इहं**
**इड्ढी एसा वण्णिज्जइत्ति तो से सियाओऽवि ॥ नि ६८ ॥**

તેમાં ગતિથી ઓળખાતાં બધાં એકેંદ્રિય વિગેરે દ્વારો લેવં, તેથી જે ગતિ વિગેરે સત્પદની પ્રરૂપણાની વિધિઓ તથા

દ્રવ્ય પ્રમાણુ વિગેરે છે તે બધાં મતિશ્રુતની અંદર વર્ણુવ્યાં છે. તે અહીં પણુ જાણુવાં, પણુ અહીં આટલું વિશેષ છે, કે જે જગ્યાએ લખ્યું હોય કે 'મતિ' પ્રાપ્ત કરે, ત્યાં 'અવધિ' પ્રાપ્ત કરે એમ જાણુવું, પણુ અવેદક તથા અકષાયિ પણુ અવધિના પ્રતિપદ્યમાનક હોય છે, કે જેઓ ક્ષપકશ્રેણિમાં રહેલા હોય છે, ( તે જાણુવા )

તથા મન પર્યવ જ્ઞાનીઓ અનાહારક અપર્યાપ્ત પૂર્વ સમ્યગ્ દૃષ્ટિઓ સુરનારકીઓ પણુ અપાંતરાલ ગતિ વિગેરેમાં હોય છે, અવધિ ઉત્પન્ન થયા પહેલાં મન: પર્યાયજ્ઞાની હોય પછી અવધિ થાય તો તે અવધિનો પ્રતિપદ્ય માનક હોય છે, તથા પૂર્વ નર તિર્યંચ હોય તે ભાવના છેલ્લા સમયથી સુર નારકીનું આયુ ઉદયમાં તુર્ત આવે તે આશ્રયી જાણુવું ) આ બધું શક્તિ ( સત્તા ) ને આધારે જાણુવું,

પણુ પૂર્વ પ્રતિપન્ન તો તેનેજ કહેવા કે જેઓ મતિ જ્ઞાન સંબંધીના વિકલેંદ્રિય અસંજ્ઞિથી શૂન્ય જાણુવા કારણુ કે વિકલેંદ્રિય તથા અસંજ્ઞિને સાસ્વાદન સમ્યકત્વ હોવાથી મતિશ્રુત સંબંધી પૂર્વ પ્રતિપન્નતા હોય, પણુ તેવું અવધિને ન હોય ) અવધિજ્ઞાન કહ્યું, તે અવધિજ્ઞાની ઉત્કૃષ્ટથી દ્રવ્યથી બધાં મૂર્ત્ત દ્રવ્યોને જાણે દેખે, ક્ષેત્રથી આદેશ ( ઉપચાર )થી અસંખ્યેય ક્ષેત્ર ( ક્ષેત્રમાંના રૂપી દ્રવ્ય ) ને જુએ, કાળથી પણુ ઉપચારથી અસંખ્યાતા કાળના રૂપી દ્રવ્યને જુએ. ભાવથી અનંતા ભાવો ( પર્યાયો ) ને જુએ તથા જાણે

તેમાં કહ્યું કે આ અવધિ ઋદ્ધિ વિશેષ છે, તે અવધિ ઋદ્ધિને વર્ણવવાથી હવે સામાન્ય બીજી ઋધ્ધિઓ પણ વર્ણવે છે, ॥ ૬૮ ॥

શેષ ઋદ્ધિઓનું સ્વરૂપ બતાવે છે,

**आमोसहि विप्पोसहि, खेलोसहि जल्लमो सही चेव।**
**संभिन्न सो उज्जुमइ, सव्वोसहि चेव बोधव्वो॥ नि ६९॥**

**चारण आसीविस केवलिय मणनाणिणोय पुव्वधरा।**
**अरहंत चक्कवट्टी, बलदेवा वासुदेवाय॥ नि ७०॥**

આમર્શન તે આમર્શ ( સંસ્પર્શન ) છે, તેજ ઓષધિ જેને છે તે આમર્શ ઓષધિવાળો છે, એટલે કોઈ સાધુ ( તપસ્વી ) હોય, તે સ્પર્શ માત્રથીજ વ્યાધિ દૂર કરવામાં સમર્થ હોય છે, ( એટલે મનમાં ધારે કે આ ભવ્યાત્માને વ્યાધિ દૂર થવાથી ધર્મ સારો કરશે એવું જણાતાં તે સાધુ તે રોગીને તેવી બુધ્ધિએ સ્પર્શ કરે તો રોગ દૂર થાય. એવું ટીપણમાં મલધારી હેમચંદ્રાચાર્યનું કહેવું છે તે બતાવ્યું ) આ લબ્ધિ લબ્ધિવાળાથી ભિન્ન ન હોવાથી તે ગુણ બતાવ્યો છે, આ પ્રમાણે જે (તપસ્વી ) સાધુને પોતાની વિષ્ટા બળખો મેલ વિગેરેમાં પણ રોગ દૂર કરવાની શક્તિ હોય. તે તેવી લબ્ધિવાળા ગણાય છે, અને તે લબ્ધિઓ ગુણ રૂપે છે, અને તે શરીરના મળ રૂપે હોવા છતાં ( તપના પ્રભાવથી ) સુગંધવાળા હોય છે, તથા જે સાધુને બધાથી સંભળાય, તે સંભિન્નશ્રોત છે, અથવા શ્રોતો તે ઇંદ્રિયો છે, તે સંભિન્ન હોય અને

તે બધા વિષયોને દરેક ઇંદ્રિ જાણે, અથવા પરસ્પર લક્ષણુથી અથવા નામથી જુદા જુદા શબ્દોને સાંભળે તે સંભિન્નશ્રોતા જાણવો, આવા ગુણ જેને પ્રાપ્ત થયા હોય તે પણ એક લબ્ધિજ છે, ( આંખથી સૌ જુએ છે તેમ આ લબ્ધિવાળો કાનથી કે નાકથી પણ જુએ, આ ગુણ પણ લબ્ધિમાં ગણ્યો છે, ) તથા ઋજુ (સાદી) મતિના સામાન્ય રીતે વિષયને ગ્રહણ કરે, આમન: પર્યાયજ્ઞાનનો એક ભાગ છે, આ પણ લબ્ધિમાં ગણેલ છે, અને ગુણગુણીના અભેદપણાથી તે લબ્ધિ ધારક સાધુ હોય, ! તથા સર્વ વિષ્ટા મૂત્રવાળ નખ વિગેરે જેને ઔષધ રૂપે થયાં હોય, એટલે બીજાના વ્યાધિ મટાડી દે, તે સર્વૌષધિ છે, તે પણ લબ્ધિ જાણવી, ા ૬૯ ા અતિશય ચાલે તેથી ચારણ છે, તે સાધુઓના બે ભેદો છે, વિદ્યાચારણ અને જંઘાચારણો છે, તેમાં જંઘાચારણ શક્તિથી રૂચકવર દ્વીપ સુધી જવાને શક્તિમાન છે, તે ફક્ત એક ઉત્પાત વડેજ રૂચકવર દ્વીપે જાય છે, પણ આવતાં બે ઉત્પાત કરવા પડે છે, એટલે પહેલા ઉત્પાતે નંદીશ્વર દ્વીપે જાય છે, અને બીજા ઉત્પાતે જ્યાંથી નીકળ્યો ત્યાં આવે છે, એમ ઉંચે પણ એકજ ઉત્પાતે મેરૂપર્વતના ઉપર રહેલ પાંડુકવનમાં જાય છે, અને આવતાં બે ઉત્પાત કરવા પડે છે, પ્રથમ નંદનવન અને બીજે જ્યાંથી ગયો હોય ત્યાં આવે છે, પણ વિદ્યાચારણ તો નંદી-શ્વર દ્વીપ સુધી જવાને શક્તિવાન છે, તે એક ઉત્પાતે માનુષો-ત્તર પર્વતે જાય છે, બીજે નંદીશ્વરે જાય છે, પણ ત્રીજા ઉત્પાતે પાછા આવતાં એકજ ઉત્પાત થાય છે, એમ ઉંચે પણ એક

ઉત્પાતે મેરૂ પર્વત ઉપર જાય, અને પાછો એકજ ઉત્પાતે હતો ત્યાં પાછો આવે છે;

બીજા પણ લબ્ધિવાળાઓ શકિત થીજ રૂચકવરે આદિ દ્વીપોમાં જાય છે, તે તીરછા તથા ઉંચે આ પ્રમાણે વિચારવા તેજ પ્રમાણે આસીઓ ( દાઢો ) માં જેને વિષ હોય, આસી વિષ કહેવાય છે, તેની બે જાતિઓ છે, એક જાતિથી અને બીજા કૃત્યથી, તેમાં જાતિ વિષ વાળા વીછી, દેડકો સાપ અને મનુષ્ય છે, અને કૃત્યથી તિર્યગ્ યોનિ તથા મનુષ્યો અને સહસ્રાદિ દેવો છે, એટલે આ જીવો તપ અને ચારિત્રના પ્રભાવથી અથવા બીજા કોઇ કારણે આસી વિષ જેવા થાય છે, અને દેવો પણ પોતાની શક્તિથી તેવા થાય છે, એટલે દેવો શ્રાપ આપીને મારી નાંખે છે, ( ટીપણમાં લખ્યું છે કે, જેઓ લબ્ધિથી આસીવિષ હોય છે તે પંચેંદ્રિય તિર્યંચ વિગેરે છે, અને પર્યાપ્ત અવસ્થામાં દેવો શ્રાપ વિગેરેથી મારવાને સમર્થ છે, છતાં દેવભવ સાથે સંબંધ રાખવાથી તેની વિવક્ષા ન કરી, આવ્યપદેશ અપર્યાપ્ત અવસ્થામાં ઘટે છે.

આસિવાય સૌથી મોટી લબ્ધિકેવળજ્ઞાનની છે, તે તથા મનપર્યવ જ્ઞાનીઓ પૂર્વે કહ્યા તે સિવાય વિપુળમન પર્યવજ્ઞાની લેવા, તથા પૂર્વ ભણેલા તે પૂર્વ ધર સાધુઓ છે, તે ૧૪ પૂર્વ ધારી તથા દશ પૂર્વ ધારી જાણવા, તથા અશોક વૃક્ષ વિગેરે આઠ મહા પ્રતિહારિ વિગેરે મોટી પૂજાને યોગ્ય માટે અર્હન્ દેવ તે તીર્થંકરો છે, સિવાય ચક્રવર્ત્તીઓ ૧૪

ઉત્તમ રત્નોથી યુક્ત તે છ ખંડ સાધક ભરત વિગેરે છે, બળ દેવ તે વાસુદેવના મોટા ભાઈ છે, તથા સાત રત્ન યુક્ત વાસુદેવ છે, તેમને ભરતના ત્રણ ભાગનું સ્વામી પણું છે, ઉપર કહેલ તે સર્વે ચારણ વિગેરે જુદી જુદી લબ્ધિઓ છે, ॥ ૭૦ ॥

અહીં વાસુદેવપણું, ચક્રવર્ત્તીપણું, તીર્થંકરપણું, તે ઋદ્ધિ તરીકે વર્ણવ્યું, તેમાં તેમના અતિશયો બતાવવા આ પાંચ ગાથાઓને નિર્યુક્તિકાર કહે છે,

**सोलस राय सहसा, सव्व बलेणं तु संकलनिबद्धं**
**अंछंति वासुदेवं, अगड तडंमी ठियंसंतं ॥ नि ७१ ॥**
**घित्तूण संकलं सो वामगहत्थेण अंछमाणाणं**
**भुंजिज्ज वलिंपिज्ज व महु महणं ते नचायंति ॥ नि ७२ ॥**
**दोसोलाबत्तीसा, सव्व बलेणं तु संकल निबद्धं**
**अंछंतिचक्कवट्टिं, अगड तडंमी ठियंसंतं ॥ नि ७३ ॥**
**घित्तुणसंकलंसो, वामहत्थेण अंछमाणाणं**
**भुंजिज्ज वलिंपिज्ज व, चक्कहरंते न चायंति ॥ नि ७४ ॥**
**जंकेसवस्सउबलं, तंदुगुणं होइ चक्कवट्टिस्स**
**ततो बला बलवगा, अपरिमिय बला जिणवरिंदा ॥नि ७५॥**

અહીં વીર્યાંતરાય કર્મના ક્ષય ઉપશમ વિશેષથી વાસુદેવના બળનો અતિશય હોય છે, તે આ પ્રમાણે—

૧૬ હજાર રાજાઓ હાથી ઘોડા રથ પાયદળના સમૂહથી બધા સાથે મળીને એક સાંકળે કુવાને કાંઠે ઉભેલા વાસુ-

દેવને ખેંચે તે સમયે વાસુદેવ ડાબા હાથે સાંકળને પકડે, તો તે બધા સાથે હોવા છતાં પણ ખેંચી ન શકે, તે સમયે વાસુદેવ ખાતો હોય, વિલેપન કરતો હોય, અથવા અવજ્ઞાથી હસતો હોય, તો પણ તેના ડાબા હાથે પકડેલી સાંકળને બીજાઓ ખેંચી શકે નહિ, (હાલ જેમ બળ તપાસવા બે ટુકડીઓ સામસામી ઉભી રહી વરેડું ખેંચે છે, તેમ પૂર્વે બધા મળીને વાસુદેવના બળની તપાસ કરતા, અને તેની આજ્ઞા માનતા, આપૂર્વે તપ કે ચારિત્ર કે પરોપકાર કર્યો, તેનું આ ભવમાં ફળ મળે છે, એમ જાણવું )

ચક્રવર્ત્તીનું બળ વાસુદેવથી બમણું છે એટલે ૩૨ હજાર રાજાઓ સૈન્ય સાથે ખેંચે તો પણ ખેંચી ન શકે. બળદેવનું બળ તો બીજા સામાન્ય મનુષ્યોથી વધારે હોય છે' તથા સંપૂર્ણ વીર્યાંતરાય કર્મ ક્ષય થવાથી અપરિમિત બળવાળા તીર્થંકરો ચક્રવર્ત્તીથી પણ વધારે બળવાન છે, જેના બળની ગણુતરીજ નથી, આ બધી લબ્ધિઓ કર્મઉદયમાં આવે તેનો સંપૂર્ણ ક્ષય થાય, અથવા ઘણા ભાગે ક્ષયોપશમ થયેલ હોય તે આશ્રયી જીવોને આ લબ્ધિઓ હોય છે, ॥ ૭૧ થી ૭૫ ॥

## —મન પર્યાય જ્ઞાન—

હવે મન પર્યાય જ્ઞાનનું વર્ણન કરે છે,

જોકે લબ્ધિની પ્રરૂપણામાં સામાન્યથી કહ્યા છતાં પણ

વિષય વિગેરેનો વિશેષ અધિકાર કહેવા જ્ઞાનપંચકમાં આવેલા અનુક્રમે મનપર્યાય જ્ઞાનને કહે છે.

**मणपज्जवनाणं, पुण जण मण परिचिन्तियत्थ पायडणं । माणुस खित्त निबद्धं गुणपच्चइयं चरित्तवओ ॥ नि ७६ ॥**

પૂર્વે બતાવેલ અર્થ વાળું મનઃપર્યાય જ્ઞાન છે, (પુનઃ-શબ્દ વિશેષણના અર્થમાં છે,) કારણકે આ રૂપી દ્રવ્યને જાણ-નાર ક્ષાયોપ શમિક ભાવનું તથા પ્રત્યક્ષ વિગેરે અનેક બાબ-તમાં અવધિજ્ઞાનને મળતું છતાં તેનાથી સ્વામી વિગેરેથી ભેદવાળું છે, તે સ્વરૂપથી બતાવેલ છે, જે જન્મ લે તે જનો (લોકમાં રૂઢ શબ્દ જન એટલે નર) છે, તેમનાં મન તે જન-મન છે, તેનાવડે ચિંતવેલો પદાર્થ હોય તેને આમનઃ પર્યાય જ્ઞાની પ્રકાશે છે (જાણે છે) આ મનુષ્ય ક્ષેત્ર તે ૨ાા દ્વીપ અને બે સમુદ્ર પ્રમાણ છે, તેને આશ્રયી આ જ્ઞાન છે, તથા ક્ષાંતિ વિગેરે ગુણો છે, તે મુખ્યત્વે સાધુને વિશેષ હોય છે, તેવા ઉ-ત્તમ ચારિત્ર ધારીને આશ્રયી આ જ્ઞાન છે, તેનો ભાવાર્થ આ છે, કે અપ્રમત્ત સાધુ તે આમર્શ ઔષધિ વિગેરે ઋદ્ધિ જેને પ્રાપ્ત થઈ હોય તેને થાય છે, ।। ૭૬ ।।

હવે તેને દ્રવ્ય વિગેરેથી ચિંતવે છે.

દ્રવ્યથી મન પર્યાય જ્ઞાની ૨ાા દ્વીપ બે સમુદ્ર અંદર રહેલા પ્રાણીઓના મનના ભાવમાં પરિણત થએલ દ્રવ્યોને જાણે તથા દેખે છે, આ અવધિજ્ઞાન સહિત મનઃપર્યાય જ્ઞાન હોય તે જુએ અને જાણે, પણ એકલું મનઃપર્યાય જ્ઞાન હોય

તો જાણે ખરો, પણ દેખે નહિ, અથવા જેથી જેનાથી સાકાર તે જ્ઞાન અને જેનાથી દેખે તે દર્શન એ પ્રમાણે સૂત્રમાં સંભવ થાય તે આશ્રયી દર્શન પણ લીધું છે, જો તેમ ન માનીએ તો ચક્ષુ અચક્ષુ અવધિઅને કેવળ એ ચાર દર્શન છે, તેમાં વિરોધ આવે ( અર્થાત્ મનઃ પર્યાયજ્ઞાની જાણે છે, પણ દેખતો નથી ) ક્ષેત્રથી રા દ્વીપ બે સમુદ્ર સુધી, કાળથી પલ્યોપમના અસંખ્યેય ભાગનું ભવિષ્ય સબંધી ઈચ્છેલું અથવા પૂર્વે ભોગવેલું વિચારે તે જાણે, ભાવથી મનઃ દ્રવ્યના અનંત પર્યાયોને જાણે, તેમાં મન દ્રવ્ય પર્યાયોનેજ સાક્ષાત્ જુએ ( જાણે ) પણ બાહ્ય એટલે તે વિષય ભાવને પામેલા ભાવોને તો અનુમાનથી જાણે,

પ્ર૦—કેવી રીતે ?

ઉ૦—મનમાં મૂર્ત્ત અમૂર્ત્ત દ્રવ્યનું આ લંબન હોય છે, તેમાં અમૂર્ત્તને છદ્મસ્થ ન દેખે, (મૂર્ત્તજ દેખી શકે) તથા સત્પદ પ્રરૂપણા વિગેરે અવધિજ્ઞાન માફક જાણવું, અને અનાહારક અપર્યાપ્તક હોય તે જીવો પ્રતિ પદ્યમાનક ન હોય, તેમ પ્રતિપન્ન પણ ન હોય એટલું અવધિજ્ઞાનથી જુદા પણું છે, મનઃ પર્યાય કહીને હવે કેવળ જ્ઞાન કહે છે,

**अह सव्व दव्व परिणाम भाव विण्णत्ति कारणमणंतं ।**
**सासयमप्पडिवाइ एगविहं केवलन्नाणं ॥ नि ७७ ॥**

હવે મનઃપર્યાયજ્ઞાન પછી સૂત્રમાં બતાવેલા ક્રમના ઉદ્દેશથી શુદ્ધિ તથા લાભથી પૂર્વે કેવળ જ્ઞાન બતાવેલું, તેનો વિષય બતાવવા અથ શબ્દ ગાથામાં કહ્યો છે. કહ્યું છે, કે "અથ

શબ્દ પ્રક્રિયા પ્રશ્ન અનંતર પણું મંગળનો ઉપન્યાસ તથા પ્રતિ વચનના સમુચ્ચયોમાં વપરાય છે," જીવ વિગેરે લક્ષણવાળાં બધાં દ્રવ્યો, તથા તેમના પરિણામો જે પ્રયોગ તથા વિસ્રસા તથા તે બંનેથી ઉત્પાદ વિગેરે બને છે, તેનો ભાવ સત્તા અથવા લક્ષણ છે, તે દરેક ને વિશેષથી જાણે તે વિજ્ઞપ્તિ ( વિજ્ઞાન ) છે, તે પરિચ્છિત્તિ તેમાં ભેદો ઉપચારથી છે, તે વિજ્ઞપ્તિનું કારણ કેવળજ્ઞાન છે, તેથીજ આ કેવળજ્ઞાન બધાં દ્રવ્ય ક્ષેત્ર કાળ અને ભાવ વિષય સંબંધી છે, કારણ કે ક્ષેત્ર વિગેરે પણ દ્રવ્ય પણે છે, અને તે બધાં દ્રવ્યો અનંતાં હોવાથી આ કેવળ જ્ઞાન જાણનાર પણ અનંત છે, શાશ્વત્ ( હમેશાં ) હોવાથી શાશ્વત છે, અને તે જ્ઞાન વ્યવહાર નયનાં આ દેશથી ઉપચારથી પ્રતિપાતિ પણ થાય, તેથી કહ્યું કે તે પ્રતિપતનના સ્વભાવ વાળું ( પ્રતિ પાતિ ) નથી, પણ સદા અવસ્થિત ( રહેનારૂ ) છે,

પ્ર૦ અપ્રતિપાતિજ શબ્દ રહેવાદો, શાશ્વત્ શબ્દ વધારે પડતો છે,

ઉ—એમ નથી, અવધિજ્ઞાન અપ્રતિપાતિ હોવા છતાં શાશ્વત નથી; માટે બંને શબ્દો ઉપયોગી છે, આવરણ ના અભાવથી આ કેવળ જ્ઞાન એક પ્રકારનું છે, કર્મ ક્ષય થવાથી એકજ રૂપ છે, આમતિ વિગેરેથી નિરપેક્ષ માટે કેવળ નામ છે, જ્ઞાન સંવેદન ( જણાવનાર ) હોવાથી કેવળ સાથે જ્ઞાન જોડવાથી ઉપરના ગુણો વાળું કેવળ જ્ઞાન છે ॥ ७७ ॥

અહીં તીર્થંકર દેવ કેવળ જ્ઞાન થયા પછી સત્વોના અનુગ્રહ માટે તીર્થંકર નામ કર્મ ઉદય થવાથી ઉપદેશ કરે છે, તેથી ધ્વનિ થાય, તે શ્રુતરૂપ હોવાથી અને તે ભાવશ્રુતનું પૂર્વ કારણ હોવાથી શ્રુત જ્ઞાનનો સંભવ હોવાથી અનિષ્ટ આપત્તિ વાળો મતિનો મોહ ( મુંઝવણ ) મંદ બુધ્ધિ વાળા શિષ્યોને ન થાઓ, માટે ખુલાસો કરેછે,

**केवलणाणेणत्थेणाउं, जे तत्थ पण्णवणजोगे**
**ते भासइ तित्थ यरो, वयजोग सुयं हवइसेसं ॥ नि ७८ ॥**

અહીં સમવસરણમાં તીર્થંકર કેવળજ્ઞાનવડે ધર્માસ્તિકાય વિગેરે મૂર્ત્ત અમૂર્ત્ત ( રૂપી અરૂપી ) અભિલાપ્ય અનભિલાપ્ય અર્થોને કેવળજ્ઞાનવડેજ સંપૂર્ણ જાણે; પણ શ્રુતજ્ઞાનવડે નહિ, કારણ કે તે ક્ષાયોપશમિક હોવાથી કેવળિને તે ક્ષયોપશમનો અભાવ હોવાથી તે શ્રુતજ્ઞાન ન હોય, કારણ કે સર્વ શુધ્ધ થયા પછી થોડી શુધ્ધ ન હોય; હવે જાણ્યા પછી તે પદાર્થોમાં જે પ્રજ્ઞાપન યોગ્ય હોય તેનેજ કહે છે, પણ અપ્રજ્ઞાપન હોય તેને ન કહે, તથા પ્રજ્ઞાપન પણ અનંતા હોવાથી તે પૂરા ન કહી શકે, કારણકે આયુનું પરિમાણપણું છે, અને વાચા અનુક્રમે નીકળે,

પ્ર૦—ત્યારે કેવી રીતે ?

ઉ૦—ગ્રહણ કરનાર ( સાંભળનાર ) જીવોની શક્તિની અપેક્ષાએ જેટલું યોગ્ય હોય તે કહે છે, તેમાં કેવળજ્ઞાનથી ઉપલબ્ધ થએલ અર્થનો અભિધાયક શબ્દરાશિ બોલાય, તે

ભગવાનને વાક્ યોગ્ય થાય છે, પણ શ્રુતજ્ઞાન નથી, કારણ કે નામ કર્મ ઉદયના નિબંધનથી ભગવાન બોલે છે, અને શ્રુતજ્ઞાન ક્ષાયોપશમિક છે, તેજ શેષ શ્રુત જ્ઞાન છે, શેષ ( અપ્રધાન) છે, તેનો પરમાર્થ આ છે, કે સાંભળનારાઓને શ્રુતજ્ઞાનને અનુસારે ભાવશ્રુતજ્ઞાનનું નિબંધનપણાથી શેષ અપ્રધાન તે દ્રવ્યશ્રુત છે, બીજા આચાર્યો એમ કહે છે, ' **वयजोग सुयं हवइत्तेसिं** ' તે વાક્યોગશ્રુત છે, કારણ કે તે સાંભળનારને ભાવ શ્રુતનું કારણ હોવાથી તે દ્રવ્યશ્રુત છે. અથવા વાક્યોગશ્રુત તે દ્રવ્યશ્રુતજ છે. ॥ ૭૮ ॥ ( આનો સાર આ છે કે કેવળજ્ઞાને કેવળી જાણે, અને વચનયોગથી નામ કર્મ ક્ષય કરવા બોલે, એ બોલાયલું સાંભળનારને ભાવજ્ઞાનનું કારણ થાય માટે તે વચનને દ્રવ્યશ્રુત કહેવાય )

સત્પદ પ્રરૂપણામાં ગતિને આશ્રયી કેવળજ્ઞાન સિદ્ધિ ગતિ તથા મનુષ્યગતિમાં હોય, ઇંદ્રિયોને આશ્રયીનો ઇંદ્રિય અતીંદ્રિયોમાં છે, એ પ્રમાણે ત્રસ કાય તથા અકાય ( સિધ્ધ ) માં સયોગી અયોગીમાં ( ૧૩–૧૪ ગુણ સ્થાન આશ્રયી ) છે, અવેદક અકષાયીને છે, શુકલલેશ્યા તથા અલેશ્યાવાળાને છે, સમ્યગ દૃષ્ટિને કેવળજ્ઞાનીને કેવળદર્શીને સંયત તથા નોસંયત અસંયત ( સિધ્ધ ) ને છે, સાકાર અનાકાર ઉપયોગવાળા આહારક અનાહારક ભાષક અભાષક પ્રત્યેક તથા નોપ્રત્યેક બાદર નોબાદર સંજ્ઞી નોસંજ્ઞી ભવ્ય નોભવ્ય ( ભવસ્થ કેવળીને મોક્ષ પ્રાપ્તિ છે તે આશ્રયી ભવ્યપણું છે ) ચરમ નોચ-

રમ ( નોચરમ તે સિધ્ધ કારણુ કે બીજા ભવમાં જવાના નથી ) ઉપર કહેલ બધાને કેવળજ્ઞાન છે, અર્થાત્ ૧૩–૧૪ મે ગુણુસ્થાને, તથા સિધ્ધસ્થાનમાં કેવળજ્ઞાન છે, પૂર્વ પ્રતિપન્ન તથા પ્રતિપદ્યમાનની યોજના સ્વબુધ્ધિએ કરવી; દ્રવ્ય પ્રમાણુને આશ્રયી વિચારતાં પ્રતિપદ્યમાન ઉત્કૃષ્ટથી ૧૦૮ છે, પૂર્વ પ્રતિપન્ન કેવળિ તો અનંતા જાણુવા. ક્ષેત્ર જઘન્યથી લોકનો અસંખ્યેય ભાગ, ઉત્કૃષ્ટથી લોક પૂરો ( કેવળી સમુદ્ઘાતની અપેક્ષાએ ) જાણુવો, એ પ્રમાણે સ્પર્શના પણ જાણુવી, કાળથી સાદિ અનંત છે, પ્રતિપાતના અભાવથી અંતર નથી, ભાગ દ્વાર મતિ જ્ઞાન માફક જાણુવું, ભાવમાં ક્ષાયિક જાણુવો, અલ્પબહુત્વ મતિ જ્ઞાન માફક જાણુવું, કેવળ જ્ઞાન સમાપ્ત થયું. તે જ્ઞાનના નામથી નંદી થયું, તે નંદી નામ મંગળ છે આ પ્રમાણે મંગળના સ્વરૂપમાં તેના નામ દ્વારે જ્ઞાનપંચક કહ્યું, પણ અહીં ચાલુ અધિકાર શ્રુતજ્ઞાન સંબંધી છે, તેનિ ર્યુક્તિકાર કહે છે.

इत्थंपुण अहिगारो, सुयनाणेणं जओसुएणंतु।
सेसाणमप्पणोऽविअ अणुओगु पईवदिट्ठन्तो ॥ नि ७९ ॥

અહિં અધિકાર શ્રુત જ્ઞાન વડે છે, કારણુ કે શ્રુતજ્ઞાન વડેજ બાકીના મતિ વિગેરે જ્ઞાન તથા આત્મા તથા શ્રુત જ્ઞાનનો પણુ અનુયોગ ( વ્યાખ્યાન કરાય છે ) કારણુ કે સ્વપર પ્રકાશક પણું શ્રુત જ્ઞાનને છે, જેમ દીવો પોતાને તથા બીજાને પ્રકાશે છે, ॥ ૭૯ ॥

આ પ્રમાણે આવશ્યકસૂત્રમાં પીઠિકા વિવરણ સમાપ્ત થયું

## શ્રુતજ્ઞાનનો અનુયોગ.

હવે મંગળથી ચાલુ અનુયોગ સાધ્ય છે, તે બતાવે છે, કારણ કે તે શ્રુતજ્ઞાનનો અનુયોગ સ્વપરનો પ્રકાશક તથા ગુરૂને આધીન છે, તેમજ કહ્યું છે, કે 'અહીં શ્રુતજ્ઞાનવડે અધિકાર છે,' વિગેરે.

પ્ર૦–અહીં આવશ્યક સૂત્રનો અનુયોગ ચાલુજ છે, પણ શ્રુતજ્ઞાનનો એ અયુક્ત છે, ?

ઉ૦–આવશ્યકનું શ્રુતની અંદર સમાવાપણું છે, તે બતાવવા માટે કહ્યું, તેથી અદોષ છે,

પ્ર૦–જો આવશ્યકનો અનુયોગ છે, તો તે આવશ્યક અંગ છે કે અંગો છે ? શ્રુત સ્કંધ છે કે સ્કંધો છે ? અધ્યયન છે કે અધ્યયનો છે ? ઉદ્દેશક છે કે ઉદ્દેશકો છે ?

ઉ૦—આવશ્યક શ્રુત સ્કંધ છે, તથા અધ્યયનો છે, બાકીના વિકલ્પો થતા નથી.

પ્ર૦–નંદીના વ્યાખ્યાનમાં અંગ અનંગ પ્રવિષ્ટ શ્રુત નિરૂપણ કરવા માટે આ આવશ્યક સૂત્રની અનંગતા કહીજ હતી, તો ફરી અંગ અંગો વિગેરેની શંકા કેવી રીતે ઉત્પન્ન થાય ?

ઉ૦—તેની વ્યાખ્યાનું અનિયમ બતાવવા માટે આ અદોષ છે, દરેક શાસ્ત્રની આદિમાં નંદી અધ્યયનનો અર્થ કહેવો એવો નિયમ નથી અને નંદી અધ્યયન ન કહ્યું હોય તો આ શંકા થવાનો સંભવ છે,

પ્ર૦–મંગળને માટે શાસ્ત્રની આદિમાં નંદી અધ્યયનના અર્થને કહેવું અવશ્ય છે, છતાં તમે અનિયમ શા માટે કહો છો ?

ઉ૦—જ્ઞાનના નામ માત્રથીજ મંગળપણું હોવાથી અવયવના પદાર્થોનું અભિધાન ( વર્ણન ) કરવું અવશ્ય નથી, તે ન કરવાથી આ શંકા થાય છે, વળી આવશ્યકના વ્યાખ્યાનના પ્રારંભમાં જે શાસ્ત્રનું વર્ણન કરવું હોય, તેનાથી બીજા શાસ્ત્રનું વ્યાખ્યાન કરવું તે પણ અયુક્તજ છે, આ બીજું શાસ્ત્ર નંદી છે, કારણ કે તે જુદો શ્રુતસ્કંધ છે,

પ્ર૦–જો એમ છે, તો અહીં આવશ્યક શ્રુતસ્કંધના અનુયોગના આરંભમાં પીઠિકામાં શા માટે જ્ઞાન પંચકનો અનુયોગ પ્રથમ કહ્યો ?

ઉ૦–શિષ્યના અનુગ્રહ માટે, અથવા આ નિયમ નથી, એવો અપવાદ બતાવવા માટે, તેનો સાર આ છે કે કોઇ પુરૂષ વિગેરેની અપેક્ષાએ ઉત્ક્રમવડે તથા અન્યના આરંભમાં જરૂર પડે અન્ય શ્રુતનું પણ વ્યાખ્યાન થાય છે, એટલું બસ છે.

તેમાં શાસ્ત્રનું અભિધાન આવશ્યક શ્રુતસ્કંધ છે, અને તેના ભેદો અધ્યયનો છે, જેથી આવશ્યક અને શ્રુતસ્કંધના નિક્ષેપા કહેવા જોઇએ, વળી આ શાસ્ત્રનું જેવું નામ છે, તેવું દીવા જેવું યથાર્થ ( ખરેખરૂં ) નામ છે, કે પલાશના નામ માફક અયથાર્થ છે કે ડિત્થ વિગેરે નામ માફક અનર્થક છે?

તેની પરીક્ષા કરવી, જો તે યથાર્થ હોય તો ગ્રહણ કરવું, તેમાંજ સમુદાય અર્થની પૂરી સમાપ્તિ થાય છે, માટે પ્રથમ શાસ્ત્રનું નામજ વિચારીએ છીએ.

## આવશ્યક.

પ્ર—આવશ્યક તે શબ્દનો શું અર્થ છે ?

ઉ—અવશ્ય કરવું તે આવશ્યક છે, અથવા ગુણોનું અવશ્ય આત્મામાં આવવું થાય છે, જેમકે અંત લાવે તે અંતક છે, અથવા વસ નિવાસના અર્થમાં છે, તે જેનો ગુણથી શૂન્ય આત્મા હોય, તેવાને આ આવશ્યક ગુણોમાં આવાસ કરાવે છે, માટે તેનું બીજું નામ 'આવાસક' છે, અર્થાત્ આત્મામાં ઉત્તમ ગુણો પ્રાપ્ત થાય છે, આ આવશ્યક મંગળ માફક નામ વિગેરેથી ચાર ભેદ વાળું છે; આ બધું વિસ્તારથી અનુયોગદ્વાર સૂત્રથી જાણવું, સંક્ષેપથી તો તેને અનુસારે જ શિષ્યના અનુગ્રહ માટે અહીં કહીએ છીએ, તેમાં નામ સ્થાપના સુગમ છે, દ્રવ્ય આવશ્યક બે ભેદે છે, આગમ, નો આગમથી, તેમાં આગમથી આગમનો જ્ઞાતા પણ ઉપયોગ ન હોય, કારણ કે 'ઉપયોગ રહિત દ્રવ્ય' છે એવું કહ્યું છે, નો આગમથી દ્રવ્યાવશ્યક ત્રણ પ્રકારનું છે, જ્ઞ શરીર ભવ્યશરીર અને જ્ઞ શરીર ભવ્ય શરીરથી વ્યતિરિકત છે, આ વ્યતિરિક્ત પણ ત્રણ ભેદ વાળું છે, ૧ લૌકિક ૨ લોકોત્તર ૩ કુ પ્રાવચનિ ક ભેદોથી ભિન્ન છે, જે અનુયોગદ્વાર સૂત્રમાં બતાવેલ છે, અહિં તો લોકોત્તર આવશ્યકથી અધિ-

કાર છે, અને તે આવશ્યક જ્ઞાનાદિ શ્રમણ ગુણમુક્ત યોગનું પ્રતિક્રમણ છે, કારણ કે જો તેનો ભાવ તેમાં ન હોય, અને ભાવના અભાવે ઇચ્છિત ફળની પ્રાપ્તિ ન થવાથી તેનું કરેલું પ્રતિક્રમણ પણ દ્રવ્યથી જાણવું, તેની કથા કહે છે,

વસંતપુર નામનું નગર છે, ત્યાં ગીતાર્થ સર્વજ્ઞ નાયક વિનાનો ગચ્છ ( સાધુ સમુદાય ) વિચરે છે, તેમાં એક શ્રમણ ગુણોથી મુક્ત સંવિજ્ઞ સાધુ છે, તે દિવસે ઉદક (કાચા) પાણી વિગેરેથી દોષિત ગોચરી ગ્રહણ કરીને સાંજના વખતે દેવસી પ્રતિક્રમણમાં મોટા સંવેગથી કહી બતાવે છે. તેવાને વળી આચાર્ય અગીતાર્થ હોવાથી પ્રાયશ્ચિત આપતાં કહે છે, કે " અહો ! આ ધર્મની શ્રદ્ધા વાળો સાધુ છે ' કારણ કે અશુદ્ધ નું સેવન કરવું સહેલું છે. પણ તે ગુરૂ આગળ કહી બતાવવું ઘણું દુષ્કર છે ! કારણ કે આ સાધુ આલોચના કંઇપણ છૂપાવ્યા વિના કરે છે! તેથી તેનામાં અશઠપણું હોવાથી શુદ્ધ છે ! આવું દેખીને બીજા અગીતાર્થ સાધુઓ પ્રશંસા કરે છે, અને ચિંતવે છે કે ફકત આલોચના કરવાનું-જ મુખ્ય છે, પણ પાપ સેવવામાં કંઇ પણ દોષ:નથી ! એક વખતે ત્યાં ગીતાર્થ સંવિગ્ન સાધુ વિહાર કરતો આવ્યો તે સાધુએ દિવસે પેલા દોષિત આહાર લેનારને જોયો હતો, તેજ દેવસી પ્રતિક્રમણમાં અવિધિએ આલોચના લેતો જાણીને ઉદાહરણ કહે છે, ગિરિનગરમાં રત્નનો વેપારી (ઝવેરી) રત્નોથી ઘર ભરીને તેમાં આગ મુકે છે, તેને દેખીને બધા લોકો પ્રશંસા કરે છે, કે અહો ! આ શેઠને

ધન્ય છે. કે આ આવી રીતે રત્નોનું ઘર બાળીને અગ્નિ ભગવાનને તૃપ્ત કરે છે ! કોઈ વખત બીજીવાર પણ તેણે તે પ્રમાણે ઘર સળગાવ્યું. અને તે સમયે પવન પ્રબળ હોવાથી આખું નગર બળી ગયું, ત્યારે રાજાએ તેને મારીને દેશનિકાલ કર્યો, તથા રાજાએ ઢંઢેરો પીટાવી જાહેર કર્યું કે કોઈ બીજો પણ આવું કરવાનું રાજા સાંભળશે તો તેને તે પ્રમાણે મારી ને કાઢી મુકવામાં આવશે ? જો તેવા મૂર્ખને અગ્નિ મુકવી હોય તો જંગલમાં શામાટે આગ મુકતો નથી ? આ દૃષ્ટાંતથી ગીતાર્થ સાધુએ તે બધાને સમજાવ્યા કે વાણીયાએ પોતે પોતાનું ઘર મૂર્ખાઈથી બાળીને બીજાનાં ઘર પણ બાળી મુકયાં, આ પ્રમાણે હે મુખ્ય સાધુ નાયક ? તું આ દોષિત આહાર સેવનારની પ્રશંસા કરીને બધા સાધુઓને ત્યજીશ ? પછી પેલો સાધુ નાયક પોતાની મૂર્ખાઈ છોડતો ન હોવાથી આ ગીતાર્થ સાધુએ બીજા સાધુઓને સમજાવ્યું કે આ સાધુ નાયક મહા અધર્મી અગીતાર્થ હોવાથી તેનો સંગ તમારે મુકી દેવો ? જો તમે તેનો નિગ્રહ ( ત્યાગ ) નહીં કરોતો બીજા ભવ્યાત્મા સાધુઓ પણ સાધુતાથી ભ્રષ્ટ થશે ? (દ્રવ્યઆવશ્યકનું વર્ણન કરી સૂચવ્યું કે દોષો સેવીને પ્રતિક્રમણ કરવું એ પણ અયોગ્ય છે, બને ત્યાંસુધી તેવા દોષો ન થાય તેમ વર્ત્તવાથીજ પ્રતિક્રમણ કરવું શ્રેયસ્કર થાય છે, )

## ભાવ આવશ્યકનું વર્ણન–

તે પણ બે પ્રકારનું છે, આગમથી, તો આગળથી,

આગમથી જ્ઞાતા તથા તેમાં ઉપયોગ રાખનાર છે, નોઆગ-મથી જ્ઞાન ક્રિયા બંનેના પરિણામવાળો (સમજી તે પ્રતિક્રમણ કરનારો) ભાવ આવશ્યક છે, અહી મિશ્ર વચનમાં નો શબ્દ છે, આપણ લૌકિક વિગેરે ત્રણ પ્રકારનું છે, તે અનુયોગ દ્વાર સૂત્રથી જાણવું, અહીંતો લોકોત્તર ભાવ આવશ્યકથી અધિ-કાર છે, આવશ્યક કહીને હવે શિષ્યોનો વ્યામોહ ટાળવા તેનાં એકાર્થિક નામો બતાવે છે, તે આ પ્રમાણે—

आवस्सयं अवस्स करणिज्जं धुवणिग्गहो विसोहींय ॥
अज्झयण छक्क वग्गो णाओ आराहणा मग्गो ॥ १ ॥

(૧) આવશ્યક (૨) અવશ્યે કરવા યોગ્ય (૩) ધ્રુવ (૪) નિગ્રહ (૫) વિશોધિ (૬) છ અધ્યયન (૭) વર્ગ (૮) ન્યાય (૯) આરાધના (૧૦) માર્ગ

समणेण सावएणय, अवस्स कायव्वयं हवइजम्हा ॥
अहोणिसस्सय तम्हा आवस्सयं नाम ॥ २ ॥

સાધુએ અને શ્રાવકે આ અવશ્યે કરવા યોગ્ય દિવસે તથા રાત્રે છે માટે તેનું નામ આવશ્યક છે, આવશ્યક માફક શ્રુત સ્કંધનો પણ નિક્ષેપો ચાર પ્રકારનો છે, તે અનુયોગદ્વાર સૂત્રથી જાણવો, સ્થાન શૂન્ય ન રહે માટે થોડું લખીએ છીએ, અહીં નોઆગમથી જ્ઞ શરીર ભવ્ય શરીરથી વ્યતિ-રિક્ત દ્રવ્યશ્રુત તે પુસ્તક પાનામાં લખેલું છાપેલુ સ્થાપેલું જાણવું, અથવા ઈંડાં વિગેથીરે ઉત્પન્ન થતું કીડાનું રેશમ કે સૂતર છે, ભાવશ્રુત આગમથી જ્ઞાતા અને ઉપયોગ રાખનાર

અને નોઆગમથી તો આ આવશ્યકજ છે, અને જ્ઞાન ક્રિયા સાથે છે, ( અને દેશ વચનથી જાણવાપણું દેશ વચને કરવાપણું છે, ) આ પ્રમાણે નોઆગમથી જ્ઞ શરીર ભવ્ય શરીર વ્યતિરિક્ત દ્રવ્ય સ્કંધ ચેતનાદિવાળો સ્કંધ છે, તેમાં સચેતન તે દ્વિપદ વિગેરે છે, અચિત્ત તો બે પ્રદેશ આદિ સ્કંધ છે, મિશ્રમાં સેના વિગેરેને દેશ વિગેરે છે. અને ભાવ સ્કંધ તોઆગમથી તેના અર્થમાં ઉપયોગનો પરિણામજ છે, નોઆગમથી આ આવશ્યક નો શ્રુતસ્કંધજ છે, કારણ કે નો શબ્દથી દેશ વચનનો નિષેધ છે, અથવા જ્ઞાનક્રિયા ગુણના સમૂહરૂપ સામાયિક વિગેરે અધ્યયનોનો સમાવેશ થવાથી જ્ઞાન દર્શન તથા ક્રિયાનો ઉપયોગ છે, તેથી આ શ્રુત સ્કંધ ભાવથી છે, અહીં નો શબ્દ મિશ્ર વચન છે, બધા પદોની એક વાચ્યતા ( વાકય સમૂહ ) સામાયિક વિગેરે શ્રુતરૂપ છ અધ્યયનોનો સ્કંધ તે શ્રુત સ્કંધ છે, અને તેની સાથે આવશ્યક સાથે સમાસ કરતાં ‘ આવશ્યક શ્રુત સ્કંધ ’ શબ્દ થાય છે,

પ્ર૦—શા માટે આવશ્યક છ અધ્યયનરૂપ કહો છો ?

ઉ૦—કારણ કે તે છ અર્થના અધિકારવાળું છે, તે આ સામાયિક વિગેરે યથાયોગ જાણવા.

सावज्ज जोग विरई उक्कित्तण गुणवओय पडिवत्ती ॥
खलियस्स निंदण वणतिगिच्छ गुण धारणा चेव ॥ १ ॥

અવદ્ય તે પાપ, યોજાય તે યોગ વ્યાપાર, તે પાપ સાથે વર્તે માટે સાવદ્ય, તેથી યોગ જોડતાં સાવદ્ય યોગો છે, તે

પાપરૂપ વ્યાપારોની વિરતિ તે ( ૧ ) સામાયિકનો અર્થાધિકાર છે, તથા ઉત્કીર્ત્તન તે ઉત્કીર્ત્તના છે, તેમાં અરિહંતની ગુણોત્કીર્ત્તના એટલે ( ૨ ) ચતુર્વિંશતિ ( ૨૪ ) સ્તવ (ચઉવિસત્થો લોગસ્સ ) નો અધિકાર છે, ગુણો એ જ્ઞાન વિગેરે છે, અથવા મૂલોત્તર નામના ( વ્યવહાર ગુરૂની અપેક્ષાએ ) છે, તે જેને હોય તેવા ગુણવાનને ( ૩ ) વંદન ( વાંદણાં ) કરવું તેનો અધિકાર છે, તથા શ્રુત અને શીલમાં સ્ખલિત થયેલ હોય તેવાએ પોતાની નિંદા કરવી તે નિંદના (૪) (પડિક્કમણ )નો અધિકાર છે. ( તે શ્રાવકને વંદીતું અને સાધુને શ્રમણ સૂત્ર છે ) તથા ચારિત્રરૂપ આત્માને વ્રણ ચિકિત્સા તે અપરાધરૂપ ઘા ગુમડાં થએલ હોય, તેને રૂઝ લાવવા માટે (૫) કાયોત્સર્ગ છે, તેનો અધિકાર છે, તથા પૂર્વે કરેલ પ્રતિક્રમણ વિગેરેથી વ્રતના અતિચારો દૂર થવાથી બીજા કાંઈપણ અતિચાર રહેલ હોય અને તેનાથી ચીકણાં કર્મ ન બંધાય માટે અનશન વિગેરે ગુણોના સંધારણ માટે પચ્ચખ્ખાણ કરવું, આ પ્રમાણે છ અર્થના અધિકારો છે, ( ૬ ) આ છએનું દરેક અધ્યયનના અર્થાધિકારના દ્વારમાં અવસરે કહીશું ત્યાંથી જાણવું, પણ અહીં તો ફક્ત ટુંકાણમાં સ્કંધના ઉપદર્શનના દ્વારવડે કહ્યા,

‘ હવે અધ્યયન ન્યાસનો પ્રસ્તાવ છે. ’

તે અધ્યયનને અનુયોગદ્વારમાં ક્રમે આવેલા દરેક અધ્યયનમાં ઓઘનિષ્પન્ન નિક્ષેપામાં ટુંકાણમાં બતાવવા કહીશું.

આ આવશ્યકનો સમુદાય અર્થ તેમાં પ્રથમ કહ્યો, હવે અવયવ અર્થને જુદા કહેવા એકેક અધ્યયન કહીશું, તેમાં સામાયિકમાં સમભાવનું લક્ષણપણું હોવાથી તે સામાયિકને પ્રથમ કહે છે, ચતુર્વિંશતિ સ્તવ ( લોગસ્સ ) વિગેરેમાં તેનું ભેદપણું ( કેટલેક અંશે અસરખાપણું ) હોવાથી સામાયિકનો પ્રથમ અધિકાર છે, આ સામાયિકના અધ્યયનના મહાનગરની માફક ચાર અનુયોગદ્વાર થાય છે.

પ્ર૦—અનુયોગદ્વારનો શબ્દાર્થ શું છે ?

ઉ૦—અનુયોગ તે અધ્યયનનો અર્થ છે, અને દ્વારો તેના પ્રવેશનાં મુખો છે, કારણ કે દરવાજા વિનાનું નગર તે અ નગરજ થાય છે, અને એક દ્વાર કરેલું પણ હોય તો કાર્ય વશે બહાર જતાં વિલંબ થાય માટે ચાર મૂળ દરવાજા અને બીજી નાની બારીઓ દરેક દિશામાં હોય તો સુખેથી કાર્ય પ્રસંગે આવવું જાવું બની શકે, તેજ પ્રમાણે સામાયિક નગરનો પણ અર્થાધિગમન નો ઉપાય દ્વાર વિના અશકય થાય છે, તેમ એક દ્વારથી દુઃખેથી સમજાય છે, માટે અંદરના ભેદો વાળા ચાર દ્વારવાળું બનાવવાથી સુખથી બોધ થાય છે. માટે આ દ્વારનો ઉપન્યાસ બનાવવો લાભદાયી છે. તે દ્વારો કહે છે (૧) ઉપક્રમ (૨) નિક્ષેપ (૩) અનુગમ, (૪) નય છે.

શાસ્ત્રનું ઉપક્રમણ જેનાવડે જેનાથી અથવા જેનામાં કરાય

તે ઉપક્રમ છે, અર્થાત શાસ્ત્રના ન્યાસનો દેશ લાવવો (સાંભળનારનું લક્ષ ખેંચવું)

તથા નિક્ષેપણ જેનાવડે જેનાથી અથવા જેનામાં નિક્ષેપાય તે નિક્ષેપ છે, અર્થાત્ ન્યાસ કે સ્થાપના કરી બતાવવું (કહેવા ધારેલી વસ્તુનો આકાર વિગેરેથી સૂચના કરવી) તે પ્રમાણે અનુગમન તે અનુગમ છે, એટલે એનાવડે એનાથી કે એમાં સૂત્રને યોગ્ય ખુલાસાથી બોધ આપવો તે છે, તથા એનાવડે એનાથી કે એમાં શિષ્યની બુદ્ધિ દોરીએ તે નયો છે, વસ્તુના પર્યાયોનો જે જે સંભવ થાય તે સમજાવવું (કોઈપણ અપેક્ષા રાખીને તે તરફ લક્ષ ખેંચવું અને તેને પ્રધાન બતાવવું બીજાને ગૌણ બતાવવું તે નયો છે તેનો સાદો અર્થ અભિપ્રાય છે)

પ્ર૦—આ ઉપક્રમ આદિ દ્વારોનો આવો ક્રમ શા માટે છે?

ઉ૦—પહેલાં લક્ષ ખેંચ્યા વિના શિષ્યને કંઈપણ કહેવું તે બરોબર વસ્તુનું સ્વરૂપ સ્થપાય નહિ, અને સ્થાપના કર્યા વિના નામ વિગેરે ન જાણનારો પદાર્થને સમજી શકે નહિ, તેમ પદાર્થો પુરા બતાવ્યા વિના તેના ઉપર નય (પોતાના વિચારો) જણાવી શકાય નહિ, માટે આ ક્રમ બતાવ્યો છે,

## ઉપક્રમનું વર્ણન.

ઉપક્રમ શાસ્ત્રીય અને તે સિવાયનો એમ બે પ્રકારે છે, તેમાં શાસ્ત્ર સિવાયનો છ પ્રકારે છે, તે નામ, સ્થાપના,

દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ છે, નામ સ્થાપના સુગમ છે, અને દ્રવ્ય ઉપક્રમ આગમ નોઆગમ એમ બે ભેદે છે, આગમથી જ્ઞાતા પણ ઉપયોગ રહિત છે, અને નોઆગમથી જ્ઞ શરીર ભવ્ય શરીર તદ્વ્યતિરિક્ત એમ ત્રણ ભેદે છે. તદ્વ્ય તિરિક્ત ના ત્રણ ભેદો છે, સચિત્ત અચિત્ત અને મિશ્રદ્રવ્ય ઉપક્રમ છે, સચિત્ત બેપદ ચોપદ અપદના ઉપાધિ ભેદથી ભિન્ન છે અને તે દરેક પણ પરિકર્મમાં અને વસ્તુ વિનાશમાં એમ બે ભેદે છે. પરિકર્મ તે દ્રવ્યને ગુણથી વિશેષ પરિણામવાળુ કરવું તેમાં આ ઉપક્રમ કામ લાગે, જેમકે ઘી વિગેરેના ઉપભોગથી પુરૂષને શરીર ઉપર વર્ણ વિગેરે (તેજ) વધે, અથવા કાન સ્કંધને વધારવા વિગેરેની ક્રિયા છે, અન્યાચાર્યો તો કહે છે, કે શાસ્ત્ર ગંધર્વ નૃત્ય વિગેરેની કળા મેળવવી હોય તોપણ દ્રવ્ય ઉપક્રમ છે, પણ તે બરોબર નથી કારણ કે તે શાસ્ત્ર વિગેરેનુ જ્ઞાન વિજ્ઞાન રૂપે છે, અને તે ભાવ પણામાં ગણાય છે, પણ આત્મ દ્રવ્યના સંસ્કારની વિવક્ષાની અપેક્ષાએ શરીર વર્ણ વિગેરે કરવાની માફક કોઇ અંશે દ્રવ્ય ઉપક્રમ પણ થાય, આ પ્રમાણે પોપટ મેના વિગેરેને શીખવીને સંસ્કારી બનાવે તે તથા ચોપગાં હાથી વિગેરેને જે શીખવે છે તે તથા ઝાડ વિગેરેને કોઈ ઉપાયદ્વારા તેનું આયુ વધારવું સુતાર વિગેરેને ઉપયોગી બનાવવું તે પણ દ્રવ્ય ઉપક્રમ છે.

પ્ર૦—જે પોતાની મેળે ભવિષ્યમાં ઝાડને સુતાર વિગેરેથી સુધારામાટે ઉપાય લેવાય તેમાં દ્રવ્ય ઉપક્રમતા યોગ્ય છે, પણ

વર્ણ કરણ તથા કળા વિગેરે સંપાદન કરનારને ભવિષ્યમાં પણ વિવક્ષિત હેતુઓ વિના ઉપપત્તિ નથાય, તેથી તેની પરિકર્મમાં કેવી રીતે દ્રવ્ય ઉપક્રમતા ઘટે ?

ઉ૦—વિવક્ષિત હેતુઓ વિના ઉપપત્તિ નથાય એવું કહેવું અસિદ્ધ છે, કારણ કે વર્ણનું નામ કર્મનું વિપાકીપણું હોવાથી સ્વયં પણ થશે, અને કળા વિગેરેનું ક્ષાયોપશમિકપણું હોવાથી કાળાંતરમાં પણ સ્વયં થશે, વિભ્રમ વિલાસ વિગેરે યુવાવસ્થામાં સ્વયં દેખાય છે.

અને વસ્તુના વિનાશમાં તેમજ પુરૂષ વિગેરેને તલવાર વિગેરે શસ્ત્રથી મારવાનું પ્રત્યક્ષ દેખાય છે.

પ્ર૦ પરિકર્મ અને વસ્તુ વિનાશના ઉપક્રમોનો અભેદજ છે,

કારણકે બન્નેમાં પૂર્વરૂપનો પરિત્યાગ થાથી ઉત્તર અવસ્થાની પ્રાપ્તિ થાય છે,

ઉ૦ પરિકર્મ ઉપક્રમથી બનેલ ઉત્તર રૂપની આપત્તિમાં પણ અવિશેષપણે પ્રાણીઓને ઓળખાણ વિગેરે દેખાય છે, પણ વસ્તુ વિનાશના ઉપક્રમથી સંપાદિત ઉત્તર ધર્મ રૂપમાં તો વસ્તુનું અદર્શન થાય છે, તે વિશેષ સિદ્ધિ છે. અથવા ઉત્પત્તિ અને વિનાશનું સ્વરૂપ જોડાજોડ બતાવવાથી વિનાશનુંજ વિવક્ષાપણું હોવાથી અદોષ છે,

સચિત્તના ઉપક્રમ માફક અચિત્ત દ્રવ્યના ઉપક્રમમાં

પદ્મરાગમણિ ( માણિક્ય ? ) ને ખાર માટીનું પડ કરી પકાવવા ( તપાવવા ) વિગેરેથી અનુક્રમે નિર્મળતા થાય, અથવા ખાખ થાય, ( ખારથી નિર્મળ થાય અને માટી વિગેરે કે વનસ્પતિ વિશેષથી તેની ખાખ કરે છે )

મિશ્રદ્રવ્ય ઉપક્રમ કટક ( કડાં ) વિગેરેથી વિભૂષિત પુરૂષ વિગેરે દ્રવ્યને ઉપક્રમ કરવો, અને અહીં વિવક્ષાથી કારકની યોજના કરવી, દ્રવ્યનો દ્રવ્યવડે દ્રવ્યમાંથી કે દ્રવ્યમાં જે ઉપક્રમ થાય તેને દ્રવ્યોપક્રમ કહેવો, તથા ક્ષેત્રનો ઉપક્રમ તે ક્ષેત્રોપક્રમ છે,

પ્ર—ક્ષેત્ર અમૂર્ત્ત અને નિત્ય છે, ત્યારે તેનો સુધારો કે વિનાશ કેવી રીતે થાય ?

ઉ० તે ક્ષેત્રમાં રહેલા દ્રવ્યનો સુધારો કે નાશ કરવો, તેમાં ઉપચારથી કહેવાથી અદોષ છે, તેવી રીતે તદવસ્થાએ વ્યપદેશ કરાય છે, જેમકે માંચા આક્રોશ કરે છે,

તે પ્રમાણે કાળનું વર્ત્તનાદિ રૂપપણાથી તથા તે દ્રવ્યના પર્યાય પણે હોવાથી કાળને આશ્રયી દ્રવ્યનો ઉપક્રમ થવાથી ઉપચારથી કાલ ઉપક્રમ કહેવાય છે, અથવા ચંદ્રોપરાગ ( ચંદ્રગ્રહણ ) વિગેરેના પરિજ્ઞાનના લક્ષણ વાળો કાળ ઉપક્રમ છે.

## ભાવ ઉપક્રમ.

ભાવ ઉપક્રમ પણ બે પ્રકારનો છે, આગમથી, નોઆગ-

મથી આગમથી જ્ઞાતા ઉપયોગ રાખનારો, નોઆગમથી પ્રશસ્ત અને અપ્રશસ્ત છે, તેમાં અપ્રશસ્ત ડોન્ડિણિ ગણિકા તથા અમાત્ય વિગેરેનાં દૃષ્ટાંત કહે છે,

એક નગરમાં એક બ્રાહ્મણી, તે ચિંતવે છે, કે દીકરીઓ કેવી રીતે સુખી થાય ? તેથી તેણે મોટી દીકરીને શીખવ્યું, કે જ્યારે વર તારી પાસે આવે, ત્યારે વરના માથામાં પગની એડી મારવી,

તે લાગવાથી વર ખુશ થયો, અને તેના પગને ઈજા થઈ હશે તેમ વિચારી પગ દાબવા બેઠો, પણ તેણે સ્ત્રીને ધમકાવી નહિ, આ વાત માને દીકરીએ કહી, ત્યારે મા બોલી કે હવે તારે ખુશી પડે તેમ કરજે, હવે તને તે કંઈપણ કરી શકવાનો નથી,

બીજી દીકરીને પણ તેમ શીખવ્યું, તે દીકરીએ તેમ કરતાં ધણી બોધ આપીને ચૂપ રહ્યો, તેણે તે વાત માને કરી, માએ કહ્યું કે તારે પણ ડરવાનું નથી, પણ તારો વર તે વખતે બોધ આપશે, તે ભૂલવું નહિ,

ત્રીજીને તે પ્રમાણે શીખવ્યું, તે પ્રમાણે કરતાં ધણી કોપાયમાન થયો, અને ખુબ મારી અને ધમકાવી, કે તું કોઈ ખરાબ કુળમાં ઉત્પન્ન થઈ છે, કે આવું અકાર્ય કરે છે ? તેણે માને વાત કરી, માના કહેવા પ્રમાણે તે સ્ત્રીએ એ ધણીને કહ્યું કે અમારી કુળ રીતિ આવી હોવાથી કરવું

પડ્યું, તમારે ખોટું ન લગાડવું, આમ કહી ધણીને મનાવી લીધો, પણ પછી માતાએ દીકરીને કહ્યું, કે જેમ દેવની ઉપાસના કરાય, તેમ તારે એની આજ્ઞા પાળવી, પણ તેથી વિરૂદ્ધ ન ચાલતી,

## વેશ્યાની વાર્તા.

એક નગરમાં ૬૪ કળામાં કુશળ ગણિકા રહેતી હતી, તેણીએ બીજાના ભાવોની પરીક્ષા કરવા માટે ક્રીડા કરવાના ઘરમાં સર્વે પ્રજાના નિજ નિજ વ્યાપારો કરનારા પુરૂષોના ચિત્રો બનાવ્યાં, ત્યાં સુતાર વિગેરે જે કોઈ આવે, તે પોતાની કળા હુન્નરને પ્રશંસે છે, તેથી તે વેશ્યા તેનું વર્ત્તન જોઈ તેના ભાવની પરીક્ષા કરીને તેને અનુકુળ વર્ત્તે છે, પોતાને અનુકુળ ચાલવાથી તે ખુશ થઈને વેશ્યાને વારેવારે ઘણું દ્રવ્ય આપે છે, આ ઉપક્રમ ( સંસાર વધારનાર હોવાથી ) અપ્રશસ્ત છે,

## અમાત્ય અને રાજાનું દૃષ્ટાંત.

એક નગરમાં કોઇ રાજા અમાત્ય સાથે ઘોડા દોડાવવા ગયો, ત્યાં રસ્તામાં વિષમ ભૂમિમાં જતા ઘોડાએ પેશાબ કર્યો, ત્યાં તે પેશાબે ખાડો પાડી ખાબોચીઉં બનાવ્યું, ત્યાં પૃથ્વીના સ્થિરપણાથી તેવુંજ પેશાબ પડેલું જોઈને રાજાએ પાછા ફરતાં ઘણીવાર ધારીને જોયું, અને તેણે ચિંતવ્યું, કે આ જગ્યાએ તળાવ સારૂં બની શકે, પણ

પ્રકટ ન કહ્યું, સાથે રહેલો અમાત્ય રાજાની ઈંગિત આકાર ચેષ્ટામાં પ્રવીણ હોવાથી રાજાને પૂછયાવિના મોટું સરોવર ત્યાં ખોદાવ્યું, કિનારા ઉપર શ્રેષ્ટ આરામ (બગીચા) બનાવ્યા, બીજી વખત રાજાએ ઘોડા ખેલાવવા જતાં તે જગ્યાએ તળાવ જોઈને પ્રધાનને પૂછયું કે કોણે આ બનાવ્યું છે ?

અમાત્યે કહ્યું, આપે !

રાજાએ કહ્યું કેવી રીતે ?

ઉ—આપે ઘણી વાર પેશાબ જોયો તેથી !

રાજાએ પ્રસન્ન થઈને તેનો માન મરતબો વધાર્યો, આપણ અપ્રશસ્ત ભાવ છે,

## અપ્રશસ્ત કહીને હવે પ્રશસ્ત કહે છે,

તેમાં પ્રથમ શ્રુત વિગેરે કારણે આચાર્યના ભાવનો ઉપક્રમ કરવો ( તેમને અનુકુળ વર્ત્તવું ) તે પ્રશસ્ત ભાવ ઉપક્રમ છે,

પ્ર—વ્યાખ્યાનું અંગ બતાવવાના અધિકારમાં ગુરૂના ભાવનો ઉપક્રમ બતાવવો અનર્થક છે,

ઉ—એમ નહિ, કારણકે તે ગુરૂભાવનો ઉપક્રમ પણ વ્યાખ્યાના અંગ પણે છે. કહ્યું છે, કે–

गुर्वायत्ता यस्मा, च्छास्त्रारंभा भवति सर्वेऽपि ।
तस्माद्गुर्वाराधन परेण हितकांक्षिणा भाव्यम् ॥ १ ॥

શાસ્ત્રના બધા આરંભો ગુરૂને આધીન છે, માટે હિતનાકાંક્ષી સાધુએ હમેશાં ગુરૂના આરાધનમાં તત્પર રહેવું, તેજ પ્રમાણે ભાષ્યકાર મહારાજે કહ્યું છે,

गुरु चित्तायत्ताइं वक्खाणंगाइं जेण सव्वाइं ।
जेणपुण सुपसण्णं, होइ तयं तं तहा कज्जं ॥ १ ॥
आगारिंगिय कुसलं जदि सेयं वायसं वए पुज्जा ।
तहविय सिं नवि कूडे विरहंमि अ कारणं पुच्छे ॥ २ ॥
णिवपुच्छिएण भणिओ गुरुणा गंगा कओमुहीवहइ ?
संपाइयवं सीसो जहतह सवत्थ कायव्वं ॥ ३ ॥

વિગેરે છે કે વ્યાખ્યાનના અંગો સર્વે ગુરૂના ચિત્તને અધીન છે, માટે જેમ તે પ્રસન્ન થાય તેમ કરવું,

આકાર અને ઇંગિતમાં કુશળ ગુરૂ શિષ્યને કાગડો ધોળો કહે, તો પણ તે સમયે ગુરૂના વચનનું ખંડન ન કરવું. પણ ધીરેથી એકાંતમાં પૂછવું કે, આમ કહેવાનું શું કારણ છે?

તથા રાજાએ પૂછયું, કે ગંગા કયા મુખથી વહે છે, ? ગુરૂએ ઉત્તર આપ્યો કે ( આપ જે દિશા દેખો છો તે દિશાએ ! ) એ પ્રમાણે ઉત્તમ શિષ્યે ગુરૂનું મન પ્રસન્ન થાય, તેમ સર્વ કરવું,

પ્ર૦ જો એમ છે, તો ગુરૂના ભાવનો ઉપક્રમ કહેવો

હતો, બીજા કહેવાની જરૂર નહોતી, કારણ કે તેનિરૂપ યોગી છે,

ઉ૦ એમ નથી, ગુરૂનું ચિત્ત પ્રસન્ન કરવા માટેજ તેઓનું ઉપયોગીપણું છે, ( પણ બાકીના નકામા નથી ) તેથી એમ સૂચવ્યું કે દેશકાળની અપેક્ષાએ લાભ હાનિ વિચારીને પાણી ઓદન વિગેરે દ્રવ્યોને આહારાદિક કાર્યમાં ઉપયોગ રાખતો શિષ્ય ગુરૂના ચિત્તને પ્રસન્ન રાખે, ( અને અભ્યાસ કરે ) અથવા ઉપક્રમના સામ્યપણાથી, ચાલતા વિષયમાં કંઈક અંશે ઉપયોગી ન હોય તેવા પણ અન્યત્ર બતાવે તેથી અદોષ છે,

શાસ્ત્રીય સિવાયનો ઉપક્રમ કહ્યો, હવે શાસ્ત્રીય ઉપક્રમ બતાવે છે,

## ( શાસ્ત્રીય ઉપક્રમ )

આ પણ છ પ્રકારનો છે, ૧ આનુપૂર્વી ૨ નામ ૩ પ્રમાણ ૪ વક્તવ્યતા ૫ અર્થાધિકાર ૬ સમવતાર છે,

તેમાં આનુપૂર્વી તે નામ, સ્થાપના, દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ગણના, ઉત્કીર્ત્તન, સંસ્થાન, સામાચારી, ભાવ, એમ દશ ભેદે છે, તેમાં યથાસંભવ સમવતારણ કરવું, વિશેષથી તો ઉત્કીર્ત્તન, ગણના એ બેમાં આનુપૂર્વી લેવી, તે ઉત્કીર્ત્તના સંશબ્દના ( બોલાતું નામ ) છે, જેમ કે સામાયિક ચઉવીસત્થો વિગેરે છે, તથા ગણન ( ગણવું ) તે પરિ સંખ્યા છે. એક બે ત્રણ ચાર વિગેરે, તે ગણના અનુપૂર્વી ત્રણ પ્રકારની છે

૧ પૂર્વ, ૨ પશ્ચાત્, ૩ અને અનાનુપૂર્વી છે, તેમાં સામાયિક પૂર્વાનુપૂર્વીમાં પહેલું, અને છ આવશ્યકની અપેક્ષાએ પચ્ચક્ખાણથી ગણતાં સામાયિક છઠ્ઠું આવે, અનાનુંપૂર્વીમાં તો ક્યાંક પહેલું ક્યાંક બીજું આવે, તેમાં અનાનુપૂર્વીના કરવાનો આ ઉપાય છે, કે એક બે વિગેરે વિવક્ષિત પદોની સ્થાપના કરવી તેમાં પ્રથમ ત્રણ પદની સ્થાપના સંક્ષેપથી બતાવે છે, તે સામાયિક ચઉવીસત્થો વંદનક અધ્યયન છે,

पुव्वाणु पुव्वि हेट्ठा, समयाभेएण कुण जहाजेट्ठं ।
उवरि मतुल्लं पुरओ, नसेज्ज पुव्वक्कमो सेसे ॥ १ ॥
जहि तंमिउ निक्खित्ते, पुरओ सो चेव अंकविण्णासो ।
सो होइ समयभेदो, वज्जे यव्वो पयत्तेणं ॥ २ ॥

પૂર્વાનું પૂર્વીમાં આદિમાં નીચે સમય ( સંકેત ) ભેદવડે જેમ મોટો અંક અનુક્રમે આવે, તેમ કર, ઉપર તુલ્ય આગળ પૂર્વાનુ પૂર્વીએ ક્રમેમુકે, બાકીનામાં પછવાડે નો આંકડો મુકો, જે પૂર્વે અંક મુકયો, તેની આગળ તેજ અંક સ્થાપવો, તે સમય (સંકેત) ભેદ થાય છે, માટે પ્રયત્નથી વર્જવો, (ટીકાનથી ) પણ સામાયિકાદિ ત્રણના છ ભાંગા થાય છે, તે આ પ્રમાણે—— ૧૨૩ ૨૧૨ ગણતાં પૂર્વાનુ પૂર્વીનો

૨૧૩ ૨૩૧ પહેલો તથા પશ્ચાનુ

૧૩૨ ૩૨૧ પૂર્વીનો છેલ્લો અંક બાદ

કરતાં બાકીના ચાર અનાનુ પૂર્વી છે, છ પદોના ૨÷૩÷૪÷૫–૬ નો ગુણાકાર કરતાં ૭૨૦ ભાંગા થાય છે, તેમાં પહેલો છેલ્લો બાદ કરતાં ૭૧૮ થાય છે, તે અનાનુપૂર્વી જાણવા. હવે

નામનું વર્ણન કરે છે, પ્રતિ (દરેક) વસ્તુ તરફ નમવાથી ' નામ , છે તે એકથી દશ સુધી જેમ અનુયોગદ્વારમાં બતાવ્યું છે, તે પ્રમાણે જાણવું, છ નામમાં તેનો અવતાર છે, તેમાં છ ભાવો ઔદયિક ક્ષાયિક વિગેરે બતાવાય છે, તે છતાં સર્વ શ્રુતનો અવતાર ક્ષાયોપશમિકમાંજ છે, કારણ કે શ્રુત તે ક્ષાયોપશમિક છે, તેમ ' પ્રમાણ ' વિચારતાં જેના વડે દ્રવ્ય વિગેરે મપાય તે પ્રમાણ તે પ્રમેયના ભેદથી ચાર રૂપવાળું છે, દ્રવ્ય પ્રમાણ, ક્ષેત્ર પ્રમાણ, કાળ પ્રમાણ અને ભાવ પ્રમાણ છે, તેમાં સામાયિક ભાવ રૂપ હોવાથી ભાવ પ્રમાણના વિષયમાં સમજવું, આ ભાવ પ્રમાણ ત્રણ પ્રકારનું છે, ગુણનય સંખ્યાના ભેદથી ભિન્ન છે, તેમાં ગુણ પ્રમાણ પણ બે પ્રકારે છે, જીવ ગુણ પ્રમાણ અને અજીવ ગુણ પ્રમાણ, તેમાં સામાયિક જીવથી અપ્રથક્ રૂપ પણે હોવાથી સામાયિકનો ' જીવ ગુણ પ્રમાણમાં સમવતાર કરવો, તે જીવ ગુણ જ્ઞાનદર્શન ચારિત્ર ભેદથી ભિન્ન છે, તેમાં બોધ રૂપ હોવાથી સામાયિકનું જ્ઞાન ગુણ પ્રમાણમાં ઉતારવું, તે જ્ઞાન પણ પ્રત્યક્ષ અનુમાન ઉપમાન આગમ ભેદથી ભિન્ન હોવાથી સામાયિક પ્રાયે પર ને ઉપદેશ દેવારૂપ સવ્યપેક્ષ પણે હોવાથી તેનો આગમમાં સમવતાર કરવો, તે આગમ પણ લૌકિક લોકોત્તર સૂત્ર અર્થ અને બંને તથા આત્મ અનંતર પરંપર ભેદથી ભિન્ન હોવાથી તેમાં સામાયિક પરમ ઋષિ પ્રણીત ગણિ પિટક (બારઅંગ)ની અંદર હોવાથી લોકોત્તરમાં ગણવું, અને તે સૂત્ર અર્થ બંને રૂપે હોવાથી ઉભયમાં ઉતારવું, તથા ગૌતમ વિગેરે ગણધર ભગ-

વંતો ને સૂત્રથી આત્મ આગમ તેમના શિષ્યો જંબુ સ્વામી વિગેરેને અનંતર આગમ-પ્રશિષ્યોતે પ્રભવાસ્વામી વિગેરેને પરંપરાગમ છે, એ પ્રમાણે અર્થથી જિનેશ્વરને આત્માગમ ગણુધરોને અનંતર, અને તેમના શિષ્યોને પરંપરાગમ છે, નય પ્રમાણુમાં વિચારતાં તે મૂઢ નય પણે હોવાથી હમણાં અવતાર નથી, અને તે આગળ કહેશે કે **मूढ णइयं सुयं, कालियं तु ।** વિગેરે 'સંખ્યા' તે નામ સ્થાપના દ્રવ્ય ક્ષેત્ર કાળ ઓપમ્ય પરિમાણુ ભાવના ભેદથી ભિન્ન છે, તે અનુયોગદ્વાર પ્રમાણે કહેવી, તેમાં સામાયિક તો ઉત્કાલિકાદિ શ્રુત પરિમાણુની સંખ્યામાં સમવતાર કરવો, તેમાં સૂત્રથી સામાયિક પરિમિત પરિમાણુવાળું છે, અર્થથી અનંત પર્યાય પણે હોવાથી અપરિમિત પરિમાણુ છે,

## હવે 'વકતવ્યતા' કહે છે.

તે ત્રણ પ્રકારે છે, ૧ સ્વ સમયની ૨ પર સમયની ૩ તથા તે બંનેના સમય ( સિદ્ધાંત ) ની વકતવ્યતા છે, સ્વ સમય તે જૈન સિદ્ધાંત અને વક્તવ્યતા તે પદાર્થનો વિચાર છે, તેમાં સ્વ સમયની વક્તવ્યતામાં આ સામાયિકનો સમવતાર છે, એ પ્રમાણે પર તથા તે બંનેના સમયનાં પ્રતિપાદક અધ્યયનોનો પણ તેમાં સમવતાર છે. કારણુ કે બધુંજ શ્રુત જૈન અથવા જૈનેતરનું હોય તો સમ્યગ્ દૃષ્ટિ જીવે ગ્રહણુ કરેલું પર સમય સંબંધીનું પણ સમ્યક્ શ્રુતજ છે, કારણુ કે પરસમયથી જૈન સમય સાથે સરખામણી કરવાથી ઉપકાર

થાય છે, હવે અર્થનો અધિકાર કહે છે, તે અધ્યયનનો સમુદાય અર્થ છે, તે સ્વસમય વક્તવ્યતાનો એક દેશ છે, અને તે સર્વ સાવદ્ય યોગ વિરતિરૂપ છે, તેજ સમવતાર છે.

અને તે ટુંકમાં પતાવવા પ્રતિદ્વારમાં સમવતારણના દ્વારવડે બતાવ્યો છે, આ પ્રમાણે ઉપક્રમ બતાવ્યો,

હવે નિક્ષેપ કહે છે,

## નિક્ષેપ.

તે ઓઘ નિષ્પન્ન, નામ નિષ્પન્ન, સૂત્રાલાપક નિષ્પન્ન એમ ત્રણ ભેદે છે, તેમાં ઓઘનામ તે સામાન્ય રીતે 'શાસ્ત્ર' એજ નામ છે, તે અહીં ચાર પ્રકારનું 'અધ્યયન' વિગેરે છે, તે પ્રત્યેક નામ વિગેરે ચાર ભેદનું છે, તે અનુયોગદ્વારમાં બતાવ્યા પ્રમાણે વિસ્તારથી કહી ભાવ અધ્યયન અક્ષીણ વિગેરેમાં આ સામાયિકને યોજવું, ( આ ટીકાકાર મહારાજે દશ વૈ. ૧ લા. અધ્યયનમાં નિ. ગાથા માં વિસ્તારથી બતાવ્યું છે, તેનું ભાષાંતર પા જુઓ. )

નામ નિષ્પન્ન નિક્ષેપામાં 'સામાયિક' નામ છે, તે નામ વિગેરે ચાર ભેદવાળું છે, અને તે નિરૂક્તિના દ્વારમાં તથા સૂત્રસ્પર્શિક નિર્યુક્તિમાં વિસ્તારથી આગળ કહીશું.

પ્ર૦–જો તેનું નામ અહીં છે, અને તેનો અવસર છે, તો નિરૂક્તિમાં શા માટે તેનું સ્વરૂપ કહેવાનું કહો છો ? અને જો ત્યાં સ્વરૂપ કહેવું હતું તો અહીં ઉપન્યાસ શામાટે કર્યો ?

ઉ૦–અહીં નિક્ષેપદ્વારમાં નિક્ષેપાનોજ અવસર છે, અને નિરૂક્તિમાં તો તેનું અનુ ( બરોબર ) વ્યાખ્યાન છે,

પ્ર૦–આપણ નિરૂક્તિદ્વાર ( ઉપોદ્ઘાતનિર્યુક્તિ ) માંજ સામાયિકનું વ્યાખ્યાન કરવું તો પછી સૂત્રમાં શામાટે કહેશો,

ઉ૦–કારણ કે ત્યાં સૂત્ર આલાપકનું વ્યાખ્યાન છે, પણ નામનું નથી, અને નિરૂકિતમાં તો નિક્ષેપદ્વારમાં સ્થાપેલું 'સામાયિક' એવું અધ્યયનનું નામ છે, તેનું નિરૂપણ કરે છે, એટલુંજ બસ છે, નામ નિક્ષેપો કહ્યો, હવે 'સૂત્રાલાપક નિષ્પન્ન' નિક્ષેપાનો અવસર છે. તેનું લક્ષણ પ્રાપ્ત છે છતાં અહીં કહેતા નથી, કારણ કે અહીં સૂત્રનો અભાવ છે, અને સૂત્ર કહેવા પહેલાંજ કોના આલાપકનો નિક્ષેપ કરવો ? માટે તે ત્રીજા અનુયોગદ્વાર ' અનુગમ ' નામનો છે, તેમાંજ નિક્ષેપ કરશું,

પ્ર૦–જો અવસર પ્રાપ્ત થયો છે, છતાં તેનો નિક્ષેપો કરતા નથી, ત્યારે તેનો ઉપન્યાસ શા માટે કર્યો ?

ઉ૦–નિક્ષેપાના સામાન્યપણાથી અહીં બતાવ્યો, પણ વિસ્તારથી નથી કહેતા.

## અનુગમનું વર્ણન.

તે અનુગમ પણ બે ભેદે છે, નિર્યુકિત અનુગમ તથા સૂત્રાનુગમ છે,

નિર્યુક્તિ ' અનુગમ ' પણ ત્રણ પ્રકારનો છે, ૧ નિક્ષે-

પાની નિર્યુક્તિનો ૨ ઉપોદ્‌ઘાત નિર્યુક્તિનો અને ૩ સૂત્ર સ્પર્શિક નિર્યુક્તિનો અનુગમ છે, તેમાં નિક્ષેપ નિર્યુક્તિનો અનુગમ તો હમણાં બતાવ્યોજ છે, જેની પછી નામાદિનું અનુઆખ્યાન ( વ્યાખ્યાન ) કહ્યું છે, હવે ઉપોદ્‌ઘાત નિર્યુક્તિના અનુગમનો પ્રસ્તાવ છે, અને તે ઉદ્દેશા વિગેરેના દ્વારના લક્ષણવાળો છે, તેમાં મહાન્ વિષય હોવાથી વિઘ્ન ન થાઓ ! માટે આરંભમાં મંગળ કહે છે,

પ્ર૦ મંગળ તો પૂર્વે કહેલું છે ફરી તેનું શું પ્રયોજન છે ? અને એકવાર મંગળ કહ્યા પછી પણ ફરી કહો છો તો પછી દરેક દ્વારે દરેક અધ્યયને દરેક સૂત્રે પણ મંગળ કહેવું જોઈએ !

ઉપરના પ્રશ્નનો ઉત્તર કોઈ આચાર્ય આવો આપે છે, કે મંગળ શાસ્ત્રના પ્રારંભમાં મધ્યમાં અને અંતમાં કહેવું જોઈએ, તેમાંનું પ્રથમનું કહ્યુ, અને હવે મધ્ય મંગળ કહે છે, પણ તે ઉત્તર વ્યાજબી નથી, કારણ કે શાસ્ત્રનો આરંભ કર્યા પહેલાં મધ્ય મંગળનો અવકાશ ક્યાંથી હોય ? ત્યારે તે આચાર્ય ફરી ખુલાસો કરે છે કે ' ચાર અનુયોગ દ્વાર રૂપ ' શાસ્ત્ર છે, તેમાં બે અનુયોગ દ્વાર ' ઉપક્રમ નિક્ષેપનું ' વર્ણન કર્યું, હવે ત્રીજો અનુયોગ દ્વાર કહેવા પહેલાં મધ્યમંગળનો અવસર છે, અને અનુયોગ દ્વારોની શાસ્ત્રઅંગતા ( પ્રસિદ્ધ ) છે,

તેનો અહીં હરિભદ્રસૂરિજી ખુલાસો કરે છે કે એમ વિચારતાં પણ આ શાસ્ત્રનું મધ્યમંગળ ન થાય, કારણ કે

અધ્યયનનું મધ્યપણું તેમાં છે, અને આપણે તો શાસ્ત્રના મધ્યમાં મંગળ જોઈએ છે, માટે ઉપર આપેલો ઉત્તર નકામો છે, તેથી આ પક્ષ સ્થિત થયો કે.

પ્રથમ જે આદિ મંગળ કહ્યુ, તે આવશ્યકાદિનું આદિ મંગળ છે, અને હવે મંગળ કહેવાશે, તે આવશ્યક માત્રનું નહિ, પણ સર્વ અનુયોગના ઉપોદ્‌ઘાતની નિર્યુક્તિપણાનું છે, અને હમણાં ઉપોદ્‌ઘાત નિર્યુક્તિનું વર્ણન ચાલે છે, અને તેથી કહેશે, કે " આવશ્યક દશવૈશાલિક તથા ઉત્તરાધ્યયન આચારાંગ સૂયગડાંગ તથા દશાશ્રુત સ્કંધની નિર્યુક્તિને કહીશ " તથા આગળ ચઉવીસત્થા વિગેરેમાં કહેશે કે બીજા પણ અધ્યયનોમાં આ પ્રમાણેજ નિર્યુક્તિઓ થશે."

એથી મહા અર્થ પણાથી તથા કોઈ અંશે શાસ્ત્રોની અંદર સમાવેશ હોવાને લીધે આ ઉપોદ્‌ઘાતના આરંભમાં મંગળનો ઉપન્યાસ યુક્તજ છે,

પ્ર૦ સામાયિકને અનુકુળ વ્યાખ્યાનનો અધિકાર છે, તે વખતે દશવૈકાલિક વિગેરેનો પ્રસ્તાવ શામાટે કહ્યો ?

ઉ૦–ઉપોદ્‌ઘાતના સામ્યપણાથી, તેથી એમ જાણવું કે તેમાં પણ પ્રાયે આ પ્રમાણે ઉપોદ્‌ઘાત છે, એટલું બસ છે.

તે મંગળ કહે છે.

**तित्थयरे भगवंते, अणुत्तर परक्कमे अमियनाणी।**
**तिण्णेसुगइगइ गए, सिद्धि पह पदेसए वंदे ॥ नि. ८०॥**

તીર્થ કરનારા તીર્થંકરોને વાંદું છું, ( આ તીર્થંકર

શબ્દ કેવી રીતે બન્યો તે માટે પાણીનીનાં સૂત્રો૭-૧-૧૦૦ ૩ ૨-૧૯ ૩-૨-૨૦ લાગુ પાડેલ છે) જેનાવડે તરાય તે તીર્થ છે, તે તીર્થ નામ આદિ ચાર ભેદે છે, તેમાં **નોઆગમથી** વ્યતિરિક્તમાં દ્રવ્ય તીર્થ નદી વિગેરેનો સમ ભૂભાગ અપાય રહિત હોય તે છે, અને તેની સિદ્ધિમાં તરિતા, તરણ, તરણીય છે, તેથી સિદ્ધ થયું કે પુરૂષ બાહુથી અથવા નાવ વિગેરેથી ત્યાં તરે છે, તે તરિતા છે, એનું દ્રવ્યપણું એટલા માટે છે, કે તે તર્યા પછી તરવાનું બાકી રહે છે, તેમ તે જગ્યાએ તરતાં વખતે ડુબી પણ જવાય, અને તેવી જગ્યાએ તીર્થમાં સ્નાન કરતાં બાહ્યમલ દૂર થાય છે, પણ ત્યાં પાણીના જીવોને દુઃખ થવાથી પ્રાણાતિપાત વિગેરે અભ્યંતર મેલનું કારણ નવું થાય છે, આ અભ્યંતર મેલ સર્વથા દૂર થયા વિના તેવા બાહ્યમેલની ઉત્પત્તિના નિરોધ (અટકાવ)નો અભાવ છે, પણ પૂર્વે સંસારી અથવા મિથ્યાત્વને આશ્રયી ક્રિયાઓ કરી જે કર્મમળ પ્રાપ્ત કર્યો હોય, તો તે અશુભ કૃત્યોથી વિરૂદ્ધ સમ્યગ્દર્શન પામી સાથે ક્રિયા કરવાથી અને નિર્મળ ભાવના ભાવવી કે જેથી તે મેલ ક્ષય થાય છે, પણ તે સ્નાન વિગેરેની ક્રિયા કરવાથી તે કર્મ-મળ ક્ષય ન થાય તો ખરી રીતે વિચારતાં ભવતરણ ( મોક્ષ ) ની પ્રાપ્તિ ન થાય, માટે ભાવ તીર્થ તો નો આગમથી સંઘ છે, સમ્યગ્દર્શન આદિ પરિણામથી તે એકમેક પણે છે, તેથી કહ્યું છે, કે, **तित्थं भंते तित्थं ? तित्थं करे तित्थं ? गोयमा ! अरिहा ताव नियमा तित्थ यरे, तित्थं पुण चाउव्वण्णो समण संघो पढम गणहरोवा.** પ્ર. તીર્થ છે, તે તીર્થ છે કે

તીર્થંકર તીર્થ છે ? ઉત્તર હે ગૌતમ ! તે તીર્થંકર તો નિયમથી તીર્થંકર કહેવાય, પણ તીર્થ તો ચતુર્વિધ શ્રમણ સંઘે ( સાધુ સાધવી શ્રાવક શ્રાવિકા ) અથવા પહેલા ગણધર મહારાજ છે, પણ તરિતા—તે તરનાર સાધુજ છે, અને સમ્યગ્દર્શન આદિ ત્રણ કરણ ભાવ પામેલાં ( સહાયક ) છે તેતરણ કહેવાય, અને તરવા યોગ્ય ભવોદધિ છે; અથવા પંકદાહ પિપાસાનો અપહાર ( નાશ ) કરે, તે ધર્મ સાધન સાચું તીર્થ છે, એવું પંડિતો કહે છે; તે શ્લોક કહે છે.

**पंकदाह पिपासाना मपहारं करोतियत् ।**
**तद्धर्म साधनं तथ्यं तीर्थ मित्युच्यते बुधैः ॥ १ ॥**

આમાં પંક તે પાપ છે, દાહ તે કષાયો ( ક્રોધાદિ ) છે, પિપાસા તે વિષયોની ઇચ્છા છે, એ બધાંને દૂર કરે તે તીર્થ છે, અથવા ( ૧ ) સુખથી તેમાં ઉતરાય, અને સુખથી નીકળી જવાય, ( ૨ ) સુખે ઉતરાય પણ દુઃખે નીકળાય, ( ૩ ) દુઃખે ઉતરાય સુખેથી નીકળે, ( ૪ ) દુઃખે ઉતરાય દુઃખે નીકળાય, આ દ્રવ્ય ભાવતીર્થ છે, તેનો અનુક્રમે ખુલાસો કરે છે, તેમાં પ્રથમ ભાંગામાં શીવ મત છે. બીજા બૌદ્ધ છે, ત્રીજામાં દિગંબર છે ( ચોથામાં જૈન સાધુઓ છે, ) ( આમાં શિવ મતમાં જે બાવા છે તેમને ગૃહસ્થ માફક ન્હાવા ધોવાની છુટ હોવાથી સુખેથી તે બાવો બને છે, તેમાં નિર્વાહ કરી શકે છે, બીજામાં સુખથી લેવાય પણ પાળવું બાવા કરતાં કોઇ અંશે કઠણ છે, ત્રીજામાં દુઃખથી ચારિત્ર લે પણ તેમનામાં તેવા નગ્ન સાધુઓ

હોવાના અભાવે તેની બહુ માન્યતા થવાથી સુખથી પાળે છે ચોથામાં વર્ત્તમાન જૈન સાધુઓના ૧૮ હજાર ભાંગે શીલવ્રત સાંભળીને ચમકીને ભાગ્યે કોઈ દીક્ષા લે છે, તેમ અંત સુધી તેવી ક્રિયા હોવાથી ખરો વીર પુરૂષજ ટકી શકે છે.)

## ભગવાન્ શબ્દનું વર્ણન.

' **समग्रैश्वर्यादि लक्षण** ' વાળો ભગ શબ્દ છે તેવું ઇંગના નામનો કોષ છે તેમાં બતાવ્યું છે,

**ऐश्वर्यस्य समग्रस्य, रुपस्य यशसः श्रियः**
**धर्मस्या थप्रयत्नस्य, षण्णां भग इतींगना ॥ १ ॥**

સમગ્ર ઐશ્વર્ય રૂપ યશ શ્રી ધર્મ પ્રયત્ન આ છનાઅ-ર્થમાં ' ભગ ' શબ્દ છે. તે બધા ગુણોથી યુકત હોવાથી જિને-શ્વરને ભગવાન્ કહ્યા છે,

પ્ર૦–તીર્થંકરમાં ભગવાનનો અર્થ સમાઈ જાય છે, કારણ કે તીર્થંકરોમાં તેવું લક્ષણ સદાએ વ્યભિચાર (દોષ) વિના રહેલું છે, માટે ભગવાન્ શબ્દની શી જરૂર છે ? (નથી)

ઉ૦–એમ નથી, બીજા મતવાળા અમુક નયને અવલં-બીને રહેલા છે, તેમના મતમાં જે તીર્થંકર માનેલા છે, તેવા તીર્થંકર નહિ પણ ઉપર બતાવેલ ભગવાનના ગુણોવાળા તીર્થંકર લેવા એમ સૂચવવા માટે લીધો છે, અર્થાત્ તેવા ઉત્તમ ગુણોથી રહિત તીર્થંકરો નહીં, પણ ગુણયુકત તીર્થંકર ભગવાનને વાંદું છું,

તે પ્રમાણે પર તે ક્રોધાદિ શત્રુઓ છે, તેમના ઉપર આક્રમણ કરીને તેમનો પરાજય કરેલા, તે જેમ તેમ નહિ, પણ સંપૂર્ણ રીતે, માટે અનુત્તર પરાક્રમવાળા તીર્થંકરો છે,

પ્ર૦—જે ઐશ્વર્યવાળા ભગવંતો છે, તે અનુત્તર પરાક્રમવાળાજ છે, કારણ કે તેવા ગુણ ( પરાક્રમ ) વિના ભગવાન્ ન કહેવાય, માટે પરાક્રમનું વિશેષણ નકામું છે ?

ઉ૦—અનાદિ શુદ્ધ, તથા ઐશ્વર્ય વિગેરે યુક્ત પરમ પુરૂષની કલ્પના કરનાર નયવાદીનું નિરાકરણ કરવા, ( તે એવું માને છે, કે ઇશ્વર અનાદિ શુદ્ધ છે, જૈનો કહે છે કે પ્રથમ શુદ્ધ નહોતો, પણ પછી શુદ્ધ થયો છે તે બતાવવા) માટે દોષ નથી ( પદ નકામું નથી ) વળી કેટલાક અનુત્તર પરાક્રમ વિના પણ બ્રહ્મા વિગેરેને અનાદિથી ભગવાન્ માને છે, તેઓ આ પ્રમાણે કહે છે,

**ज्ञानम प्रतिघं यस्य वैराग्यं च जगत्पतेः**
**ऐश्वर्यं चैव धर्मश्च सह सिद्धं चतुष्टयं ॥ १ ॥**

જેનું ન હણાય તેવું નિર્મળજ્ઞાન, વૈરાગ્ય ઐશ્વર્ય અને ધર્મ એ ચાર જગત્પતિને સ્વભાવિક છે, ( તેવું જૈનો માનતા નથી, જૈનો એમ માને છે કે પરાક્રમ કરવાથી નિર્મળ જ્ઞાન પ્રાપ્ત થાય છે ) અથવા અન્ય લોકો એવું માને છે કે આત્મા અકર્ત્તા છે, તેમનું ખંડન કરવા કે આત્મા પરાક્રમ કરીને શુદ્ધ થાય છે, તે બતાવવા માટે તે વિશેષણ પણ જરૂરી છે.

અમિત તે અપરિમિત ( અનંત ) કેવળજ્ઞાન છે, કારણ કે જાણુવા યોગ્ય પદાર્થો અનંત છે, તે જ્ઞાનવાળા ભગવાન્ છે,

પ્ર૦—જે અનુત્તર પરાક્રમવાળા હોય તે નિયમથી અનંતજ્ઞાની છે, તો તે વિશેષણુ શા માટે કહ્યું ? કારણુ કે ક્રોધાદિ ક્ષય થવાથી તુર્તજ અનંતુ કેવળજ્ઞાન થાય છે.

ઉ૦—તમારૂં કહેવું સત્ય છે, પણુ કલેશનો ક્ષય થવા છતાં પણુ અમિતજ્ઞાન થતું નથી એવા મતવાળાનું ખંડન કરવા માટે આ વિશેષણુ છે, તે વાદીનું કહેવું આ છે કે

**सर्वं पश्यतु वामावा, इष्टमर्थंतु पश्यतु**
**कीट संख्या परिज्ञानं तस्यनः कोपयुज्यते ॥ १ ॥**

તે બધું દેખે અથવા ન દેખે, પણુ ઇષ્ટ પદાર્થને તો જરૂર દેખે, કારણુ કે કીડાની સંખ્યા ગણુવાનું તેનું ઝીણું જ્ઞાન આપણુને શું ઉપયોગી છે ? અથવા જૈન સિદ્ધાંતમાં પ્રસિદ્ધ છદ્‌મસ્થ વીતરાગ પ્રભુનું કેવળજ્ઞાન નથી, તેના વ્યવચ્છેદ ( ખુલાસા ) માટે આ કહ્યું, તથા જેઓ ભવસમુદ્રને તર્યા તે તીર્ણુ છે, તથા પોતે ભવ ઓઘ તરીને સુગતિ નામની ગતિ ( મોક્ષ ) માં ગયેલા તેમાં સર્વજ્ઞપણું તથા સર્વ દર્શીપણું પ્રાપ્ત થવાથી નિરૂપમ સુખને ભજનારા છે, સુગતિ ગતિ કહેવાથી ભવ ભ્રમણુની તિર્યંચ નર નારકદેવ ગતિ છોડીને પાંચમી ગતિએ પહોંચ્યા છે, તથા સિદ્ધ શબ્દથી જાણુવું કે લોકમાં ગણાતી સિદ્ધિ તે અણિમાદિ આઠ પ્રકારના ઐશ્વર્યવાળી સ્વેચ્છાથી ચાલવું વિગેરે હોય તે ન

લેતાં મોક્ષગતિવાળી સિદ્ધિ લેવી, એટલે પરવાદીમાંના કેટ-લાક કહે છે કે—

**अणिमाद्यष्टविधं प्राप्यै श्वर्यं कृतिनः सदा**
**मोदन्ते सर्व भावज्ञा स्तीणाः परमदु स्तरम् ॥ १ ॥**

આઠ પ્રકારની અણિમાદિ ઐશ્વર્યવાળી ઋદ્ધિને પામીને પુણ્યવાન જીવો હમેશાં બધા ભાવને જાણનારા સિદ્ધો આનંદ પામે છે, તેઓ દુસ્તર ભવસમુદ્રને તરી ગયા છે.

( જૈનો આવા સિદ્ધોને માનતા નથી, કારણ કે સિદ્ધોને હવે લબ્ધિ કે ઐશ્વર્યથી આનંદ પામવો બાકી નથી, કારણ કે આત્માના જ્ઞાનદર્શન ચારિત્રરૂપ નિર્મળ ગુણમાં આનંદ તેમને મળી રહ્યો છે. )

તથા સિદ્ધિ નામની સુગતિનો પંથ તેના પ્ર ( પ્રધાન ) દેશક ( ઉપદેશક ) તે સિદ્ધિ પંથ પ્રદેશક છે, અર્થાત્ સિદ્ધિ ગતિનું બીજ સામાયિક વિગેરે બતાવનાર તીર્થંકર છે, આ વિશેષણવડે નિર્દોષ અનેક જીવોને ઉપકારક તીર્થંકર નામ કર્મ ઉદયમાં આવ્યાથી તેઓ ઉપદેશ કરી તીર્થ સ્થાપે છે, તેમના ગુણ હું ગાઉં છું વાંદું છું ॥ આ પ્રમાણે ઋષભદેવ વિગેરેને વંદન કરવાનું મંગળ માટે બતાવ્યું, ॥ ૮૦ ॥

હવે આસન્ન ( છેલ્લા નજીકના ) ઉપકારીપણાથી વર્ત્તમાન તીર્થંકર જેઓ બધા શ્રુતજ્ઞાનનો અર્થ બતાવનાર વર્ધમાનસ્વામી છે, તેમનું વંદન કહે છે.

वंदामि महाभागं, महामुणिं महायसं महावीरं ।
अमर नरराय महिअं, तित्थयरमिमस्सतित्थस्स ॥
नि० ८१ ॥

મહાભાગ તે મહાન્ અચિંત્ય શક્તિવાળા તથા જગતને ત્રણે કાળમાં કેવળજ્ઞાનથી માને છે, તેથી મુનિ, અને તે પણ મહામુનિ છે, તથા ત્રણે જગત્માં વ્યાપેલા યશવાળા હોવાથી મોટા યશવાળા, વીર તે કષાયાદિ શત્રુનો જય કરવાથી છે, તે પણ મહાવીર જાણવા, અથવા અત્યંત રાગિણી બનેલી કેવળજ્ઞાન રૂપી લક્ષ્મીથી રાજે ( શોભે ) છે, માટે વીર છે, કહ્યું છે કે,

विदारयति यत्कर्म, तपसाच विराजते ।
तपोवीर्येणयुक्तश्च, तस्माद्वीर इति स्मृत: ॥ १ ॥

જે કર્મોને વિદારે ( નાશ કરે ) છે, તપસાથી વિરાજે છે, તપવીર્યવડે યુક્ત માટે તે વીર તરીકે જાણીતા છે. અમર ( દેવ ) માણસ તેમના રાજા તે ઇંદ્ર તથા ચક્રવર્ત્તિ વિગેરેથી પૂજિત એવા વર્ધમાન સ્વામી છે, જેઓએ હાલ ચાલતા તીર્થને સ્થાપ્યું છે, તેમને નમસ્કાર કરૂં છું. ॥ ૮૧ ॥

આ પ્રમાણે અર્થના કહેનારા જિનેશ્વર મહાવીરને મંગળ માટે વંદન કહ્યું, હવે સૂત્ર રચનારા ગણધર વિગેરેમાં પણ પૂજ્યપણું હોવાથી તેમને વંદન કરે છે,

इक्कारसवि गणहरे, पवायए पवयणस्स वंदामि ।
सव्वंगणहर वंसं, वायगवंसं पवयणंच ॥ नि० ८२ ॥

અગ્યાર ગણુધરો એટલે ૧૧ ની સંખ્યાવાળા અનુત્તર જ્ઞાનદર્શન આદિ ધર્મગણુને ધારનારા ગણુધરો છે, તેમને તથા પ્રકર્ષથી પ્રધાન અથવા પ્રથમ વાચક તે પ્રવાચક જૈન સિદ્ધાંત ( પ્રવચન ) ના જેઓ છે, તેમને વાંદું છું, આથી મૂળ ગણુધરને વંદન કર્યું, વળી સર્વે ગણુધર ( આચાર્ય ) ના વંશમાં આવેલા તેમને તથા વાચક ( ઉપાધ્યાય ) ના વંશમાં તે શિષ્ય પરંપરાએ આવેલા તેમને તથા આગમને વાંદું છું.

પ્ર૦–ગણુધર તથા વાચકના વંશ તથા આગમને શામાટે વાંદો છો ?

ઉ૦–અર્થ કહેનાર અર્હન્દેવ વંદ્ય છે, સૂત્રકાર ગણુધરો વંદ્ય છે, તેજ પ્રમાણે જેમણે અર્થ સૂત્ર રૂપ પ્રવચન આચાર્ય ઉપાધ્યાયોએ અમારી સંમુખ આણ્યું છે, માટે તેમનો વંશ પણ સૂત્રાર્થને ધારી રાખવાથી અમારે ઉપકારક છે માટે વંદ્યજ છે, અને આગમતો સાક્ષાત્ વૃત્તિ માફક ઉપકારક છે, તેથી વંદ્ય છે, ॥ ૮૨ ॥

હવે આપણો ચાલુ વિષય કહે છે.

**ते वंदिउणसिरसा, अत्थपुहुत्तस्स तेहि कहियस्स ।**
**सुय नाणस्स भगवओ, निज्जुत्ति कित्तइस्सामि ॥**
**नि० ८३ ॥**

ઉપર બતાવ્યા પ્રમાણે ઉત્તમઅંગ તે માથા વિગેરેથી

નમસ્કાર કરીને શ્રુતમાં કહેવા યોગ્ય અર્થ તેનાથી સૂત્ર જુદું છે, માટે સૂત્ર અર્થ જુદાં છે તેને, અથવા અર્થવડે પૃથુ (વિસ્તારવાળાં) એવાં સૂત્રોને તીર્થંકર ગણધર વિગેરેએ કહ્યાં છે, આવા શ્રુતજ્ઞાન રૂપ ભગવંતના સ્વરૂપને બતાવનાર એટલે પરસ્પર સૂત્ર તથા અર્થને નિયોજક (જોડનારી) નિર્યુક્તિને કહીશે ॥ ૮૩ ॥ પ્ર૦ આ બધા સૂત્રોની નિર્યુક્તિ કે ?

ઉ૦—નહિ, આવશ્યક વિગેરે અમુક સૂત્રોની નિર્યુક્તિ, તે કહે છે,

**आवस्सगस्स दस, कालिअस्स तह उत्तर ज्झमायारे ।**
**सूयगडे निज्जुतिं, वुच्चामि तहादसाणं च ॥ ८४ ॥**
**कप्पस्सय निज्जुत्तिं, ववहारस्सेव परमणिउणस्स ।**
**सूरिअ पण्णत्तीए, वुच्छं इसिभासिआणंच ॥ ८५ ॥**
**एतेसिं निज्जुत्तिं, वुच्छामि अहं जिणोवएसेणं ।**
**आहरणहेउ कारण, पयनिवहमिणं समासेणं ॥ ८६ ॥**

આવશ્યક સૂત્ર, દશવૈકાલિક ઉત્તરાધ્યયન આચારાંગ તથા સૂયગડાંગ દશાશ્રુતની નિર્યુક્તિને કહીશ, તથા કલ્પ (બ્રહત્) સૂત્ર તથા પરમનિપુણ (પરમ તે મોક્ષાંગપણું છે, તથા નિપુણ તે અ૦યંસકપણે છે,) વ્યવહાર સૂત્રની નિર્યુક્તિ કહીશ, આ સાધુ સંબંધી વ્યવહાર મનુ સ્મૃતિ જેવો સંસાર સંબંધી નથી, પણ (**सच्चपइण्णाखु ववहारा**) સત્ય પ્રતિજ્ઞા તે વહેવાર છે (કે જેના પાળવાથી કોઈ પણ જીવને પીડા ન થાય તેવો છે,) તથા સૂર્ય પ્રજ્ઞપ્તિ તથા

ઋષિભાષિત તે દેવેંદ્રસ્તવ વિગેરેની નિર્યુક્તિ કહીશ, ( ક્રિયા અભિધાનનું કારણ એ છે કે આમાં અનેક જુદા ગ્રંથોનો વિષય છે, તથા શાસ્ત્રારંભમાં સમાસ વ્યાસરૂપપણે હોવાથી અદુષ્ટજ છે) આ નિર્યુક્તિઓ સ્વમતિ કલ્પનાથી નહિ, પણ જિનેશ્વરના ઉપદેશવડે કહીશ, તથા તે નિર્યુક્તિઓ ઉદાહરણ હેતુ કારણ પદના સમૂહ યુક્ત કહેવાશે.

સાધ્ય સાધન અન્વય વ્યતિરેકનું બતાવનાર દૃષ્ટાંત છે,

સાધ્ય ધર્મના અન્વય વ્યતિરેકના લક્ષણવાળો હેતુ છે,

ગાથામાં હેતુની પહેલાં દૃષ્ટાંત લેવાનું કારણ એ છે કે કોઈ વખત હેતુને કહ્યા વિના પણ દૃષ્ટાંત લેવાય છે, તે ન્યાય બતાવવા માટે છે, જેમકે 'ગતિના પરિણામે પરિણત જીવ પુદ્ગલોનો ઉપષ્ટંભક ધર્માસ્તિકાય' છે, જેમ મત્સ્ય વિગેરેને સલિલ ( પાણી ) છે, તથા કોઈ વખતે એકલો હેતુજ દૃષ્ટાંત વિના કહેવાય છે, જેમકે અમારોજ આ ઘોડો છે, કે તે સિવાય આવાં વિશિષ્ટ ચિન્હ બીજામાં ન હોય, તેજ નિર્યુકિતકારે પણ કહ્યું છે,

**जिणवयणं सिद्धं, चेव भण्णइ कत्थवी उदाहरणं ।**
**आसज्ज उसो यारं, हे ऊवि कहंचिय भणेज्जा ॥ १ ॥**

જિનેશ્વરનું વચન સિદ્ધ છે, તેથી કોઇ વખત ઉદાહરણ કહેશે, અને કોઈ વખત શ્રોતાને આશ્રયી હેતુ પણ કહેશે—

કારણ તે ઉપપત્તિ માત્ર છે, જેમકે નિરૂપમ સુખવાળા સિદ્ધ છે, કારણ કે જ્ઞાનમાં કોઈ પ્રકારે ખામી નથી, ( મતિ

જ્યાં મુંઝાય ત્યાંજ દુઃખ છે, કેવળજ્ઞાન સિદ્ધમાં હોવાથી ત્યાં કશું દુઃખ નથી ) આમાં વિદ્વાન્ અને સ્ત્રી સમૂહ સુધાં લોકમાં પ્રતીત છે, કે સાધ્ય સાધન ધર્મને અનુગત દૃષ્ટાંત નથી, તથા ઉદાહરણના અર્થનું અભિધાયક પદ આહરણ પદ છે, આ પ્રમાણે બીજી જગ્યાએ પણ જાણવું, એટલે આ પ્રમાણે આહરણ હેતુ કારણનાં પદોના સમૂહવાળી નિર્યુક્તિ કહેશે-( ત્રણ ગાથા ૮૪-૮૫-૮૬ નો સમાસથી અર્થ કહ્યો) હવે પ્રથમ જે ઉદ્દેશ હતો તેને અનુસરી પ્રથમ કહેલ આવશ્યકના પહેલા સામાયિક નામના અધ્યયનની ઉપોદ્ઘાત નિર્યુક્તિ કહે છે,

**सामाइय निज्जुत्तिं, वुच्छं उवएसियं गुरुजणेणं ।**
**आयरिय परंपरएण आगयं आणु पुव्वीए ॥ नि. ८७ ॥**

સામાયિક સૂત્રની નિર્યુક્તિ જે તીર્થંકર ગણધર વિગેરેએ શિષ્યો સંમુખ ઉપદેશેલી અને આચાર્યની પરંપરાએ આવેલી છે તેને કહીશ, તે પરંપરા બે પ્રકારે દ્રવ્યથી તથા ભાવથી છે, દ્રવ્ય પરંપરાતે જેમ ઇંટોને એક પછી એક લઇને એક પુરૂષ બીજા પુરૂષને પહોંચાડે છે; આના સંબંધમાં મુંઝવણ મટાડવા એક કથા ગાથાનું વિવરણ સમાપ્ત થતાં કહીશું, અને ભાવ પરંપરા તો આ ઉપોદ્ઘાત નિર્યુક્તિજ આચાર્ય પરંપરાએ આવેલી છે,

પ્ર૦-કેવી રીતે ?

ઉ૦-આનુપૂર્વીએ એટલે જંબૂસ્વામીએ પ્રભવા સ્વા-

મીને તથા તેમણે શય્યંભવને કહી, એમ અનુક્રમે આવી છે, અથવા આચાર્ય પરંપરાએ આવેલી પોતાના ગુરૂએ કહી,

પ્ર૦—દ્રવ્ય જે ઇંટો વિગેરે છે, તેનું પરંપરાએ પહોંચાડવું યોગ્ય છે, પણ ભાવ તો શ્રુતજ્ઞાનના પર્યાયપણાથી એક વસ્તુથી બીજી વસ્તુમાં જવાનો અભાવ છે, તેથી પરંપરાએ આવવાની વાત કેમ બને ? કંઈ તેના બીજરૂપ અર્હન્ દેવ તથા ગણધર ભગવંતના શબ્દોનું આગમન નથી ! કારણ કે તે શબ્દો તો કાનમાં પેસતાંની સાથેજ ઉપરમ ( નાશ ) થાય છે,

ઉ૦—આ ઉપચાર હોવાથી અદોષ છે, જેમ રૂપિયાથી ઘી આવ્યું, અથવા ઘટ વિગેરેથી રૂપ વિગેરેનું જ્ઞાન થાય છે, એ પ્રમાણે આ આચાર્યની પરંપરાનો હેતુ હોવાથી 'આવેલ' છે એમ જાણવું, એટલે બોધવચન આ આગમન શબ્દ છે, પણ ક્રિયારૂપે નહીં, એટલેથી બસ છે.

## દ્રવ્ય પરંપરાનું દૃષ્ટાંત.

સાકેત ( અયોધ્યા ? ) નામનું નગર છે, તેના ઇશાન ખુણામાં સુરપ્રિય નામના જક્ષનું મંદિર છે, તેમાં સુરપ્રિયની મૂર્ત્તિનું ચિત્ર કાઢેલું હતું, તે દર વરસે નવું ચીતરાય છે, તેનો પરમ મહોત્સવ કરાય છે ( લોકોનો મેળો એકઠો થાય છે ) અને તે ચિત્રેલો જક્ષ અદૃશ્ય રૂપે રહીને તે ચિત્ર કરનાર ચિતારાને મારે છે, તે ડરથી જો ન ચિતરે, તો મરકી ( કોગળીયા ) નો રોગ જક્ષ ફેલાવે છે, તેથી ચિતારાને બધા

માણુસોને બચાવવા માટે પોતામાંથી એકને મરવાની ફરજ પડે છે, તેથી સર્વ ચિતારાઓ જીવ લઇને ભાગવા લાગ્યા, રાજાને ખબર પડી, તેણે વિચાર્યું કે જો બધા ભાગી જશે, તો તેનું ચિત્ર નહીં થાય તો અમને બધાને ઓચીંતો જક્ષ મારી નાંખશે, તેથી તેણે ચિતારાઓને બધાને એકઠા કરી ઇનામ આપી સંતોષ્યા, અને તેમનાં નામની ચીઠીઓ લખી ઘડામાં મુકી, દર વરસે જેનું નામ આવે તે ચિતરે છે, અને મૃત્યુવશ થાય છે, એકવાર કોસંબી નગરથી એક ચિતારાનો પુત્ર ઘરથી ભાગીને ત્યાં કામ શીખવા આવ્યો, તે ભમતાં ચિતારાના ઘરમાં આવીને ભરાયો, તે ઘરમાં એક ડોસી રહેતી હતી, તેને એક પુત્ર હતો, તેની સાથે આવેલા ચિતારાના પુત્રને મિત્રાચારી થઈ, આ પ્રમાણે ત્યાં રહેતાં અનુક્રમે ચીઠી કાઢતાં તે ડોશીના છોકરાનો વારો આવ્યો, તેથી ડોસી ઘણું રડવા લાગી, તેને રડતી જોઈ પરદેશી છોકરાએ પૂછયું કે, મા કેમ રડે છે ? ડોશીએ તે વાત કહી, ત્યારે તે બોલ્યો ન રડ, હું તે ચિત્ર કરી આવીશ, ડોસીએ કહ્યું તું મારા પુત્ર જેવો નથી ? કે તને મરાવું ? તોપણ આગ્રહ કરી કહ્યું કે હું ચીતરીશ, તું શોક ન કર, પછી તેણે બે ઉપવાસ ( છઠ ) નું પચ્ચકખાણ કરીને અખંડિત બે વસ્ત્ર પહેરીને આઠ પડનો મુખ કોશ બાંધીને નિર્મળ પ્રયત્નવડે નવા કળશોથી સ્નાન કરાવી ( જગ્યા સ્વચ્છ કરીને ) નવા કુચડા પીછીઓ તથા રંગ રાખવાનાં નવાં મલ્લક ( ચપણાં ) એક બીજા રંગમાં

ભેળસેળ કર્યા વિના યોગ્ય રીતે રંગીને તે ચિત્રના પગમાં પડીને બોલ્યો, હે જક્ષદેવ ! મેં તમારો કંઇપણ અપરાધ કર્યો હોય તો ક્ષમા કરશો, ત્યારે જક્ષ તુષ્ઠ થઇને બોલ્યો, વર માગ ! ચિ–મને એવો વર આપ, કે આજથી તમારે કોઇને મારવો નહિ, જક્ષે કહ્યું, એમજ થશે, જેમ તને માર્યો નહીં, તેમ અન્યને પણ નહીં મારૂં, જક્ષે કહ્યું બીજો વર માગ ! પેલો બોલ્યો, જેનો એક દેશ ( ભાગ ) હું જોઉં, તે ચાહે બે પગવાળો હોય, ચોપગું હોય, કે અપગ (ઝાડ વિગેરે) હોય, તે દરેકનું બરોબર રૂપ ચીતરી શકું, જક્ષે કહ્યું, તેમ થશે, પછી જક્ષ ગયો, અને તે ચિતારાની વાત રાજાએ સાંભળી બોલાવીને તેનો સત્કાર કર્યો, પછી વરદાન લીધેલો યુવક ચિતારો કોસંબી નગરીએ ગયો, ત્યાં શતાનિક નામે રાજા છે, તે કોઈ વખતે સુખાસન ઉપર બેઠેલો છે, ત્યાં પરદેશથી આવેલા દૂતને પૂછ્યું, કે બીજા રાજાઓને હોય, અને મને નથી, તેવું કંઇ હોય તો કહે, તેણે કહ્યું કે આપને ચિત્રસભા નથી, હવે જેમ દેવોને મનમાં ધાર્યું તૈયાર થાય છે, તેમ વચને (હુકમથી) રાજાઓને થાય છે, તેજ વખતે તેણે ચિતારાઓને બોલાવ્યા અને ચિતારાઓને સભાના ભાગ પાડી આપ્યા, તેમાં વરદાનવાળા ચિતારાને અંતઃપુરના ક્રીડાપ્રદેશનો ભાગ ચીતરવા આપ્યો, તેણે ત્યાં જેવું અંતઃપુર હતું, તેવું ચિત્ર કર્યું, ત્યાં કોઈ વખતે આવેલી મૃગાવતી રાણીનો જાળીવાળા (ચકના) પડદાને આંતરે પગનો અંગુઠો જોયો, તેણે ઉપમાનથી

અનુમાન કર્યું કે આ મૃગાવતી છે, તેથી પગના અંગુઠાના અનુસારે તે દેવી ( રાણી )નું રૂપ ચીતર્યું, તેની આંખો મચકાતાં એક મસી ( સાહી ) નું બીંદુ સાથળે તે ચીતરેલામાં પડયું, તેણે કુંસી નાંખ્યું,, પાછું પડયું, એમ ત્રણવાર કુંસવા છતાં પડવાથી તેણે જાણ્યું, કે આ ટપકું તલ નેમાટે જરૂરી છે, પછી ચિત્ર સભા તૈયાર થતાં રાજા જોવા આવ્યો, અને જ્યાં મૃગાવતીનું ચિત્ર છે ત્યાં આવ્યો, ત્યાં ધારીને જોતાં તેણે ગુપ્ત ભાગમાંનો તલ દેખ્યો, અને કોપાયમાન થયો, કે આ દુષ્ટે કોઇ રીતે મારી રાણીને ભોગવી છે, એમ વિચારીને મારવાને હુકમ કર્યો, તે સમયે બધા ચિતારા ભેગા થઈને કહેવા લાગ્યા, હે રાજન્ ! આતો દેવતાએ વર આપેલો ચિતારો છે, ત્યારે રાજાએ પરીક્ષા કરવા દાસીનું ફક્ત મોઢું બતાવ્યું, ચિતારે તેનું આખું રૂપ ચીતરી આપ્યું, છતાં પણ તે ચિતારો આવું નિર્લજ કામ ન કરે, માટે અંગુઠો તથા તેની જોડલી આંગળી જેના વડે પીછી પકડાય તે બે કપાવી નાંખ્યા, અને દેશનિકાલ કર્યો, ચિતારે યક્ષદેવને આરાધન કરવા ઉપવાસ કર્યો, દેવે આવીને કહ્યું, કે તું ડાબા હાથથી ચીતરીશ, તે વરદાન પામ્યા પછી તેણે શતાનીક રાજા ઉપર વૈર લેવા વિચાર કરી પ્રદ્યોત રાજાને બળવાન જોઇને તેની પાસે જઈને મૃગાવતીનું ચિત્ર પાટીયામાં ચીતરી ચંડ પ્રદ્યોતને ભેટ કર્યું, રાજાએ ખુશ થઇને પૂછયું, કે આ કોણ છે ? તેણે ખરૂં ઠેકાણું બતાવ્યું, તેથી ચંડપ્રદ્યોતે દૂત

મોકલી કહેવડાવ્યું, કે જો મૃગાવતીને નહિ મોકલે, તો લડવાને આવું છું, શતાનીક રાજાએ દૂતને ધિક્કારી કાઢ્યો, અને નિર્ધમન ( ઘરનાળા )ના રસ્તે બહાર કાઢ્યો, દૂતની વાત જાણી પ્રદ્યોત કોપાયમાન થયો, અને મોટું લશ્કર લઈ કોસંબી નગરીએ આવ્યો, તેને આવતો સાંભળી અલ્પબળવાળો શતાનીક રાજા અતિસારના રોગે મરણ પામ્યો, તે સમયે મૃગાવતીએ ચિંતવ્યું કે મારો આ નાનો બાળક નાશ ન પામો, આ તે રાજાથી લડી નહીં શકે, એમ વિચારી દૂત મોકલી કહેવડાવ્યું કે આ કુમાર બાળ છે, અને હું તેની રક્ષામાંથી નીકળી જાઉં, તો બીજો સામંત રાજા આવીને તેને દુઃખ ન દે, માટે ઉપાય કરી લો, રાજા ચંડપ્રદ્યોતે કહેવડાવ્યું કે મારા આશ્રય આપેલાને કોણુ દુઃખ દેનાર છે ? મૃગાવતીએ કહેવડાવ્યું કે ઓશીકે આવેલા સર્પને ૧૦૦ જોજન ઉપર બેઠેલો વૈદ્ય કેવી રીતે બચાવશે ? માટે નગરને પ્રથમ મજબુત બનાવો, રાજાએ હા પાડી, મજબુત ઈંટો મગાવીને પક્કો કોટ કરવા, તેના તાબામાં ચૌદ રાજાઓ હતા, તેમના બધા સૈન્યને રોકી પુરૂષને હાથોહાથ ઈંટો મંગાવી, અને નગરને મજબુત બનાવ્યું, પછી મૃગાવતીએ ધનવડે નગરી ભરાવી, તે પ્રમાણે દરેક વ્યવસ્થા કરતાં તે નગર શત્રુથી ન ઘેરાય તેવું બનતાં, તેણે પ્રથમ આપેલા કુત્સિત વચનને ધિક્કારી કાઢયું તથા વિચાર્યું, કે તે ગામ આકર કે સન્નિવેશોને ધન્ય છે, કે જ્યાં મહાવીર પ્રભુ વિહરે છે ! જો તે સ્વામી

અહીં આવે, તો હું દીક્ષા લઉં, પ્રભુ પણ કેવળજ્ઞાને જાણી તે તરફ વિહાર કરી આવ્યા, સમોવસરણ રચાયું, બધાં વૈરો શાંત થયાં, મૃગાવતી દરવાજા ખોલાવી ત્યાં આવી, ત્યાં ધર્મનો ઉપદેશ કરતાં આ પ્રભુ સર્વજ્ઞ છે એમ જાણીને કોઈ માણુસે પ્રચ્છન્ન (ગુપ્ત) મનમાં જ પ્રશ્ન કરવા માંડ્યો તે સમયે પ્રભુએ પ્રકટ કહ્યું કે હે દેવાનુપ્રિય ! મનમાં પૂછવા કરતાં વચનથી જાહેર પૂછ, કે જેથી ઘણા પુરૂષો બોધ પામે; આ પ્રમાણે પ્રભુએ કહેવાથી તેણે કહ્યું, હે ભગવન્ ! જે પૂર્વે હતી તે આ છે કે ? ભગવાને કહ્યું કે હા !

ગૌતમ સ્વામીએ ભવ્ય જીવોના પ્રતિબોધ માટે સમય આવેલો જોઈ પ્રશ્ન કર્યો કે, આ મનુષ્યે પૂછેલ આ તેજ 'સ્ત્રી છે કે જે પૂર્વે હતી' તે 'जासा सा सा' આપને પણ તેમ કહેવું પડયું, કે હા ! ભગવાને તેનું ચરિત્ર કહ્યું,

તે કાલે તે સમયે ચંપા નામની નગરી છે, ત્યાં એક સોની પોતે સ્ત્રીલંપટ હતો, તેણે ૫૦૦ ૫૦૦ સુવર્ણ મહોરો તેના વડીલોને આપીને જે કોઈ સુંદર કન્યા હોય, તેને પોતે પરણે છે, એમ તેણે ૫૦૦ સ્ત્રીઓ એકઠી કરી, અને તે એકેક સ્ત્રીને યોગ્ય તિલક ચૌદમું એવા ચૌદ ભેદવાળા દાગીના કરાવીને જેનો જે દિવસે વારો હોય, તેને તે દિવસે તે આભૂષણો આપે છે, પણ બીજા દિવસોમાં બીજું ન આપે, વળી તેને વ્હેમ પડયો કે કોઈ બીજો લંપટ મારી સુંદર સ્ત્રીઓથી લલચાઇ અનાચાર ન કરે માટે પોતે ઘરથી બહાર નીકળતો

નહોતો, તેમ બીજા કોઈને પેસવા પણ દેતો નહોતો, એક વખતે તેના મિત્રે તેમના અંતરના સંબંધથી ઘણો આગ્રહ કર્યો, સોનીને જવાની ઇચ્છા નહોતી, છતાં પણ જવું પડયું, તે ગયો, એમ સ્ત્રીઓને જણાયાથી તે બધીએ ભેગી થઇને ચિંતવ્યું કે આપણે આવા સુવર્ણના અલંકારથી શું લાભ છે ? માટે આપણે ઈચ્છાનુસાર સ્નાન કરીએ, અને ઇચ્છાનુસાર કપડાં દાગીના ધારણ કરીએ આ પ્રમાણે વિચારીને ખુબ ચોળી મસળીને નહાઈ સુગંધી લેપ કરી સારાં વસ્ત્ર પહેરી તિલક સુધી ૧૪ શણગાર ( દાગીના ) પહેરી આદર્શ (દર્પણ) હાથમાં લઈને બેઠી, તેવામાં સોની આવ્યો. તેમને આ પ્રમાણે જોઇ કોપાયમાન થયો, અને તેમાં જે મુખ્ય હતી તેને એકને ગ્રહણ કરી મરણ તોલ માર માર્યો, ત્યારે બીજીઓએ વિચાર્યું, કે તેવી રીતે આપણે પણ બુરા હાલે મરવું પડશે, તેમ બધે વિચારી ઇશારતથી પરસ્પર દર્પણ એકઠાં મારવાનું સમજીને તે સોનીને જીવથી મારવા ૪૯૯ સ્ત્રીઓએ દર્પણો એક સાથે ફેંક્યાં, તે બિચારાને એટલા જોરથી લાગ્યું કે દર્પણ ભેગો તેનો પણ ઢગલો થયો ( મરણ પામ્યો ), આ પ્રમાણે પતિને મારવાથી પાછો તે સ્ત્રીઓને પસ્તાવો થયો, કે પતિનો ઘાત કરનારની આપણી શું દશા થશે ? અને લોકમાં તેથી રોજ નિંદા થશે, તે સહેવી પડશે, એમ વિચારી પોતાના ઓરડાનાં બારણાં બંધ કરી એક સાથે સંકેત કરી અંદર આગ સળગાવી બળી મુઈ, આ પ્રમાણે પશ્ચાત્તાપ કરવાથી કોમળ પરિણામે અંતકાળે અગ્નિનું કષ્ટ સહેવાથી અકામ નિર્જરાએ મરીને

તે બધી ૪૯૯ સ્ત્રીઓ પણ પુરૂષરૂપે જન્મી અને ચોરોની ટોળીમાં દાખલ થયા, એક પર્વતમાં તેઓ રહ્યા, તે સોની પણ મરીને તિર્યંચમાં ઉત્પન્ન થયો, તેમાં જે પ્રથમ સ્ત્રીને સોનીએ મારેલી તે મરીને તીર્યંચમાં ઉત્પન્ન થયેલી, તે ત્યાંથી મરીને એક બ્રાહ્મણના ઘરમાં દાસીનો છોકરો થયો, તે પાંચ વરસનો થયો, તે સોની પણ તિર્યંચમાંથી મરીને તેજ કુળમાં છોકરી થઈ, તેને રમાડનારો આ છોકરો હતો, તે કન્યા નિત્ય રૂવે છે, એક વખતે તે નાના છોકરાએ તે છોકરીને છાની રાખવા પેટ ઉપર ધીરે હાથ ફેરવતાં કોઇ વખતે અંજાણથી પેશાબની જગ્યાએ હાથ પડયો, ત્યારે એકદમ રોતી બંધ થઈ ગઈ, છોકરાએ જાણ્યું કે છાની રાખવાનો ઉપાય હાથ આવ્યો ! તેથી જ્યારે પણ છોકરી રડે કે તે ઉપાય અજમાવે, એક વખત કન્યાના માબાપે તેનું આ દુષ્ટ કૃત્ય જોઇ લીધું, તેથી મારીને કાઢી મુકયો, કન્યા પણ સમજણી થઇ, અને રોતી બંધ થઇ ગઈ, તે છોકરો આશ્રયના અભાવે નાશીને ઘણા કાળે નગરને નાશ કરનાર દુષ્ટ આચારવાળો (ચોર) થયો, અને ચોરોની પલ્લીમાં ગયો, ત્યાં વસનારા પેલા ૪૯૯ ચોરો પણ નવાનવા ગામમાં ધાડ પાડવા જાય છે, તેથી બધા મળીને તેજ નગરમાં ગયા અને નગર લૂંટયું, તે બ્રાહ્મણ પુત્રી પણ ચોરોએ સુંદર જાણીને લેઇ લીધી, અને ૫૦૦ પુરૂષોએ ભોગવી, એક વખતે ચોરોને ચિંતા થઈ કે આ આપડી એકલી આટલું દુઃખ સહે છે, માટે જો બીજી મળે તો તેને વિશ્રાંતિ મળે, તેમ વિચારી કયાંયથી બીજી સ્ત્રી પણ

આણી, પ્રથમની સ્ત્રી તે બીજી સ્ત્રી આવી ત્યારથીજ તેનાં છિદ્ર શોધવા માંડી કે કેવી રીતે તેને મારી નાંખું? એક વખત તે બીજી સ્ત્રી આમતેમ દોડતી હતી, ત્યારે પહેલી સ્ત્રીએ કહ્યું કે જો આ કુવામાં શું દેખાય છે? તે ભોળી સ્ત્રી દેખવા ગઈ, કે તુર્ત તેને પહેલી સ્ત્રીએ ધક્કો મારી કુવામાં પાડી નાંખી, ચોરો બહારથી આવ્યા, અને પહેલી સ્ત્રીને પૂછ્યું કે બીજી સ્ત્રી ક્યાં ગઈ? ત્યારે પહેલીએ જવાબ આપ્યો, કે પોતાની સ્ત્રીને કેમ સંભાળતા નથી? ચોરોને માલૂમ પડ્યું, કે આ સ્ત્રીએજ બીજીને મારી નાંખી છે, ત્યારે તે બ્રાહ્મણના ઘરના દાસીપુત્રે જાણ્યું કે આ અમારા શેઠના ઘરની દીકરી જ પૂર્વે રોનારી છે કે? તે નિશ્ચય કરવા વિચાર્યું કે ભગવાન્ મહાવીર સર્વજ્ઞ સંભળાય છે, તેમને પૂછીએ, તેથી તે જ્યારે ભગવાન્ વિચર્યા, ત્યારે સમવસરણમાં લાગ જોઈને પૂછ્યું, જે ઉપર કહી ગયા છીએ, હવે દાસી પુત્રને આ પ્રત્યક્ષ જોવાયું કે પૂર્વભવના પાપના ઉદયથી તેને કેવી દુષ્ટ બુદ્ધિ છે કે બાળપણથીજ કામવિકાર હતો, અને ૫૦૦ ચોરોનું કષ્ટ હોવા છતાં તેને વિશ્રાંતિ ખાતર બીજી સ્ત્રી આણતાં તેની હત્યા કરી દીધી! ધિક્કાર હો! કામવિકારવાળા દુષ્ટ સંસારને! એમ વૈરાગ્ય પામીને તેણે ત્યાંજ પ્રભુ પાસે દીક્ષા લીધી, આ વખતે આખી પર્ષદા વધારે વૈરાગ્યવાળી બની, અહીં મૃગાવતી રાણી પણ ઉભી થઈને ભગવાન્ મહાવીર પાસે આવીને નમસ્કાર વંદન કરીને બોલી, કે હું પણ ચંડપ્રદ્યોત રાજાને પૂછું, અને તેની આજ્ઞા લઈને દીક્ષા લઉં, ભગવાને

હા પાડી, તેથી ચંડપ્રદ્યોતને પૂછયું, ત્યાં વૈમાનિકદેવ મનુષ્યો અને અસુરદેવની પર્ષદામાં લજ્જા પામીને ચંડપ્રદ્યોત વારવાને શક્તિવાન ન થયો, તેથી રજા આપી, તે આજ્ઞા લઇને પોતાના ઉદયન કુમારનું રક્ષણ કરવા માટે પ્રદ્યોત રાજાને સ્થાપન કરી દીક્ષા લીધી, ચંડપ્રદ્યોતની બીજી પણ અંગારવતી વિગેરે આઠ પટરાણીએ દીક્ષા લીધી, તે દીક્ષા લીધેલા ચોરે બાકીના ૪૯૯ ચોરોને ત્યાં જઈ પ્રતિબોધ કર્યો, આ બધું વર્ણન પ્રસંગથી કર્યું, અહીં અધિકાર તો દ્રવ્ય પરંપરામાં ઇંટો અણાવી, તેનો છે, ॥ ૮૭ ॥

હવે નિર્યુક્તિ શબ્દનું સ્વરૂપ બતાવે છે.

**णिज्जुत्ता ते अत्था, जंबद्धा तेणहोइ णिज्जुती ।**
**तहविय इच्छावेइ विभासिउं सुत्तपरि वाडी ॥ ८८ ॥**

નિશ્ચયવડે અથવા પ્રથમ સર્વથા અધિકપણે યુક્ત કર્યા તે નિર્યુક્ત છે, અને પદાર્થ જીવાદિ છે, તે શ્રુતના વિષયમાં છે, તેની સૂત્રમાંજ યોજના થઈ છે, તેનાવડે આ નિર્યુક્તિ છે, **અર્થાત્** નિર્યુક્ત જે પદાર્થો છે તેની યુક્તિ તે નિર્યુક્તિ છે ( આ મધ્યમ પદ લોપી સમાસ છે ) એટલે સૂત્રમાં જે અર્થો ( વિષયો ) આવેલા છે, તેની નિર્યુક્તિ બતાવવી તે નિર્યુક્તિ છે,

પ્ર૦–સૂત્રમાં સમ્યક્ રીતે અર્થો યોજેલા છે, ત્યારે ફરી પાછી અહીં શાની યોજના કરો છો ?

ઉ૦–જો કે સૂત્રમાં અર્થોને યોજ્યા છે, તોપણ તે બધાને

સમજી શકાતા નથી, તેમને સમજાવવા માટે આ છે, એટલે સાંભળનારને બધું ન સમજાય, તેના અનુગ્રહ માટે ગુરૂ સૂત્રને પરિપાટિએ કહેવાને ઇચ્છે છે, કે, તમે ન સમજો તે ફરી ફરીને મને પૂછો, અથવા 'પરિપાટી' પાઠાંતર છે, તેનો અર્થ આછે, કે શિષ્યજ ન સમજાતા વિષયને ફરી ફરી પૂછે છે કે હે ગુરૂ! અમને સૂત્ર પરિપાટી સમજાવો!

અહીં વ્યાખ્યાનો અર્થ નિર્યુક્તિ છે, માટે ફરી યોજના કરવી તે અદોષ છે, (નિર્યુક્તિમાં ન સમજાતા સૂત્રનો ખુલાસો છે) એટલેથી બસ છે, ॥ ૮૮ ॥

હવે પૂર્વે કહેલ છે કે તીર્થંકર ગણધરોએ અર્થ પૃથક્ત્વવડે કહેલું છે, તેથી તે મહાન્ પુરૂષોનું શીલાદિ સંપદાનું યુક્તપણું બતાવે છે,

**तव नियम नाणरुक्खं आरूढो केवली अमियनाणी।**
**तोमुयइ नाणवुट्ठिं भवियजण विबोहणट्ठाए॥ नि० ८९ ॥**
**तं बुद्धिमएण पडेण गणहरा गिण्हिउं निरवसेसं।**
**तित्थयर भासियाइं गंथंति तओ पवयणट्ठा॥ ९० ॥**

આ એક રૂપક બતાવ્યું છે, એટલે અમિત જ્ઞાની કેવળી પ્રભુ તપ નિયમ જ્ઞાન રૂપ વૃક્ષ ઉપર ચડ્યા છે, તેઓ ભવ્યજનને બોધ કરવા માટે જ્ઞાન વૃષ્ટિ કરે છે, આમાં વૃક્ષ–દ્રવ્ય અને ભાવ એમ બે પ્રકારે છે, તેમાં દ્રવ્ય વૃક્ષ કલ્પતરૂ છે, જેમકે તેના ઉપર ચડીને કોઈ પુરૂષ તેનાં સારાં સુગંધીવાળાં ફૂલો ચુંટીને જેઓ ઉપર ન ચડી શકે તેવા નીચે ઉભેલા પુરૂષોને

અનુકંપાવડે ઉપરથી તેમને આપે છે, તે લેનારા પણ ધૂળમાં કે કાદવમાં પડવાથી બગડી ન જાય માટે સારા પહોળા નિર્મળ કપડામાં ઝીલે છે, અને તેને ઈચ્છાનુસાર ઉપભોગમાં લઈ આનંદ પામે છે, તેમ અહીં ભાવ વૃક્ષમાં પણ સમજવું, એટલે તપ નિયમ અને જ્ઞાન તેજ વૃક્ષ છે, તે તપ બાહ્ય અનશન વિગેરે અને અભ્યંતર પ્રાયશ્ચિત્ત વિગેરેથી યુક્ત છે, અને નિયમ તો ઇંદ્રિયો તથા મનને કબજામાં રાખવા એમ બે ભેદે છે, એટલે કાનથી ખરાબ ન સાંભળવું તે ઇંદ્રિય સંબંધી છે, અને ક્રોધ વિગેરે ન કરવું, તે નોઇંદ્રિય ( મન ) સંબંધી નિયમ છે, જ્ઞાન તો અહી કેવળ લેવું છે, આવા વૃક્ષે પ્રભુ ચઢેલા છે, જ્ઞાન સંપૂર્ણ અસંપૂર્ણ એમ બે ભેદવાળું માટે સંપૂર્ણતા બતાવવા સંપૂર્ણ તે કેવળ જેને છે, તે કેવળી છે, આ કેવળી પણશ્રુત સમ્યક્ત્વ ચારિત્ર અને ક્ષાયિક જ્ઞાન એમ ચાર ભેદે છે, અથવા શ્રુત અવધિ મનઃપર્યાય અને કેવળજ્ઞાન એમ ચાર ભેદે છે, તે શ્રુતાદિ કેવળનો વ્યવચ્છેદ કરવા સર્વજ્ઞનો અવરોધ ( ખુલાસો ) બતાવવા અમિતજ્ઞાની કહ્યું, તેમાંથી જ્ઞાન વૃષ્ટિ એટલે કારણમાં કાર્યનો ઉપચાર કરીને કહ્યું પણ સમજવું કે તેઓ શબ્દ વૃષ્ટિ કરે છે,

પ્ર૦—શા માટે ?

ઉ૦—ભવ્ય પુરૂષોને બોધ થવા માટે,

પ્ર૦—કૃતકૃત્ય થયેલાને તત્ત્વનું કથન કરવું પ્રયોજનના અભાવે નિરર્થક છે, અને પ્રયોજન બાકી રહેલું માનીએ તો

કૃતકૃત્યત્વપણું ન ઘટે ! તથા તેઓ સર્વજ્ઞ અને વીતરાગ હોવાથી ' ભવ્યોનેજ ' બોધ કરે એવું સિદ્ધ ન થાય, અભવ્યને બોધ ન કરવાથી અસર્વજ્ઞપણું અને અવીતરાગપણું લાગુ પડશે ?

ઉ૦—પ્રથમ પક્ષમાં અમે સર્વથા કૃતકૃત્યપણું સ્વીકારતા નથી, કારણ કે સાકાર પ્રભુને તીર્થંકર નામ કર્મના વિપાકનો અનુભવ બાકી છે, અને તે ધર્મ દેશના વિગેરે કરવાના પ્રકારેજ ભોગવાય છે, તેનો ખુલાસો થયો, હવે બીજો પ્રશ્ન સમજાવે છે કે.

ત્રિલોકના સ્વામી ધર્મદેશના પ્રવર્ત્તાવે, તે જુદા જુદા સ્વભાવના પ્રાણીમાં તેમના સ્વભાવથીજ એકને બોધ પમાડે છે, અને બીજાને બોધ નથી પમાડતો, જેમકે પુરૂષ અને ઘુવડ તથા કમળ અને કુમુદમાં સૂર્યનો પ્રકાશ છે, એટલે પુરૂષ અને કમળ સૂર્યના પ્રકાશથી ખીલે છે, અને ઘુવડ તથા કુમુદો મીંચાઈ જાય છે, તેમજ સિદ્ધસેન દીવાકર મહારાજ પણ કહે છે,

**त्वद्वाक्य तोपिकेषांचि, दबोध इतिमेऽद्भुतम् !**
**भानो मेरीचयःकस्य, नाम नालोक हेतवः ॥ १ ॥**
**नचाद्भुत मुलूकस्य, प्रकृत्या क्लिष्ट चेतसः**
**स्वच्छा अपि तमस्त्वेन, भासन्ते भास्वतःकराः ॥ २ ॥**

હે પ્રભો ! તમારા નિર્મળ એકાંત હિતકારક વાક્યથી

પણ કેટલાકને બોધ થતો નથી એ મને આશ્ચર્ય લાગે છે! કારણ કે સૂર્યનાં પ્રભાતનાં કિરણો કોને દેખવા યોગ્ય થતાં નથી? ॥ ૧ ॥

પણ જ્યારે હું ઘુવડની સ્થિતિ જોઉં છું, ત્યારે મને આશ્ચર્ય થતું નથી, કારણ કે જે સ્વભાવથી ક્લિષ્ટ ચિત્તવાળા છે, તેમને સૂર્યનાં નિર્મળ તેજસ્વી કિરણો પણ આંખો મીંચાવે છે!

અથવા સારો વૈદ્ય સાધ્ય અસાધ્ય વ્યાધિની ચિકિત્સા કરીને સાધ્ય વ્યાધિની દવા આપે, તો તેને અસાધ્યનું જ્ઞાન નથી, અથવા તે રાગદ્વેષવાળો છે, એમ ન કહેવાય, એ પ્રમાણે ભવ્ય અભવ્યનો કર્મ રોગ દેખીને ભવ્યનો કર્મમળ દૂર કરે અને અભવ્યનો દૂર ન થાય, તો તેથી ભગવાન્ અ-સર્વજ્ઞ અથવા રાગીદ્વેષી ન કહેવાય, એટલુંજ બસ છે ॥૮૯॥

ઉપર કહેલ જ્ઞાન (શબ્દો) ની વૃષ્ટિને બુદ્ધિમય તે બુદ્ધિ આત્માવડે અથવા બુદ્ધિજ જેને આત્મા છે, તેવો બુદ્ધિ આત્મક ( બુદ્ધિરૂપ ) પટવડે ગણધરો સંપૂર્ણ જ્ઞાન કુસુમ વૃષ્ટિને ગ્રહણ કરે છે, કારણ કે ગણધરોને પૂર્વના પુણ્યથી બીજાદિ બુદ્ધિ હોય છે, ( થોડું સાંભળે, અને ઘણું સમજે ) પછી તે તીર્થંકર પાસે સાંભળેલાં વચનરૂપ ફૂલોને વિચિત્ર કુસુમમાળા માફક તેમને ગુંથે છે,

પ્ર૦–શા માટે ?

ઉ૦–પ્રગત પ્રશસ્ત અથવા પ્રથમ પ્રધાન એવું વચન

તે પ્રવચન છે, તેજ દ્વાદશાંગી છે, ગણિપિટક છે, એટલે પ્રભુ પાસે અર્થ સાંભળીને બાર અંગની રચના કરે છે, અથવા પ્રવચન તે સંઘ તેના હિત માટે સૂત્ર રચના કરે છે, અથવા બીજું પ્રયોજન બતાવે છે,

**घित्तुंचसुहं गणणधारणा दाउं पुच्छिउंचेव ।**
**ए ए हिं कारणे हिं, जीयंति कयं गणहरेहिं ॥ नि. ९१ ॥**

પદ વાક્ય પ્રકરણ અધ્યાય પ્રાભૃત વિગેરે નિયતક્રમે સ્થાપેલાં જિન વચનો અયત્ને ( થોડી મહેનતે ) લેઇ શકાય છે, તથા તેનું ગણવું, ધારણા કરવી, તે પણ રચના કરી હોય તો સુખે થઇ શકે, એટલે આટલું ભણી ગયા, આટલું બાકી છે, તે ગણના કહેવાય, અને તેને વીસરવું નહિ તે ધારણા છે, તથા શીખવવું, તથા પૂછવું સહેલું પડે છે, ( ચ સમુચ્ચય માટે છે, એવ નો અર્થ આ કહેલું ખરૂં છે એમ સમજવું ) તેમાં ગુરૂ શીખવે તે દાન છે, અને સંશય છેદવા પ્રશ્ન પૂછાય છે, કે આ કહેલું વાકય પોતાની વિવક્ષાનું સૂચક છે ?

ઉપર બતાવેલા હેતુઓથી હમેશાં કાયમ રહે, તે નયના અભિપ્રાયે જીવિત ( જીવતું ) કર્યું, અર્થાત્ પ્રાકૃત શૈલીએ અર્થ વિચારતાં ગણધરોએ સૂત્ર રચ્યાં છે, અને તે વિષયને શીખવીને અત્યારસુધી કાયમ રાખ્યાં, અથવા જીવિતને બદલે જીત લઇએ, તો આ ગણધરોનું અવશ્ય કર્ત્તવ્ય છે, કે જે તીર્થંકરના ગણધરો હોય તેમને આવું નામ કર્મ બાંધેલું

તે ઉદય આવે હમણાં ભોગવવાનું છે કે સૂત્રોની રચના કરવી, ॥ ૯૧ ॥

પ્ર૦–તીર્થંકરે કહેલાં તેજ સૂત્રો છે, ગણધરે સૂત્રો કર્યાં તેમાં શું વિશેષ છે ?

ઉ૦–તે ભગવાન્ તીર્થંકર તો વિશિષ્ટ મતિવાળા ગણધરોની અપેક્ષાએ ઘણા અર્થવાળું ગંભીર થોડું વિષય માત્ર કહે છે, પણ બીજા બધા સમજે, એટલું બધું વિસ્તારવાળું કહેતા નથી, તે બતાવે છે,

**अत्थ भासइ अरहा, सुत्तं गंथंति गणहरा निउणं;**
**सासणस्स हियट्ठाए, तओ सुत्तं पवत्तइ ॥ ९२ ॥**

તીર્થંકર અર્થ કહે છે, તેને સાંભળીને ગણધરો નિપુણ સૂત્રને શાસનના હિત માટે રચે છે, તેથી શિષ્ય પરંપરાએ સૂત્ર પ્રવર્ત્તે છે,

હવે ચાલના ( શંકા ) અહીં થોડામાં કહે છે,

પ્ર૦–અર્થ કહેવા યોગ્ય નથી, કારણ કે તે અશબ્દ રૂપે છે, તો તેવા શબ્દને કેવી રીતે કહ્યો ?

ઉ૦–શબ્દજ અર્થ ( પદાર્થ ) ના પ્રત્યાયન ( ઓળખાવનાર ) નું કાર્ય હોવાથી ઉપચારથી શબ્દને અર્થ કહ્યો છે, જેમકે આચાર વચન બોલવાથી આચાર ( સદ્વર્ત્તન કરવું ) સમજાય છે,

નિપુણ તે થોડા શબ્દોમાં ઘણો વિષય સમજાવે છે. અથવા

નિયત ગુણવાળું તે નિગુણ છે, કારણકે તેમાં સંપૂર્ણ ગુણો સ્થાપેલા છે, અથવા પાઠાંતરમાં **निउणं** ને બદલે **निउणा** પાઠ છે, ત્યાં ગણધરનું વિશેષણ લેવું કે નિપુણ ગણધરો અથવા નિગુણ ગણધરો છે, તે રચના કરે છે. ॥ ૯૨ ॥

પ્ર–અર્થ ઓળખાવનાર શબ્દને જિનેશ્વર બોલે છે, પણ સાક્ષાત્ અર્થને બતાવતા નથી, અને ગણધરો પણ શબ્દરૂપજ શ્રુત ગુંથે છે, ત્યારે તેમાં વિશેષ શું છે ?

ઉ–પૂર્વે ગાથામાં બતાવી ગયા છીએ માટે પ્રશ્ન વ્યર્થ છે,

પ્ર–હવે તે સૂત્ર કયાંથી તે કયાંસુધી કેટલા પરિમાણનું અથવા સુંસાર છે, ? તેનો ઉત્તર ગાથા વડે કહે છે.

**सामाइय माईयं, सुयनाणं जाव बिंदुसाराओ ।**
**तस्स वि सारो चरणं, सारो चरणस्स निव्वाणं ॥ ९३ ॥**

સામાયિક જેમાં પહેલું છે, તે શ્રુત જ્ઞાન છે, તે બિંદુ-સાર સુધી છે, જાવ શબ્દથી સૂચવ્યું કે પહેલું બીજું એવાં બાર અંગ છે તે દૃષ્ટિવાદ સુધી છે, તે શ્રુત જ્ઞાનનું પ્રધાન ફળ ચરણ છે.

આ ચરણ શબ્દ વર્ત્તન રૂપે છે, અથવા જેના વડે મોક્ષપદ પ્રાપ્ત થાય તે ચરણ છે, તે ચરણનો સાર મોક્ષ ( નિર્વાણ ) છે.

સૂત્ર ગાથામાં અપિ શબ્દનો અર્થ આ છે કે સમ્યક્ત્વનો

સાર પણ ચરણ છે, અથવા શ્રુત જ્ઞાનનો સાર પણ નિર્વાણ છે.

તેમ અર્થ ન લઈએ તો નિર્વાણમાં જ્ઞાનનું હેતુપણું ન થાય, અને તે અનિષ્ટ છે, કારણકે તત્વાર્થમાં અ–૧–સૂ–૧ માં કહ્યું છે. કે

સમ્યગ્ દર્શન જ્ઞાન ચારિત્ર એ ત્રણે મળીને મોક્ષ માર્ગ આપે છે, જો કે શ્રુતથી નિર્વાણનો હેતુ સામાન્ય રીતે છે, છતાં પણ ચરણથી મોક્ષ અને શ્રુતથી ચરણ એટલે શ્રુતથી મોક્ષ પરંપરા એ છતાં પણ જ્ઞાન ચરણ એ બંનેનું મોક્ષમાં પ્રધાનભાવપણું છે, તે બતાવવા આવો ઉપન્યાસ ( ક્રમ ) કર્યો છે, કે શ્રુતથી ચરણ અને ચરણથી મોક્ષ છે, અહીં ચરણ તે સંયમ અને તપ રૂપે છે, અને નિર્વાણ તે બધાં કર્મ રૂપ રોગનો મળ દૂર થવાથી જીવનું પોતાના રૂપમાં નિરંતર મુક્તિ પદમાં રહેવું છે, ( જેમ દીવો બુઝાયા પછી તેની બળવાની ક્રિયા થતી નથી તેમ આત્માને કર્મ છુટયા પછી સંસાર ભ્રમણની ક્રિયા થતી નથી, ) અહીં પણ નિયમથી શૈલેશી અવસ્થા ( ૧૪ મું ગુણ સ્થાન ) ફરસીને તુર્ત મોક્ષ પામે, પણ ચાર ઘન ઘાતિ કર્મ ક્ષય થયા પછી કેવળજ્ઞાન વિગેરે ઉત્તમ ગુણો આત્મામાં પ્રકટ થયા છતાં પણ શૈલેશી અવસ્થા વિના મોક્ષ ન મળે, માટે અહીં કહેવું પડયું કે ચરણ ( ૧૪ મુ ગુણ સ્થાન મળ્યાનો સાર નિર્વાણ છે, પણ જો તેમ ન માનીએ શૈલેશી અવસ્થામાં ક્ષાયિક જ્ઞાન દર્શન

ન હોય, પણ પ્રથમ જ્ઞાન દર્શન નિર્મળગુણો પ્રાપ્ત થાય ત્યારે ૧૪ મા ગુણ સ્થાને ચરણનો સંપૂર્ણ ગુણ પામી મોક્ષ મેળવે, માટે સમ્યગ્ દર્શન જ્ઞાન ચારિત્ર ત્રણે મળે તો નિર્વાણનો હેતુ થાય, પણ ત્રણમાંથી એક પણ ઓછું હોય તો મોક્ષ ન મળે, તે નિર્યુક્તિકાર કહે છે. )

**सुअनाणं मि विजीवो वट्टंतोसो न पाउणइ मोक्खं ।**
**जोतव संजम मइए जोए न चएइ वोढुंजे ॥ नि ९४**

શ્રુતજ્ઞાનમાં તથા ( અપિ શબ્દથી ) મતિજ્ઞાન વિગેરેમાં પણ જીવ રહીને મોક્ષ પામી શકતો નથી, એનાથી પ્રતિજ્ઞાનો અર્થ સૂચવ્યો, કે જે તપ સંયમરૂપ યોગોને સહન કરવાને શક્તિવાન્ ન થાય, આ હેતુનો અર્થ છે, દૃષ્ટાંત પોતાની મેળે વિચારી લેવો, અથવા નિર્યુક્તિકાર આગળ કહેશે, તે બધાનું અનુમાન નીચે બતાવ્યું છે.

પ્રતિજ્ઞા–જ્ઞાન એકલું ઇચ્છિત અર્થનું પ્રાપક નથી, સત્ક્રિયા હેતુ ( સંયમ ) ના અભાવથી, દૃષ્ટાંત, જેમકે સ્વદેશમાં જવાની ઇચ્છાવાળો માર્ગનો પોતે જાણ છતાં ચાલવાની ક્રિયા ન કરે, અથવા સૂત્ર પોતે દૃષ્ટાંત છે, જેમકે કે માર્ગને જાણનારો નિર્યામક ( ચલાવનાર ) થી યુક્ત વહાણ હોય છતાં ઇચ્છિત દિશામાં પ્રેરક પવનની ક્રિયાના અભાવે તે વહાણ ચાલી ન શકે, ( ગાથામાં જે–પાદ પૂરણ માટે છે, વ્યાકરણમાં એવો નિયમ છે કે ઇ--કે–જે નો અર્થ પાદ પૂરણ થાય છે, ગુજરાતી કવિતામાં રે કે લોલ વપરાય છે. ) ॥ ૯૪ ॥
હવે તે દૃષ્ટાંત બતાવે છે.

**जह छेय लद्ध निज्जाम ओवि, वाणियग इच्छियं भूमि।**
**वाएण विणा पोओ न चएइ महण्णवं तरिउं ॥ ९५**
**तहनाण लद्ध निज्जामओवि सिद्धि वसहिं न पाउणइ**
**निउणोवि जीवपोओ, तवसं जम मारुअ विहुणो ॥ ९६ ॥**

જેમ સારો નાવિક વહાણુના ( અપિ શબ્દથી ) સુકર્ણુની ધારા ( સુકાન ) ઉપર બેઠો હોય, તો પણ અંદર બેઠેલા વેપારીની ઈચ્છિત ભૂમિએ જવા તે દિશાના પવન વિના દરીયો તરવા વહાણુ શક્તિમાન થાય નહિ.

ઉપર બતાવ્યા પ્રમાણે છેક ( ડાહ્યો ) ખલાસી પવન વિના વહાણુને ન ચલાવી શકે તેમ શ્રુતજ્ઞાનવાળો ખલાસી જેવો સાધુ જીવ પોત ( નાવવડે પોતે મતિજ્ઞાન રૂપ સુકાન ઉપર બેઠેલો હોય તો પણ તપ સંયમના અનુષ્ઠાન રૂપ પવન વિના સંસાર સમુદ્ર તરવા શકિતમાન ન થાય, ગાથામાં નિપુણ મુકવાનું કારણ એ છે કે તે શ્રુતજ્ઞાન વધારે મેળવેલો છે, આ બધાનો પરમાર્થ એ છે કે સાધુએ જ્ઞાન ભણીને પણ તપ સંયમના અનુષ્ઠાનમાં અપ્રમાદપણે વર્ત્તન કરવું ( પ્રમાદ ત્યાગવો ) ॥ ૯૬ ॥ તેજ પ્રમાણે આલોક સંબંધી દૃષ્ટાંત નિર્યુક્તિકાર કહે છે,

**संसार सागराओ उब्बुडो मा पुणो निबुड्डिज्जा**
**चरण गुण विप्पहीणो बुड्डइ सुबहुं पिजाणंतो ॥ ९७ ॥**

દૃષ્ટાંતવડે પદાર્થનું સ્વરૂપ બરોબર સમજાય છે, માટે કહે છે.

## કાચબાનું દૃષ્ટાંત.

કોઈ કાચબો ઘણા ઘાસ પાંદડાથી છિદ્ર રહિત પડલથી ઢંકાયલા પાણીવાળા અંધકારના મોટા કુંડમાં રહેલો છે, ત્યાં બીજા અનેક જલચર જીવોના ક્ષોભ વિગેરેના દુઃખથી પીડાયલા મનવાળો આમતેમ ભટકતો કોઇ વખતે તે પડલમાં છિદ્ર પડેલું તેમાંથી નીકળીને બહાર આવ્યો, તે સમયે શરદ રૂતુમાં ચંદ્રમાના કિરણોના શીતળ સ્પર્શનું સુખ ભોગવીને વારે વારે પૂર્વના સ્નેહથી ચિત્ત આકર્ષાતાં પોતાના બંધુઓને તેવા દુઃખમાંથી બહાર લાવી આ દેવલોક જેવું કંઇ પણ આશ્ચર્ય બતાવું, એમ ધારીને પાછો પાણીમાં પડયો, પછી સ્વ બંધુઓને મળી પેલું છિદ્ર મેળવવા ભટકતાં કયાંય પણ ન જોતાં વધારે દુઃખ પામ્યો, એ ઉપમાએ આપણો જીવ રૂપ કાચબો અનાદિ કર્મ સંતાન ( પરંપરા ) પડલથી ઢંકાયલો મિથ્યાદર્શન વિગેરે અંધકારથી વ્યાપેલ સંસાર સાગરમાં વિવિધ શરીર મનની આંખની વેદના તાવ કોઢ ભગંદર ઇષ્ટ-વિયોગ અનિષ્ટ સંયોગ વિગેરે દુઃખ રૂપ જલચરથી પીડા પામતો ભ્રમણ કરતો કોઈકજ વાર મનુષ્ય ભવ સંબંધી કર્મનુ રંધ્ર ( છુટવાનું બારૂં ) મેળવીને એટલે મનુષ્ય જન્મ પામીને જિનચંદ્ર પ્રવચન રૂપ કિરણના પ્રકાશથી સંતોષ પામીને આ દુષ્પ્રાપ્ય મનુષ્ય જન્મ છે, એમ જાણતો સગાંના સ્નેહના વિષયમાં આતુર ચિત્તવાળો બનીને સંસારમાં પાછો પડે, તેને ગુરૂ કહે છે, હે ભદ્ર ! તું પેલા કાચબા માફક પાછો ડૂબી જતો નહિ !

પ્ર૦–કાચબો અજ્ઞાની હોવાથી ડુબેજ, પણ સાધુ તો જ્ઞાની હિત અહિત મેળવવા ત્યાગવામાં સમજદાર હોવાથી કેવી રીતે પાછો સંસારમાં ડૂબે ?

ઉ૦–ચરણ ગુણોવડે અનેક પ્રકારે હીન ( પ્રમાદી ) હોય તેવો ચરણગુણ હીણો ઘણું જાણે, તો પણ ડૂબે, અપિ શબ્દથી થોડું ભણેલ હોય તે પણ ડૂબે, અથવા નિશ્ચય નયથી ભણેલો પણ ડૂબતો હોય તો તે અજ્ઞ ( અજ્ઞાની ) જ છે, કારણ કે જ્ઞાનનું ફળ વિરતિ મેળવી શક્યો નહિ ! એટલું બસ છે.॥૯૭॥

હવે ચાલુ વાત કહે છે,

**सुबहुंपिसुयमहीयं किं काही ? चरण विप्प हीणस्स।**
**अंधस्स जह पलित्ता दीवसय सहस्स कोडीवि ॥ ९८ ॥**
**अप्पंपिसुयमहीयं पयासयंहोइ चरण जुत्तस्स।**
**इक्कोवि जहपईवो सचक्खु अस्सा पयासेइ ॥ ९९ ॥**

ઘણુંએ શ્રુત ભણ્યો હોય, પણ આંધળાને જેમ લાખો દીવા નકામા છે, તેમ તેને ક્રિયા કર્યા વિના જ્ઞાન નકામું છે!

તથા થોડું ભણ્યો હોય, પણ ચરણ યુક્તને કામનું છે કારણ કે દેખતાને એક દીવો પણ ઉપયોગી છે !

પ્ર૦–આ પ્રમાણે હોય તો ચરણથી હીન પુરૂષને જ્ઞાન સંપદા સુગતિના ફલની અપેક્ષાએ નિરર્થક થાય છે ?

ઉ૦–અમે તેમ ઈચ્છીએ છીએ, તે કહે છે.

**जहाखरो चंदण भारवाही ! भारस्स भागी नहु चंदणस्स**
**एवंखुनाणी चरणेणहीणो। नाणस्स भागी नहु सोग्गईए ॥१००॥**

જેમ ગધેડું ચંદનનો ભાર ઉપાડે તો ચંદનની શીતળતા ન પામે તેમ જ્ઞાની ચારિત્ર હીન હોય તો જ્ઞાનનો ભાગી થાય, પણ સુગતિ મોક્ષનો ભાગી ન થાય, ॥ ૧૦૦ ॥

હવે શિષ્યને ઉપરનું વચન સાંભળીને એકાંતથીજ જ્ઞાનમાં અનાદર ન થાઓ, અને જ્ઞાન રહિત શૂન્ય ક્રિયામાં પક્ષપાત ન થાઓ, માટે બંનેનું પણ એકલું એકલું હોય તો ઇષ્ટ ફલ સાધક ન થાય, તે બતાવે છે,

**हयंनाणं कियाहीणं, हया अन्नाण ओ किया ।**
**पासंतो पंगुलो दड्ढो, धावमाणो अ अंधओ ॥ १०१ ॥**

ક્રિયાથી હીન જ્ઞાન નાશ પામ્યું, અને અજ્ઞાનથી ક્રિયા વ્યર્થ ગઈ, દેખતો પાંગળો, અને આંધળો દોડતાં, બળીમુઆ, તેનું દૃષ્ટાંત કહે છે.

એક મહાનગરમાં આગ લાગી, તેમાં બે જણા અનાથ હતા, એક આંધળો, અને બીજો પાંગળો છે, તેમણે નગરના માણસોને આગમાં બળી મરવાના ભયના કારણે ચંચળ આંખવાળા નાસતા જોઈને પાંગળો પગ વિના દોડી ન શકવાથી જાણતો દેખતો છતાં પણ દોડવાના માર્ગે અગ્નિ આવતાં બળીમુઓ, અંધો દોડવા ગયો, છતાં દોડવાના નિર્ભય માર્ગને ન જાણવાથી શીઘ્ર અગ્નિના માર્ગે જઇને બળતા અંગારાથી ભરેલા ખાડામાં પડી બળીને મરણ પામ્યો, આ દૃષ્ટાંતે ઉપનય ઘટાવે છે, કે જ્ઞાનિ જ ક્રિયા રહિત હોય તે કર્મ અગ્નિથી બચવા અસમર્થ છે, અને બીજો જ્ઞાન વિના

અસમર્થ છે, અહીં આ પ્રમાણે પ્રયોગ ( અનુમાન ) થાય છે, સત્ક્રિયા યોગના શૂન્ય પણાથી નગર દાહમાં પંગુ લોચન રૂપ વિજ્ઞાનવાળો હોય તો પણ વિશિષ્ટ ફળ સાધક ન બને, તેજ પ્રમાણે સંજ્ઞાન સંટંક રહિત પણાથી નગરદાહે આંધળાની દોડવાની ક્રિયા માફક એકલી ક્રિયા વિશિષ્ટ ફળ સાધક ન થાય. ॥ ૧૦૧ ॥

પ્ર—આ પ્રમાણે બંને જ્ઞાન ક્રિયા પણ સાથે મળીને નિર્વાણ સાધક સામર્થ્યવાળાં નહિ બની શકે ? કારણકે બંનેમાં મોક્ષનો અભાવ છે, જેમ રેતીને પીલવાથી તેલ નીકળી શકે નહિ, અને આ માનવું પણ અનિષ્ટ છે !

ઉ—સમુદાયમાં સામર્થ્ય પ્રત્યક્ષ સિદ્ધ છે, કારણકે જ્ઞાન ક્રિયા ભેગી મળવાથી કટ ( સાદડી ) વિગેરે કાર્ય સિદ્ધિઓ દેખાય છેજ, પણ તેમ રેતીમાંથી તેલ ન નીકળે, જેમ પ્રત્ક્ષય વાત ઉડાવી શકાય નહિ, તેમ જ્ઞાન ક્રિયા ભેગી મળવાથી દેખાતી સિદ્ધિ દરેકમાં જુદી ન હોય, પણ ભેગાં મળવાથી થાયજ તેમાં વિરોધ નથી, માટે તમારો પ્રશ્ન નકામો છે, તેજ પ્રમાણે જૈન મતવાળા એકાંતથી સર્વથા જ્ઞાન કે ચારિત્રમાં સાધનપણું નથી, એવું ઈચ્છતા નથી, કારણકે તે દરેકમાં કોઈ અંશે ઉપકારી પણું છે, તે તો અમે સ્વીકારીએ છીએજ—તેથી કહે છે.

**संजोग सिद्धीइ फलं वयंति, नहुपगचक्केण रहो पयाइ ।**
**अंधोय पंगूय वणे समिच्चा, ते संपउत्ता नगरं पविट्ठा १०२।**

પણ તે બે ભેગાં મળે તો ઈષ્ટફળ સાધક થાય, પણ ફક્ત એકલું વિકલ હોવાથી બીજાની અપેક્ષા રાખતું હોવાથી અસાધક છે.

માટેજ બંને એકલાં અસાધક છે, એટલે સંજોગ સિદ્ધિ ( બે સાથે મળવા ) થી ફળ મેળવે છે, જેમ એક ચક્રથી રથ દોડે નહિ, ( પણ બે મળે તો દોડે ) જેમ એક આંધળો એક પાંગળો વનમાં ભેગા થયા, તે બંને એ સંપ કરવાથી સુખેથી નગરમાં પહોંચ્યા–( ગાથામાં સમિચ્ચા, સંપ ઉત્તા એક અર્થમાં છતાં બતાવવાનું કારણ એ છે કે તે બંને એક બીજાને પરમ પ્રેમથી સહાયતા કરી તે સૂચવે છે.)

## તેનું દૃષ્ટાંત.

એક અરણ્યમાં રાજાના ભયથી નગરથી માણસો આવીને રહ્યા, તેવામાં ચોરોના ધાડાના ભયથી પોતાનાં વાહનો રાચ રચીલું છોડી જીવ લઈને ભાગ્યા, ત્યાં બે અનાથ આંધળો પાંગળો રહી ગયા, જ્યારે લોકોને જોયા નહિ, ત્યારે ધાડું પાછું ગયું, તેવામાં દાવા નળથી આગ લાગી, બંને ડર્યા, આંધળો કચ્છો છુટો મુકી દોડવા લાગ્યો, પંગુએ કહ્યું હે અંધ ! તું આ બાજુએ ન જા, ત્યાં તો અગ્નિ છે, ત્યારે તેણે પૂછ્યું ક્યાં જાઉં ? તેણે કહ્યું, હે અંધ ! હું પણ આગળ અતિ દૂરનો માર્ગ બતાવવા અસમર્થ છું, માટે મને ખાંધે બેસાડ, જેથી હું તને સાપ કાંટા અગ્નિ વિગેરે અપાયોથી બચાવી સુખથી નગરે પહોંચાડું, તેણે તે વચન સ્વીકાર્યું,

તેથી બંને જણા ક્ષેમકુશળે નગરમાં પહોંચ્યા, આ દૃષ્ટાંતે ઉપનય ઘટાવે છે, જ્ઞાન ક્રિયા બંને મળવાથી મોક્ષ પહોંચાય છે.

## તેનો પ્રયોગ આ પ્રમાણે છે,

વિશિષ્ટ કારણનો સંયોગ અભિલષિત કાર્યનો સાધક છે સમ્યક્ ક્રિયા ઉપલબ્ધિ રૂપે હોય તો, અંધ પંગુના મળવાથી જેમ નગર પ્રત્યે પહોંચ્યા પણ જે સમ્યક્ ક્રિયા ઉપલબ્ધિ રૂપ ન હોય તે અભિલષિત ફલ સાધક થાય નહિ, જેમ ઇષ્ટ ગમન ક્રિયાથી વિકલ એવો એક ચક્રનો રથ ઇચ્છિત સ્થાને ન પહોંચે ॥ ૧૦૨ ॥ ( બધાનો સાર એ છે કે જ્ઞાન ભણીને નિર્મળ ચારિત્ર પાળવાથી મોક્ષ પ્રાપ્તિ છે. )

પ્ર—જ્ઞાન ક્રિયાના સહકારી પણે કયા પ્રકારે કેવો ઉપકાર થાય ? એટલે શિબિકા ( પાલખી ) ના ઉપાડનારની પેઠે એક સરખો છે કે ભિન્નસ્વભાવપણે ગમન ક્રિયામાં આંખ અને પગના સમુહની માફક છે ?

ઉ—ભિન્નસ્વભાવપણે છે, તે બતાવે છે.

**णाणं पया सगं सोहओ, तवो संजमोय गुत्ति करो ।**
**तिण्हंपि समाजगे, मोक्खो जिण सासणे भणिओ ॥१०३॥**

તેમાં કચરાથી ભરેલું મોટું ઘર સાફ કરવા પ્રદીપ લીધેલા પુરૂષના વ્યાપાર જેવું છે, અહીં જીવ રૂપ ઘરમાં કર્મ રૂપ કચરો ભર્યો છે, તે શોધવા ( કાઢી નાંખવા ) આલંબન રૂપ જ્ઞાનાદિનું સ્વભાવ ભેદ વડે વ્યાપાર જાણવો !

તે ખુલાસાથી સમજાવે છે,

તેમાં જણાય તે જ્ઞાન છે, અને તેજ પ્રકાશે, માટે પ્રકાશક છે, એટલે તે જ્ઞાન પ્રકાશ કરવા રૂપે ઉપકારક છે, જેમ ઘરમાં અંધારૂં હોય ત્યાં દીવો પ્રકાશ કરી ઉપકાર કરે, તેમ જ્ઞાનનો સ્વભાવ પ્રકાશ કરવાનો છે, અને ક્રિયા તો તપ સંયમ રૂપે હોવાથી આ પ્રમાણે ઉપકાર કરે છે, જે શોધે તે શોધક છે, અને આઠ કર્મને અનેક ભવમાં મેળવ્યાં છે, તેને તપાવે તે તપ છે, તેજ શોધક હોવાથી ઉપકારક છે, કારણ કે તે તેનો સ્વભાવ છે, જેમકે ઘરનો કચરો કાઢવા કોઇ મજુર રાખ્યો હોય તે સાફ કરે છે, તેમ તપ છે, તથા 'સંયમન' કરવું તે સંયમ છે, અને તેજ આશ્રવ દ્વાર ને રોકવા રૂપ છે, ચ શબ્દ જ્ઞાન વિગેરે ચાલુ ( મોક્ષ ) ફળની સિદ્ધિમાં ભિન્ન ઉપકાર કરનારાં છે, તેવું બતાવે છે, ગોપવું તે ગુપ્તિ છે, ( પા. ૩–૩–૯૪ પ્રમાણે ગુપ્તિ શબ્દ બને છે, ) તેનો અર્થ આવતા કર્મ કચરાના નિરોધ માટે છે, તે ગુપ્તિ કરનાર તે ગુપ્તિકર કરે છે, અને સંયમ પણ અપૂર્વ કર્મ કચરાને આવતા રોકવા ઉપકારી છે, તેનો પણ તે સ્વભાવ છે, જેમ ઘરનો કચરો વાળતાં પવનથી પ્રેરાઇને કચરો પાછો આવતો હોય તો બારીઓ વિગેરે ઢાંકી દેવાય છે, આ પ્રમાણે તપ સંયમ ગુપ્તિકર ત્રણે કચરો કાઢવામાં ઉપકારી છે, પણ તે જ્ઞાન તથા ચરણ બંને ક્ષાયિક હોય તે મોક્ષ આપે, પણ ક્ષય ઉપશમથી આઠ કર્મનો સંપૂર્ણ મેલ ન કપાય, માટે ક્ષાયિક જ્ઞાન ચારિત્રના સમાયોગે સંપૂર્ણ મેલ કપાય, તેવું જિન શાસનમાં કહ્યું છે,

પ્ર૦—સમ્યગ્ દર્શન જ્ઞાન ચારિત્રથી મોક્ષ થાય તેવા આગમનો વિરોધ થશે ? કારણ કે સમ્યગ્દર્શન વિના ઉપર બતાવેલ જ્ઞાનાદિ ત્રણથીજ મોક્ષ થશે એવું તમે કહ્યું છે !

ઉ૦—સમ્યગ્ દર્શન તે જ્ઞાનનો એક ભાગ હોવાથી રૂચિ રૂપે છે, અને તેથી તે જ્ઞાનમાં સમાઈ જાય છે, માટે વાંધો નહિ આવે ! ॥ ૧૦૩ ॥

નિર્યુક્તિકારે પૂર્વે કહ્યું હતું કે શ્રુત જ્ઞાનમાં વર્ત્તતો જીવ મોક્ષમાં ન જાય, તેમાં આ હેતુ છે, કે તે ક્ષાયોપશમિક ભાવમાં છે, જેમ અવધિજ્ઞાન ક્ષાયોપશમિક છે, તેનો સાર આ છે કે તે ક્ષાયિક જ્ઞાન ચારિત્ર થાય ત્યારે મોક્ષ મળે,

હવે તે સૂત્રનું ક્ષાયોપશમિકપણું બતાવે છે.

**भावे खओव समिए दुवालसंगंपि होइ सुयनाणं**
**केवलियनाण लंभो तन्नत्थ खए कसायाणं ॥ १०४ ॥**

થવું તે ભાવ છે, તે ઔદયિક વિગેરે અનેક ભેદે છે, તેથી કહ્યું કે બાર અંગવાળું શ્રુતજ્ઞાન તથા અપિ શબ્દથી અંગ બહારનું જ્ઞાન તથા મતિ અવધિ મનઃપર્યાય એ ત્રણ તેમજ સામાયિક વિગેરે ચાર ચારિત્ર ક્ષાયોપશમિક ભાવે છે, પણ કેવળનો ભાવ તે કૈવલ્ય (નિર્મળ) તે ઘાતિ કર્મના વિયોગથી ઉત્પન્ન થયેલ કેવળજ્ઞાન ક્ષાયિક ભાવે છે, આ ગ્રહણ કરવાથી અજ્ઞાની પ્રકૃતિ મુક્ત પુરૂષ ( વૈશેષિક વિગેરે એવું માને છે, કે જ્ઞાન પણ એક પ્રકૃતિ છે, માંટે આત્માથી મોક્ષ અવસ્થામાં દૂર થાય છે તેવા ) મતનું ખંડન કરવા કહ્યું છે, તેઓની

આ માન્યતા છે કે તેઓ માને છે કે "**बुद्ध्यध्यव सितमर्थं पुरुषश्चेतयते**" બુદ્ધિએ વિચારેલા અર્થને પુરૂષ ચેતાવે છે, અને તે પ્રમાણે માનતાં પ્રકૃતિથી મુકત થતાં જ્ઞાનનો પણ અભાવ થયો, એ તેમનું કહેલું ખોટું છે, માટે જૈન ધર્મમાં બતાવ્યું કે ક્રોધાદિ કષાયોનો ક્ષય થતાં કેવળ જ્ઞાનની પ્રાપ્તિ થાય છે, પણ ક્રોધાદિ ક્ષય થવા વિના બીજી રીતે કેવળ જ્ઞાન ન થાય.

અહીં જોકે છદ્મસ્થ વીતરાગ અવસ્થામાં બારમે ગુણ સ્થાનકે ક્ષપક શ્રેણિમાં કષાયો ક્ષય થતાં થોડી વાર સુધી મોહનીય સર્વથા ક્ષય થયા પછી અંતર્મુહુર્તની અંદર કેવળ જ્ઞાન ન હોય, પણ જ્ઞાન આવરણ સંપૂર્ણ ક્ષય થતાં કેવળ થાય છે, છતાં કષાય ક્ષય બતાવવાનું કારણ ખરી રીતે એ છે કે મોહનીયના ભેદમાં કષાયોનું પ્રાધાન્યપણું છે, તે બતાવ્યું છે, કે કષાયો ક્ષય થાય, ત્યારે નિર્વાણ ( કેવળ જ્ઞાન ) થાય છે, અને કેવળજ્ઞાન થાય ત્યારે સમ્યગ્ દર્શન જ્ઞાન ચારિત્ર ત્રણે ક્ષાયિકપણામાં હોય છે, તેવું સિદ્ધ થાય છે.

પ્ર-ત્યારે પ્રથમ કહ્યું કે " શ્રુતજ્ઞાનમાં જીવ વર્ત્તવા છતાં જે તપ સંયમ રૂપ યોગથી શૂન્ય હોય તે મોક્ષ પ્રાપ્ત ન કરે, તે વિશેષણ નકામું થયું ? કારણકે શ્રુતજ્ઞાન હોય, તપ સંયમ રૂપ યોગ ધારણ કરતો હોય તોપણ કેવળજ્ઞાનના અભાવને લીધે મોક્ષ તો નહિંજ થાય.

ઉ—તમારૂં કહેવું સત્ય છે, પણ ક્ષાયોપશમિક સમ્યક્ત્વ શ્રુત ચારિત્ર એ ત્રણે એકઠાં થતાં ક્ષાયિક સમ્યકત્વ વિગેરે પરંપરાએ પ્રાપ્ત થઇને તે મોક્ષનો હેતુ થવાથી અમારૂં કહેવું અદોષ છે. ૧૦૪ ॥

પ્ર—મોક્ષનું કારણ ક્ષાયિક જ્ઞાન વિગેરે છે અને તેનું કારણ શ્રુત વિગેરે છે, તે અમને પણ ઇષ્ટ છે, તેનોજ અલાભ કે લાભ કેવી રીતે થાય?

ઉ—તે ગાથાઓ દ્વારા કહે છે.

**अट्ठण्हं पयडीणं उक्कोस ठिइइ वट्टमाणोउ**
**जीवो न लहइ सामाइयं, चउण्हणं पिपगयरं॥ १०५ ॥**
**सत्तण्हं पयडीणं अब्भिंतरओ उ कोडिकोडीणं**
**काउण सागराणं जइलहइ चउण्हे मण्णयरं ॥ १०६ ॥**

જ્ઞાન આવરણીય વિગેરે આઠ કર્મપ્રકૃતિઓની ઉત્કૃષ્ટ સ્થિતિમાં જીવ વર્તતો હોય, તો જીવ પૂર્વે કહેલ સામાયિક વિગેરે એટલે ૧ સમ્યકત્વ ૨ શ્રુતજ્ઞાન (૩) દેશવિરતિ (૪) સર્વ વિરતિ તેમાંનું કોઇપણ એક કે બધાં મળતાં નથી, તેમજ અપિશબ્દથી મતિ અવધિ મનઃપર્યવ કેવળજ્ઞાન વિગેરે પણ ન મળે, નવું ન મળે, એટલુંજ નહિ પણ પૂર્વ પ્રતિપન્ન પણ ન હોય, કારણકે જે એકવાર સમ્યક્ત્વ પામીને વમ્યું હોય, તે પણ ગ્રંથીને ઉલંઘીને ઉત્કૃષ્ટ સ્થિતિવાળી કર્મ પ્રકૃતિઓ ફરી બાંધતો નથી, એકલા આયુની ઉત્કૃષ્ટ સ્થિતિમાં વર્ત્તમાન પૂર્વ પ્રતિપન્ન હોય તે અનુત્તર વિમાનમાં

ઉપપાત કાળે દેવ છે, પણ તે ત્યાં ઉત્પન્ન થતી વખતે પૂર્વે સમ્યકત્વાદિ પામેલો ગણાય, પણ નવું સમ્યકત્વ મેળવતો ( પ્રતિપદ્યમાન ) ન હોય, તુ શબ્દથી એમ જાણવું કે જઘન્ય સ્થિતિમાં વર્ત્તનારો જીવ પ્રતિપન્ન પણ ન હોય, અને એકલા આયુ કર્મની જઘન્ય સ્થિતિમાં વર્ત્તમાન જીવ પૂર્વ પ્રતિપન્ન અથવા નવો પ્રતિપદ્ય માનક પણ ન હોય, કારણકે ક્ષુલ્લક ભવમાં જઘન્ય આયુ હોય છે, તે :અનંત કાય વનસ્પતિમાંજ હોય છે, અને તેમાં પૂર્વ પ્રતિપન્ન કે પ્રતિપદ્ય માનકનો અભાવ છે,

તે પ્રકૃતિઓની ઉત્કૃષ્ટ જઘન્ય ભેદથી ભિન્ન સ્થિતિ આ પ્રમાણે છે, પ્રથમનાં ત્રણ તે જ્ઞાન આવરણીય, દર્શના વરણીય વેદનીય અને અંતરાય કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ ૩૦, મોહનીય કર્મની ૭૦ નામ ગોત્રની ૨૦ ક્રોડાકોડી સાગરોપમ છે, અને આયુ કર્મની ૩૩ સાગરોપમ છે,

## જઘન્ય સ્થિતિ.

વેદનીયની ૧૨ મુહૂર્ત્ત, નામગોત્રની આઠ મુહૂર્ત્ત, અને બાકીનાં છ કર્મની અંતર્મુહૂર્ત છે, એવું તત્ત્વાર્થ સૂ–અ–૮ ની ૧૫ થી ૨૧ સૂત્ર સુધી બતાવ્યું છે. ॥ ૧૦૫ ॥

પ્ર—કેમ આ બધી સાથેજ ઉત્કૃષ્ટ સ્થિતિ મેળવે છે ? કે એકની ઉત્કૃષ્ટ સ્થિતિ થતાં બીજી પણ નિયમથી હોય છે, અથવા કોઇ બીજી રીતે વિચિત્ર પણ બંધાય છે ?

ઉ—અહીં આ વિધિ છે, મોહનીયની ઉત્કૃષ્ટ સ્થિતિમાં

બાકીની છ ની પણ ઉત્કૃષ્ટ સ્થિતિ હોયજ, અને આયુષ્યની તો ઉત્કૃષ્ટ અથવા મધ્યમ સ્થિતિ હોય, પણ જઘન્ય ન હોય. મોહનીય રહિત બાકીની પ્રકૃતિઓમાં કોઈની પણ ઉત્કૃષ્ટ સ્થિતિમાં મોહનીયની અને શેષ પ્રકૃતિઓની ઉત્કૃષ્ટ અથવા મધ્યમ સ્થિતિ હોય, પણ જઘન્ય ન હોય, બીજી ગાથા કહે છે, આયુ કર્મ છોડીને સાત કર્મની જે પર્યંત વર્ત્તિની સ્થિતિને આશ્રયી ( એટલે બાકીની સ્થિતિ ખપાવીને તેટલી રહી હોય તે ) એક સાગરોપમ કોડાકોડીની સ્થિતિમાં વર્ત્તનારો થાય ત્યારે તે ઉપર કહેલ ચાર શ્રુત સામાયિક વિગેરેને મેળવે છે, પણ વધારે સ્થિતિ ભોગવવી બાકી હોય તો તે ચારમાંનું એકપણ ન મળે, અથવા પાઠાંતર ગાથામાં લખ્યા પ્રમાણે એ અર્થ થાય છે કે " સાગરોપમ કોટાકોટીની સ્થિતિ કરીને ચારમાંનું કંઈપણ એક મેળવે છે, ટુંકામાં અર્થ કહીને આખી ગાથાના અવયવોનો છુટો અર્થ ખુલાસાથી કહે છે.

જ્યારે સાત કર્મની પર્યંત વર્તિની સાગરોપમ કોડાકોડીની સ્થિતિમાં એક પલ્યોપમનો અસંખ્યેય ભાગ હીન થાય ત્યારે ઘન ( ચીકણા ) રાગદ્વેષનો પરિણામ અત્યંત દુર્ભેદ્ય છે, એટલે દારૂ ગ્રંથિ ( લાકડાની ગાંઠ ) ચીરવા માફક કર્મ ગ્રંથિ ભેદવી મુશ્કેલ છે, તે ભાષ્યકર કહે છે.

**गंट्ठित्ति सुदुब्भेओ, कक्खड घणरूढ गूढगंठिव ।**
**जीवस्स कम्म जणिओ, घण रागद्दोष परिणामो ।१।**

આ મિથ્યાત્વની કર્મ ગાંઠ કર્કશઘન રૂઢ ગુઢ ગાંઠ માફક ભેદવી ઘણી મુશ્કેલ છે, કારણ કે જીવને કર્મજનિત ચીકણા રાગદ્વેષનો પરિણામ ( સ્વભાવ ) છે, ( વિ. આવશ્યક ગાથા ૧૧૯૫ છે ) આ કર્મ ગ્રંથિ ભેદાવાથી સમ્યકત્વનો લાભ થાય છે, તે સિવાય ન થાય, પણ તે ગ્રંથિ ભેદ મનો વિઘાતનો પરિશ્રમ વિગેરેથી દુઃસાધ્ય છે, તે આ પ્રમાણે— તે જીવ કર્મ રિપુના મધ્યમાં ગયેલો તે ગ્રંથિને પામીને ઘણો થાકી જાય છે, કારણ કે ત્યાં ઘણા અંત કરનારા કર્મ રિપુઓ એકઠા થઈને ખેદ આપે છે, જેમ કોઈ એકલો બહાદુર સુભટ હોય પણ તેના સામે શત્રુરાજા તરફથી ઘણા સુભટો આવે તો તે થાકી જાય છે, અહીં બીજો વાદી કહે છે કે તે કર્મ ગ્રંથિ ભેદવાથી શું પ્રયોજન છે ? અથવા સમ્યકત્વાદિના લાભથી શું પ્રયોજન છે ? કારણ કે જેમ ઘણી લાંબી કર્મની સ્થિતિ ( ૭૦ કોડાકોડી સાગરોપમ જેવડી ) સમ્યકત્વ આદિ ગુણ રહિત હતો, ત્યારે પણ ક્ષય કરી, તેમજ ગુણ રહિત રહીનેજ બાકીની એક કોડાકોડી સાગરોપમથી થોડી ઉણી પણ ખપાવીને મોક્ષનો ભાગી થાય તો શું હરકત છે ? ઉ૦—તેવી સ્થિતિવાળી અવસ્થામાં રહેલો જો બીજા ગુણો સંપાદન ન કરે તો બાકી રહેલી સ્થિતિને ક્ષય કરવા તથા મોક્ષમાં જવા માટે સમર્થ થતો નથી, કારણ કે ચિત્તવિઘાત ( મન ચલાયમાન ) થાય વિગેરે ઘણાં વિઘ્નો છે, તથા પૂર્વે કદી પ્રાપ્ત ન થએલ એવું વિશિષ્ટ ફલ મેળવવા નજીક આવી પહોંચેલ છે, અને પૂર્વે ભોગવેલ વિષય સુખ વિગેરેથી ઈચ્છિત ફળ મોક્ષ

મેળવવાને તે અશક્ય થાય છે, જેમકે અનેક વરસો સુધી ચારિત્ર પાળી આંબીલ કરીને ક્રિયા કરીને નવા ગુણો મેળવ્યા હોય પણ ઉત્તર ·સાધક વિના વિદ્યા ન સધાય, તેમ અહીં પણ ઈષ્ટ ફલ ન મળે, તે કહે છે, વિશેષાવશ્યક ગાથા ૧૧૯૯ ૧૨૦૦ માં ભાષ્યકાર બતાવે છે.

**पापण पुव्व सेवा परिमउई साहणंमि गुरुतरिआ।**
**होतिमहा विज्जाए किरिया पायं सविग्घाय ॥ १ ॥**
**तह कमठिति खवणे, परिमउई मोक्ख साहणे गरुई**
**इह दंसणादि किरिया दुलभापायं सविग्घाय ॥२॥**

પ્રાચે એવો નિયમ છે કે પ્રથમ સેવા કરવી અતિ કોમળ (સહેલી) છે પણ ફળ સાધવા વખતે તે કઠણ થાય છે, તથા મહાવિદ્યા સાધવી હોય તેમાં પ્રાચે ક્રિયા કરતાં અનેક વિઘ્નો આવે છે,

તેવી રીતે કર્મની સ્થિતિ ખપાવતાં પ્રથમ બહુ સહેલ છે, પણ મોક્ષ સાધવા વખતે ઘણી કઠણ ક્રિયા લાગે છે, એટલે તે વખતે ચારિત્ર પાળવું, સમ્યગ્દર્શન પાળવું, તે બધું કઠણ અને વિઘ્નવાળું થાય છે કારણ કે તેણે કર્મની ઘણી સ્થિતિ ઉન્મૂલ (દૂર) કરી છે, તેથીજ તેને ઓછા દોષો રહી જવાથી સમ્યકત્વાદિ ગુણોનો લાભ થાય છે, જેમકે બધાં કર્મો સર્વથા ક્ષય થવાથી સિદ્ધપણું પ્રાપ્ત થાય છે, અને તેનાથીજ મોક્ષ થાય છે, તેથી એમ સિદ્ધ થયું કે સમ્યકત્વ પ્રાપ્ત થયા પહેલાં બાકી રહેલું થોડું પણ કર્મ દૂર કર્યા વિના

મોક્ષ ન સાધી શકે. ( માટે તેણે સમ્યકત્વ પ્રાપ્ત કરવા ઉદ્યમ કરવો. )

હવે ' સમ્યકત્વ આદિ પ્રાપ્ત થવાની વિધિ ' કહે છે.

જીવો ભવ્ય અને અભવ્ય એમ બે પ્રકારના છે, તેમાં ભવ્યને ત્રણ કરણ થાય છે, કરણ એટલે એક જાતનો વિશેષ પરિણામ છે, તે આ પ્રમાણે છે, ૧ યથા પ્રવૃત્ત કરણ ૨ અપૂર્વ કરણ ૩ અનિવૃત્તિ કરણ, તેમાં યથા પ્રવૃત્ત તે હમેશાં ચાલતું આવેલું કર્મ ઘટતાં ઘટતાં તેટલે દરજ્જે આવી પહોંચે તે અનાદિથી થાય છે, ( જેને કર્મ ખપાવવાનો અધ્યવસાય થાય તેને હમેશાં આકરણ થયાંજ કરે છે એવું વિ. આવશ્યક ૧૨૦૩ ની ગાથા વૃત્તિમાં લખ્યું છે ) પણ બીજું તો પૂર્વે કોઈવાર પ્રાપ્ત ન થયું હોય, તેથી તે અપૂર્વ કરણ છે, પણ ત્રીજું તો પાછું ન ફરે માટે અનિવૃત્તિ છે એટલે સમ્યગ્ દર્શનનો લાલ થાય, તેથી પાછો ન ફરે, આ ત્રણ કરણોમાં જે અભવ્ય જીવો છે તેને ફક્ત પહેલું યથાપ્રવૃત્ત કરણજ થાય છે, જ્યાંસુધી ગ્રંથિ છે ત્યાંસુધી પહેલું કરણ છે, તેને ઉલંઘવાથી બીજું થાય છે, અને સમ્યગ્ દર્શનનો લાભ જેને થવાનો હોય, તેને તે દિશા તરફ જતાં આ ત્રીજું કરણ થાય છે, ॥ ૧૦૬ ॥

હવે ત્રણ કરણોને આશ્રયી સમ્યકત્વ સામાયિક આદિ લાભના દૃષ્ટાંતોને કહે છે–

**पल्लय गिरिं सरिउवला, पिवीलिया पुरिस पहजरग्गहिया**
**कुद्दव जल वत्थाणिय, सामाइयलाभ दिट्ठंता ॥ १०७ ॥**

પ્રથમ પલ્લકનું દૃષ્ટાંત કહે છે, લાટ દેશમાં ધાન્યના માપાને પલ્લક કહે છે, તે માપું મોટું હોય તેમાં થોડું થોડું ધાન્ય નાંખે, અને ઘણું ઘણું કાઢે, તો તે કાળાંતરે ખાલી થાય છે, એમ આ કર્મ રૂપ ધાન્યના પાલામાં જીવ અનાભોગથી યથાપ્રવૃત્ત કરણવડે થોડું થોડું કર્મ બાંધે અને ઘણું ઘણું ખપાવે તો આ ગ્રંથિ આગળ આવે છે, હવે જો તે ભવ્ય હોય તો તેને ઉલંઘી અપૂર્વ કરણવાળો થાય છે, અને સમ્યગ્ દર્શનના સંમુખ જાય તો અનિવર્ત્તિ થાય છે. આ પલ્લકનું દૃષ્ટાંત છે,

પ્ર૦–આ દૃષ્ટાંત કહી શકાયજ નહિ કારણ કે સંસારી વ્યાપારવાળા જીવને દરેક સમયે ચય અને અપચય બતાવ્યા છે, તેમાં અસંયતને ઘણો ઘણો ચય થાય, અને અપચય તો થોડો થોડો થાય છે જુઓ આગમમાં કહ્યું છે કે–

**पल्ले महइमहल्ले कुंभं पक्खिवइ सोहएणालिं**
**असंजए अविरए बहु बंधइ निज्जरइ थोवं ॥ १ ॥**

જેમ કોઈ મોટા પલ્યમાં ઘડા ભરી ભરીને નાંખે અને નળી ભરી ભરીને કાઢે, તેમ અસંયત અવિરતને ઘણા કર્મ બંધાય પણ થોડાં ખપે છે. પણ ચારિત્ર લીધેલાને ઘણાં ખપે, અને થોડાં બંધાય તે પણ સાથે કહે છે.

**पल्ले महतिमहल्ले, कुंभं सोहेइ पक्खिवे णालिं**
**जे संजए पमत्ते बहुनिज्जरइ बंधई थोवं ॥२॥**

જેમ પલ્ય મોટો હોય, તેમાંથી ઘડો ભરી ભરીને કાઢે, અને નળી ભરીને નાંખે, તેમ સંયત પ્રમત્ત હોય તેને ઘણી નિર્જરા થાય, થોડો કર્મબંધ થાય.

હવે અપ્રમત્તને બીલકુલ બંધ ન થાય તે પણ કહે છે—

**पल्ले महइ महल्ले, कुंभं सोहेइ पक्खिवे न किंचि**
**जे संजए अपमत्ते बहुनिज्जरे बंधइ न किंची ॥३॥**

જેમ મોટા પલ્યમાંથી ઘડો ભરી ભરીને કાઢે અને **જરાએ** ન નાંખે, તેમ સંયત અપ્રમત્ત હોય તે ઘણું નિર્જરે, પણ જરાએ ન બાંધે.

ઉપર પહેલી ગાથામાં બતાવ્યા પ્રમાણે અસંયતમિથ્યા દૃષ્ટિને ઘણો બંધ થોડું કર્મ છૂટે ત્યારે તેને ગ્રંથિભેદની પ્રાપ્તિ ક્યાંથી થાય ? ( આ વાદીનો પ્રશ્ન છે. )

ઉ૦—ગાથામાં કહેલું તે બાહુલ્યતાને આશ્રયી કહ્યું છે કે મિથ્યાત્વીને બંધ ઘણો છે, અને ઓછું ખપે છે, પણ તેમ થતું જો સર્વથા માનીએ, તો ઘણો ચય તેમને થવાથી બધાંએ કર્મ પુદ્ગલો તેઓ ગ્રહણ કરી લે (મિથ્યાત્વીને બંધાઈ જાય) પણ તેવું માનવું અનિષ્ટ છે, અને સમ્યગ્દર્શન વિગેરેની પ્રાપ્તિ તો અનુભવસિદ્ધ છે ( કે તે ઘણા જીવો સમ્કત્વ પામે છે ) માટે પલ્ય વિગેરેનાં દૃષ્ટાંત વૃત્તિ ગોચર (કોઈ કોઈ જીવ આશ્રયી જાણવા ).

હવે અનાભોગમાં વધારે કર્મનો કેવી રીતે ક્ષય થાય,

તે આશ્રયી પર્વતના પત્થરોનો દૃષ્ટાંત કહે છે, જેમ પર્વતની નદીના પત્થરો પરસ્પર ઘસાઇને કોઈની મહેનત વિના પણ વિચિત્ર આકૃતિવાળા ( ગોળીઆ ) થાય છે, તે પ્રમાણે યથા પ્રવૃત્તિકરણે જીવો તેવી કર્મની સ્થિતિવાળા વિચિત્ર રૂપવાળા થાય છે.

## કીડીઓનું દૃષ્ટાંત.

જેમકે કીડીઓનું પૃથ્વીમાં સ્વભાવથીજ ગમન થાય છે, પછી ઝાડના ઠુંઠા (સ્થાણુ) ઉપર ચડે છે, અને પાંખો આવેથી તેમાંથી પણ ઉડી જાય છે, પછી સ્થાણુના મથાળે ચડે છે, ત્યાંથી કેટલીક ટોચે ચડીને પાછી ઉતરે છે, આ પ્રમાણે જી-વોનું પણ કીડીઓના ક્ષિતિમાં ગમનના સ્વભાવની પેઠે યથા પ્રવૃત્ત કરણ થાય, સ્થાણુએ ચડવા માફક અપૂર્વ કરણ છે, ઉડવા માફક અનિવર્ત્તિ કરણ છે, સ્થાણુના મથાળા માફક ગ્રંથિનું અવસ્થાન છે, ટોચથી પાછા ફરવા માફક કર્મની સ્થિતિ ઘટાડેલી, તે વધારવા જેવું છે.

## હવે પુરૂષનું દૃષ્ટાંત કહે છે.

કોઈ પણ ત્રણ માણસો મોટા નગરે જવાની ઇચ્છાથી પોનાના ગામથી નીકળીને એક અટવીએ આવ્યા, ઘણો લાંબો રસ્તો ઓળંગીને થોડા વખતમાં પહોંચવાની ઇચ્છાએ ભયનું સ્થાન ( ચોરોની પલ્લી આગળ ) જોઈને ઘણા જોરથી ચાલતાં બંને બાજુએ ઉઘાડી તલવારવાળા બે ચોરોને જોયા, તેમાં એક સામે થયો, બીજો ચોરોએ પકડી લીધો, ત્રીજો મુસાફર

તેમને હરાવી ઈચ્છિત નગરે પહોંચ્યો. આ દૃષ્ટાંતે એમ સમજવું છે કે–સંસાર અટવીમાં ત્રણ સંસારી પુરૂષો છે, પંથરૂપ કર્મની દીર્ઘ સ્થિતિ છે, ભયસ્થાન તે ગ્રંથિની જગ્યા છે, તસ્કરરૂપ રાગ દ્વેષ છે, તેમાં પ્રતીપગામી તે શત્રુ સામે થયો તે યથા પ્રવૃત્ત કરણવડે ગ્રંથિ દેશ પામીને અનિષ્ટ પરિણામવાળો થતાં ફરીથી કર્મની વધારે ઉત્કૃષ્ટ સ્થિતિ બાંધે છે, બે ચોરોએ રોકેલા સમાન પ્રબળ રાગ દ્વેષ ઉદય થતાં ત્યાં બીજો પુરૂષ અટકી ગયો, અને ઈચ્છિત નગરે ગયેલા ત્રીજા પુરૂષ જેવો અપૂર્વ કરણ પામીને રાગદ્વેષ ચોરને હરાવીને અનિવર્ત્તિ કરણવડે સમ્યગ્દર્શન પામ્યો. ॥ ૪ ॥

પ્ર૦—આ સમ્યગ્દર્શન ઉપદેશથી મળે કે વિના ઉપદેશથીજ મળે ? ઉ૦-બંને પ્રકારે મળે. કેવી રીતે ? તે કહે છે.

રસ્તામાં ભૂલા પડેલા ત્રણ મુસાફરો માફક. જેમકે કોઇ મુસાફર રસ્તામાં ભૂલો પડતાં પોતાની મેળેજ રસ્તો શોધી કાઢે છે, કોઈ બીજો માણસ તો જાણીતાને પૂછીને સીધે રસ્તે આવે છે, કોઇ તો સીધો રસ્તો મેળવી શકતો નથી, તેમ અહીં પણ સર્વથા 'સત્પથ' થી દૂર થયેલ જીવ યથાપ્રવૃત્ત કરણથી સંસાર અટવીમાં ભમતો ગ્રંથિને મેળવી અપૂર્વ કરણવડે તેને ઉલંઘી અનિવર્ત્તિ કારણ મેળવીને પોતાની મેળે સમ્યગ્દર્શન વિગેરે નિર્વાણનો રસ્તો મેળવે છે, બીજો માણસ પરના ઉપદેશથી મેળવે, અને ત્રીજો પ્રતીપગામી અથવા ગ્રંથિક સત્ત્વ જેવો સાચા રસ્તામાં આવી ન શકે. ॥ ૫ ॥

## જ્વર ( તાવ )નો દૃષ્ટાંત.

જેમ કોઇનો તાવ પોતાની મેળે ઉતરી જાય, કોઈનો દવા લેવાથી જાય, કોઈનો તાવ જાયજ નહિ, તેમ અહીં મિથ્યા દર્શનરૂપ મહા જ્વર સ્વયં દૂર થાય, કોઇને જિનના વચનથી દૂર થાય, કોઈને ઔષધ વિગેરેથી પણ ન જાય, ત્રણ કરણની યોજના પૂર્વે બતાવ્યા પ્રમાણે અહીં પોતાની મેળે વિચારી લેવી. ॥ ૬ ॥

## કોદરાનો દૃષ્ટાંત.

કેટલાક કોદરામાં મેણો ચઢે છે, તે સ્વયં કાલાંતરે દૂર થાય છે, કોઈને છાણ વિગેરેથી સાફ કરવાથી દૂર થાય છે, કેટલાનો દૂર થતો નથી. આ પ્રમાણે મિથ્યા દર્શન આશ્રયી તેનું મિથ્યાત્વ સ્વયં દૂર થાય. કોઈને જિન વચનથી, અને કોઈને કોઈ પણ રીતે દૂર ન થાય, તેનો ભાવાર્થ આ છે કે—

તે જીવ અપૂર્વ કરણવડે મેણાથી અડધા શુદ્ધ, પુરા શુદ્ધ એવા કોદરા સાફક તદન અશુદ્ધ તે મિથ્યાદર્શનવાળા, અડધા શુદ્ધ સમ્યગ્મિથ્યા દર્શની, પુરા શુદ્ધ તે સમ્યક્ત્વી એમ ત્રણ ભેદ છે, તેમાંથી અનિવર્ત્તિકરણ વિશેષથી સમ્યકત્વ પામે છે, એ પ્રમાણે ત્રણ કરણવાળા ભવ્યને સમ્યગ્દશ ન પ્રાપ્ત થાય છે, અને અભવ્યને પણ કોઈ વખત યથાપ્રવૃત કરણથી ગ્રંથિ પામીને જિનેશ્વરની વિભૂતિ દેખતાં અથવા બીજા પ્રયોજનથી તેમાં ઉદ્યમ કરવાથી શ્રુતસામાયિકનો લાભ થાય છે, પણ બીજો લાભ થતો નથી. ॥ ૭ ॥ જલનું દૃષ્ટાંત કહે છે.

જેમ પાણી ગારાવાળું, અડધું શુદ્ધ, અને તદ્દન નિર્મળ એમ ત્રણ ભેદે છે, તેમ ઉપર બતાવ્યા પ્રમાણે ત્રણ ભેદવાળું મિથ્યાદર્શન વિગેરે છે. તેને અપૂર્વ કરણ વડે ત્રણ ભેદવાળું કરે છે, ભાવાર્થ ઉપર માફક છે. ॥ ૮ ॥ વસ્ત્ર દૃષ્ટાંત પણ ત્રણ પ્રકારે યોજવું. ॥ ૯ ॥ ૧૦૭ ॥

હવે પ્રસંગની વાત કહે છે.

આ પ્રમાણે સમ્યગ્ દર્શનનો લાભ થયા પછી બાકી રહેલાં કર્મની સ્થિતિ પલ્યોપમ પૃથક્ત્વ ( ૨ થી ૯ પલ્યોપમ ) થતાં દેશ વિરતિ પામે છે, ( આ સ્થિતિ દેવલોકમાં હોય છતાં ત્યાં દેશ વિરતિનો અભાવ છે એમ પ્રથમ પંચાશક વૃત્તિમાં છે. ) બાકી શેષ સ્થિતિના સંખ્યેય સાગરોપમો ગયે થકે સર્વ વિરતિ મેળવે છે, બાકીની સ્થિતિના પણ સંખ્યેજ સાગરોપમો ગયે છતે ઉપશમ શ્રેણી મળે, ત્યાર પછી તેજ ન્યાયે ક્ષપક શ્રેણી છે, આ કહેલો કાળ દેશવિરતિ વિગેરેની પ્રાપ્તિ સંબંધી દેવ મનુષ્યોમાં ઉત્પન્ન થાય, અને સમ્યક્ત્વથી ભ્રષ્ટ ન થાય, તો ઉત્કૃષ્ટો નિયમ જાણવો, નહિ તો શ્રેણિ થયા વિના સમ્યક્ત્વ વિગેરે ગુણોની પ્રાપ્તિ એક ભવ ( મનુષ્યના ક્રોડ પૂર્વના અથવા નવ વરસના આયુ ) માં પણ મળે, એમાં કોઈ દોષ નથી, ભાષ્યકારે આ પ્રમાણે કહ્યું છે.

**सम्मत्तंमिहु लद्धे, पलियं पुहुतेण सावओहोज्जा,**
**चरणो वसम खयाणं, सागर संखं तराहुंति ॥ १ ॥**

**एवं अप्परिवडिए समत्ते देवमणुयजम्मेसु**
**अण्णतर सेढी वज्जं एगभवेणं चसव्वाइं ॥ २ ॥**

બંનેનો અર્થ ઉપર આવી ગયો છે, ( વિ. આવશ્યકની ૧૨૨૨–૨૩ ) ગાથાઓ છે.

શ્રુત સમ્યકત્વ વિગેરેની પ્રાપ્તિનો પ્રાસંગિક હેતુ કહ્યો, હવે જેના ઉદયથી સમ્યકત્વ સામાયિક આદિ લાભ ન થાય, અથવા મળ્યા પછી જતો રહે છે, તે કષાયો કેટલા છે, કેટલા પ્રમાણમાં છે, કયું અથવા કોને સમ્યકત્વાદિ સામાયિકનું આવરણ છે? અથવા કોને કયો ઉપશમન વિગેરેનો ક્રમ છે, તે કહે છે.

**पढमिल्लुयाण उदए नियमासंजोयणा कसायाणं**
**सम्म दंसण लंभं भवसिद्धीयावि न लहंति ॥ १०८ ॥**

તેમાં પ્રથમના અનંતાનુબંધી ક્રોધાદિનાં ઉદયથી સમ્યકત્વનો ઘાત થાય છે, અનંતાનુબંધીને પ્રથમ લેવાનું કારણ આજ છે, કે સોગુણોનું મૂળ સમ્યકત્વ છે, તેનો ઘાતક અનંતાનુંબંધી કષાય છે, અથવા કર્મનીક્ષપણાનો આ ક્રમ છે, કષાયનો ઉદય એટલે તે કર્મની ઉદીરણાની આવલિકામાં આવેલ તે પુદગલોથી ઉત્પન્ન થએલ સામર્થ્ય પણું છે, તેના ઉદયમાં નિયમથી શું થાય છે? તે આગળ કહીશું, હમણાં તે પ્રથમના કષાયોનેજ વિશેષ રીતે કહે છે, તે મોહનીય કર્મ વડે અથવા તેના ફળ ભૂત સંસાર વડે સંયોજે તે સંયોજના છે, સંયોજના સાથે કષાયોનો સમાસ કરતાં સંયોજન કષાયો

છે, એટલે આ કષાયોના ઉદયથી તેને અવિપરીત દર્શન (સમ્યગ્ દર્શન ) નો લાભ ન થાય, એટલે જે કોઈ પણ ભવમાં મોક્ષ જનારો છે, એ ભવસિદ્ધિક છે, પણ તેવા બધાઓની ભવમાં સિદ્ધિ હોવાથી તે ન લેતાં આ પ્રસંગને આશ્રયી તદ્ભવ (તેજભવ) માં મોક્ષ જનાર જીવ લેવો, તેને પણ અનંતાનુબંધીના કષાયોનો ઉદય થતાં સમ્યકત્વ ન મેળવે, અપિશબ્દથી સમજવું કે અભવ્ય તો નજ મેળવે, અથવા પ રીત સંસારી (થોડા ભવમાં મોક્ષ જનારો ) પણ સમ્યકત્વ પ્રથમ કષાયોના ઉદયથી ન મેળવે, ।। ૧૦૮ ( આ ગાથાનો પરમાર્થ એ છે કે કષાયોનો ઉદય બને ત્યાં સુધી ન થવા દેવો )

**बिइय कसायाणुदए अपच्चक्खाण नामधेज्जाणं ।**
**सम्म दंसण लंभं विरयाविरइं न उ लहंति ॥ १०९ ॥**

બીજા કષાય અ પ્રત્યાખ્યાન નામના છે, તે દેશવિરતિનો ઘાત કરે છે, અથવા ક્ષપણામાં આક્રમ છે, બીજે નંબરે આક્ષય થાય છે, કષ ધાતુનો અર્થ ગતિ છે, અહિં કષ શબ્દવડે કર્મ લેવું અથવા ભવ લેવો તે કર્મ અથવા ભવનો લાભ થાય તે કષાયો છે તેમના ઉદયથી એટલે અ પ્રત્યખ્યાન નામના કષાયોના ઉદયથી દેશવિરતિ અથવા સર્વ વિરતિ રૂપ પ્રત્યાખ્યાન જેની પ્રાપ્તિમાં ઉદયન આવે તે અપ્રત્યાખ્યાન છે, અહીં સર્વથા નિષેધ વચન રૂપ 'અ' છે, તે અપ્રત્યાખ્યાનના ઉદયમાં ભવ્ય જીવો સમ્યગ્ દર્શન મેળવે છે, તે તુ શબ્દથી નકહ્યા છતાં પણ જાણવું;

પણ પાપથી પાછા હટવું તે વિરમણ કે વિરતિ છે, અને વિરતિ ન હોય, તે અવિરતિ છે, કે કોઈ અંશે વિરતિ અને કોઈ અંશે અવિરતિ જેની નિવૃતિમાં મળે, તે દેશવિરતિ છે, તે દેશવિરતિ ન મળે, ફક્ત સમ્યકત્વ મળે છે. ॥ ૧૦૯ ॥

( આ ગાથાનો પરમાર્થ આ છે કે અનંતાનુબંધીના કષાયો ત્યાગીને અપ્રત્યાખ્યાનીના કષાયો પણ ત્યાગવા, નહિ તો શ્રાવકનાં વ્રતો જતાં રહે, અથવા ઉદય ન આવે, ફક્ત સમ્યગ્ દર્શન રહે અથવા મેળવે.)

**तइय कसायाणुदये पच्चक्खाणावरण नाम धिज्जाणं ।**
**देसिक्कदेसविरइं चरित्त लंभं नउ लंहति ॥ ११० ॥**

સર્વ વિરતી નામનો ત્રીજો ગુણ છે, તેના ઘાતકપણાથી અથવા ક્ષપણામાં આ નિયમ છે તેથી ત્રીજા કષાયો પ્રત્યાખ્યાની છે, એટલે પ્રત્યાખાન તે સર્વ વિરતિ લક્ષણવાળું છે, તેને આવરણ કરનારા આ ત્રીજા નંબરના કષાયો છે, તેનું નામ પણ તે છે, તેના ઉદયથી સર્વ વિરતિ ગુણ પ્રાપ્ત થતો નથી,

પ્ર૦–અપ્રત્યાખ્યાન કષાયોના ઉદયે પ્રત્યાખ્યાન ન આવે, કારણ કે ન શબ્દના અર્થમાં અ વપરાયો છે, તે નિષેધ કરનાર પ્રસિદ્ધ છે, અને અહીં આવરણ શબ્દ પણ પ્રત્યાખ્યાનનો પ્રતિષેધ કરે છે, ત્યારે તે બંનેમાં વિશેષ શું છે ?

ઉ૦–તેમાં 'ન' શબ્દ સર્વનિષેધ વચનવાળો છે, અને અહીં 'આ' ઉપસર્ગ ઈષદ્ ( થોડું ) અર્થ બતાવનાર છે, એટલે થોડું અથવા મર્યાદાથી આવરે ( પડદો કરે ) તે

આવરણ કરનારા છે. તેથી સર્વ વિરતિનો નિષેધ કરનાર છે, પણ દેશ વિરતિના નિષેધમાં આવરણ શબ્દ નથી, તેજ કહે છે દેશ, અને એક દેશ મળી દેશ એક દેશ છે. તેમાં દેશ (થોડો ભાગ) સ્થૂર પ્રાણાતિપાત શ્રાવકનું પહેલું વ્રત ભંગ તે જીવહિંસા છે, તેનોજ એક દેશ (ભાગ) વનસ્પતિ કાયની હિંસા છે, તે બંનેની વિરતિ તે નિવૃત્તિ છે તેને પામે તે દેશ ચારિત્ર છે, (લભંતે એવું ક્રિયાપદ નથી તે તુ શબ્દથી લેવું,) એટલે અહીં એમ સમજવું કે પ્રત્યાખ્યાન આવરણ કષાયોના ઉદયથી દેશ તથા એક દેશ ઉપર બતાવેલ છે, તે શ્રાવકના વ્રતને પામે છે,

'ચારિત્ર' શબ્દ ચર ધાતુનો પા. ૩–૨–૧૮૪ પ્રમાણે બને છે. તે ક્ષયોપશમ રૂપ છે, જેનાવડે અનિંદિત 'ચરાય' તે ચરિત્ર છે, તેનો ભાવ તે ચારિત્ર છે, તેનો પરમાર્થ આ છે, કે પૂર્વ ભવે ઊપાર્જન કરેલાં આઠ પ્રકારનાં કર્મો છે, તેને અપચય (ઓછાં) કરવા માટે ચરણ ચારિત્ર છે, તે સર્વ સાવદ્ય યોગ નિવૃત્તિ રૂપ ક્રિયા છે, તેનો લાભ ન થાય, પણ શ્રાવક વ્રતનો લાભ દેશ વિરતિ થાય તે. ॥ ૧૧૦ ॥

(આનો સાર આ છે કે પ્રત્યાખ્યાન આવરણ કષાયો ન કરવા, કારણ કે તેથી સાધુનાં મહાવ્રત ન મળે, ફક્ત શ્રાવકનાં વ્રત મળે)

હવે તેજ અર્થને ટુંકાણમાં બતાવવા કહે છે.

**मूलगुणाणं लंभं न लहइ मूलगुणघाइणं उदए**
**उदए संजलणाणं न लहइ चरणं अहक्खायं ॥ १११ ॥**

મૂળ ગુણ તે ઉત્તર ગુણના આધાર રૂપે છે, અને તે સમ્યકત્વ મહાવ્રત અણુવ્રત રૂપે છે, તે મૂળ ગુણોનો લાભ ન મેળવે,

પ્ર૦ ક્યારે ?

ઉ૦–મૂળ ગુણોને ઘાત કરનારા તે મૂળ ગુણ ઘાતી કષાયો તે અનંતાનુંબંધી અપ્રત્યાખ્યાની પ્રત્યાખ્યાન આવરણ રૂપે છે, તે દરેકના ચાર ચાર ભેદ ક્રોધ માન માયા લોભ ગણતાં બાર થયા, તેના ઉદયમાં ન મેળવે,

તેજ પ્રમાણે ઇષત્ (થોડું) બળે તે સંજવલન છે, અથવા પરિષહાદિનો સંઘાત (સમૂહ) થી જળે (બળે) તે સંજવલન ક્રોધાદિ વિગેરે ચાર કષાય છે, તેઓના ઉદયથી ચારિત્ર ન મળે અથવા મળેલું જતું રહે,

પ્ર૦–શું બધું ચારિત્ર જતું રહે કે ન મળે ?

ઉ૦–ફકત યથાખ્યાત ચારિત્ર કષાય વિનાનું છે, તે જાય, પણ કષાયવાળું સર્વ વિરતિ ચારિત્ર મળે ॥ ૧૧૧ ॥

(આનો પરમાર્થ આ છે કે જેને યથાખ્યાત (સંપૂર્ણ શ્રેષ્ટ) ચારિત્ર જોઈતું હોય તેણે સંજવલન તે જરા પણ ક્રોધ વિગેરે ન કરવા )

આ સંજવલન કષાયો યથાખ્યાત ચારિત્ર માત્રના ઘાતિ

છે, એમ નહિ, પણ બીજા ચારિત્રના દેશ ઘાતિ પણ છે, કારણ કે સંજવલનના ઉદયમાં બીજા ચારિત્રમાં થોડા અતિચાર લાગે છે, તે કહે છે,

**सव्वेविअ अइयारा, संजलणाणं तु उदयओहुंति ।**
**मूलच्छिज्जं पुणहोइ, बारसण्हं कसायाणं ॥ ११२ ॥**

આલોચનાદિથી છેદ પર્યંત પ્રાયશ્ચિતવડે શોધવા યોગ્ય (દોષો) છે, અપિ શબ્દથી કેટલાક ચારિત્રમાં સ્ખલના થવાથી અતિચારો છે, તે સંજવલન કષાયોના ઉદયથીજ હોય છે, તુ શબ્દ જેના અર્થમાં છેજ, તેથી જાણવું કે તે સિવાયના બાર કષાયોના ઉદયથી મૂળ છેદ પણ થાય છે, મૂળ તે અઠમના પ્રાયશ્ચિત્તવડે થએલ દોષ છેદાય, તે મૂળ છેદ છે, તે અશેષ ( સંપૂર્ણ ) ચારિત્રનો છેદ કરનાર છે, ગાથામાં પુનઃ શબ્દ ચાલુ અર્થનો વિશેષ અર્થ બતાવે છે, આ દોષ અનંતાનુબંધી આદિ કષાયોના ઉદયથી છે, એમ જાણવું, અથવા મૂળ છેદ યથા સંભવે આ યોજવું, તે આ પ્રમાણે, પ્રત્યાખ્યાન આવરણ કષાયોના ઉદયે મૂળછેદ સર્વ ( સાધુના ) ચારિત્રનો વિનાશ છે, અપ્રત્યાખ્યાનથી દેશ વિરતી અને અનંતાનુબંધીના ઉદયથી સમ્યકત્વનો નાશ છે, તે યથાયોગ્ય સમજવું, ॥ ૧૨ ॥ માટે શું કરવું.

**बारस विहे कसाए खइए उवसामिए वजोगेहिं ।**
**लब्भइ चरित्र लंभो तस्सविसेसा इमेपंच ॥ ११३ ॥**

ઉપર બતાવેલ બાર પ્રકારના અનંતાનુબંધી આદિ

ભેદવાળા ક્રોધાદિ કષાયો પ્રશસ્ત યોગવડે ક્ષય કરવાથી એટલે અગ્નિ તદન બુઝાયા માફક થાય, અથવા રાખથી ઢાંકેલા અગ્નિ માફક ઉપશમાવે થકે તથા વા શબ્દથી ક્ષયોપશમ તે અર્ધા બુઝાવેલ અગ્નિ ઉદ્ઘટ્ટન સમ ( કેટલાક અંગારા બુઝાયા કેટલાક રાખથી ઢંકાયા સહેજ ગરમી બહાર જણાય ) તેવા તેવા મન વચન કાયાના પ્રશસ્ત હેતુ ભૂત યોગવડે કષાયો પાતળા કરવાથી ચારિત્ર લાભ થાય છે, આ સામાન્ય કહીને પણ બારે પ્રકારના કષાયો ક્ષય વિગેરેથી હવે કહેવાતા પાંચ વિશેષ ભેદો છે, ॥ ૧૩ ॥ તે બતાવે છે,

**सामाइयं च पढमं, छेओवट्ठावणं भवेबीयं ।**
**परिहार विसुद्धीयं, सुहुमं तहसंपरायं च ॥ ११४ ॥**
**तत्तोय अहक्खायं, खायं सव्वंमि जीव लोगंमि ।**
**जंचरिऊण सुविहिआ, वच्चंतयरामरंठाणं ॥ ११५ ॥**

સમ તે જ્ઞાન દર્શન ચારિત્ર છે, તેનો આય ( લાભ ) તે સમાય છે, અને તેજ સામાયિક છે, ( વ્યાકરણનો નિયમ વિનયાદિ પાઠ પ્રમાણે જાણવો )

પ્ર૦—ત્યાંતો સમય શબ્દ કહેવાય છે. ત્યારે સમાય કેવી રીતે છે ?

ઉ૦—એક દેશમાં વિકૃત તે અનન્ય ( એક મેક ) પણે થાય છે, એવો ન્યાય છે, ( સમય સમાય એક રૂપમાં છે ) અને આ સામાયિક સાવદ્ય યોગની વિરતિ રૂપ છે, તેથી આ બધું પણ ચારિત્ર અવિશેષપણે સામાયિક છે, પણ સાથે છેદ વિગેરે

બીજાં વિશેષણો લગાડવાથી શબ્દ અર્થથી જુદાપણું બતાવે છે, તેમાં પ્રથમનું વિશેષણ વિનાનુંએકલું જ છે, તે સામાયિક છે, તેના બે ભેદ છે, ઇત્વર, યાવત્કથિક છે, પહેલું થોડા કાળ માટે ઇત્વર છે, અને તે ભરત ઐરવતમાં પહેલા છેલ્લા તીર્થંકરના તીર્થમાં વ્રત આરોપણ ન કર્યાં હોય ત્યાં સુધી નવા દીક્ષિત ચેલાને હોય છે, અને બીજું યાવત્કથિકતો આત્મા ની કથા હોય અર્થાત્ આખી જીંદગીનું છે, ( લઘુ દીક્ષા તે પહેલું અને વડી દીક્ષા તે બીજું છે. ) પણ મધ્યમ વિદેહ તથા અહીં ભરત ઐરવતમાં વચલા બાવીસ તીર્થંકર આ-શ્રયી યાવત્ કથિક છે, તમને વડી દીક્ષાનો અભાવ છે, અહીં પ્રસંગથી મધ્યસ વિદેહ પુરિમ પશ્ચિમ તીર્થવર્ત્તિ સાધુઓના સ્થિત અને અસ્થિત કલ્પ બતાવે છે, ( આનું વર્ણન કલ્પ-સૂત્ર તથા બ્રહત્કલ્પ સૂત્રમાં વિસ્તારથી છે ) તેમાં ગ્રંથાંતરથી વિવક્ષિત અર્થ બતાવનારી ગાથા કહે છે,

**आचेलक्कु द्देसिय सेज्जायर रायपिंड किइक्कमे ।**
**वयजिट्ठ पडिक्कमणे, मासं पज्जो सवणकप्पो । १ ।**

આમાંના ચાર કલ્પ સ્થિત છે, ૬ અસ્થિત છે, તે કહે છે,

૧ સજ્જાતર પિંડ ૨ ચાર મહાવ્રત ૩ પુરૂષ પ્રધાન ૪ કૃતિકર્મ એ બધામાં નક્કીપણે છે, તે બધાનું વર્ણન કરે છે, ચેલ (વસ્ત્ર) જેને ન હોય તે અચેલક તેનો ભાવ અચેલક-પણું છે, તેમાં રહેલા છે, એનો ભાવાર્થ કહે છે, કે મહા વિદે-હના તથા વચલા ૨૨ તીર્થંકરોના તીર્થમાં રહેલા સાધુઓ પહેલા છેલ્લા તીર્થંકરના સાધુ માફક અચેલકપણે રહ્યા નથી,

પ્ર૦—શા માટે ?

ઉ૦—તેમનામાં રૂજુ પ્રજ્ઞપણું છે, તેથી તેમને મહાધન મૂલ્યવાળાં વિચિત્રાદિ વસ્ત્રો વિગેરેનું પણ ભોગવવું છે, પણ પહેલા છેલ્લા તીર્થંકરના સાધુઓને તો રૂજુ જડ તથા વક્ર જડ પણાના કારણે મહાધન મૂલ્ય વિગેરેનાં સુંદર વસ્ત્રો ન ભોગવ્યાથી તથા જીર્ણાદિ વસ્ત્રનો પરિભોગ કરવાથી અચેલકપણું છે.

પ્ર૦—જીર્ણ વિગેરે વસ્ત્રોના સદ્‌ભાવમાં અચેલકપણું કેમ કહેવાય ?

ઉ૦—તેમાં જીર્ણપણું છે, અસારપણું છે, તથા અલ્પપણું છે, અને વિશિષ્ટ અર્થક્રિયા ( સંસારીભોગ ) નું સાધનપણું નથી, તથા અસત્‌પણાનું અવિશેષ છે, તેમજ આ પ્રમાણે અસાર વસ્ત્રના સદ્‌ભાવમાં પણ લોકમાં અચેલકપણાના વ્યવહારની પ્રવૃત્તિ છે તે બતાવે છે,

કોઈ સ્ત્રી જીર્ણ વસ્ત્ર પહેરીને બીજાં વસ્ત્રોના અભાવે જીર્ણ વસ્ત્ર હોય, છતાં જેને સાડી બનાવવા આપી હોય, તેવા શાળવી વણકરને કહે છે' કે હે ભાઇ વણકર ! જો હું નાગી ફરૂં છું ! ( માટે જલદી સાડી બનાવી આપ ! ) તેવી રીતે સાધુ પણ જીર્ણ વસ્ત્રથી અચેલક જાણવા—

## બીજો કલ્પ ઔદ્દેશિક.

આ કલ્પ પણ અનિયત છે,

પ્ર૦—શા માટે ?

ઉ૦—પહેલા છેલ્લા તીર્થંકરના સાધુને ઉદ્દેશીને કરેલું અશન વિગેર બધા સાધુઓને અકલ્પનીય છે, ૨૨ના સાધુઓને તો જેને ઉદ્દેશીને બનાવ્યું હોય, તેનેજ ન કલ્પે બીજાને અકલ્પનીય નથી,

## ( ૩-૪ ) શય્યાતર તથા રાજપિંડ નિયત અનિયત.

તેમાં શય્યાતર પિંડ પહેલા છેલ્લા તીર્થંકરના સાધુને ન કલ્પે તેમ ૨૨ તીર્થંકરના સાધુને પણ ન કલ્પે, માટે નિયત છે, પણ રાજપિંડ તો પહેલા છેલ્લાના સાધુને ન કલ્પે, ૨૨ ના સાધુને દોષોના અભાવથી કલ્પે છે,

## ( ૫ ) કૃતિકર્મ તે વંદન છે, તે નિયત છે,

પહેલા છેલ્લાનો સાધુ નવો દીક્ષિત હોય, તેને લાંબા વખતની દીક્ષિત સાધ્વીઓ પણ વાંદે, અથવા નાના ( થોડા પર્યાયવાળા ) સાધુઓ મોટા સાધુઓને વાંદે, તેમ ૨૨ તીર્થંકરના સાધુને પણ ચિરદીક્ષિત સાધ્વીઓ વાંદે, તેમ મધ્યમ તીર્થંકરના સાધુઓને આશ્રયી પણ જાણવું.

## ( ૬ ) મહાવ્રતો નિયતકલ્પ.

પ્રાણાતિપાત વિગેરેથી વિરમણ રૂપ જેમ પહેલા છેલ્લાના સાધુઓ પાળે છે, તેમ વચલા પણ પાળે છે,

પ્ર૦—વચલા સાધુઓને મૈથુન વિરતિ છોડીને ચાર મહા વ્રતો છે, અને પહેલા છેલ્લા સાધુને તો પાંચ મહાવ્રત છે ત્યારે સ્થિત કલ્પ કેવી રીતે ?

ઉ૦--તે ચોથું મહા વ્રત પરિગ્રહ વિરમણમાં સમાઇ જાય છે, કારણ કે વચલા સાધુઓ સમજે છે કે પરિગ્રહણ કર્યા વિના સ્ત્રીનો સંબંધ થાયજ કયાંથી ? અને પરિગ્રહણનો અભાવ છે, તેવું તેઓ સમજે છે, માટે સ્થિત કલ્પજ છે,

## ( ૭ ) જયેષ્ટ કલ્પ સ્થિત છે.

પણ એટલો ભેદ છે કે પહેલા છેલ્લાના સાધુઓને વડી દીક્ષા થયાથી મોટો ગણાય, મધ્યમના સાધુમાં તો સામાયિક ઉચ્ચરે ત્યારથીજ ગણાય છે,

## ( ૮ ) પ્રતિક્રમણ અસ્થિત કલ્પ.

પહેલા છેલ્લાને નિયમથી સવાર સાંજ પ્રતિક્રમણ કરવાનું છે, ૨૨ તી૦ ના સાધુને દોષના અભાવે પ્રતિક્રમણ નથી, જ્યારે દોષ લાગે ત્યારે પ્રતિક્રમણ કરે.

## ( ૯ ) માસકલ્પ અનિયતકલ્પ.

પહેલા છેલ્લાને નિયમથી માસ કલ્પનો વિહાર છે, ૨૨ના સાધુને તો દોષના અભાવે ચોક્કસ નથી, દોષ દેખાય તો તુર્ત વિહાર પણ કરી દે,

## ( ૧૦ ) પર્યુષણા કલ્પ અનિયત કલ્પ.

એટલે ઉપર પ્રમાણે પહેલા છેલ્લાના સાધુને ચોમાસું રહેવું જોઇએ, અને ૨૨ના સાધુને નક્કી નહીં, આ પ્રસંગને અનુસરી ટુંકામાં કહ્યો છે, વિશેષથી તો બ્રહત્કલ્પ સૂત્રથી જાણવો.

હવે ચાલુ વાત કહે છે,

પ્ર૦—પહેલા છેલ્લાના સાધુને દીક્ષા લેતાં ઈત્વર સામાયિક છે છતાં પ્રથમ બોલાવે છે કે હે ભગવાન ! હું જાવ જીવનું સામાયિક કરૂં છું, ત્યાં આખી જીંદગીનું સામાયિક લેવા છતાં તેજ પ્રમાણે વડી દીક્ષા ( ઉપસ્થાપના ) માં પ્રથમના સામાયિકનો ત્યાગ કરાવવાથી પ્રતિજ્ઞાનો લોપ કેમ નહિ ?

ઉ૦—અતિચારના અભાવથી દોષ નથી, અને તેજ સામાયિક પ્રથમ દીક્ષામાં સામાન્યથી સાવદ્ય યોગ વિરમણ રૂપે રહેલ છે તેને વધારે શુદ્ધપણે કરવાથી સંજ્ઞા માત્રજ વિશેષ છે, ચ શબ્દ ગાથામાં વાક્યાલંકારમાં છે, આ પ્રથમ ચારિત્ર કહ્યું.

હવે છેદોપસ્થાપન જેમાં થાય છે, તે બીજું ચારિત્ર છે, તેનો પરમાર્થ આ છે કે પૂર્વ પર્યાયનો છેદ કરી શિષ્યને મહાવ્રતોમાં સ્થાપવો, તે બે પ્રકારનું છે અતિચારવાળું અને અતિચારથી રહિત. તેમાં અતિચાર રહિત તો ઇત્વર સામાયિક (લઘુ દીક્ષા) વાળા શિષ્યને વડી દીક્ષામાં સ્થાપવો.

અથવા પાર્શ્વનાથ પ્રભુના સાધુ મહાવીર પ્રભુનો કલ્પ સ્વીકારે, ત્યારે પ્રથમ ચાર મહાવ્રતોને બદલે પાછળથી પાંચ મહાવ્રતનો પાઠ સ્વીકારે ત્યારે છે, અને અતિચાર પૂર્વક તે મૂળ ગુણોનો ઘાતક છે, તેને ફરી વ્રત ઉચ્ચારણ કરાવવું તે છે,

હવે પરિહાર વિશુદ્ધિ કહે છે.

તેમાં પરિહરણ, પરિહાર, તે તપવિશેષ છે, તેનાવડે જેમાં વિશુદ્ધિ થાય તે પરિહાર વિશુદ્ધિક છે, તે બે પ્રકારે છે,

નિર્વિશમાનક નિર્વિષ્ટ કાયિક છે, તેમાં નિર્વિશમાનક તે તેને આસેવન કરનારા છે, અને ચારિત્ર તેની સાથે એકમેક પણુ હોવાથી નામ પણુ નિર્વિશ માનક છે, આસેવિત વિવક્ષિત ચારિત્ર કાયવાળા તો નિર્વિષ્ટ કાયવાળા છે, અને ક પ્રત્યય લાગતાં તેજ નિર્વિષ્ટકાયિક છે, ચારિત્ર પણુ નિર્વિષ્ટ કાયિક એકમેકપણે હોવાથી છે, તે નામે છે, આ ચારિત્ર આરાધવા નવ સાધુનો સમૂહ હોય છે, તેમાં પ્રથમ ચાર પરિહારિક તપ કરનારા છે, અને બીજા ચાર તેની વૈયાવૃત્ય કરનારા છે, એક કલ્પમાં રહીને વાચનાચાર્ય ગુરૂ તરીકે રહે છે, એમાં નિર્વિશમાનકોનો આ પરિહાર છે,

**परिहारियाण उ तवो जहण्ण मज्झोतहेव उक्कासो**
**सीउण्ह वासकाले भणिओ धीरेहिं पत्तेयं ॥ १ ॥**

જિનેશ્વર જેવા ધીર પુરૂષોએ આ પરિહારિકોનો તપ જઘન્ય મધ્યમ ઉત્કૃષ્ટથી શીયાળે ઉનાળે અને ચોમાસે આવો બતાવ્યો છે,

**तत्थ जहण्णो गिम्हे, चउत्थ छट्ठं तुहोइ मज्झिमओ**
**अट्ठममिह मुक्कोसो, पत्तो सिसिरे पवक्खामि ॥ २ ॥**

તેમાં જઘન્યથી ઉનાળામાં એક મધ્યમથી બે ઉત્કૃષ્ટથી ત્રણુ ઉપવાસ છે, હવે શીયાળાનો કહે છે

**सिसिरे तुहजण्णादी छट्ठादी दसम चरिमगो होति ।**
**वासासु अट्ठमादी बारस पज्जंतगो णेओ ॥ ३ ॥**

શીયાળામાં ૨ થી ૩–૪ અનુક્રમે ઉત્કૃષ્ટ ઉપવાસ છે, અને ચોમાસામાં ૩ થી ૫ સુધી અનુક્રમે ઉત્કૃષ્ટ ઉપવાસ છે,

**पारणगे आयामं पंच सुगहो दोसभि ग्गहो भिक्खे**
**कप्प ट्ठियादि पइदिण करेति एमेव आयामं ॥ ४ ॥**

પારણામાં આંબીલ તપ કરે, પાંચનું ગ્રહણ છે, અને ગોચરીમાં બેનો અભિગ્રહ છે, આ પ્રમાણે કલ્પમાં રહીને હમેશાં પારણે આંબીલ કરે છે.

**एवं छ म्मास तवं चरित्तु परिहारिया अणुचरंति**
**अणुचरगे परिहारिय, पद्द ट्ठिते जाव छम्मासा ॥ ५ ॥**

પ્રથમના તપસ્વીઓનો તપ છ માસે પૂરો થાય, ત્યારે તેની સેવા કરનારા તપસ્વી બની ઉપર પ્રમાણે છ માસ તપ કરે.

**कप्पट्ठितोवि एवं छम्मास तवंकरेंति सेसाउ ।**
**अणु परिहारि गभावं वयंति कपट्ठिगत्तंच ॥ ६ ॥**

· કલ્પમાં રહેલો વાચનાચાર્ય પણ એ પ્રમાણે છ માસ તપ કરે બાકી રહેલા સાત સેવા કરે અને એક વાચનાચાર્ય બને છે.

**एवेसो अट्ठारस मास, पमाणो उवणिओ कप्पो ।**
**संखेवओविसेसा विसेस सुत्ताओ णायव्वो ॥ ७ ॥**

આ પ્રમાણે આ ત્રીજા ચારિત્રનો તપ ૧૮ માસનો કલ્પ વર્ણવ્યો છે, અહીં સંક્ષેપથી છે, વિશેષ જાણવા ઈચ્છનારે વિશેષ સૂત્રોથી જાણવો.

**कप्प समत्तीए तयं जिणकप्पंवा उर्वितिगच्छंवा ।**
**पडिवज्जमाणगापुण जिणस्स पासे पवज्जंति ॥ ८ ॥**

આ કલ્પ સમાપ્ત થયા પછી આ નવ સાધુઓ જિનકલ્પ સ્વીકારે અથવા પોતાના ગચ્છમાં જાય છે, પણ આ કલ્પ સ્વીકારનારા પ્રથમ જિનેશ્વર પાસે સ્વીકારે છે ( જિનના હાથે તપ શરૂ કરે છે )

**तित्थयर समीवासे वगस्स पासे वणोउ अण्णस्स ।**
**पतेसिंज्ञं चरणं परिहार विसुद्धिगंतं तु ॥ ९ ॥**

તીર્થંકર પાસે અથવા તીર્થંકર સમીપ રહેનારા ગણધર વિગેરેથી તપ ઉચ્ચરે, પણ આ પરિહાર વિશુદ્ધિક તપ તેવા સિવાયની પાસે ન ઉચ્ચરે. ॥ ૯ ॥

હવે ચોથા ચારિત્ર સૂક્ષ્મ સંપરાયને કહે છે,

મૂળ ગાથાના ભંગના ભયથી વ્યવહિતનો ઉપન્યાસ કહે છે. જેનાવડે સંસાર વધે, તે સંપરાયો છે, તેજ કષાયો છે કારણ કે આ ચારિત્રમાં સૂક્ષ્મ લોભના અંશો બાકી રહેલ છે, તેથી એનું નામ સૂક્ષ્મ સંપરાય છે. તે બે ભેદે છે,

( ૧ ) વિશુધ્યમાનક ( ૨ ) સંકિલશ્યમાનક છે. તેમાં વિશુધ્યમાનક ક્ષપક ઉપશમક એવી બે શ્રેણી ચઢે છે, અને સંકિલશ્યમાનક તો ઉપશમ શ્રેણિથી પાછો પડતાં હોય છે, ચ સમુચ્ચયના અર્થમાં છે ॥ ૧૧૪ ॥

સૂક્ષ્મ સંપરાય પછી તુર્ત અકષાય ચારિત્ર તે યથાખ્યાત ચારિત્ર છે, આ બધા જીવલોકમાં પ્રસિદ્ધ છે, તે ચારિત્ર છદ્મસ્થ વીતરાગ અને કેવળિ પ્રભુને હોય છે, તેમાં છદ્મસ્થ ઉપશામકને ( ૧૧ મા ગુણસ્થાને ) તથા ક્ષપકને ( બારમા

ગુણ સ્થાને ) હોય છે, કેવળિને તો સયોગી ( ૧૩ મે ગુણ સ્થાને ) અયોગી ( ૧૪ મે ગુણ સ્થાને ) હોય છે, બાકી બધું જાણીતું છે, કે જેને પામીને જીવો અજર અમર પદ પામે છે ( ફરીથી જન્મનાં બૂઢાપાનાં મરણનાં દુઃખ નથી )

આ બતાવેલાં પાંચ ચારિત્રોમાં પહેલાં ત્રણ ક્ષય ઉપશમ લભ્ય છે, બાકીનાં છેલ્લાં બે ઉપશમ કે ક્ષયમાં લભ્ય છે, તેથી કર્મના ઉપશમ ક્રમને બતાવે છે.

**अणदंसनपुंसित्थी वेयछक्कंच पुरुष वेयंच।**
**दोदो एगन्तरिए सरिसे सरिसं उव समेइ ॥ ११६ ॥**

અથવા છેલ્લાં બે ચારિત્ર શ્રેણિમાં રહેલાને અથવા શ્રેણિમાંથી ઉપર ચડેલાને હોય છે, માટે બે શ્રેણિનો અવસર છે, આ બે શ્રેણિમાં પણ પ્રથમ ઉપશમ શ્રેણિ હોય છે, તેથી તેનું સ્વરૂપ કહે છે,

ઉપશમ શ્રેણિનો પ્રારંભક અપ્રમત્ત સાધુ હોય છે, બીજા એમ કહે છે કે અવિરત દેશવિરત પ્રમત્ત અપ્રમત્ત આચારમાંથી કોઈ પણ પ્રારંભક હોય છે, શ્રેણિની પરિસમાપ્તિમાં પ્રમત્ત અપ્રમત્ત સંયતમાંનો કોઈ પણ હોય છે, તે આ પ્રમાણે આરંભે છે.

અણુતિ—અવાજ કરે છે ( રડે છે ) જેઓ અવિકલ હેતુ પણે અશાતા વેદનીયવાળું નારકી વિગેરેનું આયુષ્ય ભોગવે છે, તે અણુ અન છે. તેનો અર્થ અનંતાનુબંધી ક્રોધ વિગેરે છે, અથવા અનંત અનુબંધવાળા ક્રોધાદિ અન છે. સમુદાય

શબ્દો ટુંકામાં બતાવવા આ રીતિ છે કે ભીમસેનને બદલે સેન વપરાય છે, તેમ ગાથામાં અન શબ્દ વાપર્યો છે. આ અનંતાનુબંધીને પ્રથમ પ્રશસ્ત અધ્યવસાયના સ્થાનોમાં રહીને ચારેને સાથેજ પ્રથમ અંતર્મુહૂર્ત્તના કાળમાં ( ક્રોધાદિને ) ઉપશમાવે છે, આપ્રમાણે બધે ઉપશમકનો કાળ અંતર્મુહૂર્ત્ત પ્રમાણ જ જાણવો, ત્યાર પછી દર્શન ત્રિક ઉપશમાવે છે, તે 'દર્શન' કે 'દર્શ' છે, તે ત્રણ પ્રકારનું મિથ્યા, સમ્યગ્મિશ્યા, અને સમ્યગ્ દર્શન છે, તે ત્રણે પ્રકૃતિને સાથેજ શમાવે, ત્યારપછી જો પુરૂષ પ્રારંભક હોય તો અનુદીર્ણ પણ નપુંસક વેદને શમાવે, પછી સ્ત્રીવેદને શમાવે, ત્યારપછી હાસ્ય ષટ્ક તે હાસ્ય રતિ અરતિ શોક ભય જુગુપ્સાને શમાવે, ત્યારપછી પુરૂષવેદને ઉપશમાવે, સ્ત્રી પ્રારંભક હોય તો પ્રથમ નપુંસક વેદને ઉપશમાવે, પછી પુરૂષ વેદને અને છેવટે સ્ત્રીવેદને શમાવે, નપુંસક ( કૃત્રિમ ) પ્રારંભક હોય તો અનુદીર્ણ સ્ત્રીવેદને શમાવે. પછી પુરૂષવેદ તથા હાસ્ય ષટ્ક શમાવીને નપુંસકવેદને શમાવે છે,

ત્યારપછી અપ્રત્યાખ્યાની તથા પ્રત્યાખ્યાની બે ક્રોધ શમાવે છે, ત્યારપછી સંજવલન એકલા ક્રોધને શમાવે છે, તે પ્રમાણે બે માન સાથે તથા સંજવલન માન છેવટે શમાવે, પછી બે માયા એક સાથે અને છેવટે સંજવલનની માયા શમાવે, છેવટે બે લોભ શમાવીને એકલો સંજવલનનો લોભ છે, તેને ઉપશમાવવા ત્રણ ભાગ કરે છે, બે ભાગ સાથે શમાવે,

અને ત્રીજા ભાગના સંખ્યેય ખંડો કરે છે, તે પણ જુદા જુદા વખતે શમાવે છે, છતાં થોડો ભાગ બાકી રહે, તેના અસંખ્યેય ખંડો કરે છે, તેને પણ જુદે જુદે એક એક સમયે શમાવે છે, તે સમજાવે છે.

અહીં દર્શન સપ્તકની ૪ ક્રોધ ને ત્રણ દર્શનની મળી સાત પ્રકૃતિ શમાવવાથી નિવૃત્તિબાદર ( આઠમા ગુણ સ્થાન વાળો ) કહેવાય છે ત્યારપછી અનિવૃત્તિ બાદર ( નવમા ગુણ સ્થાને) કહેવાય, તે સંખ્યેય ટુકડા કર્યા હોય તેમાંનો એક છેલ્લો ટુકડો બાકી રહ્યો હોય ત્યાં સુધી છે, પછી સૂક્ષ્મ સંપરાય હોય છે, જે છેવટે રહેલા ટુકડાના અસંખ્યેય કરી સમયે સમયે ઉપશમાવે, તે ઉપર કહ્યું છે.

પ્ર૦—સંજવલન વિગેરેનો આ પ્રમાણે કહેલો ઉપશમ યુક્ત છે, પણ અનંતાનુબંધીનો તો દર્શન પ્રતિપત્તિમાં જ ઉપશમ કરેલ હોવાથી તે ઘટતું નથી,

ઉ૦—દર્શન પ્રતિપત્તિમાં તેઓનો ક્ષય ઉપશમ હોય છે, અહીં ઉપશમ છે, માટે વિરોધ નથી,

પ્ર૦—ક્ષય ઉપશમ અને ઉપશમમાં શું વિશેષ છે ?

ઉ૦—ઉદીર્ણનો ક્ષય, અને અનુદીર્ણનો વિપાક અનુભવની અપેક્ષાએ ઉપશમ છે, પણ પ્રદેશનો અનુભવનો ઉદયમાં વિદ્યમાન છે. અને ઉપશમમાં પ્રદેશ અનુભવ પણ ન હોય, તેજ ભાષ્યકારે કહ્યું છે,

**वेदेइसंतकम्मं खओव समिएसु नाणुभावंसो ।**
**उवसंत कसाओ उण वेएइ न संत कम्मंपि ॥ १ ॥**

અર્થ ઉપર આવી ગયો છે.

પ્ર૦—સંયતોને અનંતાનુબંધી કષાયોના ઉદયનો નિષેધ કહ્યો છે, તો ઉપશમ કેવી રીતે ઘટે.

ઉ૦—અહિં પણ વિપાક કર્મને આશ્રયી કહ્યું, પણ પ્રદેશ કર્મને આશ્રયી ઉદયનો નિષેધ નથી, માટે તેનો ઉપશમ ઘટે, આ પ્રમાણેજ શાસ્ત્રમાં કહ્યું છે.

**जीवेणं भन्ते सयंकडंकम्मंवेदेइ ? गोयमा ! अत्थेगइअंवेएइ अत्थेगइअं नोवेएइ, से केणट्ठेणं ? भंते ! पुच्छा, गोयमा ! दुविहेकम्मे पण्णते, तंजहा पएसकम्मेअ अणुभावकम्मेअ, तत्थणं जंतं पएसकम्मं तंनियमा वेएइ, तत्थणं जंतं अणुभावकम्मं तं अत्थेगइअं वेएइ अत्थेगइअं णोवेएइ " इत्यादि.**

પ્ર૦—હે ભગવન ! જીવ પોતાનાં કરેલાં કર્મો વેદે છે ?

ઉ૦—હે ગૌતમ ! હા, કેટલુંક વેદે છે, કેટલુંક નથી વેદતા,

પ્ર૦—શામાટે ?

ઉ૦—કર્મ બે પ્રકારનાં છે, પ્રદેશકર્મ, અનુભાવકર્મ, તેમાં પ્રદેશકર્મ તો અવશ્યેવેદે છે, અને અનુભાવકર્મ તો કેટલુંક વેદાય, કેટલુંક ન વેદાય ( નિર્જરા કરવાથી દૂર પણ થાય ) તેથી પ્રદેશકર્મના અનુભવનો ઉદય હોય તેનો ઉપશમ કરે, એમ જાણવું,

પ્ર૦—જો સંયતને એમ અનંતાનુબંધીના પ્રદેશનો ઉદય છે, તોસમ્યગ્ દર્શનનો વિઘાત કેમ ન હોય ?

ઉ૦—પ્રદેશકર્મનો અનુભાવ મંદ હોવાથી ઘાત થતો નથી, તેમજ કોઇને અનુભાવકર્મનો પણ ( થોડો ) અનુભવ હોય તો અત્યંત અપકારને માટે થતો નથી, જેમકે સંપૂર્ણ મત્યાદિ ચાર જ્ઞાનવાળાને તેના આવરણનો થોડો ઉદય હોય છતાં પણ બધાની મતિ મુંઝાતી નથી, એટલુંજ બસ છે, અહીં ઉપશમ શ્રેણિની સ્થાપના.

અહીં સંખ્યેય લોભ ખંડોને ઉપશમાવતો બાદર સંપરાય, છેલ્લા સંખ્યેય ખંડ અસંખ્યેય ખંડોને ઉપશમાવતો સૂક્ષ્મ સંપરાય તેજ નિર્યુક્તિકાર કહે છે—

सूक्ष्मकषाय—00000000
बादर क.—000
सं. लो.—0
अ. प्र. लो—00
सं. मा.—0
अ. प्र. मा.—0
सं. मा.—0
अप्र. माया.—00
सं. क्रो.—0
अ. प्र. क्रो.—00
पुरुष.—0
हास्या.—000000

**लोभाणुवेअंतो, जो खलु उवसामओव खवगोवा ।**
**सोसुहुमसंपराओ अहखाया ऊणओकिंची ॥ ११७ ॥**

લોભના થોડા ભાગને વેદે તે ઉપશામક કે ક્ષપક હોય, તે સૂક્ષ્મ સંપરાય છે, અને તે યથાખ્યાત ચારિત્રથી શુદ્ધિમાં થોડો ઓછો

| | |
|---|---|
| સ્ત્રી.—૦ | છે, આ સૂક્ષ્મ સંપરાય અવસ્થા- |
| નપું.—૦ | માંથી અંતર્મુહૂર્ત્ત કાળ અનુભ- |
| દર્શન—૦૦૦ | વીને ઉપશામક નિર્ગ્રંથ યથા- |
| અનં.—૦૦૦૦ | ખ્યાત ચારિત્ર થાય છે. |

આ શ્રેણિ આદરનારે જો પૂર્વે આયુ બાંધ્યું હોય, તો તે અવસ્થામાંજ મરણ પામે છે, તો નિયમથી અનુત્તર વિમાનમાં દેવ થાય છે, પણ જો શ્રેણિમાંથી પડી જાય તો તેનો નિયમ નથી, જો તેણે આયુ ન બાંધ્યું હોય તો અંતર્મુહૂર્ત્ત માત્ર ઉપશામક નિર્ગ્રંથ બનીને નિયમથી ફરીને કષાયનો ઉદય થતાં સંપૂર્ણપણે શ્રેણિથી નીચે આવે છે, તેજ નિર્યુક્તિકાર કહે છે.

**उवसामं उवणीआ गुणमहया जिण चरित्त सरिसंपि।**
**पडिवायंति कसायाकिं पुणसेसे सरागत्थे ? ॥ ११८ ॥**

શાંત અવસ્થા તે ઉપશમ છે, તેને તથા ક્ષયોપશમને પામેલા અને ગુણોએ મહાન્ એવા ઉત્તમ ઉપશમકોને કષાયો સંયમથી ભવ ભ્રમણમાં પાડે છે, આ ઉપશમકનું ચારિત્ર જિન ચારિત્ર જેવું છે, છતાં આ દશા થાય છે, તો જે સરાગ અવસ્થામાં મુનિઓ છે, તે કષાયોને વશ થાય, તો તે કેવી બુરી અવસ્થા ભોગવે ?

જેમ અહીં રાખથી ઢાંકેલો અગ્નિ પવન વિગેરેથી તેના ઉપરની ઢાંકેલી રાખ ઉડી જતાં પોતાનું ખરૂં સ્વરૂપ બતાવે, તેમ આ ઉપશામક સંયતને તેવાં કારણ આવતાં પોતે ક્રોધા-

દ્દિથી નીચે પડી દુઃખ ભોગવે છે. વળી આ જઘન્યથી ( પાછા સારા સંજોગો મળે તો ક્ષપક શ્રેણિ ફરીથી કરીને ) તેજ ભવમાં ઉપશામકનો ક્ષપક બની મોક્ષ મેળવે છે, નહિ તો ઉત્કૃષ્ટથી તો થોડું ઓછું એવા અર્ધ પુદ્દગળ પરાવર્ત્તન જેટલા કાળનો સંસાર વધારે છે, ( ત્યાર પછી અવશ્ય મોક્ષ મેળવે ) ॥ ૧૧૮ ॥

આ બધું તીર્થંકરના ઉપદેશ પ્રમાણે છે, તેથી ઉપદેશની બે ગાથાઓ નિર્યુક્તિકાર કહે છે,

**जइ उवसंत कसाओ, लहइ अणंतं पुर्णोऽवि पडिवायं ।**
**णहु मे वीससियव्वं. थेवेय कसाय से संमि ॥ ११९ ॥**

જ્યારે ઉપશાંત કષાયવાળો ( સંયત)૧૧ મા ગુણ સ્થાને ચઢીને પાછો અનંત સંસાર ભમવા સમાન ત્યાંથી પડવાનું મેળવે છે, ત્યારે થોડો કષાય મને રહ્યો છે, માટે મને હવે શું ચિંતા છે ? એવો વિશ્વાસ કરી ન બેસવું, પણ તેને કાઢવા પ્રયત્ન કરવો.

**अणथोवंवण थोवं, अग्गी थोवं कसाय थोवं च ।**
**णहु मे वीस सियव्वं, थेवंपिहुतं वहुं होइ ॥ १२० ॥**

અણ તે ' રૂણ ' છે, તેનો અર્થ દેવું છે, તે મને થોડું છે, એમ માનીને બેસી ન રહેવું, કાંતો દેવું ન કરવું, કર્યું હોય તો વાળી દેવું, કારણ કે થોડા દેવાથી પણ વાણીયાની દીકરી દાસીપણું પામી છે, તે ભાષ્યકાર કહે છે,

**दासत्तंदेइ अणं, अचिरा मरणं वणो विसप्पंतो ।**
**सव्वस्स दाह मग्गी देंतिकसाया भव मणंतं ॥**

( **वि,** આ સૂત્ર ૧૩૧૧ )

નિર્યુક્તિકાર અને ભાષ્યકારનો ભાવાર્થ એકજ છે, તે દેવું થોડું હોય, વ્રણ ( ઘા ) થોડો હોય, અગ્નિ થોડો, કે કષાય થોડો છે. એમ માની વિશ્વાસ ન કરવો, કારણ કે થોડાનો ઘણો થાય છે, થોડું દેવું દાસપણું આપે, ઘા છે તે થોડા વખતમાં મરણ પમાડે; અગ્નિ બધું બાળી નાંખે, તેમ કષાયો અનંતા ભવમાં ભ્રમણ કરાવે, અપિ શબ્દથી જાણવું કે થોડાનું ઘણું થતાં વાર નહિ લાગે, અને પાળેલું ચારિત્ર જે મોક્ષ આપે, તેને બદલે ક્રોધ આદિ નરક પમાડે ॥૧૨૦॥

ઔપશમિક ચારિત્ર કહીને હવે ક્ષાયિક ચારિત્ર કહે છે, અથવા સૂક્ષ્મ સંપરાય યથાખ્યાત ચારિત્ર એ બંને ઉપશમ શ્રેણિને આશ્રયી કહ્યાં, હવે ક્ષપક શ્રેણીને આશ્રયી કહે છે,

**अणमिच्छ मीस सम्मं अठ्ठ नपुंसित्थी वेयछक्कंच ।**
**पुंवेयंच खवेइ कोहाइएय संजलणे ॥ १२१ ॥**

અહીં ક્ષપક શ્રેણી માંડતો અસંયત વિગેરેમાંથી કોઈ પણ જીવ અત્યંત શુદ્ધ પરિણામવાળો હોય છે, તેને ઉત્તમ ( પ્રથમ ) સંહનન હોય, અને તે પૂર્વનો જાણનારો અપ્રમત્ત શુકલ ધ્યાન ધ્યાનારોપણ હોય, બાકીના જીવો ધર્મધ્યાનવાળા હોય; તેને ક્ષપક શ્રેણી માંડવાનો આક્રમ છે,

પ્રથમ અંતર્મુહૂર્ત્તમાં અનંતાનુબંધી ક્રોધાદિને સાથે ખપાવે છે, તેનો અનંત ભાગ બાકી રહે તેને મિથ્યાત્વમાં નાં-

બીને મિથ્યાત્વ સાથેજ તેને ભેગો ખપાવી દે, જેમ અતિ સંભૃત ( વધારે જોરનો ) દાવાનળ અડધા બળેલા લાકડામાં રહીને બીજાં લાકડાંને પણ સાથે લઈ ભેગાં બાળી મુકે છે, તેમ આ ક્ષપક શ્રેણીવાળો તીવ્ર શુભ **પરિણામપણે** હોવાથી એકને ખપાવતો તેનો શેષ વધે, તેને બીજામાં નાંખીને સાથે ખપાવે છે, એ પ્રમાણે સમ્યગ્ મિથ્યાત્વ ( મિશ્ર ) ખપાવે, ત્યાર પછી સમ્યકત્વ મોહનીય ખપાવે, આ શ્રેણિને જો આયુષ્ય પૂર્વે બાંધેલો હોય તે માંડે તો અનંતાનુબંધી ચોકડી ખપી જતાં ત્યાંજ અટકે છે, ત્યાંથી કદાચિત્ મિથ્યા દર્શનનો ઉદય હોય, તો તેને પાછાં એકઠાં કરે છે, કારણ કે ત્યાં મિથ્યાત્વના બીજનો સંભવ છે, પણ જો મિથ્યાત્વ બીજ સર્વથા ક્ષીણ થઇ ગયું હોય, તો મૂળના અભાવથી તે મિથ્યાત્વ ન બાંધે, તે અવસ્થામાં મરેલો અવશ્યે દેવલોકમાં ઉત્પન્ન થાય છે, અને સાત પ્રકૃતિ ક્ષય થયેલો પણ તેનાથી અપ્રતિ પાતિ પરિણામવાળો રહે છે, પણ જો પડેલા પરિણામવાળો હોય તો જુદી જુદી મતિને કારણે જુદા જુદા જીવો સર્વ ગતિને ભજનારા હોય છે, તેમ તેને પણ જેવી મતિ તેવી ગતિ થાય છે.

પ્ર૦—મિથ્યા દર્શન આદિ ક્ષય થતાં તે જીવ અદર્શન ( દર્શન રહિત ) થાય છે કે નહિ ?

ઉ૦—સમ્યગ્ દૃષ્ટિજ રહે છે,

પ્ર૦—સમ્યગ્ દર્શન સર્વથા ક્ષય થતાં કેવી રીતે સમ્યગ્ દૃષ્ટિપણું રહે ?

ઉ૦—મેણારહિત બનાવેલા શુદ્ધ કોદરા જેવું છે, જેમ પ્રથમ મિથ્યાત્વ ભાવવાળા પુદ્દગળોનું મિથ્યાપણું દૂર થયું, તેથી તે પુદ્દગળો નિર્મળ થતાંજ સમ્યગ્ દર્શન કહેવાય છે, તે શુદ્ધ પુદ્દગળો પણ સર્વથા ક્ષય થવાથી તત્ત્વની વિશેષ શ્રદ્ધાના લક્ષણવાળા પરિણામથી પોતે પડી ન જાય, પણ જેમ આછાં વાદળાં પણ દૂર થતાં સૂર્ય વિગેરે ચક્ષુથી નિર્મળ દેખાય, તેમ આત્માને સમ્યકત્વના શુદ્ધ પુદ્દગળો પણ દૂર થતાં આત્માનો શુદ્ધતર ભાવ પ્રગટ થાય છે, તે ક્ષાયિક સમ્યગ્ દર્શન છે, એટલુંજ બસ છે, આ શ્રેણિ જો બદ્ધ આયુવાળો માંડે, તો સાત પ્રકૃતિ ક્ષીણ થયા પછી ત્યાંજ અટકે, અને તે ઉપર બતાવેલ બાકીનું સમ્યગ્ દર્શનજ ખપાવે, પણ જેણે આયું બાંધ્યું નથી તે શ્રેણી માંડે તો અટકયા વિનાજ સંપૂર્ણ શ્રેણિ બારમા ગુણસ્થાન સુધી પહોંચે, અને તે શ્રેણિ માંડનારો જ્યારે સ્વલ્પ સમ્યગ્ દર્શનનાં થોડાં પુદ્દગળ રહ્યાં હોય, તે વખતેજ અપ્રત્યાખ્યાન પ્રત્યાખ્યાન આવરણનાં કષાય અષ્ટક સાથે ખપાવવા આરંભે છે, ॥ ૧૨૧ ॥ એમના મધ્ય ભાગને ખપાવતો જે સત્તર પ્રકૃતિને ખપાવે છે, તે બે ગાથામાં કહે છે.

**गइ आणु पुव्वी दोदो, जाइ नामं च जाव चउरिंदी**
**आयावं उज्जोयं, थावरनामं च सुहुमंच ॥ १२२ ॥**
**साहारण मपज्जत्तं, निद्दानिद्दं च पयल पयलंच**
**थीणं खवेइताहे, अवसेसं जंच अट्ठण्हं ॥ १२३ ॥**

૨ નરક ગતિ અને નરક અનુપૂર્વી ૨, તીર્યંચ ગતિ અને અનુપૂર્વી ૨, તથા એકેંદ્રિયાદિ ચૌરેંદ્રિ સુધીજ, તથા

આતપ, ઉદ્યોત, સ્થાવર, સૂક્ષ્મ, એ બાર પ્રકૃતિ તથા સાધારણ, અપર્યાપ્ત, નિદ્રાનિદ્રા, પ્રચલાપ્રચલા, થીણુદ્ધી મળી આ સત્તર પ્રકૃતિઓને વચલા આઠ કષાય ખપાવતાં સાથે સાથે ખપાવે છે.

પ્રત્યાખ્યાન અપ્રત્યાખ્યાન એ આઠ કર્મપ્રકૃતિનું વર્ણન પહેલા કર્મ ગ્રંથમાં છે તથા આ સત્તરમા નામ કર્મની પ્રકૃતિ ૧૪ છે. તેમાં ગતિ પહોંચ્યા પછી કહેવાય, અને આનુપૂર્વી તો એક જગ્યાથી જીવ મરીને બીજે ઉત્પન્ન થાય, ત્યાંસુધી જેમ બળદને નાથની દોરી ઘાલી બાંધવાની જગ્યાએ લઈ જાય તેમ છે, અથવા જેનાવડે ઉપરનું તથા નીચેનું અંગ ( આખું શરીર ) ઉત્પન્ન થાય છે તે છે.

પ્ર૦—એકેંદ્રિયાદિને આનુપૂર્વી નામ શા માટે કહેતા નથી ?

ઉ૦—તેને માટે તીર્યંચ શબ્દ જોડ્યો છે, તેમાં તે સમાય છે.

આતપ નામકર્મ ફક્ત સૂર્યનેજ છે, જેનાવડે પોતે ઠંડો છતાં અન્યને તાપ ( ગરમ પ્રકાશ ) આપે છે.

તથા જેના ઉદયથી ચંદ્ર જેવા ઠંડા પ્રકાશવાળો પોતે હોય છે, સાધારણ તે અનંત કાય વનસ્પતિ છે, જેમાં એક ઔદારિક શરીરમાં પણ અનંતા જીવો હોય છે. હવે દર્શનાવરણીય કર્મમાં નિદ્રાનિદ્રા, પ્રચલા પ્રચલા, અને સ્ત્યાનર્દ્ધિ (થીણુદ્ધી ) એ ત્રણ પ્રકૃતિ છે, તે **થીણુદ્ધિ** નિદ્રા ઉદય આવે

તો અર્ધ વાસુદેવ જેટલું બળ હોય છે, તે નરકગામી જીવ હોય છે, ઉપર બતાવેલી સત્તર પ્રકૃતિમાંની થીણુદ્ધિના છેલ્લા વખતમાં આઠ કષાયો પણ સાથે અંતર્મુહૂર્ત્તમાં ખપાવે છે.

ત્યારપછી નપુંસકવેદ, પછી સ્ત્રી વેદ તથા પૂર્વે બતાવેલ હાસ્યષટક ખપાવીને પુરૂષ વેદ ખપાવવા ત્રણ ખંડ કરે છે, તેમાંના બે ખંડ સાથે ખપાવે છે, ત્રીજા ખંડને સંજવલન ક્રોધમાં નાંખે છે, પુરૂષ વેદમાં રહેલ જો શ્રેણી માંડે તો આ ક્રમ છે, પણ નપુંસક વેદી કે સ્ત્રી વેદી જીવ આ શ્રેણી કરે, તો ઉપશમ શ્રેણી માફક જાણી લેવું, પછી સંજવલન ક્રોધ વિગેરેને અનુક્રમે પ્રત્યેકને અંતર્મુહૂર્ત્તમાં ઉપર પ્રમાણે ખપાવે છે, આ આખી શ્રેણીનો બધો કાળ પણ અંતર્મુહૂર્ત્તનોજ છે, કારણ કે અંતર્મુહૂર્ત્તના અસંખ્યેય ભેદો છે.

લોભના ચરમ ( છેલ્લા ) ખંડના સંખ્યેય ખંડ કરીને જુદા જુદા વખતે ખપાવે છે, તેના છેલ્લા ખંડને અસંખ્યેય ખંડમાં વહેંચી એકેક સમયે ખપાવે છે, અહીં દર્શનસપ્તક ક્ષય થતાં નિવૃત્તિબાદર કહેવાય છે, ત્યારપછી અનિવૃત્તિબાદર છેલ્લો લોભનો ખંડ હોય ત્યાંસુધી છે. ત્યારપછી તે છેલ્લા ખંડના અસંખ્યેય ખંડો ખપાવતાં સૂક્ષ્મ સંપરાય લોભનો છેલ્લો અણુ ( તદ્દન નાનો ) ખંડ ક્ષય થતાં સુધી છે, ત્યારપછી યથાખ્યાત ચારિત્રી છે । ૧૨૩ ।

તે વખતે મહા સમુદ્રને તરવા માફક પરિશ્રમ પામીને મોહ સાગર તરીને ત્યાં ( બારમે ગુણસ્થાને ) વિશ્રાંતિ લે છે,

તે સમયે છદ્મસ્થ વીતરાગપણે આ ગુણસ્થાનના છેલ્લા બે સમયમાંના પ્રથમ સમયમાં નિદ્રાદિ ખપાવે છે, તે નિર્યુક્તિકાર કહે છે—

**विसमिऊण नियंठो, दोहिउ समएहि केवले सेसे**
**पढमे निद्दं पयलं, नामस्स इमाओ पयडीओ ॥ १२४ ॥**

**देवगइ आणुपुव्वी, विउव्वि संघयण पढमवज्जाइ**
**अन्नयरं संठाणं, तित्थयराहार नामं च ॥ १२५ ॥**

ત્યાં વિશ્રાંતિ લઈને છેવટના બે સમયમાં નિદ્રા અને પ્રચલા ખપાવે છે, ત્યારપછી દેવગતિ, અનુપૂર્વી, વૈક્રિય શરીર, પાંચ સંઘયણ, **વજ્ર રૂષભનારાચ** સિવાયનાં તથા પોતાનું વર્ત્તમાન સંસ્થાન છોડીને બાકીનાં પાંચ, તિર્થંકર નામ કર્મ તથા આહારક શરીર ખપાવે છે, એટલે જો આ શ્રેણિ માંડનાર તીર્થંકર ન હોય તો બે ખપાવે છે, અને તીર્થંકર હોય તો આહારક એકલું ખપાવે છે.

## છ સંઘયણની ગાથા.

**वज्ज रिसह नारायं पढमं बिइयंच रिसहनारायं**
**णाराय मद्धणाराय कीलिया तहय छेवट्ठं ॥ १ ॥**

(૧) વજ્ર રૂષભનારાચ, (૨) રૂષભનારાચ (૩) નારાચ (૪) અર્ધનારાચ, (૫) કીલિકા, (૬) સેવાર્ત્ત સંઘયણ છે, વજ્ર તે ખીલી છે, રૂષભ તે પાટો છે, અને નારાચ તે મર્કટબંધ છે,

શરીરનાં હાડકાં એક બીજાથી આ પ્રમાણે જોડાયાં હોય તો મજબુતી છે, સૌથી મજબુત પ્રથમનું છે.

## સંસ્થાનો છ છે તેની ગાથા.

**चउ रंसेणग्गोहे, मंडले साति वामणे खुज्जे ।**
**हुंडेविअ संठाणे, जीवाणं छ मुणेयव्वा ॥ १ ॥**

સમચતુરસ્ત્ર, ન્યગ્રોધ મંડળ, સાદિ, વામન, કુબ્જ અને હુંડ. આ શરીરના સુંદર કે ખરાબ દેખાવ આશ્રયી છે, આ બે ગાથાનું વર્ણન મોટી સંઘયણીના ભાષાંતરમાં છપાયેલ છે. તથા—

**तुल्लं वित्थड बहुलं उस्सेह बहुंच मडहकोट्ठं च ।**
**हेट्ठिल कायमडहं सवत्था संठियं हुंडं ॥ २ ॥**

વિસ્તાર અને બાહુલ્યમાં તુલ્ય, ઉંચાઇમાં બધારે અને મડભ (                ) ના કોઠાવાળું, નીચલો ભાગ અડભવાળો, અને બધા ભાગમાં અસંસ્થિત હુંડ સંસ્થાન છે.

**चरमे नाणा वरणं पंचविहं दंसणं चउवियप्पं ।**
**पंचविहमंतरायं खवइत्ता केवली होइ ॥ १२६ ॥**

છેલ્લા સમયમાં પાંચે જ્ઞાનોનાં આવરણો ચાર પ્રકારના દર્શનનાં આવરણો દાન લાભ ભોગ ઉપભોગ વીર્ય એ પાંચના અંતરાયો ખપાવીને કેવળી થાય છે.

તેની સ્થાપના બતાવે છે.

| | |
|---|---|
| અસં-લોભ—૦ | હાસ્યાદિ ષટક—૦૦૦૦૦૦ |
| અસંખ્ય લોભ—૦૦૦ | સ્ત્રી—૦ |
| લોભ—૦ | ન—૦ |

માયા—૦ અપ્ર૦ પ્રત્યા—૦૦૦૦૦૦૦૦
માન—૦ દર્શન—૦૦૦
સં–ક્રોધ—૦ અનંતા—૦૦૦૦
પુ. વેદ—૦

**संभिण्णं पासंतो लोगमलोगं च सव्वओसव्वं**
**तं नत्थि जं न पासइ भूयं भव्वं भविस्सं च ॥ १२७ ॥**

સંભિન્ન તે એક ભાવપણે ભિન્ન છે, એટલે જેવું બહાર તેવુંજ અંદર છે, અથવા સંભિન્ન તે દ્રવ્ય છે.

પ્ર૦–કેવી રીતે ?

ઉ૦–કાળ અને ભાવ તેના પર્યાયો છે, તે બંનેના સમસ્ત પણા વડે અથવા બધી બાજુથી ભિન્ન તે સંભિન્ન લોક તથા અલોકને સર્વ દિશામાં સર્વ વસ્તુ માત્રને કેવળી જુએ છે, તેમાં ધર્મ અધર્મ આદિ જોવા યોગ્ય છે. તે દેખાય છે માટે લોક, અને એકલું આકાશ છે, તે અલોક છે, આ બંનેવડે ક્ષેત્ર બતાવ્યું, એમાં બધાં દ્રવ્યો આવી ગયાં. આ લોક અલોકમાં કાંઇ એવું નથી, કે જેને કેવળી ન જુએ, તેમ તે દ્રવ્યના પર્યાયો ભૂત, વર્ત્તમાન અને ભવિષ્ય સંબંધી પણ જાણી લે. ( ભવ્ય શબ્દ પા. ૩–૪–૬૮ પ્રમાણે બન્યો છે )

પ્રથમ ઉપોદ્ઘાત નિર્યુક્તિ વર્ણવતાં પ્રસંગથી કહ્યું હતું કે ( તપ નિયમ જ્ઞાન વૃક્ષે ચઢેલા કેવળી પ્રભુ પ્રવચન રૂપ ફૂલ ફળો શિષ્યોને આપે છે, ) તે કેવળી પ્રભુનું સ્વરૂપ ઉપર બતાવ્યું, તે તીર્થંકર કેવળી પાસેથી સામાયિક આદિ

શ્રુત, આચાર્ય પરંપરાએ આવેલું છે, અને આ જિન પ્રવચનની ઉત્પત્તિ થઇ છે, એ બધું ચાલુ નિર્યુક્તિના સમુત્થાન પ્રસંગે કહ્યું, હવે આ જિન પ્રવચનની ઉત્પત્તિ શું છે, અને કેટલું જિન પ્રવચન કહેવાનું છે, અથવા કયા અભિધાનનો ભાગ કહેવાનો છે, તે પ્રસંગને અનુસરતું છે, તે અથવા બાકીના દ્વારનો સંગ્રહ કહે છે.

**जिण पवयण उप्पत्ती पवयण पगट्ठिया विभागो य ।**
**दारविही य नयवीही वक्खाण विहिय अणुओगो ॥ १२८॥**

જિન પ્રવચનની ઉત્પત્તિ, પ્રવચનના એકાર્થિક, તથા એકાર્થિકના વિભાગો એ ત્રણ પણ પ્રસંગથી શેષ ( બાકી ) છે, તથા દ્વારોની વિધિ તથા વિધાન વિધિ છે, તેમાં તો આ ઉપોદ્ઘાતજ છે, અને નય વિધિ તો ચોથો અનુયોગ દ્વાર છે, તથા શિષ્ય ભણનાર, તથા આચાર્ય ભણાવનાર એ બંનેનીપરીક્ષાનું વર્ણન તે વ્યાખ્યાન વિધિ છે, અને અનુયોગ તો સૂત્ર સ્પર્શક નિર્યુક્તિ અને સૂત્રાનુગમ છે, આ સમુચ્ચય ( ટુંકામાં ) અર્થ છે.

પ્ર૦—ચોથો અનુયોગ દ્વાર નય વિધિને કહી પછી ત્રીજો અનુયોગ દ્વાર રૂપ અનુયોગ શામાટે કહ્યો ?

ઉ૦—નય અનુગમ બંને સાથે સહચર ભાવે વર્ત્તે છે, તે બતાવવા માટે છે, જેમકે નય અનુગમ એ બંને દરેક સૂત્રમાં સાથે ચાલે છે, કારણકે નયોના મતથી શૂન્ય એવા અનુગમનો અભાવ છે અને ચારે અનુયોગ દ્વારોનું વર્ણન

કરતાં નયોને અંતે કહ્યા તે પણ ઠીક છે, કારણકે અનુગમ નય એ બંને સાથે બોલવાનું અશક્ય છે, દરેક પદ ક્રમે બોલાય છે.

પ્ર૦—ચાર અનુયોગ દ્વારથી અતિરિકત વ્યાખ્યાન વિધિનો ઉપન્યાસ બીન જરૂરી છે.

ઉ—૦નહિ, તે અનુગમનું અંગ છે, અને વ્યાખ્યાના અંગપણાથી અનુગમ અંગપણું કુદરતી છે. ॥ ૧૨૮ ॥

તેમાં જિન પ્રવચનની ઉત્પત્તિ નિર્યુક્ત સમુત્થાનના પ્રસંગે કહી, કારણકે પ્રવચન તે જિનેશ્વરનું વચન છે, તેનું વર્ણન તો આગળ થઈ ગયું, હવે પ્રવચનના એક અર્થવાળા શબ્દોને કહે છે, તથા તેના વિભાગો કહે છે.

**एगट्ठियाणि तिण्णिउ, पवयण सुत्तं तहेवअत्थोअ**
**इक्किक्कस्सय इत्तो, नामा एगट्ठिया पंच ॥ १२९ ॥**
**सुय धम्मतित्थ मग्गो पावयणं पवयणंच एगट्ठा**
**सुत्तं तंतं गंथो पाढो सत्थं च एगट्ठा ॥१३०॥**
**अणुओगो य नियोगो भास विभासाय वत्तियं चेव**
**अणु ओगस्स उ एए नामा एगट्ठिया पंच ॥ १३१ ॥**

જેનો એક અર્થ હોય તે એકાર્થિક છે, પ્રવચન, સૂત્ર, અર્થ એ ત્રણે એક અર્થવાળાં છે. તેમાં પ્રવચનનું પૂર્વે વર્ણન કર્યું છે, કે તે પ્રધાન જિનેશ્વરનું વચન મોક્ષ આપનારૂં છે, સૂચના કરવાથી સૂત્ર છે, અને જે નાથી વસ્તુ પમાય તે અર્થ છે, અહીં પ્રવચન તે સામાન્ય શ્રુત છે, અને સૂત્ર અર્થ બંને તેનાં વિશેષ છે.

પ્ર૦—સૂત્ર અને અર્થ એ બંનેની પ્રવચન સાથે એકાર્થતા યુક્ત છે, કારણ કે તે તેના વિશેષપણે છે, પણ સૂત્ર અર્થ બંને પરસ્પર ભિન્ન હોવાથી એકાર્થતા ઘટતી નથી ? અને સૂત્ર વ્યાખ્યેય છે, અને અર્થ વ્યાખ્યાન છે, અથવા આ ત્રણેમાં પણ ભિન્ન અર્થતાજ ઘટે છે; કારણ કે આ દરેકને વિભાગોનો સદ્‌ભાવ છે, જો ભિન્ન અર્થતા ન માનીએ તો એકાર્થિક થતા ભેદવડે એકાર્થિક ત્રણેના જુદા જુદા શા માટે કહેવા ?

ઉ૦—જેમ બે કમળો છે, એક ખીલ્યું નથી, બીજું ખીલ્યું છે, એ દરેકમાં સંકોચ વિકાસના પર્યાયનો ભેદ હોવા છતાં પણ કમળના સામાન્યપણાથી અભેદ ઘટે છે, એ પ્રમાણે સૂત્રાર્થનું પણ પ્રવચનની અપેક્ષાએ અને બંનેને માંહો માંહે અભેદપણું છે, તે આ પ્રમાણે બીડાયલા કમળ જેવું સૂત્ર છે, તે ખીલેલું અર્થ છે, અને પ્રવચન તો બંનેમાં કમળની માફક ઘટે છે, અને આ ત્રણેના એકાર્થિક વિભાગો પણ દેખાય છે, જેમકે કમળ, અરવિંદ, પંકજ એ ત્રણે પદ્મનાં એકાર્થિક છે, તથા કુડમલ, વૃંદ સંકુચિત ન ખીલેલાના એકાર્થિક છે, તથા વિકચ, ફુલ્લ, વિબુદ્ધ એ ખીલેલાના એકાર્થિક છે, તેમ પ્રવચન સૂત્ર અર્થના એકાર્થિક વિભાગો પણ કમળ બીડાયેલ ખીલેલ માફક અવિરૂદ્ધ છે.

અથવા બીજી રીતે કહે છે, એકાર્થિક ત્રણજ છે, તેને આશ્રયી કહેવાં, એટલે પ્રવચનના એકાર્થિક તથા સૂત્ર અર્થના એકાર્થિક કહેવાં, બાકી બધું પૂર્વ પેઠે છે, ( આમાં પ્રવચન, સૂત્ર, અર્થ પરસ્પર એકાર્થિક પણે ન ઘટાવ્યાં )—

પ્ર૦—દ્વાર ગાથામાં કહ્યું કે પ્રવચનના એકાર્થિક કહેવાં, તેમાં હવે ફેર પડી જશે ?

ઉ૦—નહી, ઉપર કહ્યું છે કે સૂત્ર અર્થ એ બંને પ્રવચનનાં વિશેષ છે, કારણ કે સૂત્ર અર્થમાં પણ પ્રવચનનું ઘટવાપણું છે.

પ્ર૦—જો એમ છે તો વિભાગદ્વાર જુદું બતાવવું વ્યર્થ થયું ?

ઉ૦—નહિ. સાંભળો વિભાગનો અર્થ શું છે, તે સમજાવીએ છીએ, કે અવિશેષપણ એકાર્થિકો કહેવાં, સામાન્ય વિશેષપણે ભેગાં પ્રવચનનાં ૧૫ એકાર્થિક છે.

પ્ર૦—ત્યારે તેમાં શું કહેવું છે ?

ઉ૦—વિશેષ ગોચર પર્યાયોનું સામાન્ય ગોચર પર્યાયપણું ન થાય, માટે બંનેનો વિભાગ કહેવો, ( કે આ સામાન્ય છે, આ વિશેષ છે ) જેમકે આંબા વિગેરે વૃક્ષાદિ શબ્દોના પર્યાયો નથી, કારણ કે લોકમાં પણ તેવો વહેવાર નથી, ( આંબાનો પર્યાય સહકાર થાય, પણ ઝાડ ન થાય કારણકે ઝાડમાં તો અનેક નામો. આવે. આંબોએ આવે, અને પીપળોએ આવે. ) ॥ ૧૨૯ ॥

## પ્રવચનના પાંચ એકાર્થિક.

શ્રુતનો ધર્મ-સ્વભાવ તે શ્રુતધર્મ છે, કારણકે તે બોધના સ્વભાવ પણે છે, એટલે તે શ્રુતનો બોધ પ્રવચન કરે છે, અથવા શ્રુત તે જીવનો પર્યાય છે, અને શ્રુત સાથે ધર્મનો સ-

માસ કરતાં શ્રુતધર્મ થયો, અથવા સુગતિને ધારણ કરવાથી શ્રુત તેજ ધર્મ છે, તીર્થનો અર્થ પૂર્વે કહી ગયા છીએ, અને તે ચતુર્વિધ સંઘ તરીકે છે, અહીં પ્રવચન સંઘને અનન્યપણે પ્રવચનનો ઉપયોગ હોવાથી પ્રવચન તે તીર્થ છે, તથા જેના વડે આત્મા શોધાય તે માર્ગ છે, અથવા માર્ગણા કરવી તે માર્ગ છે, શિવને શોધવું તથા અભિવિધિએ પ્રગટ થએલું જી-વાદિ પદાર્થોમાં વચન માટે વપરાતું પ્રાવચન, તથા પ્રવચન પૂર્વે કહેલું છે, એટલે પ્રવચનના પાંચ નામનો વિભાગ કહ્યો, શ્રુતધર્મ, તીર્થ, માર્ગ, પ્રાવચન અને પ્રવચન એમ પાંચ થયાં.

## હવે સૂત્ર વિભાગ કહે છે.

સૂચના કરવાથી સૂત્ર છે, એનાવડે એનાથી એનામાં અર્થ વિસ્તારાય તે તંત્ર છે, તે પ્રમાણે ગુંથાય તે ગ્રંથ છે, અને પઠન ( ભણવું ) થાય માટે પાઠ છે, અથવા એનાવડે એનાથી એનામાં પઠન થાય માટે પાઠ છે, તેનો અર્થ ખુલ્લું કરવું થાય છે, તથા એનાવડે એનાથી કે એનામાં શાસન થાય, તે શાસ્ત્ર છે, અથવા આત્માવડે જાણવા યોગ્ય છે, માટે શાસ્ત્ર છે, એટલે સૂત્ર તંત્ર ગ્રંથ પાઠ અને શાસ્ત્ર એ પાંચ એક અર્થમાં છે, ગાથામાં ફરી એકાર્થિક કહેવાનું કારણ એ છે કે સામાન્ય વિશેષમાં પણ કોઇ અંશે ભેદ દેખાય છે તે સૂચવ્યું ॥ ૧૩૦ ॥

સૂત્ર સાથે અર્થ જોડવો તે અનુયોગ છે, અથવા સૂત્રનું અભિધેય વ્યાપાર તથા અનુકુળયોગ તે અનુયોગ

છે, એટલે ઘડા શબ્દથી ઘડો પદાર્થ સમજાય છે. તથા નિયત નિશ્ચયવાળો યોગ તે નિયોગ છે, એટલે ઘટ શબ્દથી ઘટજ લેવાય, પણ પટ ન લેવાય, તેમ ભાષણ કરવાથી ભાષા એટલે પ્રકટ કરવું, એટલે ઘટન કરવાથી ઘટ ચેષ્ટાવાળો અર્થ ઘટ છે. ( પાણી ભરીને ચાલતાં અંદર અવાજ થાય છે ) તથા વિવિધ ભાષા તે વિભાષા છે, એટલે પર્યાય શબ્દોથી તેના સ્વરૂપનું કથન કરવું જેમકે ઘટ કુંભ છે, વાર્ત્તિક તે બધા પર્યાયો કહી બતાવવા. આ પ્રમાણે અનુયોગ, નિયોગ, ભાષા, વિભાષા વાર્ત્તિક એ અનુયોગના પાંચ નામ એક અર્થમાં છે, આ સમુદાયથી ટુંકામાં અર્થ કહ્યો, અને વિશેષથી પ્રત્યેકદ્વારે કહીશું,

પ્રવચન વિગેરેનું અવિશેષપણે એકાર્થિક કહેવાના પ્રક્રમમાં એકાર્થિક અનુયોગ વિગેરેનું ભેદવડે ઉપન્યાસનું આખ્યાન કરવું તે અર્થનું પ્રધાનપણું બતાવે છે. જેમકે ' સૂત્રધર, અર્થધર, ' મુનિ વિગેરે છે. હવે તેમાંના અનુયોગ નામના પ્રથમદ્વારનું વર્ણન કરે છે.

**णामं ठवणा दविए खित्ते कालेय वयण भावेय ।**
**एसो अणुओगस्स उणिक्खेवो होइ सत्त विहो ॥ १३२ ॥**

નામ સ્વરૂપ પ્રથમ બતાવ્યું છે, અને નામનો અનુયોગ તે કોઈ પણ જીવાદિ પદાર્થનું અનુયોગ એવું નામ કરીએ, અથવા નામનો અનુયોગ (વ્યાખ્યા) કરીએ તે નામ અનુયોગછે, અક્ષ વિગેરેની સ્થાપના છે, તેમાં અનુયોગ કરતો કોઈ સ્થાપે, સ્થાપનામાં અનુયોગ તે સ્થાપના અનુયોગ છે, અથવા કર્મ

ધારય સમાસ કરવો, દ્રવ્ય વિષય સંબંધી જે અનુયોગ તે દ્રવ્યાનુયોગ છે, તે અનુયોગ આગમ નોઆગમ એમ બે ભેદે છે. નો આગમમાં જ્ઞ શરીર ભવ્ય શરીર તે બંનેથી વ્યતિરિક્ત અનુયોગ તે દ્રવ્યનો દ્રવ્યોનો દ્રવ્યવડે દ્રવ્યોવડે દ્રવ્યમાં દ્રવ્યોમાં અનુયોગ કરવો તે દ્રવ્યાનુયોગ છે, આ પ્રમાણે ક્ષેત્ર વિગેરેમાં પણ છ ભેદની યોજના કરવી. અહીં દ્રવ્ય અનુયોગ બે પ્રકારે થાય છે, જીવ દ્રવ્યનો, અજીવ દ્રવ્યનો અનુયોગ છે, તે એકેક ચાર પ્રકારે છે, દ્રવ્યથી ક્ષેત્રથી કાળથી અને ભાવથી છે, જેમકે દ્રવ્યથી જીવ એક દ્રવ્ય છે, ક્ષેત્રથી અસંખ્યેય પ્રદેશ અવગાઢ છે, કાળથી જીવત્વની અપેક્ષાએ અનાદિ અનંત છે, ભાવથી અનંતજ્ઞાન દર્શન ચારિત્ર અચારિત્ર દેશ ચારિત્ર અગુરૂ લઘુ પર્યાયવાળો છે. તે પ્રમાણે અજીવ દ્રવ્યો પરમાણુ વિગેરે છે, તેમાં પરમાણુ દ્રવ્યથી એક દ્રવ્ય, ક્ષેત્રથી એક પ્રદેશ અવગાઢ છે, કાળથી જઘન્યથી એક સમય બે અથવા ઉત્કૃષ્ટથી અસંખ્યેય ઉત્સર્પિણી અવસર્પિણી, ભાવથી એકરસ એક વર્ણ બે ફરસ એક ગંધવાળો છે, અને આ બધાનાં પોતાના સ્થાનમાં રસાદિ પર્યાયો અનંતા એક ગુણ તીખો વિગેરે ભેદોથી જાણવા.

આ પ્રમાણે બે અણુ વિગેરેથી લઈને અનંત અણુના સ્કંધ સુધીનું સ્વરૂપ જાણવું; દ્રવ્યનો અનુયોગ કહ્યો, હવે દ્રવ્યોનો અનુયોગ કહે છે, તે જીવ અને અજીવ સંબંધી જાણવો, જેમ પન્નવણા સૂત્રમાં જીવ અજીવ દ્રવ્યોનો વિચાર જણાવ્યો છે, તે બતાવે છે.

**जीव पज्जवाणं भंते किं संखेज्जा असंखेज्जा अणंता ? गोयमा ! नो संखेज्जा नो असंखेज्जा अणंता, एवं अजीव पज्जवाणं पुच्छा उत्तरं च दट्ठव्वं ॥**

જીવ પર્યવો ( પર્યાયો ) સંખ્યેય અસંખ્યેય કે અનંત છે, ? પ્રભુએ કહ્યું. હે ગૌતમ ! સંખ્યેય નહિ, અસંખ્યેય નહિ પણ અનંતા છે, આ પ્રમાણે અજીવ પર્યાયોની પૃચ્છા જાણવી, ઉત્તર પણ તેમજ જાણવો.

## દ્રવ્ય વડે અનુયોગ.

પ્રલેપ અથવા અક્ષ વિગેરેથી વ્યાખ્યાન કરવું. જેમ ખડીથી પાટી ઉપર, પેનથી સ્લેટ ઉપર લખાય છે, તેમ વ્યાખ્યાન કરવા લખે.

### દ્રવ્યો વડે અનુયોગ.

અક્ષો વિગેરે ઘણા દ્રવ્યોથી અનુયોગ કરે.

### દ્રવ્યમાં અનુયોગ.

પાટીયા વિગેરેમાં અનુયોગ.

દ્રવ્યોમાં અનુયોગ તે ઘણા મકાનો વિગેરેમાં રહી અનુયોગ કરે, એ પ્રમાણે ક્ષેત્ર અનુયોગમાં પણ જાણવું. ક્ષેત્રનો અનુયોગ તે ભરત ક્ષેત્ર વિગેરેનું, ક્ષેત્રાનો અનુયોગ તે જંબુદ્વીપ વિગેરેનો, જેમકે દ્વીપ સાગર પ્રજ્ઞપ્તિમાં બતાવેલ છે, ક્ષેત્રવડે, જેમકે પૃથ્વીકાયાદિ સંખ્યાનું વ્યાખ્યાન કરવું કહ્યું છે કે—

**जंबुद्दीव पमाणं पुढवि जिआणं तु पत्थयं काउं**
**एवंमविज्जमाणा हवंति लोगा असंखिज्जा ॥ १ ॥**

પૃથ્વી કાયના જીવો કેટલા છે, એ જણાવવા માટે કહે છે કે પૃથ્વીના જીવો માટે જંબુદ્વીપ જેવડો પ્રસ્થક ( માપું ) બનાવી તેના વડે તે જીવો માપીએ તો અસંખ્યેય લોકમાં તે માઇ શકે, (પણ સૂક્ષ્મ પરિણામે રહેલ હોવાથી લોકમાં ઠાંસી ઠાંસીને ભરાયા છે. )

## ક્ષેત્રોવડે અનુયોગ.

**बहुहिं दीव समुद्देहिं पुढविजिआण मित्यादि**

જેમકે ઘણા દ્વીપ સમુદ્રો વડે પૃથ્વી કાયના જીવોને માપે.

ક્ષેત્રમાં અનુયોગ

તિર્યક લોકમાં અનુયોગ અથવા ભરત ક્ષેત્રમાં અનુયોગ કરવો.

ક્ષેત્રોમાં અનુયોગ

રા દ્વીપ તથા બે સમુદ્રમાં

કાળનો અનુયોગ–

તે સમય વિગેરેની પ્રરૂપણા કરવી.

કાળોનો અનુયોગ તે ઘણા સમયો વિગેરેનું વ્યાખ્યાન કરવું. કાળવડે અનુયોગ તે જેમ બાદર વાયુકાયિક જીવોનાં વૈક્રિય શરીરો અદ્ધાપલ્યોપમના અસંખ્ય ભાગ માત્રવડે અપહરણ કરાય ( એક એક સમયે ગણતરી કરવા બાજુએ મુકીએ તો તેટલો કાળ લાગે. )

કાળોવડે અનુયોગ તે જેમકે નવા ઉત્પન્ન થતા ત્રસકાયિક જીવોને એકેક સમયવડે દૂર કરીએ તો બધાને માપતાં અસંખ્ય ઉત્સર્પિણી અવસર્પિણીઓ વહી જાય.

કાળમાં અનુયોગ તે જેમ સૂત્રના અર્થની વ્યાખ્યા કરવી હોય તો બીજી પોરસીમાં થાય છે તે—

કાળોમાં અનુયોગ તે અવસર્પિણીમાં ત્રણે કાળોમાં એટલે સુખમ દુઃખમના ચરમ ભાગમાં, દુઃખમ સુખમના પુરામાં તથા દુઃખમ આરામાં અને ઉત્સર્પિણીના બે કાળમાં દુઃખમ સુખમ, સુખમ દુઃખમમાં ( વીતરાગ ભાષિત ધર્મ રહેશે અને તેનું વ્યાખ્યાન થશે. )

વચન અનુયોગ—તે જેમ એકવચન, વચનોનો અનુયોગ તે દ્વિવચન બહુવચન તથા સોળ પ્રકારનાં વચન છે.

વચનવડે અનુયોગ તે જેમ કોઇ આચાર્ય સાધુઓ વિગેરેથી પ્રાર્થના કરાતાં તે એકવચનવડે અનુયોગ કરે.

વચનોવડે—તેજ આચાર્ય ઘણાં વચનવડે અનુયોગ કરે, અથવા વારંવાર પ્રાર્થના કરાતાં ઘણાં વાક્યોવડે અનુયોગ કરે, વચનમાં અનુયોગ તે ક્ષાયોપશમિકમાં અનુયોગ કરવો.

વચનોમાં અનુયોગ તે ક્ષાયોપશમિકોમાં. બીજા આચાર્યો કહે છે કે વચનોમાં અનુયોગ નથી, કારણ કે ક્ષાયોપશમિક છે, અને તેનું એકપણું હોવાથી બહુવચન ન થાય.

ભાવ અનુયોગ—

ભાવ અનુયોગ બે પ્રકારે છે, આગમથી, નો આગમથી,

આગમથી જ્ઞાતા અને ઉપયોગ સહિત હોય, અને નો આગમથી ઔદયિકાદિમાંથી કોઈનો પણ અનુયોગ કરવો.

ભાવોનો તે ઔદયિકાદિ ઘણાનો અનુયોગ કરવો,

ભાવવડે સંગ્રહ વિગેરેથી કહ્યું છે કે—

**पंचहिं ठाणेहिं सुत्तंवाएज्जा तंजहा—संगहट्ठयाए १ उवग्गहट्ठयाए २ निज्जरट्ठाए ३ सुयपज्जवजातेणं ४ अव्वोच्छित्तीए ५**

ઠાણાંગ સૂત્રના ૫ મા ઠાણામાં આ પાઠ છે કે ૫ સ્થાને સૂત્રવાચના કરવી, ૧ સંગ્રહ કરવા માટે ૨ ઉપકાર કરવા માટે ૩ નિર્જરા કરવા માટે ૪ શ્રુતનો પર્યાય થવા વડે, ૫ સદા કાયમ રહેવા માટે.

ભાવોવડે-એજ સમુદિત ભાવોવડે ( અહીં ભાવનો અર્થ અભિપ્રાય છે આવા અભિપ્રાયોવડે સૂત્રવાચના આપવી) ભાવમાં ક્ષાયોપશમિકમાં અનુયોગ કરવો, ભાવોમાં આચારાદિ સૂત્રોમાં અથવા પ્રતિક્ષણે ક્ષયોપશમના પરિણામપણાથી ભાવોમાં અનુયોગ છે, અથવા ભાવોમાં ક્ષયોપશમનું એકપણું હોવાથી ઘટતું નથી.

આ બધા દ્રવ્યાદિ અનુયોગોનો પરસ્પર સમાવેશ થાય છે, તે સ્વબુદ્ધિ એ વિચારવું, ભાષ્યકાર મહારાજે તે કહ્યું છે,

**दव्वेणियमा भावो णविणा ते याविखित्तकालेहिं ।**
**खित्ते तिण्हविभयणा काले भयणाएतीसुंपि ॥ १ ॥**

દ્રવ્યમાં નિયમથી ભાવો છે, કારણ કે ભાવ વિના દ્રવ્ય

ન હોય, તેમ ભાવો પણ ક્ષેત્ર-કાળ સાથે હોય, પણ ક્ષેત્રમાં ત્રણેની ભજના જાણવી, હોય કે ન પણ હોય. ( અલોકમાં બીજા દ્રવ્યો કે પર્યાયો નથી ) કાલમાં ત્રણેની ભજના જાણવી, હોય કે ન પણ હોય ( રા દ્વીપની બહાર સૂર્ય ચંદ્ર ફરતા ન હોવાથી ત્યાં કાળ ન ગણાય )

અનુયોગ કહ્યો, એથી વિપરીત હોય તે અનનુયોગ છે ॥૧૩૨॥ હવે અનુયોગ તથા અનનુયોગના પ્રતિપાદક દૃષ્ટાંતો બતાવે છે.

**वच्छगगोणी १ खुज्जा सज्झाए ३ चेव बहिर उल्लावो**
**गामिल्लए ५ ययणे सत्तेवय हुंति भावंमि ॥ १३३ ॥**

પ્રથમ ઉદાહરણ દ્રવ્યનો અનનુયોગ તથા અનુયોગનો વાછરડું અને ગાય સંબંધી છે, તે કહે છે.

જેમ ગાયનો દોહનારો પાટલા ( ગાયનો ) વાછરડો બહુલા ગાયને વળગાડે, અને ( બહુલાનો ) પાટલાને વળગાડે. અર્થાત્ જેનો જે વાછરડો હોય તેને તે ન મુકતાં બીજાને મુકે, તો અનનુયોગ થાય. ગાયને પ્રેમ ન થવાથી દૂધ ન આપે, પણ જો દોહનારો જે ગાયનો જે વાછરડો હોય તેને તે વળગાડે તો ગાય પ્રેમથી દુધ આપે, તે અનુયોગ છે, એ પ્રમાણે સૂત્રમાં પણ જીવ લક્ષણ વડે અજીવની પ્રરૂપણા કરે, અથવા અજીવનાં લક્ષણોવડે જીવની પ્રરૂપણા કરે, તો અનનુયોગ થાય, એટલે તે ભણનારો શિષ્ય બીજી રીતે ઉલટું સમજે, તેથી અર્થમાં વિસંવાદ ( ભૂલ ) થાય, અર્થ જુદો

થતાં ચારિત્ર નિર્મળ ન પાળે, અને તેથી મોક્ષ ન મળે, અને મોક્ષ ન મળે તો દીક્ષા નિરર્થક જાણવી, પણ જો જીવનાં લક્ષણો વડે જીવ સ્વરૂપ સમજાવે, અને અજીવનાં લક્ષણો વડે અજીવ સમજાવે, તો અનુયોગ થાય, તેથી કાર્યસિદ્ધિ થાય છે, અને અવિકલ ( ખરો સંપૂર્ણ ) અર્થનો બોધ થાય, તેથી ચારિત્રની વૃદ્ધિ અને તેથી મોક્ષ મળે, આ પ્રથમ દષ્ટાંત થયું.

## ક્ષેત્ર અનનુયોગ તથા અનુયોગ સંબંધી કુબ્જાનું દૃષ્ટાંત.

પેંઠણ નામનું દક્ષિણ દેશમાં નગર છે, ત્યાં શાલિવાહન નામનો રાજા છે, તે રાજા દર વરસે ભરૂચ નગરમાં નરવાહન રાજાને રોકે છે, ( ઘેરો ઘાલે છે ), જ્યારે વર્ષારૂતુ આવે ત્યારે દેશમાં પાછો જાય છે. આ પ્રમાણે કાળ વીતે છે, એકવાર તે રાજા ઘેરો ઘાલવા જતાં સભાની માંડવીમાં થુકયું, તેને ત્યાં સેવા કરનારી દાસી ' કુબજા ' હતી, તે દાસીએ વિચાર્યું કે આ ભૂમિમાં થુંકાય નહિ, છતાં થુંકયું માટે આ રાજા જવાની તૈયારીવાળો છે, તે દાસીને રાજકુળમાં રહેનારો યાનશાલિક ( વાહનોનો અધિકારી ) ઓળખીતો હતો, તેને વાત કરી, તેણે પોતાનાં બધાં વાહનો સજ્જ કરી રાખ્યાં, તે દેખીને લશ્કરનો બીજો ભાગ પણ તૈયાર થયો, રાજા ગુપ્ત રીતે રાતે એકલો વિચારે છે કે ધૂળ વિગેરેના ભયથી સવારમાં જઇશ અને સવારમાં ચાલે છે, કે તેના જોવામાં આવ્યું કે તેનું બધું લશ્કર ચાલવાની તૈયારીવાળું જોયું. રાજાએ આશ્ચર્ય

પામી વિચાર્યું કે મેં કોઇને કહ્યું નથી, ત્યારે કેવી રીતે આ લોકોએ જાણ્યું, ? એક બીજાને પૂછતાં જણાયું કે કુબ્જાએ ખુલ્લું કર્યું છે, પછી કુબજાને પૂછયું, તેણે થુંકવા સંબંધી કહ્યું, રાજાને અયોગ્ય જગ્યાએ થુંકવાનો અનનુયોગ થયો. પણ જો તે રાજા માંડવીનો વિચાર કરત, કે આ થુંકવા યોગ્ય જગ્યા નથી, તો કોઈને તે વાતની ખબર ન પડત. માટે તે અનુયોગ થાત, એજ પ્રમાણે આચાર્ય એવી પ્રરૂપણા કરે કે પ્રદેશ રહિત એકાંત નિત્ય આકાશ છે, આવું માનતાં અનનુયોગ થાય, પણ સપ્રદેશવાળો અનેકાંત અપેક્ષાએ નિત્યાનિત્ય છે, એમ પ્રરૂપણા કરે તો અનુયોગ થાય.

## કાળનાં અનનુયોગ તથા અનુયોગનાં ભણવા સંબંધી ઉદાહરણ.

એક સાધુને વધારે રાત્રિ ગયા પછી પાછલો પાઠ ગોખી જતાં ઉતાવળમાં કેટલો કાળ ગયો, તેને તેની ખબર નહોતી, તેથી જોરથી ગોખતો હતો, ત્યાં કોઇ સમ્યગ્દૃષ્ટિ દેવીએ તે શિષ્યના હિત માટે વિચાર્યું કે રખેને કોઇ મિથ્યાદૃષ્ટિ દેવી તેને દુઃખ ન દે, એવા ભયથી તે દેવી છાશની માટલી ભરીને જોરથી પોકારે છે કે 'દહિ મથેલું છે લેશો કે ' આ બુમથી પેલા સાધુને ગોખવામાં અડચણ પડી, ત્યારે કંટાળીને કહેવા લાગ્યો કે આ છાશ વેચવાનો વખત છે કે ? દેવીએ કહ્યું કે ત્યારે અત્યારે જોરથી ગોખવાનો વખત છે કે ? ત્યારે સાધુએ ઉપયોગ મુકી વિચાર્યું કે ઘણી રાત ગઈ છે

માટે બીજાને નિદ્રામાં ખલલ પડે માટે મારી ભૂલ થઇ, એથી દેવીના સંમુખ મિથ્યાદુષ્કૃત દીધું, દેવીએ કહ્યું કે હે મુગ્ધ ! ફરી આવું ન કરીશ; કારણકે મોડી રાત્રે નીકળેલી કોઇ મિથ્યાદૃષ્ટિ દેવી તને પીડા કરશે, આ અકાલે જોરથી ગોખવું તે અનનુયોગ છે. ( પણ જો નિદ્રા ન આવે અને એકાંતમાં બેસીને ધીરે ગણે તો હરકત નથી ) પણ જો યોગ્ય સમયે એકાંતમાં પાઠ જોરથી પણ કરે, તો અનુયોગ છે.

## વચન સંબંધી અનનુયોગ અનુયોગનાં દૃષ્ટાંત તેમાં પ્રથમ બહેરાના ઉલ્લાપનું દૃષ્ટાંત.

એક ગામમાં એક બહેરૂં કુટુંબ રહે છે, તેમાં ડોસો-ડોશી તેમનો પુત્ર અને તેની વહુ છે, તે પુત્ર ખેતી કરે છે, ત્યાં હળ ચલાવતાં વટેમાર્ગુએ રસ્તો પૂછયો, પેલો બહેરો હોવાથી ન સમજવાથી ઉત્તર આપ્યો કે આ મારા બે બળદીયા તો ઘરે જન્મેલા છે. તેવામાં તેની સ્ત્રી ખાવાનું લાવી, તેને કહે છે, બળદીઆનાં શીંગડાં સમાર્યાં ? સ્ત્રી બોલી, આ દહીં મેં મથ્યું નથી કે તેમાં લૂણ નાંખ્યું છે કે નહિ, તમારી માએ મથ્યું છે. વહુએ ઘેર જઇને પૂછયુ કે લુણ નાંખ્યું છે કે નહિ ? તે ડોશી બોલી કે આ સ્થુલ કે ખરબચડું વસ્ત્ર ગમે તે હો, તે ડોસાની પોતડી હશે, તે ડોસીએ બુઢાને પૂછયું, તે બોલ્યો કે હું તારા સોગન ખાઇને કહું છું કે મેં એક તલનો દાણો પણ ખાધો નથી. આ પ્રમાણે અણસમજે જે બોલાય તે અનનુયોગ છે, તે પ્રમાણે એકવચનને બદલે દ્વિવચન બોલે,

દ્વિવચનને બદલે એકવચન બોલે તો અનનુયોગ છે, પણ પૂછયાનો સાંભળીને યોગ્ય ઉત્તર આપે તો અનુયોગ છે, તેમ જ્યાં જેવું વચન ઘટે તેવું બોલવું તે અનુયોગ છે.

## ગ્રામેયકનું ઉદાહરણ.

આ દૃષ્ટાંત વચન ઉપરજ છે, અને આ અનુયોગ પ્રધાન છે. તે બતાવવા કહ્યું છે.

એક નગરમાં એક સ્ત્રી છે; તેનો ધણી મરી જતાં લાકડાં વેચી પેટ ભરવા છતાં પણ દારિદ્રતાથી નિંદાતી મરેલી જેવી બનીને તે નાના પુત્રને લેઇ બીજે ગામ ગઈ, ત્યાં મજુરીથી પેટ ભરતાં બાળક મોટો થતાં માને પૂછવા લાગ્યો કે મારો બાપ કયાં છે? તે મરી ગયો, ફરી પૂછયું શાથી જીવતો હતો? ખેલ કરીને, હું પણ લટકવાનો ખેલ કરૂં? બેટા! વિનયથી શીખ્યા વિના ન થાય, વિનય કેવો છે? જયોત્કાર ( શીખવનારનો ઉત્સાહથી જયનાદ ) કરવો, નીચે નમીને જવું. ( માથું નમાવી નમસ્કાર કરવો ) તથા કહે તેમ કરવું, આ પ્રમાણે માતા પાસેથી સાંભળીને તેની રજા લઇ નીકળ્યો.

રસ્તામાં વ્યાધ ( શીકારીઓ ) મૃગોને પકડવા સંતાયા હતા, તેને નીચા બેઠેલા જોઇ વિચાર્યું કે તેઓ પણ ભણવા બેઠા હશે, માટે માના કહેવા પ્રમાણે જયનાદ કર્યો કે ગુરૂ પ્રસન્ન થઈને શીખવે, પણ જોરથી બોલતાં મૃગો ભય પામીને ભાગી ગયા, શીકારીઓએ પકડીને મારવા માંડયો, છોકરે ખરી વાત કહી, શિકારીઓને દયા આવ્યાથી મુકી

દીધો, અને કહ્યું કે આવી રીતે જ્યાં દેખે ત્યાં ધીરે ધીરે જવું, જોરથી બોલવું નહિ, આ પ્રમાણે આગળ જતાં તેણે ધોબીઓને જોયા, ત્યાં ધીમે ધીમે ચાલવાથી કપડાં ચોરનારને તે ધોબીઓ શોધતા હતા, ત્યાં આ છોકરો ચોર માફક ધીરે ધીરે ચાલતો જોઈ તેને ચોર જાણી પોતાની હદમાં આવેલો જાણી પકડયો, મારવા માંડયો, તેણે ખરી વાત કહેવાથી મુકી દીધો, અને શીખામણ આપી કે એમ બોલ, કે શુદ્ધ થાઓ! આગળ ચાલતાં ખેડુતો બીજને વાવતા જોયા; ત્યારે તે છોકરો બોલ્યો શુદ્ધ થાઓ! (વાદળાં વિનાનું આકાશ થાઓ) એમ ઉલટું સમજીને ખેડુતોએ ઠોકયો, ખરી વાત કહેવાથી મુકી દીધો અને સમજાવ્યો, કે આવું જુએ, ત્યારે એમ કહેવું, કે ઘણું થાઓ, એનાં વાસણ ભરાઓ, રસ્તામાં મુડદાને લઈ જતા માણસો જોયા, ત્યાં તેવા શબ્દો બોલતાં ઘણાં મરણના ભયથી તેને ઠોકયો, ખરી વાત જાણી મુકી દીધો, અને સમજાવ્યો કે એનો અત્યંત વિયોગ થાઓ, એમ બોલજે, રસ્તામાં કોઈ સ્થાને લગ્ન હતું, ત્યાં તે બોલવાથી માર પડયો. સત્ય કહેતાં છોડયો, અને શીખવ્યું કે આવું દેખવાને ઘણા લોકો મળો, અને સદા કાયમ રહો. રસ્તામાં ગુનેગારને બાંધી લઈ જતા જોઇને તેવું બોલતાં માર પડયો, તેનાં સગાંએ શીખવ્યું કે તમારો જલદી મોક્ષ થાઓ, રસ્તામાં મિત્રો પરસ્પર મિત્રતા બાંધતા હતા, ત્યાં તે શબ્દ બોલતાં માર પડયો, ખરી વાત કહેવાથી મુકયો, ત્યાં એક દંડિક કુલપુત્ર ( સારા અમલદાર ) ને ત્યાં નોકર રહ્યો, એક વખત દુકા-

ળમાં ધાન્યના અભાવે ખાટી છાશની ઘેંસ રાંધી અને બાઈએ છોકરાને કહ્યું કે ચોરામાં મહાજન બેઠું છે, ત્યાંથી તારા માલિકને બોલાવ, કે જલદી ચાલો 'ઠંડી ખાવી સારી નથી' તેણે જઈને જોરથી બોલાવીને કહ્યું, હે ભાઇજી ! રાબડી ( ઘેંસ ) ઠંડી થઈ જાય છે, જલદી ચાલો, પોતાની ઇજ્જત જવાથી પેલાએ શરમાઇ ઘેર આવીને ધમકાવ્યો કે આપણા ઘરની આવી વાત ધીરેથી કહેવી, એક વખત ઘરમાં આગ લાગી, ત્યારે ધીરે જઈને કાનમાં કહ્યું કે ઘરમાં આગ લાગી છે, તેથી ત્યાંથી ઘેર આવતાં મોડું થવાથી ઘરનું ઘણું બળી ગયું, માલિકે ઠપકો આપતાં શીખવ્યું કે આવી રીતે ધુમાડો નીકળતાં દેખીએ તો કહેવા આવ્યા વિનાજ પાણી છાણ વિગેરેથી પણ બુઝવી નાંખવું, એક વખત ઘરમાં ધુપ કરતાં ધુમાડો નીકળતો જોઈ ગોરસ ( છાણું ) વિગેરે ફેંકવા માંડ્યું, આવી મૂરખાઇથી ત્યાંથી રસ્તો પકડાવ્યો, આ કથાનો સાર એ છે કે સમજ્યા વિના કંઇને બદલે કંઈ કરાય તો અનનુયોગ થાય. અને સમજીને ઉચિત કહે તો અનુયોગ થાય.

હવે ભાવ વિષયમાં અનનુયોગ અનુયોગ સંબંધી સાત દૃષ્ટાંત છે તે કહે છે ॥ ૧૩૩ ॥

**सावग भज्जा सत्तवइए अ कुंकणगदारए नउले**
**कमलामेला संबस्ससाहसं सेणिए कोवो ॥ १३४ ॥**

શ્રાવક ભાર્યાનું દૃષ્ટાંત કહે છે, એક શ્રાવકે પોતાની સ્રીની સખીને સુંદર જોઇ દુષ્ટ બુદ્ધિ કરી, તેથી દુર્બલ

થવાથી સ્ત્રીએ પૂછતાં તે વાણીએ ખરી વાત કહી. સ્ત્રીએ દીલાસો આપ્યો, અને કહેલ વખતે વસ્ત્ર આભરણથી શણગાર સજીને તે સખીનું રૂપ કરીને એકાંતમાં અંધારામાં તેને બોલાવી તેની ઇચ્છા પૂર્ણ કરી, બીજે દીવસે પોતે કુકર્મ કરવાથી વ્રત ભંગ થયું, એમ પશ્ચાત્તાપ કરવા લાગ્યો, સ્ત્રીએ પુરાવો આપી સમજાવ્યો કે મેંજ આ કર્યું છે, માટે તમારે ગભરાવાનું કારણ નથી, આ દ્રષ્ટાંતથી એ 'કહેવાનું' કે પોતે પતિને બચાવવા બીજી સ્ત્રીનું રૂપ ધારણ કર્યું તે અનનુયોગ છે, આ પ્રમાણે કોઈ સાધુ જૈનમતની વાત બીજા સમયને નામે કહે, અથવા ઉદયિક ભાવના લક્ષણ વડે ઉપશમિક લક્ષણ વર્ણવે તે અનનુયોગ છે, યથોચિત વર્ણવે તો અનુયોગ કહેવાય.

## સપ્તપદિક ચોરની વાર્ત્તા.

એક તદ્દન ખરાબ ગામડામાં એક ચોર રહેતો હતો, તે સાધુ બ્રાહ્મણ વિગેરેને માનતો નહોતો, કે પ્રસંગ કરતો ન હોતો, તેમ જગ્યા ઉતરવા ન આપે, કે રખેને કોઈ મને ધર્મ ન બતાવી દે! કે હું દયાળુ બની જાઉં? એક વખતે તે ગામમાં સાધુઓ આવ્યા, ઉતરવાની જગ્યા માગી, ત્યારે ગોઠીયા ( જુવાનીયાની ટોળી ) એ જાણવા છતાં પણ કહ્યું કે ત્યાં તમે જાઓ, કારણકે જેવો તેવો પણ શ્રાવક છે. સરળ સ્વભાવે સાધુઓ ગયા, પૂછ્યું, પણ ચોર જવાબ આપતો નહોતો, ત્યારે એક સાધુએ કહ્યું, કે આ શ્રાવક ન હોય, અથવા તેઓએ આપણને ઠગ્યા છે, ત્યારે ચોરે પૂછ્યું, કે તે

શું વાત છે ? તેઓએ ખરી વાત કહી, કે તમે શ્રાવક છો એવું અમને કહ્યું તેથી અહીં આવ્યા છીએ તેથી ચોરે કહ્યું, આ અકાર્ય થયું, ભલે મને ઠગો ! પણ આમ સાધુઓને ઠગવા નહીં જોઈએ, તેમને અસારતા ( વિકલ્પ ) ન થાઓ, માટે એક સરતે ઉતરવા જગ્યા આપું કે તેમણે મને ધર્મ ન કહેવો, સાધુઓએ કહ્યું. તેમ હો, તેથી તેણે સાધુઓને ઘર આપ્યું, કારણ કે ત્યાં પણ ચોમાસું કર્યું, અને ચોમાસું પૂરૂં થયે વિહાર કરતાં મુકવા જતાં સાધુએ સરત પૂરી થવાથી તેને ધર્મ સંભળાવ્યો, 'મારાથી કંઈ પણ નહીં બને,' તેવું ચોરે કહેતાં સાધુઓએ શ્રાવકના મૂળ ઉત્તર ગુણો વર્ણવીને છેવટે દારૂમાંસની પણ બંધી કરવા કહ્યું, પણ તેની ના પાડવાથી સાધુએ કહ્યું કે તમારે કોઈને મારવો હોય તો પણ સાત પગલાં પાછા હઠીને મારવા પહેલાં એટલો કાળ વિલંબ કરવો, કે તમને અથવા મરનારને ભાન ઠેકાણે આવે, સાધુના ગયા પછી એક વખત ચોરી કરવા જતાં અપશુકનથી ડરી પાછો રાત્રેજ ઘેર આવ્યો, ચોરના ગયા પછી ત્યાં તેની બેન આવી હતી, તેણે પુરૂષનો વેષ પહેરી ભાભી સાથે નાચના ખેલમાંથી મોટી રાતે આવ્યાં, અને આંખો ઘેરાતી હોવાથી નણંદ ભોજાઈ એકજ પથારીમાં સુઈ ગયાં, ચોરે ઘેર આવતાં સાક્ષાત્ જોયું, આ પરપુરૂષ છે. એમ ધારી તરવારથી મારવા જતાં ગુરૂ પાસે લીધેલું વ્રત યાદ આવ્યું. સાત ડગલાં પાછો હટ્યો, તેવામાં નણંદની ભુજા ભાભીના માથા નીચે આવી જવાથી ભારથી કંટાળી બોલી

ઉઠી કે અલી ! મારા હાથ ઉપરથી માથું દૂર કર, ત્યારે ચોરે સાદથી ઓળખી કે આતો મારી બેન છે ! તેણેજ પુરૂષનો વેષ પહેર્યો છે, અહો ! જરા વિલંબ કરવાથી હું અકાર્ય કરતો બચ્યો છું ! જેમ શ્રાવકની સ્ત્રીએ શ્રાવકને બચાવ્યો, અહીં સાધુના બોધે ચોર બચ્યો, અને વિચાર કરીને નિરંતર સુખી થવા દીક્ષા લીધી. ( તેમ સાધુએ પણ ઉચિત સમયે ઉચિત વ્યાખ્યાન કરવું )

## હવે કોકણ દેશના છોકરાનું દૃષ્ટાંત કહે છે.

કોકણ દેશમાં એક છોકરો હતો. તેની મા મરણ પામી પણ તેને લીધે તેના બાપને બીજી સ્ત્રી મળતી નહોતી, કારણકે નવી પરણનારને શોકયના પુત્રનું શલ્ય રહેતું હતું, એક વખત પુત્ર લાકડાં લેવા ગયો, ત્યારે બાપે વિચાર્યું કે તેને મારી નાખું, પછી બાપે એક તીર ફેંકયું કે લઇ આવ ! તે લેવા ગયો, બાપે બીજું તીર તેને માર્યું. છોકરો બોલ્યો, બાપા ! કેમ તીર ફેંકો છો, હું વીંધાઈ ગયો. બાપે ત્રીજું તીર મારી મારી નાંખ્યો, પુત્રે જ્યારે પ્રથમ વિચાર્યું કે બાપ અજાણે મારે છે, તે અનનુયોગ છે, પછી જાણ્યું કે આ મને જાણી જોઈને મારે છે, ત્યારે ખરૂં જાણવાથી તે અનુયોગ છે, અથવા સંરક્ષણને યોગ્ય તેને મારવાથી અનનુયોગ છે અને સંરક્ષણ કરે તો અનુયોગ કહેવાય, કારણ કે રક્ષા કરવા યોગ્યને મારે તો વિપરીત કર્યું કહેવાય.

આ પ્રમાણે એક જે કહેવું હોય, તેથી બીજું ઉલટું કહે,

તે વિપરીતપણાથી અનનુયોગ થાય છે, યથાયોગ્ય પ્રરૂપવાથી અનુયોગ થાય છે. ॥ ૩ ॥

## નોળીયાનું ઉદાહરણ.

એક ચારક ભટ્ટિની ( બ્રાહ્મણી ) ગર્ભિણી હતી, ત્યાં એક નોળીયાની માદા પણ ગર્ભવતી હતી. તે બંનેને સાથે બચ્ચાં એક રાતે જન્મ્યાં. બાઈએ વિચાર્યું કે, આ મારા બાળકને રમવા યોગ્ય થશે, તેથી પૃથુક તથા દુધ ખાવા આપ્યું, નોળીયાનું બચ્ચું મોટું થયું. ત્યારે છોકરાની મા ખાંડવામાં રોકાયેલી, ત્યારે બાળકને પારણામાં સુવાડેલો હતો, ત્યાં સર્પે ચડીને તેને ડંખ માર્યો, તેથી છોકરો મરી ગયો, નોળીયાએ સાપને પારણાથી ઉતરતો દેખીને તેના ટુકડે ટુકડા કર્યા, પછી તે નોળીયો લોહી ખરડાયેલા મોઢે તે ખાંડતી બાઈ પાસે જઈને રમત કરવા માંડયો, બાઈએ વિચાર્યું કે આ બાળકને કરડીને આવ્યો છે ! તેથી સાંબેલાથી મારી નાંખ્યો, અને પુત્ર પાસે દેખવા આવી, ત્યાં સાપના ટુકડે ટુકડા જોયા, ત્યારે બેવડી અધીરજ થઇ. આ બાઇને પ્રથમ ઉલટું સમજાયું ત્યારે અનનુયોગ છે, પછી ખરૂં સમજાયું, ત્યારે અનુયોગ જાણવો, એ પ્રમાણે એકને બદલે બીજું પ્રરૂપે તો અનનુયોગ, ખરૂં પ્રરૂપે તો અનુયોગ છે.

## કમળામેળાનું ઉદાહરણ.

દ્વારિકામાં બળદેવના પુત્ર નિષધને સાગરચંદ્ર નામનો

પુત્ર રૂપથી ઉત્કૃષ્ટ હોવાથી શાંબ વિગેરે સર્વેને વહાલો હતો, ત્યાં દ્વારિકામાં રહેતા અન્ય રાજાની પુત્રી કમળામેળા નામની સુંદર રૂપવાળી હતી, તેની સગાઈ ઉગ્રસેનના પુત્ર નભ:સેન સાથે થઈ હતી, હવે એક વખત નારદજી સાગરચંદ્ર કુમાર પાસે આવ્યા, કુમારે સત્કાર કર્યો, અને બેઠા પછી નમ્રતાથી પૂછયું કે હે ભગવાન્ ! કાંઈ પણ આશ્ચર્ય જોયું ? હા, કયાં ? તેને કહો, નારદજી બોલ્યા, આજ દ્વારિકામાં કમળામેળા નામની કન્યા છે.

પ્ર૦—કોઈને આપેલી છે કે ?

ઉ૦—હા.

પ્ર૦—તે મને કેવી રીતે મળે ?

ઉ૦—તે હું નથી જાણુતો, એમ કહી નારદજી ગયા, તે સાંભળી સાગરચંદ્રને આસનમાં શય્યામાં ધીરજ રહેતી નથી, તેથી કમળામેળાના નામને પાટીયામાં લખતો મોઢે ગોખતો રહે છે, નારદ પણ ત્યાંથી કમળામેળા પાસે ગયો, ત્યાં કન્યાએ આશ્ચર્ય પૂછતાં બે કહ્યાં, એક તો રૂપમાં સાગરચંદ્ર છે, અને બીજું કુરૂપમાં નભસેન છે, તે સાંભળી કન્યા સાગરચંદ્રમાં રાગિણી બનીને નભસેનથી વિરક્ત થઇ ગઇ, નારદે તેને ધીરજ આપી, નારદે પાછા આવી સાગરચંદ્રને કહ્યું કે તે તને ચાહે છે, પણ તે પહેલાં સાગરચંદ્રની ઉદાસીથી તેની માતા તથા બીજા કુમારો ખેદ પામીને મરવા જેવા થયેલા છે, ત્યાં શાંબકુમારે આવી અંજાણેજ તેની પછવાડે ઉભા રહી આંખો

દાબી, ત્યારે સાગરચંદ્રે કહ્યું, કે કમળામેળા છે કે ? શાંબે કહ્યું કે કમળામેળા નહીં પણ કમળાનો મેળ કરાવવાવાળો છું, સાગરચંદ્રે કહ્યું, તેમ હો, તમે મને વિમળકમળ દળના લોચન જેવી કમળામેળાને મેળવી આપજો, ત્યાં બધા કુમારોએ ખુશી થઇને સાંબને નશો કરાવ્યો, અને તેને મોઢે તે વાત કબુલ કરાવી, જ્યારે નશો ઉતર્યો ત્યારે સાંબે વિચાર્યું કે મેં આ અશકય વચન આપ્યું છે, હવે તે અન્યથા (નકામું) પણ કેવી રીતે થાય ? તે તો પૂરૂં પાળવું જોઇએ, એમ વિચારી પ્રદ્યુમ્ન તથા પ્રજ્ઞપ્તિ ( વિદ્યા ) ને સાથે લઇને જે દિવસે નભસેનનો લગ્નદિવસ હતો તેજ દિવસે સાગરચંદ્ર શાંબ વિગેરે કુમારો ઉદ્યાનમાં ગયા, અને નારદજી મારફતે સુરંગદ્વારા છાની રીતે કમલામેળાને ત્યાં બોલાવી, અને તેને સાગરચંદ્ર સાથે પરણાવી, અને આ ઉદ્યાનમાં બધા આનંદથી ક્રીડા કરે છે, પણ લગ્નમંડપમા ઉગ્રસેન તરફથી તે કન્યાને ખોળતાં ત્યાં જોતાં નથી. શોધવા જતાં તેમણે ઉદ્યાનમાં જોઇ, પ્રદ્યુમ્ને વિદ્યાધરનાં રૂપ વિકુર્વ્યાં. વાસુદેવ પોતે ઉગ્રસેન તરફથી લશ્કર લઇ લડવા આવ્યો, ખરો વખત આવ્યો, ત્યારે શાંબ પગમાં પડયો, અને બધી ખબર કહી, કે સાગરચંદ્રને તે કન્યા પરણી ગઇ છે, નભસેનના તનયો ( પુત્રો ) ખમાવ્યા, આ વાતમાં સાર એ છે કે સાગરચંદ્રે સાંબને કમલામેળા કહી તે અનનુયોગ છે, અને ખરી વાત જાણી, કે આ સાંબ છે, ત્યારે અનુયોગ કહેવાય, આ પ્રમાણે વિપરીત પ્રરૂપણાથી અનનુયોગ, સત્ય પ્રરૂપણાથી અનુયોગ છે.

## શાંબનાં સાહસનું ઉદાહરણ.

જાંબુવતી રાણી વાસુદેવને કહેવા લાગી કે મેં પુત્રની એક પણ ભૂલ નથી જોઇ, વાસુદેવે કહ્યું ઠીક, આજ તને બતાવું, એમ કહી નારાયણ તથા જાંબુવતીએ આભીર આભીરણીનું રૂપ લીધું, બહારગામથી છાશ વેચવા દ્વારકા શહેરમાં આવ્યાં, ગોરસ વેચતાં સાંબકુમારે દેખ્યાં, આભીરણીને કહ્યું, આવ, તારૂં દહીં લઉં, તે આવી, આભીર પછવાડે આવ્યો, સાંબ કોઈ દેરામાં પેઠો, પણ આભીરણીએ કહ્યું, કે હું અંદર નહિં આવું, પૈસા અહીં લાવ અને દહી લે, સાંબે કહ્યું, અંદર પેસવું પડશે, આભીરણી અંદર ન આવવાથી સાંબે હાથ પકડયો, આભીર સામે થયો, અને વાસુદેવ તરીકે પ્રકટ થયો, જાંબવતીને ઓળખીને સાંબ માથું ઢાંકીને જીવ લઇને ભાગ્યો, બીજે દિવસે બળાત્કારથી ઘેર લાવતાં ખીલો ઘસતાં આવ્યો, વાસુદેવે જયનાદ કરતાં પૂછ્યું, કે આ શું કરે છે ? સાંબે કહ્યું, ગઈ કાલની જુની વાત જે કહેશે તેના મુખમાં આ ઘાલવામાં આવશે, આ વાતનો સાર એ છે કે વાસુદેવને ન ઓળખ્યો, ત્યાંસુધી અનનુયોગ છે અને ખરૂં જાણતાં અનુયોગ છે.

એ પ્રમાણે વ્યાખ્યાનમાં વીપરીતમાં અનનુયોગ, બરોબર પ્રરૂપતાં અનુયોગ છે,

## શ્રેણિકના કોપ સંબંધી દૃષ્ટાંત.

રાજગૃહી નગરીમાં શ્રેણિક રાજા છે તેને ચેલણા રાણી

છે, તે મહા મહિનામાં ચરમ તીર્થંકર વર્દ્ધમાન સ્વામીને વાંદીને સાંજ વખતે મહેલે આવી, રસ્તામાં પ્રતિમાધારી મુનિને કાઉસગમાં જોયા, તે દિવસે ઘણી ઠંડી હતી, તે રાતના રાણીનો એક હાથ બહાર ખુલ્લો રહી જતાં કમકમી આવવાથી જાગીને હાથ અંદર લીધો, પણ તે હાથની શીતળતાથી તેના આખા શરીરે શીત ભરાઇ આવ્યું, તેથી તે બોલવા લાગી કે તે તપસ્વી હાલ શું કરતો હશે ! આ સાંભળીને શ્રેણિકે વિચાર્યું, કે આ રાણીએ કોઈને સંકેત આપ્યો હશે, એમ દુરાચારની આશંકા લાવી પ્રભાતે તેણે અભયકુમારને કહ્યું, ચેલણાનો મહેલ બાળી મુક, શ્રેણિક રાજા આ પ્રમાણે હુકમ કરી મહાવીર પ્રભુ પાસે ગયો, અભયકુમારે હાથી રાખવાની જગ્યામાં થોડી આગ મુકી, શ્રેણિકે પ્રભુને પૂછયું, કે ચેલણા શીલવંતી કે કુલટા ? પ્રભુએ કહ્યું, શીલવંતી, શ્રેણિક તુર્ત પાછો આવ્યો કે બળતામાંથી તેને બચાવી લેવાય, અભયકુમાર સામે નીકળ્યો, કેમ સળગાવ્યું ? ઉ૦–હા, તું કેમ આગમાં ન પેઠો ? અભયકુમારે કહ્યું, હું દીક્ષા લઇશ, શા માટે અગ્નિમાં બળું ? અભયકુમારે વિચાર્યું કે ચેલણાનું મૃત્યુ જાણી રાજા પ્રાણ ન ત્યાગે, એથી તુર્ત કહ્યું કે ચેલણા બાળી નથી, આ વાતનો સાર એ છે કે ખોટી શંકા શ્રેણિક લાવ્યો, તે અનનુયોગ, ખરી વાત જાણતાં અનુયોગ.

હવે પૂર્વે બતાવેલ ભાષાદિ સ્વરૂપ સમજાવે છે.

**कट्ठे पुट्ठे चित्ते सिरि धरिए पुंडदेसिए चेव**
**भासग विभासए वा, वत्तीकरणेअ आहरणा ॥ १३५ ॥**

કાષ્ટ વિષયનો દૃષ્ટાંત તે કોઈ સુતાર લાકડામાં પુતળાનો આકાર માત્ર કરે, કોઇ સ્થુલ અવયવ બનાવે, કોઈ સંપૂર્ણ અંગોપાંગ વિગેરે અવયવ બનાવે, એ પ્રમાણે કાષ્ઠ સમાન સામાયિક આદિ સૂત્ર છે, તેમાં બોલનારો પરિસ્થુલ (થોડામાં) અર્થ માત્ર બતાવે, જેમકે સમભાવ તે સામાયિક છે, પણ વિભાષિક વિદ્વાન્ તો તેના અનેક પ્રકારે અર્થ બતાવે, જેમકે સમભાવ તે સામાયિક અથવા સમ ( મધ્યસ્થતા ) નો લાભ ( આય ) તેમાંજ સ્વાર્થીક પ્રત્યય લાગવાથી સામાયિક છે, વિગેરે સમજવું, તથા વ્યક્ત કરવાના સ્વભાવવાળો તે વ્યક્તિકર છે, એટલે જે સંપૂર્ણ વ્યુત્પત્તિ કરે તથા સામાયિકમાં લાગતા અતિચાર, અનાચાર તથા ફલ વિગેરેનું જુદું જુદું સ્વરૂપ બોલે તે છે. તે સંપૂર્ણ રીતે બતાવનાર નિશ્ચયથી ચૌદપૂર્વી હોય તેજ છે, અને અહીં ભાષક વિગેરેનું સ્વરૂપ બતાવવાથી ભાષા વિગેરેજ બતાવેલ જાણવી.

પ્ર૦–કેવી રીતે ?

ઉ૦–ભાષા વિગેરે તેવા પુરૂષોથી પ્રગટ થાય છે;

## ( ૨ ) હવે પુસ્ત ( પુસ્તક ) સંબંધી દૃષ્ટાંત.

કોઈ કાગળમાં આકાર માત્ર કરે છે, કોઇ સ્થુલ અવયવની આકૃતિ કરે, કોઈ સંપૂર્ણ અવયવ બનાવે, તેના ઉપરથી સામાયિક વિગેરેની ઘટના ઉપર માફક જાણવી,

## ( ૩ ) ચિત્રનું દૃષ્ટાંત.

જેમ કોઇ ચીતારો વતેણું કે પીછીથી આકાર કરે, કોઇ

હરિતાલ વિગેરેથી જુદાજુદા રંગો પૂરે; કોઈ સંપૂર્ણ અવયવો તેવા આકારના રંગના બનાવે, સામાયિકાદિની યોજના પણ ઉપર માફક જાણવી,

## ( ૪ ) શ્રી ગૃહિકનું દૃષ્ટાંત

શ્રી ગૃહ તે ભંડાર છે, તે જેને હોય તે ( પા૦ ૫-૨ ૧૧૫ પ્રમાણે ) શ્રી ગૃહિક શબ્દ બને છે, તે ભંડારી ભરેલા વાસણને જોઈને કહે કે આ રત્નોનું ભાજન છે, કોઈ તે રત્નોની જાતિ તથા મૂલ્ય વિગેરે પણ જાણે, કોઈ તો તે રત્નોના ગુણો પણ જાણે, એ પ્રમાણે ત્રણે દૃષ્ટાંત જેવા ભાષક વ્યાખ્યાન કરનારા જાણવા વિગેરે.

## ( ૫ ) પોંડ તે પુંડરિકનું દૃષ્ટાંત.

તે જરા ખીલેલું; અડધું ખીલેલું, સંપૂર્ણ ખીલેલું એમ કમલ ત્રણ ભેદે છે, એ પ્રમાણે ભાષાદિ જાણવું.

## ( ૬ ) દેશિકનું દૃષ્ટાંત.

દેશન તે દેશ છે, અને તેજ કથન કરવું છે. તે કથન કરનારને દેશિક કહે છે, જેમ કોઇ દેશિકને માર્ગ પૂછતાં દિશા માત્ર બતાવે, એ પ્રમાણે સાધુ વિપરીત પ્રરૂપે તો અનનુયોગ, ખરૂં પ્રરૂપે તો અનુયોગ છે, ॥ ૧૩૪ ॥

આ પ્રમાણે છ દૃષ્ટાંતવડે અનુયોગ વિસ્તારથી સમજાવ્યો, નિયોગ પણ પૂર્વે બતાવેલ સ્વરૂપવાળો. આ બતાવેલાં ઉદાહરણથી અનુયોગ માફક સમજી લેવો.

કોઈ રસ્તામાં રહેલાં ગામ નગર વિગેરે સહિત માર્ગ બતાવે, કોઈ રસ્તાની વસ્તુઓ નગરો વિગેરેના ગુણો સહિત બતાવે તે પ્રમાણે ભાષક વિગેરેનું પણ સમજવું.

આ પ્રમાણે ભાષક વિભાષક વ્યક્તિકર સંબંધી દૃષ્ટાંતો બતાવ્યાં ॥ ૧૩૫ ॥ આ પ્રમાણે વિભાગ કહ્યો, હવે દ્વાર વિધિનો અવસર છતાં તેને છોડી વ્યાખ્યાન વિધિ કહે છે.

**गाणी चंदण कंथा, चेडीओ सावए बहिरगोहे ।**
**टंकणओ ववहारो, पडिवक्खो आयरिय सीसे ॥ १३६ ॥**

પ્ર૦—ચાર અનુયોગ દ્વારમાં ન લીધેલો વ્યાખ્યાન વિધિ શા માટે અહિં કહો છો.

ઉ૦—શિષ્યને સુખેથી શ્રવણ થાય, ગુરૂથી સુખે વ્યાખ્યાન પ્રવૃત્તિ થતાં શાસ્ત્રનો ઉપકાર થાય, અથવા અધિકૃત કર્યો, લીધેલો છે એમજ જાણો.

પ્ર૦—કેવી રીતે ?

ઉ૦—અનુગમની અંદર તેનો સમાવેશ થાય છે, કારણ કે અંતર્ભાવ ( અંદરનો ભાવ ) વ્યાખ્યાના અંગપણે છે,

પ્ર૦—જો આ અનુગમનું અંગ છે, તો તેના દ્વાર વિધિના પૂર્વે કેમ કહો છો ?

ઉ૦—દ્વારવિધિનું પણ ઘણું કહેવાનું હોવાથી અહીં વ્યાખ્યાન વિધિનો વિપર્યય ન થાઓ, ( ગુરૂ શિષ્યને ઉલટી રીતે ન ભણાવે ) એથી અહીં પ્રથમ આચાર્ય તથા શિષ્યના ગુણ દોષો બતાવ્યા છે, કે ગુરૂ કે આચાર્ય ગુણવાન શિષ્યને

અનુયોગ કરાવે. અને શિષ્ય પણ ગુણવાન આચાર્યની પાસેજ સૂત્રો સાંભળે, '

પ્ર૦—જો આ પ્રમાણે વ્યાખ્યાન વિધિ અનુગમ અંગને અહીં અવતારી (સમાવેશ કરી ) ને કહો છો, તો દ્વાર ગાથામાં પણ એવી રીતે કેમ યોજના ન કરી. ?

ઉ૦—સૂત્ર વ્યાખ્યાનનું મહત્વ બતાવવા માટે, કે વિશેષ પ્રકારે સૂત્ર વ્યાખ્યાનમાં આચાર્ય અથવા શિષ્ય ગુણવાન શોધવો.

હવે ચાલુ વાતની ગાથાનું વ્યાખ્યાન કરે છે. તેમાં પ્રથમ ગાયનું દ્દષ્ટાંત છે, આ બધા દૃષ્ટાંતો ગુરૂ શિષ્યનાં ભેગાં જાણી લેવાં, અથવા એક આચાર્યનું, એક શિષ્યનું એમ એ એકમાંજ દૃષ્ટાંતો ઉતારવાં—

## ગાયનું દ્રષ્ટાંત.

એક નગરમાં કોઈ માણસે કોઇ ધુતારા પાસેથી રોગી ગાય જે ઉઠવાને પણ અસમર્થ હતી, એવી બેઠેલી ગાય ખરીદ કરી, પછીથી ગાયના દોષો જાણીને તે વેચવા ગયો, લેનારા બોલ્યા, કે તેની ચાલ તપાસીએ, પછી લઈએ, વેચનારો કહે મેં બેઠેલી લીધી છે, જો તમને અનુકુળ આવે તો લો, ( પણ કોઇ લે નહિ ) આ પ્રમાણે કોઈ આચાર્ય પૂરૂં ભણ્યો ન હોય, જવાબ આપતાં ન આવડે ત્યારે શિષ્યને કહે કે મેં આવું સાંભળ્યું છે, તે તમે પણ તે પ્રમાણે સાંભળી લો, ( શંકાનું સમાધાન ન પૂછો ) આવા આચાર્ય પાસે ન

સાંભળવું, કારણ કે શિષ્યને શંકા પડતાં ઉત્તર ન આપે અને શિષ્યનું સમાધાન ન થાય, તો સંશયના પદાર્થમાં બોધના અભાવે મિથ્યાત્વ લાગે, પણ જેમ અવિકલ ગો તે ગાયની ચાલ સારી જાણીને લેવી, તે પ્રમાણે આક્ષેપનો નિર્ણય કરવામાં પાર પહોંચેલો જે આચાર્ય હોય, તેની પાસે સાંભળવું. શિષ્ય પણ જે અવિચાર ગ્રાહી પ્રથમની માંદી ગાય ખરીદ કરનારા જેવો હોય તે અયોગ્ય છે, પણ વિચારીને ગુરૂ પાસેથી લે, તે યોગ્ય શિષ્ય છે.

## ચંદન કંથાનું ઉદાહરણ.

દ્વારકા નગરીમાં ત્રણ ભેરીઓ છે, એક સંગ્રામ સંબંધી, ( રણશીંગડું ! ) છે, બીજી અભ્યુદય સંબંધી, ત્રીજી કૌમુદી સંબંધી, તે ત્રણે ગોશીર્ષ ચંદનની બનાવેલી છે, દેવતા અધિષ્ઠિત છે, અને ચોથી ઉપદ્રવ શાંત કરનારી છે, તેની ઉત્પતિ કહે છે—એક વખતે શક્રેંદ્રે દેવોની સભામાં વાસુદેવની પ્રશંસા કરી કે દેખો ઉત્તમ પુરૂષોના ગુણો કે જેઓ બીજાના દુર્ગુણો દેખતા નથી, તથા નીચ સાથે યુદ્ધ કરતા નથી. તે જગ્યાએ બેઠેલો એક દેવ આ વાત માનતો નહોતો, તેથી પરીક્ષા કરવા આવ્યો, આ વખતે નેમિનાથ પ્રભુને વાંદવા કૃષ્ણ વાસુદેવ નીકળ્યા હતા, તે સમયે આ દેવતાએ વાસુદેવને નીકળવાના રસ્તામાં સડેલા મરેલા ગંધાતા કુતરાનું રૂપ લીધું, જેથી ચોતરફ દુર્ગંધ ફેલાઈ, આ ગંધથી કંટાળી બધા માણસો પાછા ભાગ્યા, પણ વાસુદેવ પાછા ન ફરતાં કુતરા

પાસે આવી તેની દુર્ગંધ ન ગણતાં તેના મોઢામાં સુંદર દાંત જોઇ કહ્યું કે આ કાળા કુતરાની દાઢો બહુ સુંદર અને સફેદ છે. દેવે તે જોઈ વિચાર્યું કે આ ગુણગ્રાહી છે, તે સત્ય છે. પછી બીજી પરીક્ષા કરવા તે દેવતા ઘોડશાળમાંથી અશ્વ રત્ન લઇને નાઠો, રક્ષકે જોયું અને લૂંટની બુમ પાડી, તે સાંભળીને રાજકુમારો તથા બીજા રાજાઓ લડવા આવ્યા, તે બધાને દેવતાએ મારીને કાઢી મુકયા, વાસુદેવ જાતે આવ્યા, અને કહ્યું કે મારૂં અશ્વ રત્ન શા માટે ચોરી જાય છે ? દેવે કહ્યું, કે મને યુદ્ધમાં જીતીને લે, વાસુદેવે કહ્યું ઠીક, કેવી રીતે લડીએ ? તું જમીન ઉપર છે, અને હું રથમાં છું, માટે તું મારો રથ લઇ લડવા આવ, દેવ—મારે રથની જરૂર નથી, એમ ઘોડા હાથી પણ બતાવ્યા, પણ તેણે ના પાડી, બાહુ યુદ્ધ (મલકુસ્તી) પણ ના પાડી, દેવે કહ્યું, એક પણ તેવું યુદ્ધ નહિ, પણ અધિષ્ઠાન યુદ્ધ કરવા કહ્યું, આ નીચ રીતિ હોવાથી વાસુદેવે કહ્યું કે તું ઘોડો લઈ જા, હું નીચ યુદ્ધ કરતો નથી, ત્યારે દેવ પ્રસન્ન થયો, અને વર માગવા કહ્યું, કે હું તને શું આપું ? વાસુદેવે અશિવ હરનારી ભેરી માગી, તે તેણે આપી.

આ દેવતાઇ ભેરી છ છ માસે વાગે છે, તે સાંભળનારના પૂર્વના વ્યાધિઓ શાંત થાય છે, છ માસ સુધી નવો ઉત્પન્ન ન થાય, એક વખત ત્યાં કોઈ દૂરથી વાણીઓ આવ્યો, તે ઘણા દાહ જવરથી પીડાયેલો હતો, ભેરી વગાડનારને કહ્યું, તું એક લાખ રૂપિયા લે અને મને આ ભેરીમાંથી થોડો કકડો આપ, લોભથી તેણે આપ્યો, અને તે જગ્યાએ તેણે ચં-

દનનો ટુકડો ચોડી દીધો, આ પ્રમાણે જેણે જેણે માગ્યો તેને તેને આપી દીધો, તેથી આ ભેરી ચંદનના ટુકડાઓની ઝંઝર કંથા ( થીગડાંવાળી ગોદડી ) જેવી બની, એક વખત ઓચીંતો અશિવ ( રોગ ) નો ઉપદ્રવ થયો, ત્યારે ભેરી વગાડવા કહ્યું, પણ તે ભેરી વગાડતાં સભાને પણ અવાજ ન સંભળાયો, તેણે ભેરીની તપાસ કરાવી, તો જણાયું કે ભેરીમાં ટુકડા જોડેલા હતા, ભેરીવાળો જીવથી મરાવ્યો, અને ફરી દેવતાને આરાધી અઠમ તપ કરીને નવી ભેરી લીધી, અને બીજો ભેરીવાળો રાખ્યો, તે પોતાના જીવિતથી પણ તેની વધારે રક્ષા કરે છે, જેથી જરૂર પડતાં ભેરી વાગતાં રોગ શાંત થવાથી લોકોએ પૂજ્યો, આ પ્રમાણે જે શિષ્ય પોતાના સૂત્ર અર્થને ચંદન ભેરીની કંથા માફક પરમત સાથે મિશ્ર કરી નાંખે, અથવા યાદ ન રાખે, અથવા અહંકારી બને તો તે અયોગ્ય છે, અને ભણાવનાર આચાર્ય પણ જો સૂત્ર અર્થને વિસરી જાય, તો અનુયોગ કરવાને અયોગ્ય છે, આ પ્રમાણે શિષ્ય ગુરૂ બંને અવિનાશિત સૂત્ર અર્થવાળા બતાવ્યા. તેની બે ગાથા કહે છે.

**जो सीसो सुतत्थं, चंदणकंथव्व परमता दीहिं ।**
**मीसेति गलितमहवा, सि खित्त माणी णसो जोगो ॥ १ ॥**
**कंथीकत सुत्तत्थो गुरु विजोगो ण भासितव्वस्स ।**
**अविणासिय सुतत्था सीसायरिया विणिद्दिट्ठा ॥ २ ॥**

આ બે ગાથાનો અર્થ ઉપર આવી ગયો છે.

## ચેટીનું ઉદાહરણ.

વસંતપુર નગરમાં જીર્ણ શેઠની પુત્રી અને નવક શેઠની

પુત્રીની પરસ્પર પ્રીતિ હતી, તોપણ તે બંનેને વેર થયું તેથી કહ્યું કે, એનાં માતા પિતાએ આપણને હલકી પાયરીમાં મુકયાં છે, એવું જીર્ણ શેઠ દીકરીને કહેતા, તે કોઈ વખતે નહાવા ગયાં, તેમાં નવકની પુત્રી તિલક સહિત ૧૪ શણગાર સજીને આવેલી, તે નદીને કીનારે દાગીના મુકીને નદીમાં નહાવા ગઈ. જીર્ણ શેઠની છોકરીએ દાગીના લઈ દોડવા માંડયું, પેલી રોકવા લાગી પણ બીજી ક્રોધ કરીને દોડી ગઈ, માતા પિતાએ તેને શીખામણ આપી કે ચુપ બેસ ! નવકની પુત્રી ઘેરે આવી ને માબાપને કહ્યું કે આ પ્રમાણે મારી સખી દાગીના મારા લઈને ભાગી આવી છે, અને મને પાછા ન આપતાં લડવા ઉઠી છે, તેનાં માબાપે જીર્ણ શેઠને કહેવડાવી દાગીના પાછા માગ્યા, પણ તે જીર્ણ શેઠે ન આપવાથી રાજ્યમાં ફર્યાદ કરી, પણ સાક્ષી નહોતો કે દાગીના લીધા કે નહિ ? ત્યારે ન્યાય કરનારને બોલાવ્યા, તેઓએ સલાહ આપી કે દાસીઓને મોકલો, તેઓ જઈને કહેવા લાગી કે હે જીર્ણ શેઠની પુત્રી ! જો તમારા દાગીના હોય તો તમે પહેરી બતાવો, તે દાગીના તેણે કોઈ દિવસ પહેરેલા ન હોવાથી હાથના પગમાં તથા પગના હાથમાં પહેર્યા, તેમ તેના ન હોવાથી બરોબર ન પહેરાયાથી ખરાબ દેખાવા લાગી, પછી નવક શેઠની પુત્રીને પહેરવા કહ્યું, તેને રોજનો મહાવરો હોવાથી પહેર્યા, અને પાછા કાઢવાથી તુર્ત કાઢી બતાવ્યા, અને તેના હોવાથી બરોબર બેસતાં શોભવા લાગી, તેથી તેના દાગીના તેને સોંપી રાજાએ જૂઠું બોલનાર જીર્ણ શેઠને મારી

નાંખ્યો, આ પ્રમાણે તે શેઠ જુઠું બોલવાથી એકવાર મરણને પ્રાપ્ત થયો, તેમજ આચાર્ય ઉત્સર્ગનું સૂત્ર અપવાદમાં અને અપવાદનું પદ ઉત્સર્ગમાં બોલે, અથવા અન્ય વાતને બીજી વાતમાં જોડી દઇ લોકોને ભ્રમમાં પાડે, તો તે સંસારદંડથી દંડાય છે, તેવા આચાર્ય પાસે ન સાંભળવું, પણ જેમ નવીન શેઠની દીકરીએ પોતાની ચીજો પહેરીને પોતાના દાગીના ખરા કરી જશ લીધો, તેમ આચાર્ય પણ વિસંવાદ ન કરતાં યોગ્ય પ્રરૂપણા કરતાં અર્હન્દેવની આજ્ઞા પાળનારો થાય છે. તેવા પાસે શાસ્ત્ર સાંભળવું, તેની ગાથા કહે છે:—

**अत्थाणत्थनिउत्ताभरणाणं जुण्ण सेट्ठि धूअव्व ।**
**णगुरू विधिभणिते वाविवरीय निओअओ सीसो ॥ १ ॥**
**सत्थाणत्थनिउत्ता ईसर धूआ समूसणाणं व ।**
**होइ गुरू सीसोऽविअ विणिओअं तो जहा भणितं ॥ २ ॥**

## શ્રાવકનું ઉદાહરણ.

તે પૂર્વ માફક છે, કે પોતાની સ્ત્રી ઘણીવાર પરિચયમાં આવેલી છતાં તે ન ઓળખી શકયો, તેની માફક શિષ્યને ઘણું ગોખાવ્યા સમજાવ્યા છતાં પણ યાદ ન રાખે તો દૂર કરવો, અથવા ગુરૂ ભૂલી જાય તો તેનું ગુરૂપણું દૂર કરવું. ( બીજા પાસે ભણવું ) ગાથાનો અર્થ ઉપર આવી ગયો છે,

**चिरपरिचितंपिण, सरति सुत्तत्थंसाव गोसभज्जं व**
**ज्जोण सोजोग्गो सीसो, गुरुत्तणं तस्स दूरेणं ॥ १ ॥**

બહેરાનું દૃષ્ટાંત પણ પ્રથમ આવી ગયું છે, તેના ઉપસંહારની ગાથા કહે છે:—

**अण्णं पुट्ठा अण्णं जो साहइ सो गुरूण बहिरो व्व ।**
**णय सीसो जो अण्णं सुणेति अणुभासए अण्णं ॥ १ ॥**

જેમ બહેરો હોવાથી પૂછનારનું સાંભળ્યા વિના ગમે તે ઉત્તર આપે તેમ આચાર્ય શિષ્યનું પૂછેલું સમજ્યા વિના ઉત્તર આપે તો તે ગુરૂ નથી, પણ બહેરો છે, તેમ ગુરૂ કહે અન્ય, અને શિષ્ય સમજે અન્ય તે શિષ્ય નથી. તેજ પ્રમાણે ગોધાનું દૃષ્ટાંત પણ જાણવું આગળ જે બેઠી ગાયનું દૃષ્ટાંત આવ્યું, તે વિષય પ્રમાણે ગાયને બદલે ગોધો ( બળદીયો ) જાણવો, કે ચાલવામાં સારો પરીક્ષા કરીને લીધો હોય, તો તો લેનારો પસ્તાય નહિ, તે પ્રમાણે શિષ્ય પાઠ લેતાં વિચાર કરે, કે આ સમજાવી શકે તેવો છે કે નહિ તેમ વિચારીને લીધો હોય તો તે વેચતાં પણ વિચાર કરીને આપી શકાય, તેમ શિષ્યને પણ યોગ્ય રીતે સમજાવીને ભણાવાય, તો આચાર્યની મહેનત સફળ થાય.

### (૭) હવે ટંકણનું દૃષ્ટાંત કહે છે.

ઉત્તર દિશામાં ટંકણ નામના મલેચ્છો રહે છે, તે સોનાવડે દક્ષિણ પંથના માણસો પાસેથી વાસણો વિગેરે લે છે, પણ તેઓ પરસ્પર એક બીજાની ભાષા જાણતા નથી, વાસણોનો ઢગલો કરે હાથવડે ઢાંકે પણ ઈચ્છા પ્રમાણે ધન ન મળે ત્યાં સુધી હાથ ઢાંકી રાખે, અને જ્યારે ધન પૂરતું મળે કે હાથ લઈ લે, આ પ્રમાણે બંને વિદેશીઓમાં પરસ્પર ઈચ્છિત પ્રતીચ્છિત વ્યવહાર ચાલતો, આ પ્રમાણે આક્ષેપ-

નિર્ણય પ્રસંગે દાન ગ્રહણને અનુવર્ત્તનારા ગુરૂ શિષ્ય હોવા જોઇએ, એટલે જેમ મ્લેચ્છો ઇચ્છિત દ્રવ્ય મળે તો આપે, અન્યથા ત્યાં સુધી ના પાડે, તેમ શિષ્યે વિષય ન સમજાય ત્યાં સુધી વારંવાર પૂછી સમાધાન કરવું. ॥

આ પ્રમાણે ગાય વિગેરે દ્વારમાં બતાવેલો સાક્ષાત્ અર્થ વિપર્યય પ્રતિપક્ષ દરેકમાં ઉલટો અને સીધો આચાર્ય અને શિષ્ય સંબંધી યોજવો, તે બરોબર સમજાવ્યો છે, ॥ ૧૩૬ ॥ હવે વિશેષથી શિષ્યની યોગ્યતા માટે તેના દોષો તથા ગુણો બતાવે છે,

**कस्स न होही वेसो, अनब्भुव गओअ निरुवगारीअ।**
**अप्पच्छंदमईओ, पठिअओ गंतुकामो अ॥ १३७॥**

પ્ર૦–શિષ્યના દોષ ગુણો વિશેષપણે શા માટે કહો છો?

ઉ૦–ભવિષ્યમાં તેનેજ ગુરૂપણું મળવાનું છે તેથી, કારણ કે અયોગ્યને ગુરૂપદ આપવાથી તીર્થંકરની આજ્ઞા વિગેરેનો લોપ થાય છે.

જે શિષ્ય ઉપર આચાર્ય શ્રમ લઇ શીખવે, પણ તે ધ્યાન ન રાખે, ન ભણે તો તે આચાર્યને અપ્રીતિકર કેમ ન થાય? અથવા સિદ્ધાંત ભણી સમજીને પણ અદ્વેષી ન થાય, એમ નહિ, જો તે નિરૂપકારી થાય તો, અર્થાત્ ગુરૂના ગુણો વિસરી તેની સેવા ન કરે, અછતાં દૂષણ શોધે તો ભણ્યા છતાં પણ અપ્રીતિકર થાય, કદાચ ઉપકારી બને તો પણ અદ્વેષી ન થાય, એમ નહિ, જો તે આત્મછંદ મતિવાળો

( સ્વચ્છંદાચારી ) થાય, કદાચ અસ્વચ્છંદાચારી હોય, તો પણ અદ્વેષી ન થાય, એમ નહિ. જો તે તૈયાર ભણી ગણીને ગુરૂથી જુદો પડવા માગે, અને બોલે પણ ખરો, કે શ્રુતસ્કંધ વિગેરે તૈયાર થતાં હું અવશ્યે જઈશ, કોણ પછી વ્યર્થ બેસી રહે ? આવું બોલતો શિષ્ય પણ અયોગ્ય છે, ॥ ૧૩૭ ॥

હવે દોષોના પરિજ્ઞાનપૂર્વક ગુણો છે, તે બતાવે છે–

**विणओणएहिं कयपंजलीहिं छंदमणु अत्तमाणेहिं**
**आराहिआ गुरुजणो सुयं बहुविहं लहुंदेइ ॥ १३८ ॥**

પ્રથમ ગુરૂને વંદન વિગેરેથી વિનય કરનારો હોય, એટલે વંદન વડે પ્રસન્ન કરેલ હોય, તથા ગુરૂને પૂછતાં બે હાથ જોડી શિષ્યે માથું નમાવેલું હોય, તથા ગુરૂનો અભિપ્રાય તે સૂત્રમાં કહેલ શ્રદ્ધાને સમર્થન કરનાર કરાવનાર વિગેરેથી ગુરૂના વચનને આરાધે, તેવા વિનયવાન બુદ્ધિવાન ગુરૂની આજ્ઞા પાળનાર સુશિષ્યને ગુરૂ યોગ્ય જાણીને શ્રુત તે સૂત્ર તથા અર્થ છે, તેને અનેક પ્રકારે ખુલાસાથી જલદી શીખવે છે. ॥૧૩૮॥ હવે બીજી રીતે શિષ્યની પરીક્ષા બતાવે છે.

**सेल घण कुडग चालणि परिपूणग हंस महिस मेसे अ**
**मसग जलूग बिराली जाहग गो भेरी आभीरी ॥ १३९ ॥**

આ ઉપર બતાવેલાં મગસેલીયો પત્થર વિગેરેનાં દૃષ્ટાંતો શિષ્યની યોગ્યતા અયોગ્યતા બતાવનારાં છે, વળી તે દૃષ્ટાંતો બોધ માટે છે.

**चरियं कप्पितं वा, आहरणं दुविहमेव नायव्वं ।**
**अत्थस्स साहणट्ठा इंधणमिव ओदणट्ठाए ॥ १ ॥**

બનેલું અથવા જોડી કાઢેલું એવાં બે પ્રકારનાં ઉદાહરણો છે, એમ જાણવું, કહેવાના પદાર્થને સાધવા માટે જેમ ભાત રાંધવા લાકડાં જોઇએ તેમ ઉદાહરણ જોઇએ, તેમાં પ્રથમ કલ્પિત કહે છે, મગના દાણા જેવડો એક નાનો કઠણ પત્થર છે, તેના સામે પુષ્કરાવર્ત્તનો મેઘ જંબુદ્વીપ જેવડો મોટો છે, તેમાં નારદ જેવો કજીઓ કરાવનાર આવે, તે આવીને મગસેલીયા પત્થરને કહે, કે હે મગસેલીયા પત્થર ! સાંભળ, પુષ્કરાવર્ત્તના મેઘ આગળ તારી વાત નીકળતાં તે મેઘ બોલ્યો, કે તેનું નામ મુકી દે, તેને તો એક ધારામાંજ પલાળી ચુરો ચુરો કરી વહેવડાવી દઉં ! ત્યારે પત્થરે અહંકારથી જવાબ દીધો કે જો તે મેઘ મારો તલના ફોતરાનો ત્રીજો પણ ભાગ પલાળે તો મારૂં નામ પણ હું છોડી દઉં ! પછી નારદ મેઘ પાસે જઇને તેનાં કહેલાં વચન સંભળાવ્યાં, ત્યારે તે મેઘે કોપાયમાન થઇને ખુબ જોરથી મૂસળ ધારાથી સાત રાત્રિ દિવસ વરસ્યો; પછી મેઘે વિચાર્યું કે હવે તે પલળીને તણાઈ ગયો હશે, તેથી બંધ પડયો, પાણી ઓછાં થઇ ગયા પછી મગસેલીયો પત્થર વધારે ચળકાટવાળો થઇ કહેવા લાગ્યો, '**जुहार**' છે, ( કેમ ભાઇ જીત્યા કે ! ) મેઘ લજવાઇને પાછો ગયો, આ દૃષ્ટાંતે શિષ્યનો દુર્ગુણ બતાવે છે, કે કોઈ મગસેલીયા પત્થર જેવો કુશિષ્ય એક પદ પણ દુષ્ટ બુદ્ધિથી ન

ભણે, બીજા આચાર્ય સરળ હૃદયના હોય, તે વિના વિચારેજ આવા શિષ્યને ભણાવવા આવે, અને પોતે કહે કે:—

**आचार्यस्यैव तज्जाड्यं, यच्छिष्योनावबुध्यते ।**
**गावो गोपाल केनेव कुतीर्थेनावतारिताः ॥ १ ॥**

તે આચાર્યનીજ ઓછી બુદ્ધિ છે, કે જેથી શિષ્ય ભણતો નથી. જેમ ખરાબ આરે ગાયો ઉતારે તો તે ગોવાળીયાનોજ દોષ છે ! એમ કહી ભણાવવા લાગ્યો, પણ કુશિષ્ય ન ભણ્યો; તેથી આચાર્ય લજવાઇને પાછો ગયો, આવા કુશિષ્યને ભણાવવામાં વખત વ્યર્થ ન ગુમાવવો,

પ્ર૦—શા માટે ?

ઉ૦—આચાર્ય તથા સૂત્રનું અબહુમાન થાય, અને પરસ્પર કડવાં વચન કહેવાથી ગુરૂનું ભણેલું પણ વીસરી જવાય, બીજા ભણનારાને પણ વિઘ્ન થાયે, વંધ્યા ગાયને દુધ ન આવે, તેમ કુશિષ્યને ભણાવવા છતાં ન આવડે, તે ઉપર ગાથા કહે છે.

**आयरिए सुतंमिअ परिवादो सुत्तअत्थपलिमंथो,**
**अण्णेसिंपिय हाणी पुट्ठाविय ' ण दुद्धया ' वंझा ॥ १ ॥**

હવે સુશિષ્ય ઉપર ગાથા કહે છે.

**पडिवक्खो कण्ह भूमी,**
**वुट्ठेविदोणमेहेण कन्ह भोमाओ ॥ लोट्टए उदयं;**
**गहणधरणासमत्थे, इअदेयमच्छित्तिकारंमि ॥ २ ॥**

કાળીભૂમિનું સુશિષ્ય ઉપર દૃષ્ટાંત ઘટાવે છે, દ્રોણના

માપા જેટલો થોડો વરસાદ પડે તો પણ કૃષ્ણભૂમિથી પાછું પાણી નીકળી જતું નથી, ( વાવણીમાં લાભદાયી થાય છે ) તેમ જે સુશિષ્ય સાંભળવામાં અને ધારી રાખવામાં સમર્થ હોય, તેવાને ગુરૂએ શ્રુત જ્ઞાન વૃદ્ધિ કરવા માટે હમેશાં આપવું.

## કુટ (ઘડા) નું દૃષ્ટાંત.

ઘડા બે જાતના છે, નવા અને જૂના, જુના પણ બે જાતના છે, ભરેલા અને ન ભરેલા, ભરેલા પણ બે જાતના, પ્રશસ્ત વસ્તુથી અને અપ્રશસ્ત વસ્તુથી, હવે પ્રશસ્તથી તે અગુરૂ ' તુરૂષ્ક વિગેરે ઉત્તમ જાતિની સુગંધીથી, અપ્રશસ્ત તે કાંદા તથા લસણથી, પ્રશસ્ત ભરેલા તે વાસ રહિત થાય તેવા વાસ રહિત ન થાય તેવા. એ પ્રમાણે અપ્રશસ્તના પણ બે ભેદ છે. આ બધા ભેદમાં અપ્રશસ્ત વાસનાવાળા હોય અને તેની વાસના દૂર ન થાય તે નકામા છે, તેમજ જે પ્રશસ્ત વાસનાવાળા કર્યા હોય અને વાસના ઉડી જાય તો સુંદર ન કહેવાય. બાકીના સુંદર જાણવા,

અભાવિત તે કોઇપણ વસ્તુથી ન ભર્યા, અને નવા એટલે પકવ્યા પછી નીભાડેથી તુર્ત લાવેલા જાણવા, આ પ્રમાણે શિષ્યો નવા હોય, તેમાં જે મિથ્યાદૃષ્ટિ હોય તે પ્રથમ લેવા, અને જૂના હોય, પણ કુભાવનાથી ભાવિત ન હોય, તે શીખવવામાં સુંદર છે, તેની ગાથા–

**कुप्पवयण पासत्थेहिं भाविताप्पमेव भावकुडा**<br>
**संविग्गेहिं पसत्था, वम्माऽवम्मा य तहच्चेव ॥ १ ॥**

અન્ય દર્શની તથા પાર્શ્વસ્થાએ પોતાના પક્ષમાં લીધા હોય, તે ભરેલા ઘડા જેવા જાણુવા, અને સંવિજ્ઞ સાધુથી પ્રશસ્ત ભાવનાવાળા જાણુવા, તેવા પણુ બોધ વમી જાય, તે ઠીક નહિ, અને ન વમે, તે ઠીક છે, પણુ જે અપ્રશસ્ત વમે તેવા હોય, અને પ્રશસ્ત ન વમે, તે સુંદર છે, પણુ જે કુબોધ ( કદાગ્રહ ) ન છોડે, તે સારા ન જાણુવા.

## અથવા ઘડાના ચાર ભેદો.

છિદ્રવાળો ઘડો, કાના વિનાનો ઘડો, ભાંગેલો ઘડો અને પૂરો ઘડો, હવે જે નીચેથી છિદ્રવાળો હોય, તેમાં નાંખ્યું તે પાણી નીકળી જાય, કાના વિનાના ઘડામાં જેટલું માયે, તેટલું નાંખવાથી પાણી કાયમ રહે, ભાગેલા ઘડામાં જે બાજુએ ભાગ્યો હોય, તે તરફથી પાણી નીકળી જાય, હવે નીચેના છિદ્રવાળામાં જરાયે ન રહે, પણુ બોડીયા ઘડામાં કે ખંડીયા ઘડામાં થોડું પણુ રહે, પણુ જે સંપૂર્ણ ઘડો હોય; તેમાં બરોબર પાણી રહે, આ પ્રમાણે ભણુનારા શિષ્યો પણુ ચાર પ્રકારના જાણુવા, એક તો ભણાવવાની સાથેજ ભૂલતા જાય, બીજા બોડીયા જેવા પ્રથમનું વીસરે જાય પાછળનું નવું યાદ રાખે, ખંડીયા જેવા થોડું ઘણું ભૂલી જાય; તે ત્રણે નકામા છે પણુ આગળ પાછળનું સંપૂર્ણ યાદ રાખે તે સંપૂર્ણ હોય તે કામના છે.

## ચાલણીનું દૃષ્ટાંત.

આ ચાલણી લોકમાં પ્રસિદ્ધ છે, કારણુ કે તેનાવડે ઘઉંનો લોટ થુલાથી જુદો પાડવા આટો ચાળવા માટે વપરાય છે.

**जहचालणीपउदयं छुब्भंतं तक्खणं अधोणीति**
**तह सुत्तत्थ पयाइं जस्स तु सोचालणि समाणो ॥ १ ॥**

જેવી રીતે ચાલણીમાં પાણી નાંખતાં તુર્ત નીચે જાય છે, તે પ્રમાણે બેદરકારી દુષ્ટ શિષ્યને ભણાવવાથી સૂત્ર અર્થને વીસરી જાય, અથવા દુરૂપયોગ કરે, તે ચાળણી જેવા જાણવા.

તેને માટે ભાષ્યકાર મહારાજ કહે છે.

**सेलेयच्छिद्द चालणि, मिहोकहा सोउ उट्ठियाणंतु ।**
**छिद्दाह तत्थ बेट्ठो सुमरिंसु सरामि णेयाणी ॥ १ ॥**

શૈલ, છિદ્ર, ચાલણી ત્રણેની ભેગી કથા સાંભળીને ઉઠેલા શિષ્યો છિદ્ર જેવા હોય તે કહે, કે મને આપે શીખવ્યું હતું ખરૂં, પણ હું હમણાં ગણુતો નથી, તેથી યાદ આવતું નથી.

**पगेण विसति बितिपण नीतिकण्णेण चालणी आह ।**
**धणुत्थ आहसेलो, जं पविसइ णीइवा तुब्भं ॥ २ ॥**

કેટલાક શિષ્યો એક કાનથી પ્રવેશ કરાવી બીજા કાનથી કાઢી નાંખે, ત્યારે ચાલણી કહે છે, કે તે મારા જેવા ધન્યવાદને યોગ્ય છે ! ત્યારે મગસેલીયા જેવા શિષ્યો કહે છે કે ધન્ય તો અમને છે કે અમે જરા પણ કાનમાં સાંભળતાંજ નથી કે કાઢવાની (વીસરવાની) પણ તકલીફ ન પડે !!! પણ તાપસનું કમંડળ ચાલણીનું પ્રતિપક્ષ છે, તેમાં પ્રવાહી પદાર્થ ગમે તે નાંખો તો પણ બિંદુ માત્ર ગળતું નથી, તેમ સુશિષ્ય અપ્રમાદી થઈ ભણેલું સૂત્રાર્થને સંપૂર્ણ યાદ રાખે છે.

### --પરિપૂણકનું ઉદાહરણ--

ઘી કે દૂધ ગાળવાની ગળણી અથવા સુગૃહી ( સુઘરી )

નો માળો કે જેને રબારી લોકો ઘી ગાળવામાં વાપરે છે, તે ઘી નીચે નાંખે અને ફકત ઘીનો કચરો વિગેરે સંગૃહી રાખે તે પ્રમાણે કુશિષ્ય હોય તે વ્યાખ્યાન વિગેરેમાં દોષો શોધીને હૃદયમાં ધારણ કરે અને ગુણોને મુકી દે, તે શિષ્યને ભણાવવો અયોગ્ય છે, કારણ કે તે પરિપૂર્ણક જેવો છે. તેની ગાથા કહે છે.

**वक्खाणादिसु दोसे हियर्यमि ठवेति मुअतिगुणजालं ।**
**सीसोसोउ अजोगो, भणिओपरिपूणगसमाणो ॥ १ ॥**

પ્ર૦—સર્વજ્ઞ મતમાં પણ દોષનો સંભવ છે, એ કહેવું અયુકત છે!

ઉ૦—તમારૂં કહેવું સત્ય છે, ભાષ્યકાર પણ એમજ કહે છે.

**स[illegible]ण्णु पमाणाओ दोसा, णहुसंतिजिणमयकिंचि ।**
**जंअणुव उत्तकहणं अपत्तमासज्जवभवंति ॥ १ ॥**

સર્વજ્ઞના કહેલાં હોવાથી તેમનાં આગમોમાં કે જિન મતમાં કંઇ પણ દોષ નથી, પણ ઉપયોગ રહિત બોલે, અથવા અપાત્રના હાથમાં આવવાથી દુરૂપયોગ થવાથી ગુણવાળું પણ દોષિત થાય છે,

હવે હંસનું ઉદાહરણ કહે છે.

**अंबत्तणेणजीहाइ कूइआहोइ खीरमुदगंमि ।**
**हंसोमोत्तूणजलं आपियइ पयंतहसुसीसो ॥ १ ॥**
**मोत्तूणदढंदोसे, गुरुणोऽणुवउत्त भासितादीए**
**गिण्हइ गुणेउ जोसो, जोग्गो समयत्थ सारस्स ॥ २ ॥**

જીભમાં ખટાશના કારણે હંસ દૂધમાંથી કૂચડી માફક મલાઈ જુદી પાડી પોતે પીએ છે, પાણી રહેવા દે છે, તેમ સુશિષ્ય પણ ગુરૂથી અનુપયોગપણા વિગેરેથી અશુદ્ધ બોલાય તો પણ મોટી ભૂલોને પણ ન ગણતાં ગુણની બાબતો શોધી શોધીને ગ્રહણ કરે, તે શિષ્ય સમયમાં રહેલા સારને યોગ્ય છે.

## હવે મહિષ (પાડા) નું દ્દષ્ટાંત કહે છે.

**सयमविणापयइ, महिसाणायजूहंपियइलोलियंउदयं ॥**
**विग्गहविगहाहितहा अथक्कपुच्छाहियकुसीसो ॥ १ ॥**

પાડો પોતે પાણી ન પીએ, તેમ ડોળી નાંખીને બીજાં ઢોરને પણ પાણી ન પીવા દે, તેમ ક્લેશ કે વિકથા કરીને તથા વારંવાર વચમાં નકામા પ્રશ્નો કરી થકવવાથી કુશિષ્ય ન ભણે, બીજાને ન ભણવા દે.

## બકરાનું ઉદાહરણ.

**अविगोप्पदंमिविपिबे, सुढियोतणुअत्तणेणतुंडस्स ॥**
**णकरेतिकलुसमुदगं मेसो एवं सुसीसोऽवि ॥ १ ॥**

ગાયના પગલા જેટલું પાણી હોય, તેટલામાં પણ બકરો નાનું મોઢું હોવાથી પીએ છે, પણ તે પાણી ડોળતો નથી, એ પ્રમાણે સુશિષ્ય થોડું ભણાવે તોપણ શાંતિથી સાંભળે, અને બીજાને પણ ક્લેશ કરાવ્યા વિના ભણવા દે છે.

## મશકનું ઉદાહરણ.

મશક (મચ્છર) પોતાની ચાંચથી ડંખ મારી પીડે

છે, તેમ કુશિષ્ય પણ ગુરૂને તેની જાત વિગેરે હલકી બતાવી પીડે છે.

## જળોનું ઉદાહરણ.

જે જળો છે, તે માણુસને દુઃખ દીધા વિના લોહી પીએ છે. તેમ સુશિષ્ય ગુરૂને પીડા કર્યા વિના શ્રુતજ્ઞાન ભણે છે.

## બિલાડીનું ઉદાહરણ

દુષ્ટ બિલાડી હોય તે જમીનમાં છાંડેલું દૂધ હોય તે ચાટે છે, તેમ કુશિષ્ય હોય, ગુરૂ પાસે પર્ષદામાં બેસી વિનયથી પાઠ ન લેતાં બીજા પાસે વિનયનો લોપ કરી પછવાડે પૂછી લે છે.

## જાહકનું વર્ણન.

એક જાતનું જાનવર જાહક છે, તે વાસણની બંને બાજુએથી ધીરે ધીરે દૂધ ચાટે છે, તેમ સુશિષ્ય થોડું થોડું ભણેલું પાકું કરીને બુદ્ધિમાન બની ગુરૂને દુઃખ દીધા વિના ભણે છે.

## ગાયનું દષ્ટાંત.

એક ધર્માર્થી પુરૂષે ચાર વૈદિક બ્રાહ્મણોને ગાય આપી, તેમણે વારા બાંધ્યા, પ્રથમ દિવસે વારાવાળો વિચાર કરે છે, કે આજે દૂધ મારૂં છે, કાલે બીજાનું છે, ત્યારે મારે ગાયને શા માટે ઘાસ પાણીની તજવીજ કરવી ? એમ વિચારી ખબર ન રાખી, એમ બધાંએ કરતાં ગાય બિચારી ભૂખી તરશી મરી ગઈ, અને તે ચારે બ્રાહ્મણોની નિંદા થઈ કે હત્યારા

છે ! તેમ પોતાને કોઈ દાન ન આપે, તેમજ બીજાને પણ દાન આપતાં ગૃહસ્થો અચકાવા લાગ્યા કે આપણી ગાયોને તે મારી નાંખશે ? કહ્યું છે કે,

**अन्नो दोज्झति कल्लं निरत्थयं सेवहामिकिंचारि**
**चउचरण गवी उमता अवण्ण हाणी उ बडुआणं ॥ ।२।**

## હવે તેથી ઉલટું ગૌનું દષ્ટાંત કહે છે.

બીજા ચાર ભાઈને ગાય મળતાં તેમણે વારા બાંધી દીધા, પહેલે દિવસે વારાવાળાએ વિચાર્યું કે મારો અવર્ણ-વાદ ન થાઓ, કે 'ગાયના હણનારા' આ છે, તેમ ફરીથી ગૌદાનનો નિષેધ ન થાઓ, વળી જીવતી રહેશે દૂધ હશે, તો ફરી આપણો પણ વારો આવશે, અને આપણે આપેલી ચારથી બીજાને વધારે દૂધ મળશે, તેથી પરોપકાર પણ થશે.

## તે ઉપર શિષ્યને બોધ.

**सीसापडिच्छगाणं भरोत्ति तेविय सीसग भरोत्ति ॥**
**ण करेंति सुत्तहाणी अण्णत्थवि दुल्लहं तेसिं ॥ १ ॥**

કોઈ નામી આચાર્ય પાસે પોતાના શિષ્યો તથા બીજા-ના શિષ્યો ભણતા હોય, ત્યારે શિષ્યો વિચારે કે પેલા આવે-લા સાધુ ગોચરી પાણીથી વેયાવચ્ચ ગુરૂની કરશે, પરોણા જાણે કે તેના શિષ્યો વેયાવચ્ચ કરશે, એ પ્રમાણે આચાર્યની ખબર ન રાખવાથી શરીરની અવ્યવસ્થાથી બધાને ભણવામાં હાનિ થાય, તેમની આવી કુટેવથી બીજે પણ તેમને કોઈ ભણા-વે નહિ, ભેરીનું ઉદાહરણ કૃષ્ણ વાસુદેવના દષ્ટાંતમાં કહ્યું છે,

## આભીર અને આભીરણીનું દષ્ટાંત.

જુદા જુદા રબારીઓ પોતાની ગાડીઓમાં ઘી ભરીને શહેરમાં વેચવા ગયા, એક રબારીએ ઘીનો ભાવ ઠરાવી તોળાવવા માંડયું. રબારણ નીચે ઉતરી પતિ પાસેથી ગાડામાંથી લઇ નીચે મુકે છે, તેવામાં બંનેના પ્રમાદથી ઘડો પડયો અને ભાંગ્યો, ત્યારે સ્ત્રી તેનો વાંક કાઢીને પતિને કહે છે કે હે ગામડીયા ગમાર! તેં આ શું કર્યું? રબારીએ કહ્યું, રે અભાગણી! તું જુવાનીથી મદોન્મત્ત બનીને બીજા પુરૂષને તાકે છે, બીજી નજરથી લે છે, તેથી તારો દોષ છે! એમ બંનેને કલેશ થયો, અને મારામારી પણ કરવા લાગ્યાં, તે ઘડાનું થોડું ઘી પણ ઢળી ગયું. મહા મહેનતે બીજાએ સમજાવ્યાં, ત્યારે સાંજના વખતે બાકીના ઘીના રૂપીયા લઇ ગામ તરફ આવતાં ચોરો મળ્યા, તેમણે રૂપિયા તથા બળદની જોડી પણ લઇ લીધી, બંને નિર્ભાગીઓ પશ્ચાત્તાપ કરતાં ઘેર આવ્યાં, આ પ્રમાણે કુશિષ્યને ભણાવતાં ખોટો ઉચ્ચાર કરે, અથવા બીજી રીતે પ્રરૂપણા કરે ત્યારે ગુરૂ ઠપકો આપે, ત્યારે તે જવાબ આપે કે તમેજ આવું ખોટું શીખવ્યું છે માટે મારો દોષ ન કાઢશો, ફરીથી ધ્યાન રાખીને પાઠ આપજો, કાંક તો વિચારો! તમે ઉલટું શીખવીને કલેશ પામો છો અને મને નાહક દુઃખ દો છો! તેની ગાથા—

**तुमे चेव पवंवक्खाणियं कहियं वामा णिण्हवेहि**
**दाउं उव जुंजिय देहिकिंचि चिंतेहि ॥**
**वच्चामेलियदाणे किलिस्स सि तंच अहंचेव ॥ १ ॥**

## પ્રતિપક્ષનું દૃષ્ટાંત.

ઘડો ભાંગતા રબારી નીચે ઉતરીને સ્ત્રીને ઠપકો આપ્યા વિના બંને જણે ઢળેલું ઘી ઘડાના ઠીકરાથી ભરી લીધું, થોડું ઢળ્યું, પછી રબારી કહે છે, મેં બરાબર ન આપ્યું, સ્ત્રી કહે, ના સ્વામીનાથ! મેં બરાબર પકડયું નહિ! આ પ્રમાણે સુશિષ્યને ભણાવતાં વખતે શિષ્ય ખોટું શીખ્યો હોય, અથવા ભૂલી ગયો હોય, ત્યારે ગુરૂ ફરીથી સમજાવીને કહે કે દેખ ભાઈ! આ પાઠ આવી રીતે છે, મેં વખતે અનુપયોગે બરોબર નહિ આપ્યો હોય, ત્યારે સુશિષ્ય કહે, આપે તો બરોબર આપ્યો હશે, પણ મારીજ ભૂલ થઈ હશે, અથવા જેમ આભીર જાણે કે આવડી ધાર કરૂં કે તે તેમાં માઈ શકે, પણ નીચે ન પડે, એ પ્રમાણે આચાર્યે પણ ધ્યાન રાખવું, કે આ શિષ્ય આટલુંજ ભણી શકશે, તે પ્રમાણે પાઠ આપવો, ॥ ૧૩૯ ॥

આ પ્રમાણે આચાર્ય–શિષ્યના દોષ તથા ગુણો બતાવનાર વ્યાખ્યાન વિધિ કહ્યો.

### આવશ્યક સુત્રનો પ્રથમ ભાગ સમાપ્ત.

**आवश्यके सुकथितः प्रथमो विभागः**
**प्राह्लादने सुनगरे सुगुरोः प्रसादात्**
**या कार्त्तिकी शमकरा शुभ सप्तमी वः**
**यस्यां समाप्तिरभवत्सुकृतेरियं भोः ॥ १ ॥**

## પુસ્તકો મળવાનાં ઠેકાણાં

આચારાંગ પાંચ ભાગમાં સંપૂર્ણ. દરેક ભાગના રૂા. બે

દશવૈકાલિક દરેક પુસ્તકનો દોઢ રૂપીયો

સૂયગડાંગ પ્રથમ ભાગ દોઢ રૂપીયો

આવશ્યક પ્રથમ ભાગ બે રૂપીયા

સૂયગડાંગ બીજો ભાગ છપાય છે.

સુરત ગોપીપુરા—શ્રીમન્ મોહનલાલજી જૈન શ્વે. જ્ઞાન ભંડારમાંથી તથા જૈનવિજય પ્રેસ ખપાટીયા ચકલે.

પાલણપુર—ગાંધી કેશવલાલ અમુલખ.

મુંબઇ—જાણીતા બુકસેલરો, ભીમસીંહ માણેક તથા

અમદાવાદ—બાલાભાઈ છગનલાલ.

જેની પાસે એક કરતાં વધારે કોપીઓ હોય તેણે બીજા ભાગો અથવા પુસ્તકો બદલી શકાશે. માટે જ્ઞાન ભંડારમાં પત્રવ્યવહાર કરવો.

અમૂલ્ય પુસ્તકો હોવાથી દરેકે સંગ્રહ કરવા યોગ્ય છે, અને પુસ્તક બહાર પડતાં તુર્ત મંગાવી લેવાં.

પ્રથમથી બધા પુસ્તકોના પૈસા ભરનારને અથવા બુકસેલરોને રોકડે પૈસે પોણી કિંમતે મળશે.

# પુસ્તકખાતામાં મદદ આપનારને ધન્યવાદ.

૨૫) હોડાવાળા શેઠ લવજી હીરજી તરફથી તેમના સુપુત્રો પીતાંબરશાહ તથા ધર્મચંદભાઇ.

૨૫) ખોડલાવાળા શા ભભુતભાઇ જોઇતારામ જેઓએ પોષ શુદ ૭મે ક્ષણભંગુર દેહનો પાલણપુરમાં ત્યાગ કર્યો છે.

૩૮) ચંડીસરના શ્રાવકો તરફથી

૫) સોમાણી હાથીભાઇ મોતીચંદ ૫) ટોકરશી નાથાભાઇ

૫) શા ઉજમ ધનજી ભેમાણી ૫) પરસોતમ દુલભરામ

૩) શા મણિલાલ બાદરભાઈ ૩) વાણુ રવચંદ છગન

૨) ઈશ્વર ખુશાલ ૧૦) દુલભરામ જુમખરામ


૧૦) કુંભાસણ—

૫) શા કેવળભાઈ કરસન ૫) ચુનીલાલભાઈ કરસન

૫૧) ગઢના શેઠ ત્રીભોવનદાસ તથા લખમીચંદ જેઠાભાઈ

૫) ચાંગાના વાણુ ખુશાલચંદ છગનભાઇ

વિહારમાં પુસ્તક લખવું અથવા ફૂર્મા શોધવામાં અડચણ પડે છે, તોપણ અનુક્રમે બીજા ભાગો છપાતા રહેશે, માટે દરેક ભવ્યાત્માએ યથાશક્તિ આ જ્ઞાન ખાતામાં યોગ્ય મદદ કરી પુસ્તકો ખરીદ કરી ચતુર્વિધ સંઘની જ્ઞાનવૃદ્ધિ માટે ભંડાર કરવા, વાંચવા આપવા, અને પોતાના વડીલના સ્મરણાર્થે પુસ્તકની અડધી અથવા બધી રકમ આપી તેનું નામ અમર કરવું, તેને માટે સુરત જ્ઞાન ભંડારમાં લખી જણાવવું.



શ્રી પાલણપુર શાંતિનાથજીના દેરાસરમાં પ્રતિષ્ઠિત ૧૭૦ જીનનો શિલાપટ્ટક. (પૃષ્ઠ ૩૦૩)

# ચિત્ર પરિચય.

જે સમયે અહીં ભારતવર્ષમાં મહાવીર પ્રભુ વિચરતા હતા, તેવી રીતે બીજા ક્ષેત્રોમાં પણ તીર્થંકરો વિદ્યમાન હતા, પણ હાલ અત્રે તીર્થંકર વિચરતા નથી; પણ મહાવિદેહ ક્ષેત્રમાં તીર્થંકર અત્યારે પણ વિચરે છે. તેમની સંખ્યા ૨૦ની છે. આચારાંગમાં ટીકાકાર મહારાજે જણાવેલ છે, પણ અજિતનાથ ભગવાન બીજા તીર્થંકર જ્યારે અત્રે વિચરતા હતા તે સમયે બીજા દરેક ક્ષેત્રમાં પણ વિચરતા તેથી કુલે ૧૭૦ તીર્થંકર વિદ્યમાન હતા.

મહાવિદેહમાં ૩૨ વિજયો હોય છે, એટલે આપણા ભરતક્ષેત્ર માફક ત્યાં ૩૨ વિભાગો છે. તેવી પાંચ વિદેહમાં ૧૬૦ તથા પાંચ ભરત અને પાંચ ઐરવતમાં મળી કુલ ૧૭૦ હતા.

પ્રભાતના પ્રતિક્રમણમાં જગચિંતામણીનું ચૈત્યવંદન કરતાં આ ગાથા ભણે છે.

" ઉક્કોસય સત્તરિસય જિણવરાણ વિહરંત લબ્ભઇ. " ઉત્કૃષ્ટથી ૧૭૦ તીર્થંકરો વિચરતા હોઇ શકે.

સાંજના પ્રતિક્રમણમાં સ્તવન કહ્યા પછી એક શ્લોક બોલે છે કે–" વરકનકશંખ વિદ્રુમ, મરકત ઘન સન્નિભં વિગતમોહં; સપ્તતિશતં જિનાનાં, સર્વામર પૂજિતં વંદે. "

આ એકસો સીત્તેર તીર્થંકરોનો આખો શિલાપટ્ટક એટલે ૧૭૦ મૂર્ત્તિઓ સાથે પ્રતિબિંબ કરેલી પાલણપુરમાં ઘણા ભવ્યાત્માએ જોઈ હશે. તે પ્રત્યેક ભવ્યાત્માને આ ઉત્તમ ઉ-પદેશના દેનાર બધા તીર્થંકરોના સાથે દર્શન થાય તેવા હેતુથી ઘણી મહેનતે તૈયાર કરાવી સાથે જોડેલ છે. તેનું સઘળું ખર્ચ પાલણપુરના ભણશાળી લલુભાઈ ધણજવાળા તરફથી આપવામાં આવ્યું છે. તેના ઉપર એક લેખ છે, તેને માટે બીજી વખત લખાશે; પરંતુ અત્યાર સુધી જે જુએ છે તે કહે છે કે આ શિલાપટ્ટકમાં મોટી પ્રતિમા સીમંધરસ્વામીની છે; પરંતુ આજુબાજુનો સઘળો વિચાર કરતાં આ ભરતક્ષેત્રમાં શિલા-પટ્ટક બનેલો છે, તેથી અજિતનાથ મહારાજની પ્રતિમા સંભવે છે, કારણ કે તે વખતે સીમંધરસ્વામી વિદ્યમાન્ નહોતા તેમ તેમને આ શિલાપટ્ટક સાથે કાંઇ પણ સંબંધ બંધ બેસતો નથી.

આ શિલાપટ્ટકના પાલણપુરમાં શાંતિનાથના મંદિરમાં દાખલ થતાં ડાબી બાજુએ જે ઓરડો છે, તેમાં પેસતાં સંમુખ દર્શન થાય છે. તે દરેકે ખાસ દર્શન કરવા જેવો છે. વીત-રાગની શાંત મુદ્રાઓ આંખોને સ્થિરતાનું મુખ્ય સાધન છે. સંસારની અસ્થિર વસ્તુની રમણીયતામાં જે અલ્પ કાળનો આનંદ અનુભવાય છે, તે કરતાં આવી શાંત મુદ્રામાં સ્થિરતા કરવી એજ શ્રેય છે.